આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર



# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૧મું
જાન્યુઆરી - ૨૦૧૭ • અંક : ૭
પાના નં. ૧ • (કુલ પેજ : ૧૦૦)

૧૫ જાન્યુઆરી, ૨૦૧૭ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૧-૨૦૧૭ કિંમત : રૂા. ૧૮/-



## ગુજરાતમાં સર્વ પ્રથમ હાર્ટ પ્રત્યારોપણ

## *First Heart Transplant of Gujarat*




**જટિલ તબીબી પ્રક્રિયામાં કચ્છી તબીબની ઉત્કૃષ્ટ કામગીરી......**

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦

- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

- FD ના ખાતેદાર માટે ૯૦ થી ૯૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.
- વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી

SILICON®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

Navinbhai Patel
Director
Mob. : 9825034905

Ramjibhai Patel
Ratanshibhai Patel

PATIDAR

PATIDAR PACKERS PVT. LTD.

Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.

Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

Aashish Dinesh Mehta

Vikas Infrastructure
Land Developers & Investors

804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.

(M) : 93741 31715, 94288 26997

Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...

મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર

આપકા સ્વાદ... હર પલ યાદ..

Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.
Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.
★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E), Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૧ ● અંક - ૭
૧૫ જાન્યુઆરી, ૨૦૧૭

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

### તંત્રી લેખ

- નોટબંધીની અવધિ પૂરી થયા પછીના પરિણામો શું?............... **અશોક મહેતા**...૫
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : સરસ્વતી સન્માન-૨૦૧૬ – નિમંત્રણ.......... ...૭
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : સરસ્વતી સન્માનની વિગત ....................... ...૮
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : સરસ્વતી સન્માન ફંડ યોજના .................. ...૧૦
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : આગામી કાર્યક્રમોની ઝલક ..................... ...૧૭

### 'કચ્છશ્રુતિ' માટે ખાસ

- કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહનો ઈન્ટરવ્યૂ.......................................... ...૧૩

### પ્રસંગ-વિશેષ

- મેરા દેશ મહાન!
  ★ ૨૬મી જાન્યુઆરી ★ મહાત્મા ગાંધી................. **દિનેશ આર. મહેતા**...૧૭

### કચ્છ

- રૂપાણીજી, કચ્છની આ સમસ્યાઓ તરફ નજર કરજો ......... **શશીકાંત ઠક્કર**...૨૦
- કચ્છ : એક જીવંત મ્યુઝિયમ.................................. **ડૉ. મહેશ ઠક્કર**...૨૨
- આકાશવાણીનું આ ભુજ કેન્દ્ર છે – (૧) .............. **જયંતી જોષી 'શબાબ'**...૨૪
- ભુજની લાલન કૉલેજે સમાજને અર્પી છે વિશિષ્ટ વિભૂતિઓ .. **પ્રા. સૂર્યકાંત ઠક્કર**...૨૫
- આધુનિકતાના આક્રમણથી બચી ગયેલ –
  કચ્છની ૯૦૦ વર્ષ પુરાણી અજરખની છપાઈ કલા ......... **જોરાવરસિંહ જાદવ**...૨૭
- કચ્છ અને તેની અર્થ વ્યવસ્થા – (૩) ....... **પ્રેમજીભાઈ ભવાનજીભાઈ ઠક્કર**...૩૦
  **પ્રસ્તુતિ : ઘનશ્યામભાઈ ઠક્કર**

### કરન્સી નાબૂદી

- મોદી મેનેજમેન્ટ V/s યુપીએ
  મેનેજમેન્ટ બાય ગવર્નન્સ વિ. મેનેજમેન્ટ બાય ઍવોઈડન્સ ....... **તુલસીદાસ કંસારા**...૩૨
- નોટબંધી : સામાન્ય માનવીની નજરે........................... **મગનલાલ સંઘવી**...૩૫

### વિચાર વિમર્શ

- સ્વીસ બેંકોના કાળાં નાણાં અંગે રમત રમાઈ રહી છે? ... **ડૉ. યાસીન દલાલ**...૩૭
- રાજાશાહીની અંધારી બાજુ................................................ **મુરજી ગડા**...૩૯

### સમાજ દર્શન

- સાત્ત્વિક ગાય...!! (વ્યંગરંગ) ........................... **કિરીટકુમાર પી. જોષી**...૪૨
- ઉમદા કાર્ય .................................................... **ડૉ. આશિષ ચોક્સી**...૪૩

### વાર્તા

- મારી અનુરા........................................................ **ડૉ. ઊર્મિલા શાહ**...૪૪
- પાછોતરા કંપનોની વાર્તા શ્રેણી-૩ : હરિ મહારાજની દાળ ..... **બલવીરસિંહ જાડેજા**...૪૭

## લઘુકથા

- લાડુ ........ અરુણા અરુણ ઠક્કર... . ૫૨

## સ્વાસ્થ્ય

- મને ચક્કર આવે છે - મને વરટીગો (Vertigo) છે ........ ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક... . ૫૩
  ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક

## સાંપ્રત મંચ (જાહેર આહ્વાન)

- સાંપ્રત વિચારમંચ ........ સંકલન : હસમુખ કે. મહેતા... . ૫૫
- કચ્છને પંજાબ અને હરિયાણાની જેમ લીલોછમ વિસ્તાર બનાવવા શું કરી શકાય? ........ બલવીરસિંહ જાડેજા... . ૫૫

## અલવિદા – ૨૦૧૬

- રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય ઘટનાઓ ........ સંકલન : દિનેશ આર. મહેતા ..... ૫૮

## માહિતી

- અમેરિકા રહેવા અને ફરવા માટે સુંદર છે – (૨) ........ ચૌલા કુરુવા ..... ૬૨
- ગુજરાતમાં ચાલતા IAS તાલીમકેન્દ્રો અંગે મંથન... ........ ભીમજી નાકરાણી ..... ૬૫
- ૧૯૭૧માં વ્યૂહાત્મક ઓખા પોર્ટ ઉપર અનુભવેલ યુધ્ધની એક ઝલક... ........ વી. જે. ઠક્કર ..... ૬૭

## વ્યક્તિ વિશેષ

- શિવજી ભુદા ફોફીંડી ........ કિરણ ચાંપાનેરી 'સેતુ', ફ્રીલાન્સ પત્રકાર ..... ૬૮

## વિવિધતા

- ટમ-ટમ તારલિયા ........ ૭૧
- વર્તમાનપત્રોના આધારે ........ ૭૩
- ગાંધીનગર ગાથા ........ સંકલન : શ્રીમતી વર્ષા જયંત મહેતા.... ૮૪
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૮૫
- વતનના વાવડ ........ સંકલન : ભરત ઓઝા.... ૮૭
- પ્રતિભાવ ........ ૮૮
- શબ્દ શોધ - ક્રમાંક : ૫૭ ........ પ્રદીપ જોશી.... ૯૧

## મેઘધનુષ

- પ્રજાસત્તાક દિન (ભારતનું બંધારણ) ........ મહાભાઈ આર. વોરા ..... ૯૨
- સંસ્કૃતિ ........ કિરીટકુમાર પી. જોષી ..... ૯૨
- લાચાર દિલ ........ કાનજી જે. મહેશ્વરી "રિખીયો" ..... ૯૨

## વિભાગ-૨ :-

- સમાજ સમાચાર ........ ૯૫
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........ ૯૮

તંત્રીલેખ

# નોટબંધીની અવધિ પૂરી થયા પછીના પરિણામો શું?

• અશોક મહેતા •

નોટબંધીની અવધિ પછીના પાંચમા દિવસે એટલે કે ૫ જાન્યુઆરી, ૨૦૧૭ના બજારમાં ખરીદી કરવા જવાનું થયું. રૂા. ૬૦૦/-નું બીલ હતું. રૂા. ૨,૦૦૦/-ની નોટ આપી. દુકાનદારે રૂા. ૧૪૦૦/- પરત આપવાના છુટ્ટા નથી તેવો જવાબ આપ્યો. આજુબાજુ તપાસ કરી તો રૂા. ૨,૦૦૦/-ના છુટ્ટા પ્રાપ્ત ન થયા. આ પરિસ્થિતિ અમદાવાદ જેવા શહેરની હોય તો આપ વિચાર કરો ગામડાંમાં શું પરિસ્થિતિ હશે? કચ્છ કે જ્યાં જૂની કરન્સીના બદલાની માત્ર ૧૦ ટકા જેટલી જ નવી કરન્સી પહોંચી હોય તે લોકો પોતાનો જીવન વ્યવહાર કઈ રીતે ચલાવતા હશે? બધે ઠપ્પ થઈ ગયા જેવી પરિસ્થિતિના જ દર્શન થાય છે!

અને તેમ છતાં આ નિર્ણય લેવામાં આવ્યો. જરૂરિયાત ઉદ્ભવેલ હશે તો જ આ પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યો હશે! એ દિવસે (૮ નવેમ્બર, ૨૦૧૬) એ ખૂબ હિંમત માંગી લે તેવો નિર્ણય હતો. એ પગલાંના કારણે આતંકવાદ અને નક્સલવાદ પર અત્યારે તો કાબૂ આવેલ હોય તેવું દેખાય છે. આતંકવાદી અને નક્સલવાદી એમ બંને પ્રકારના લોકો પાસે જે જૂની કરન્સી હતી એ તો રાતોરાત રદબાત્તલ થઈ ગઈ! અગર અત્રે રજૂ કરવામાં આવેલ વિગત સાચી હોય તો તેમાં જણાવવામાં આવ્યા પ્રમાણે યુ.કે.ની ડેલારુ કંપની, કે જે ભારતની રિઝર્વ બેન્કને રૂા. ૫૦૦ કે રૂા. ૧૦૦૦ની કરન્સી નોટ છાપવા જે પેપર સપ્લાય કરતી હતી તે જ કંપનીએ પાકિસ્તાનને પણ આ જ પ્રકારના પેપર સપ્લાય કરેલ હતા. ભારતમાં રિઝર્વ બેન્કે રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની લગભગ રૂા. ૧૫.૫૦ લાખ કરોડ જેટલી રકમની જે ચલણી નોટ છાપીને વિતરણ કરેલ હતી તેવી જ આબેહૂબ નોટો પાકિસ્તાને પણ ભારતના અર્થતંત્રને તહસનહસ કરવા લગભગ રૂા. ૧૫ લાખ કરોડ જેટલી રકમની નકલી નોટો છાપીને નેપાળ, ભુતાન, સિક્કીમ, બાંગ્લાદેશ જેવા દેશોમાંથી ભારતમાં ઘુસાડવાની પ્રક્રિયા પૂરબહારમાં ચાલુ કરી દીધેલ હતી. પાકિસ્તાનના આ પગલાને નાથવા કોઈ હિંમતભર્યા નિર્ણયની જરૂરિયાત હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બધા જ પ્રકારની વ્યવહારિક મુસીબતોની વચ્ચે પણ ખૂબ જ હિંમતભર્યું પગલું લીધું અને રાતોરાત આ કરન્સી નાબૂદીની જાહેરાત કરી, પાકિસ્તાનના પગલાને છિન્નભિન્ન કરી તેને હાલ પૂરતું તો મહાત કર્યું. આ પ્રકારની વિગત અમેરિકાથી ભાઈ શ્રી તુલસીભાઈ કંસારાએ મોકલેલ છે, કે જેનો અહેવાલ 'કચ્છશ્રુતિ'ના આ જ અંકમાં અન્યત્ર પ્રસારિત કરેલ છે. આ નિર્ણયના કારણે આતંકવાદીઓ અને નક્સલવાદીઓની મૂડી ખતમ થઈ ગઈ અને ભારતના અર્થતંત્રને ડગાવવાનું પાકિસ્તાનનું પગલું નાકામિયાબ રહ્યું.

અન્યથા નોટબંધીના પ્રકરણને છેલ્લે છેલ્લે રાષ્ટ્રપતિએ પણ વખોડી કાઢેલ છે. પૂરતી તૈયારી વગરના આ પગલાએ ભારત દેશની સમગ્ર પ્રજાને હચમચાવી દીધેલ છે. ઉદ્યોગોના પ્રોડક્શન પર, વિવિધ પ્રકારના વેપાર પર, પ્રોપર્ટી કે બાંધકામ ક્ષેત્ર પર અથવા તો ખાણીપીણીના ક્ષેત્રે પણ તેની નકારાત્મક અસર પૂરેપૂરી મહેસુસ થયેલ છે. જ્યારે ખેડૂતોના તૈયાર પાક અથવા તો શાકભાજી જેવા રોકડિયા પાકો પણ નાણાંના અભાવે વેચાયા વગર પડી રહ્યા હોય અથવા ફેંકી દેવા પડેલ હોય ત્યારે એ પરિવારોની નુકસાનજનક પરિસ્થિતિની કલ્પના કરતા પણ કમકમા આવી જાય!

નોટબંધીના સમયે શરૂઆતમાં જ કહેવામાં આવ્યું કે આ પગલું કાળાં નાણાં, ભ્રષ્ટાચાર અને આતંકવાદની સામે ઉગામવામાં આવ્યું છે. ત્યારબાદ દિવસો પસાર થતાં, સરકારના પોતાના બેન્ક કર્મચારીઓ ભ્રષ્ટાચાર આદરી પોતાની અંગત રોકડી કરી લેવાની આ તકને ઝડપી લઈ કાળાં નાણાંને વ્હાઈટમાં રૂપાંતરિત કરવા અથવા નવી કરન્સીમાં રૂપાંતરિત કરવા લાગી ગયા. સાથે સાથે સામાન્ય નાગરિકોએ પણ દેશદાઝની ભાવના કોરાણે મૂકી અન્યના કાળાં નાણાં પોતાના ખાતામાં જમા કરાવી, તેને નવી કરન્સીમાં રૂપાંતરિત કરી આપવામાં ગળાડૂબ લાગી ગયા ત્યારે સરકારને તેમણે કરન્સી નાબૂદીના લીધેલ પગલાં નિષ્ફળ જતાં દેખાયા ત્યારે તેમણે રાતોરાત વાત બદલી કેશલેસ વ્યવહાર અને ડિજિટલાઈઝેશનની વાતો કરવાનું શરૂ કર્યું. જ્યારે તેઓને ખ્યાલ આવ્યો કે ભારત જેવા દેશમાં રાતોરાત ડિજિટલાઈઝેશન થવું શક્ય નથી અને

સાથે સાથે એ વાત પ્રજાને ગળે પણ ઉતરી નથી અને પોતે હાંસીપાત્ર બની રહ્યા છે ત્યારે વડાપ્રધાનશ્રીએ ૩૧ ડિસેમ્બરની રાત્રે પોતાના વક્તવ્યમાં નોટબંધી, ડિજિટલાઈઝેશન, કેશલેસ વ્યવહાર વગેરે વાતોને કોરાણે મૂકી શ્રેણીબધ્ધ પ્રજાહિતના પગલાંઓની જાહેરાત કરવા માંડી કે જે ખરેખર તો આગામી બજેટનો વિષય હતો.

જ્યારે રૂા. ૧૫ લાખ ૪૪ હજાર કરોડ રકમની ચલણી નોટોમાંથી રૂા. ૧૫ લાખ કરોડની રકમ (લગભગ ૯૭ ટકા જેટલી રકમ) બેન્કોમાં જમા કરાવી દેવામાં આવેલ છે ત્યારે ભારતના કોમન મેનને એ હજુ પણ સમજ નથી પડતી કે નોટબંધીના કારણે દેશને ફાયદો થયો કે નહીં? અને ફાયદો થયો તો શું થયો?

જ્યારે આ પગલાના હકારાત્મક અને નકારાત્મક એમ બંને પ્રકારના પાસા વિચારવામાં આવે ત્યારે કોમન મેનની દૃષ્ટિએ નકારાત્મકતાનું પ્રમાણ વિશિષ્ટ દેખાય છે. એન.ડી.એ.ના અઢી વર્ષના શાસન બાદ, અત્યારની સરકાર ચૂંટણીમાં આપેલ વચનો પ્રમાણે અને અન્યથા કોઈ પણ ક્ષેત્રે ચોક્કસ દિશામાં આગળ વધી શકતી નથી, તેવી જે ફરિયાદ દેશના ખૂણે ખૂણેથી ઉઠવાની શરૂ થઈ ગયેલ હતી તે હચમચાવી નાખનાર નોટબંધીના પગલાના કારણે હાલે તો બંધ થઈ ગયેલ જ દેખાય છે. સરકારશ્રીની દૃષ્ટિએ તો નોટબંધીના આ હકારાત્મક પરિણામો જ ગણી શકાય!

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## કચ્છીયતને સલામ

તા. ૨૬-૧-૨૦૦૧, શુક્રવારનું પ્રભાત. ૮.૩૮નો સમય અને કુદરતે પશ્ચિમીકરણ અને અણુયુગના પ્રવાહમાં પોતાને સર્વસ્વ માનવાની વૃત્તિ તરફ ઘસડાઈ જતી માનવવૃત્તિને – જાણે કે પોતાની પ્રત્યક્ષતા સાબિત કરાવવા – વૈજ્ઞાનિક યુગના આ કાળમાં – પોતાનું એકમાત્ર અંતિમ હથિયાર એટલે – ધરતીકંપ, પ્રચંડ વિનાશકારી સ્વરૂપને માનવદૃષ્ટિ સમક્ષ કરીને – યમરાજાને જાણે વીણાય તેટલા વીણી લેવાના અંતિમ આદેશ આપવા પર કુદરતે પોતાના હસ્તાક્ષર કર્યા હતા. સાંભળવાની વાત તો દૂર રહી પરંતુ ક્યાંક વાંચવામાં પણ ન આવ્યો હોય એવો પ્રચંડ વિનાશ એ એક માત્ર દોઢેક મિનિટના સમયનો જ હતો. ધરતીકંપ – પોતાનું વિનાશક રૂપ સર્જી ગયો. હજારોની સંખ્યામાં જાનહાનિ થઈ. લાખો લોકો બેઘર બની ગયા. લાખો અબોલ જીવો નાશ પામ્યા. આ ધરતીકંપની ક્ષણોનો અનુભવ એ લગભગ દરેક વ્યક્તિનો પોતપોતાનો ઈતિહાસ સર્જી ગયો છે. કારણકે યમરાજ કોઈક એકાદ બે વ્યક્તિના દરવાજા સુધી દસ્તક દઈ જાય એ હજુ બનવાજોગ છે પરંતુ આ તો પ્રત્યેક જીવના અંગેઅંગમાં સાંગોપાંગ – ધરતીના ધ્રુજારારૂપે ઉપસ્થિત થઈ – કુદરતે પોતાને સોંપેલું કાર્ય માત્ર દોઢ મિનિટના સમયગાળામાં પૂર્ણ કરવાની ઉતાવળ હોય તેમ – હજારો ચહેરાઓને ક્ષણમાત્રમાં અદશ્ય કરી દીધા. કંઈક માનવીઓને શારીરિક અંગોથી ખંડિત કરી જિંદગીભરની એ ખંડિત અવસ્થાનો એક વેદનાભર્યો કાયમનો વસવસો પ્રસ્થાપિત કરી દીધો. તો હજારોને જીવનલીલા સંકેલાઈ જવાના અંતિમ અહેસાસરૂપી તલવારની ધાર પર લાવીને અચાનક જીવન બક્ષવાનો ચમત્કારિક બચાવ જેવી અનુભૂતિ સાથે જિંદગીના એક યાદગાર સંભારણા રૂપે નવજીવનની કલ્પનામાં રાચતા રાખી દીધા. કુદરતે સર્જેલ એ દુર્ઘટના અને ત્યારબાદના આ ચમત્કારિક બચાવ પછી એક વિચાર – પ્રશ્ન જરૂર ખડો થઈ જાય છે કે સમગ્ર જીવસૃષ્ટિનાં સુખ અને શાંતિ માટે જ જે કુદરતે આવી હરિયાળી સર્જીને એક અનેરા જગતનું નિર્માણ કર્યું છે, એ જ કુદરતને આવું વિનાશક કદમ શા માટે અને કયા કારણોસર ઉઠાવવું પડ્યું હશે? કારણકે આ વિશાળ પટ પર છવાયેલો ધરતીનો એકાદ નાનો ટુકડો કે પછી કોઈક મોટી પથ્થર શિલાને હલાવવી પણ માનવ શક્તિ કે અણુશક્તિ માટે અશક્ય છે. જ્યારે આ તો એક વિશાળ ધરાને હલાવવી એ ખુદ કુદરત માટે પણ કોઈ સામાન્ય કાર્ય તો નથી જ.

તો હવે? સમય આવી ગયો છે પશ્ચિમિકરણમાંથી પાછા વળી આપણી ભૂતકાલીન ગ્રામ્ય સંસ્કૃતિ તરફ કદમ ઉઠાવવાનો.... ચાલો... આપણે સૌ પ્રયત્નશીલ બનીએ.

*રમેશ આર. વોરા - માધાપર*
*મો. ૯૪૨૯૦ ૮૩૮૭૧*

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# સરસ્વતી સન્માનનો કાર્યક્રમ તથા કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહનું બહુમાન

## નિમંત્રણ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો વર્ષ ૨૦૧૬નો ઉચ્ચ શિક્ષણ પારિતોષિક તથા વિશિષ્ટ વિદ્યાર્થી સન્માનનો એક કાર્યક્રમ ગુરુવાર, તા. ૨૬-૧-૨૦૧૭ના સાંજના ૩.૩૦થી ૭.૦૦ વાગ્યા દરમિયાન મહેંદી નવાઝ જંગ હોલ, પાલડી ખાતે યોજવામાં આવેલ છે.

સાથે સાથે ગુજરાત રાજ્યમાં એક અનેરો ઈતિહાસ રચી પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની સર્જરી કરનાર કચ્છી સપૂત અને સિમ્સ હોસ્પિટલ - અમદાવાદના ડાયરેક્ટર એવા કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહના બહુમાનનો કાર્યક્રમ પણ યોજવામાં આવેલ છે.

આ પ્રસંગે ડૉ. ધીરેન શાહ ૨૦ મિનિટની હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જરીની ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ તેમના મનનીય પ્રવચન સાથે બતાવવાના છે.

આ પ્રસંગે સમારંભ પ્રમુખ તરીકે બિરાજવાનું *શ્રી હરીશભાઈ રંગવાલા (હર્ષા એન્જિનિયર્સ લિ.)* એ સ્વીકાર્યું છે.

અતિથિ વિશેષશ્રી તરીકે નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે :

- ★ *શ્રી શાંતિલાલભાઈ ગાલા* — *નવનીત એજ્યુકેશન્સ લિમિટેડ*
- ★ *ડૉ. હિમાંશુ શાહ* — *યુરોલોજિસ્ટ, ફ્યુઝન હોસ્પિટલ*
- ★ *ડૉ. રાજેન્દ્ર ટોપરાની* — *કેન્સર સર્જન, એચ.સી.જી. હોસ્પિટલ, સોલા રોડ, અમદાવાદ.*
- ★ *શ્રી જેન્તીભાઈ પરબતભાઈ પટેલ* — *પ્રમુખશ્રી, શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિર*
- ★ *શ્રી જયમીનભાઈ જેઠાલાલ સોની* — *પ્રમુખશ્રી, શ્રી કચ્છી મારુ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ*

આ પ્રસંગે ઉપસ્થિત રહેવા અમદાવાદ – ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી પરિવારને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

કાર્યક્રમની પૂર્ણાહુતિ થયે અલ્પાહાર લઈ સૌ છૂટા પડીશું.

હોલની અંદર વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

હોલમાં પ્રવેશ કરનાર પ્રથમ ૧૦૦ વ્યક્તિને લક્કી ડ્રો કૂપન આપવામાં આવશે. કાર્યક્રમના અંતે ડ્રો યોજી પ્રથમ ૧૫ લક્કી નંબરવાળાને વિશિષ્ટ ઈનામથી નવાજવામાં આવશે.

કેટલાક મહાનુભાવોને અલગથી આમંત્રણ પત્રિકા મોકલવામાં આવી રહેલ છે. પરંતુ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ***અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી પરિવારને ભાવભર્યું નિમંત્રણ આપવામાં આવે છે.***

ડૉ. ધીરેન શાહ, ડૉ. હિમાંશુ શાહ તથા ડૉ. રાજેન્દ્ર ટોપરાની એમ ત્રણે કચ્છી સપૂત અત્યારે અમદાવાદની જાણીતી હોસ્પિટલો અનુક્રમે સિમ્સ હોસ્પિટલ, ફ્યુઝન હોસ્પિટલ તથા એચ.સી.જી. હોસ્પિટલમાં ડાયરેક્ટર જેવા પદે બિરાજી લોકોની સેવા કરી રહ્યા છે. તેમને મળવાનો અચૂક લાભ લેવા સહુને આગ્રહભરી અપીલ કરવામાં આવે છે.

**હિમાંશુ ભાઈલાલભાઈ ઠક્કર – માનદ્ મંત્રી**
**જયંતીલાલ કરમશી લાકડાવાલા – સહમંત્રી**
**અમિત ભવાનજીભાઈ સુરાણી – સહમંત્રી**
**મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડિયા – ખજાનચી**
**પરાગ ઘનશ્યામભાઈ ઠક્કર – સહ ખજાનચી**

**અશોક મહેતા – મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર – ઉપપ્રમુખ**
**મનુભાઈ ગોવિંદલાલ શાહ – ઉપપ્રમુખ**
**મેઘજી કુંવરજી ખેતાણી – ઉપપ્રમુખ**

**શ્રી કચ્છી સમાજ – અમદાવાદ**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## સરસ્વતી સન્માન : વર્ષ ૨૦૧૬

### કાર્યક્રમ અને સન્માનપાત્ર વિદ્યાર્થીઓની માહિતી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો વર્ષ ૨૦૧૬નો સરસ્વતી સન્માન કાર્યક્રમ શનિવાર, તા. ૯-૭-૨૦૧૬ના રોજ ઉજવવામાં આવેલ હતો કે જેમાં ધોરણ-૧૦, ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ), ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) તથા કન્યા શ્રેષ્ઠતા પારિતોષિકના ઈનામોનું વિતરણ કરવામાં આવેલ હતું.

એ સમયે ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતાં બધા જ પ્રકારની સ્ટ્રીમના વિદ્યાર્થીઓના પરિણામ આવેલ ન હોવાથી (૧) ઉચ્ચ શિક્ષણ પારિતોષિક અને (૨) વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક એનાયત કરવાનું મુલત્વી રાખવામાં આવેલ હતું.

**દરેક પ્રકારની સ્ટ્રીમના ઉચ્ચ ધોરણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના બાકી રહેતા પરિણામ આવી ગયેલ હોવાથી (૧) ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અને (૨) વિશિષ્ટ પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓને સન્માનવાનો એક કાર્યક્રમ ગુરુવાર, તા. ૨૬-૧-૨૦૧૭ના સાંજના ૩.૩૦થી ૭.૦૦ દરમિયાન મહેંદી નવાઝ જંગ હોલ, પાલડી ખાતે યોજવામાં આવેલ હોવાથી અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારને ઉપસ્થિત રહેવા ભાવભીનું નિમંત્રણ પાઠવવામાં આવે છે.**

હોલમાં પ્રવેશ કરનાર પ્રથમ ૫૦ લાભાર્થીને લક્કી ડ્રો કૂપન આપવામાં આવશે અને ત્યારબાદ એ કૂપનોમાંથી ડ્રો કરી ૩ ભાગ્યશાળી વ્યક્તિને વિશિષ્ટ ઈનામથી નવાજવામાં આવશે.

કાર્યક્રમની પૂર્ણાહુતિ થયે સૌએ અલ્પાહાર લઈ છૂટા પડવાનું છે.

આ કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેવા દરેક કચ્છી પરિવારને ભાવભર્યું આમંત્રણ છે.

એ દિવસે જે વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવનાર છે, તેમની વિગત નીચે મુજબ છે.

### (એ) ધનસુખલાલ વીરજી સંઘવી ઉચ્ચ શિક્ષણ પારિતોષિક

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ઉત્તીર્ણ કરેલ પરીક્ષા | મેળવેલ ગુણ/અંક | વિદ્યાર્થીનો મોબાઈલ નં. |
|---|---|---|---|---|
| ૧. | ડૉ. વિવેક કનૈયાલાલ ઠક્કર | M.S. (Orthopaedic) | ૫૬.૧૨% | ૯૪૨૬૫ ૧૯૫૧૫ |
| ૨. | રણદીપસિંહ પ્રવીણસિંહ જાડેજા | M.B.B.S. | ૨૮૦/૪૦૦ | ૯૮૨૪૭ ૧૭૬૫૭ |
| ૩. | દિવ્યા રતિભાઈ પટેલ | M.B.B.S. | ૪૪૦/૭૨૦<br>૫૬૧/૯૦૦ | ૯૪૦૮૪ ૯૨૪૯૯ |
| ૪. | મૌલીન પંકજ ગોગરી | Petroleum Engineering From Melbourne Univ. | CGPA : 3.71<br>૯૨% | ૯૪૨૮૮ ૦૬૮૮૨ |
| ૫. | ભાવિન જિતેન્દ્રકુમાર મહેતા | C.A. | ૫૧.૭૫% | — |
| ૬. | ખુશાલી ધીરજલાલ ગડા | C.S. | ૫૪% | ૯૮૨૫૩ ૫૫૯૬૧ |
| ૭. | જયેશ કાનજી ધુલ્લા | C.S. | ૧૦૦ & ૧૦૨ marks | — |
| ૮. | વત્સલ સુનિલકુમાર શાહ | M.Com. | ૭૦.૬૬% | ૦૭૯-૨૫૪૩૧૧૧૦ |
| ૯. | શ્રુજંક જનકકુમાર ઠક્કર | B.Tech. (Mech.Engg.) | CGPA : 8.98 | ૯૯૦૪૪ ૮૦૯૪૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૦. વિશાલકુમાર રમેશભાઈ પટેલ | B.E. (Mech. Engg.) | SPI : 9, CPI : 8.39<br>CGPA : 8.68 | — |
| ૧૧. સિધ્ધાર્થ અજય શાહ | B.E. (Computer Engg.) | SPI : 9 | ૯૩૨૭૦ ૦૦૧૦૫ |
| ૧૨. કેવલ અજય રાંભિયા | B.E. (Electronics & Communication Engg.) | SPI : 9.29<br>CPI : 7.69<br>CGPA : 8.17 | ૯૪૨૭૫ ૧૦૪૨૮ |
| ૧૩. ઉર્વિ હરિશ્ચંદ્ર બુધ્ધભટ્ટી | B.Sc. | CGPA : 7.69 | ૯૯૯૮૯ ૫૩૦૨૨ |
| ૧૪. સૂચિત પરેશભાઈ ઠક્કર | B.E.(Mechanical Engg.) | SPI : 8.76 | ૯૪૨૮૪ ૨૫૫૪૫ |
| ૧૫. રવિ નરોત્તમ જેઠવા | B.E.(Mechanical Engg.) | CGPA : 7.38 | ૮૬૯૦૪ ૭૯૨૮૮ |
| ૧૬. જીંકલ ભરત શાહ | B.E. (Computer Engg.) | SPI : 8.20 | ૯૮૨૫૦ ૫૩૦૯૮ |
| ૧૭. હર્ષ પંકજભાઈ ટાંક | B.E. (Instrumentation & Control Engg.) | SPI : 8.20 | ૯૮૭૯૨ ૨૪૪૬૮ |
| ૧૮. શાલીન કમલેશભાઈ શાહ | B.Com. | ૭૧.૬૦% | — |
| ૧૯. કુલદીપ દેવુભાઈ પરમાર | D.E.E. (Diploma in Electrical Engg.) | SPI : 8<br>CPI : 7.32<br>CGPA : 7.4 | ૯૯૯૮૨ ૬૭૨૯૨ |

## (બી) મંજુલાબેન હરખચંદ સાવલા વિશિષ્ટ વિદ્યાર્થી પારિતોષિક

| | |
|---|---|
| ૧. વિષ્ણુ મેહુલભાઈ શાહ (મો. ૯૩૨૭૪ ૯૯૨૦૩) | • Won 2nd Prize including Rs. 5000/- Cash Prize & Silver Medal in Table Tennis organised by JITO.<br>• Achieved 1st position in National School Games.<br>• Presently is Captain of Ahmedabad School Team.<br>• Also won 3rd position in Khel Mahakumbh & got Cash Prize of Rs. 2,000/- by Special achievements (participation & other activities) |
| ૨. રાહિલ રૂપેશકુમાર ઓઝા (મો. ૯૭૨૩૭ ૫૯૫૧૦) | Participated in Target Ball competition at National Level which was organised in Maharashtra. |
| ૩. રાજવી કલ્પેશ શાસ્ત્રી (મો. ૯૮૨૫૨ ૪૦૬૭૮) | Participated in Basket Ball in Khel Mahakumbh at State Level. |

**દીપક નાનાલાલ ચૌહાણ**
**કન્વીનર – શૈક્ષણિક સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
**મો. ૮૮૪૯૪ ૧૪૯૨૭**

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
**મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

# સરસ્વતી સન્માન ફંડ યોજના

### (એ) નક્કી થઈ ગયેલ યોજનાઓ

| | યોજના | વર્ષ ૨૦૧૬થી ૧૦ વર્ષ માટે | યોજનાનું નામ |
|---|---|---|---|
| (૧) | ધોરણ-૧૦ | રૂા. ૧.૫૧ લાખ | મંજુલાબેન હરખચંદ સાવલા શ્રેષ્ઠતા પારિતોષિક |
| (૨) | ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) | રૂા. ૧.૫૧ લાખ | નરેન્દ્ર છગનલાલ શાહ શ્રેષ્ઠતા પારિતોષિક |
| (૩) | ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) | રૂા. ૧.૫૧ લાખ | મંજુલાબેન હરખચંદ સાવલા શ્રેષ્ઠતા પારિતોષિક |
| (૪) | કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક | રૂા. ૧.૫૧ લાખ | માતુશ્રી ઝવેરબેન રંગવાલા કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક |
| (૫) | ઉચ્ચ શિક્ષણ પારિતોષિક | રૂા. ૨.૫૧ લાખ | ધનસુખલાલ વીરજી સંઘવી ઉચ્ચ શિક્ષણ પારિતોષિક |
| (૬) | વિશિષ્ટ વિદ્યાર્થી સન્માન | રૂા. ૨.૫૧ લાખ | મંજુલાબેન હરખચંદ સાવલા વિશિષ્ટ વિદ્યાર્થી પારિતોષિક |

### (બી) બાકી રહેતી યોજનાઓ (વર્ષ ૨૦૧૭થી ૧૦ વર્ષ માટે)

| ક્રમ | ધોરણ | વિગત | સૌજન્યની રકમ |
|---|---|---|---|
| (૧) | ધોરણ-૧ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને | રૂા. ૧.૫૧ લાખ |
| (૨) | ધોરણ-૨ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને | રૂા. ૧.૫૧ લાખ |
| (૩) | ધોરણ-૩ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને | રૂા. ૧.૫૧ લાખ |
| (૪) | ધોરણ-૪ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને | રૂા. ૧.૫૧ લાખ |
| (૫) | ધોરણ-૫ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને | રૂા. ૧.૨૧ લાખ |
| (૬) | ધોરણ-૬ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને | રૂા. ૧.૨૧ લાખ |
| (૭) | ધોરણ-૭ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને | રૂા. ૧.૨૧ લાખ |
| (૮) | ધોરણ-૮ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને | રૂા. ૧.૨૧ લાખ |
| (૯) | ધોરણ-૯ | નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુ ગુણ મેળવનાર પ્રથમ ૩ વિદ્યાર્થીને | રૂા. ૧.૨૧ લાખ *(અપાઈ ગયેલ છે.)* |
| (૧૦) | ડિપ્લોમા અભ્યાસક્રમની વિવિધ શાખાઓ | ડિપ્લોમા અભ્યાસક્રમની દરેક શાખાના નિયત કરવામાં આવેલ ટકાવારીથી વધુમાં વધુ ગુણ મેળવનાર દરેક શાખાના પ્રથમ ૩ વિદ્યાર્થીઓને | રૂા. ૧.૫૧ લાખ |

ઉપરોક્ત બાકી રહેતી સરસ્વતી સન્માનની યોજનામાં સંપન્ન મહાનુભાવોને ઉદારદિલે ભાગ લઈ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સરસ્વતી સન્માનની પ્રવૃત્તિને સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
**મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪**

**દીપક નાનાલાલ ચૌહાણ**
**કન્વીનર – શૈક્ષણિક સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
**મો. ૮૮૪૯૪ ૧૪૯૨૭**

**શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦

**શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**



**Gujarat's Leading Electronic Manufacture**
(TOTAL EMS SOLUTION)

**Innovision Systems & Devices**
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

**Innovision Systems & Devices Pvt Ltd**
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com



જીવદયા • કરૂણા • અહિંસા • લુણી • પાંજરાપોળ

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ | એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યાક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦



|| SHRI HARI ||



**SHREE SWAMINARAYAN TRAVELS**
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

| | | | |
|---|---|---|---|
| • Bhuj | : 9825804763 | Gandhidham | : 9825804703 |
| • Anjar | : 9099943074 | Mandvi | : 9099943070 |
| • Una | : 9825804253 | Rajula | : 9825804754 |

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

| | | | |
|---|---|---|---|
| • Baroda | : 9275051712 | Vidyanagar | : 9825525732 |
| • Raipur | : 9825804761 | | |

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in



મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

**શ્રી હરિ ટ્રાવેલ્સ**
યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ

મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ

લકઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.

**શ્રી હરિ ટ્રાવેલ્સ**
પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે, બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬/૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ





**SHREE SAHJANAND TRAVELS**



Visit us: www.sst.bookong.com

23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.

M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078

Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa



**FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)**

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

**Shivang Institute**
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031



**BLUE EYE**
YOUR SPY EYE



ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE



For import anything from China to India
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254

**CHINA • INDIA • KENYA**



079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

# ગુજરાતમાં હૃદય પ્રત્યારોપણની પ્રથમ સફળતા

**સિમ્સ હોસ્પિટલ - અમદાવાદ ખાતે તા. ૧૯-૧૨-૨૦૧૬ના રોજ થયેલ હૃદય પ્રત્યારોપણની જટિલ તબીબી પ્રક્રિયામાં કાર્યરત કચ્છી ડૉક્ટર કાર્ડિયાક સર્જન ધીરેન શાહની તેમની ટીમ સાથેની તસવીરી ઝલક.**





વિશેષ કચ્છશ્રુતિ માટે ખાસ

# કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહનો ઇન્ટરવ્યૂ



કાર્ડિયાક સર્જન
ડૉ. ધીરેન શાહ

*ડૉ. ધીરેન શાંતિલાલ શાહ (ફુરિયા) કચ્છમાં મુંદ્રા તાલુકાના રામાણિયા ગામના વતની છે. તેઓએ M.B.B.S. અને M.S. અમદાવાદમાં રહીને પૂરું કર્યું. ત્યારબાદ M.C.H. દિલ્હી યુનિવર્સિટીમાંથી પાસ કર્યું અને પિટ્સબર્ગ, પેન્સિલવેનિયા, યુ.એસ.એ.માં ત્રણેક વર્ષનો અનુભવ મેળવી વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં આવ્યા. પ્રથમ સ્ટર્લિંગ હોસ્પિટલ સાથે અને ત્યારબાદ સાલ હોસ્પિટલ સાથે જોડાયા. અહીં પૂરતો અનુભવ મેળવીને પોતાના ડૉક્ટરોની ટીમ સાથે અમદાવાદ ખાતે સિમ્સ હોસ્પિટલ ઊભી કરી અને ત્યાં કાર્ડિયાક સર્જરી વિભાગમાં આજદિન સુધી કાર્યરત રહેલ છે. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનું લાઈસન્સ ઓક્ટોબર-૨૦૧૬માં મળ્યું અને પ્રથમ હાર્ટ પ્રત્યારોપણ ડિસેમ્બર-૨૦૧૬માં કર્યું કે જે સમગ્ર ગુજરાત રાજ્યનો પ્રથમ કિસ્સો બની રહ્યો.*

*કચ્છીયતને ચાર ચાંદ લગાડનાર, કચ્છી સપૂત ડૉ. ધીરેન શાહએ ઉપરોક્ત જટિલ અને ઉત્કૃષ્ટ કામગીરી સફળતાપૂર્વક પાર પાડીને પરિવાર, સમાજ અને ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું છે.*

*તેઓશ્રી ઉપરોક્ત ક્ષેત્રમાં હજુ વધારે પ્રગતિ સાધે તેવી શુભેચ્છા.*

*સમગ્ર રાજ્યમાં પ્રથમ હાર્ટ પ્રત્યારોપણની પ્રક્રિયા સંબંધી વિગત વાચકવર્ગને પહોંચાડવા 'કચ્છશ્રુતિ' પરિવારે તેમનો ખાસ ઈન્ટરવ્યૂ લીધેલ, જે અત્રે પ્રસ્તુત છે.*

*– તંત્રી મંડળ*

**પ્રશ્ન** *હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ એટલે શું?*

**જવાબ** હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ એટલે માનવ શરીરના હૃદયને કાઢી તેની જગ્યાએ અન્ય માનવના સારા હૃદયને મૂકવું.

**પ્રશ્ન** *કઈ વ્યક્તિનું હાર્ટ ડોનર તરીકે લઈ શકાય?*

**જવાબ** બ્રેઈન ડેડ વ્યક્તિનું ધબકતું હાર્ટ લઈ શકાય. બ્રેઈન ડેડમાં પણ બે પ્રકાર છે : (૧) રોડ એક્સિડન્ટમાં ઈજાના કારણે મોટો અને નાનો એમ બંને બ્રેઈન કામ કરતા બંધ થઈ જાય તે બ્રેઈન ડેડ વ્યક્તિનું હૃદય અને (૨) જેમને બ્રેઈન હેમરેજ થયેલ હોય તે વ્યક્તિનું હૃદય. અહીં ખાસ એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે જે બ્રેઈનને ઈન્ફેક્શન થયેલ હોય તે વ્યક્તિનું હાર્ટ કદાચ કામ ન લાગે.

**પ્રશ્ન** *હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કઈ રીતે કરાય છે?*

**જવાબ** જે વ્યક્તિનું હાર્ટ ૧૦થી ૧૫ ટકા કામ કરતું હોય તે વ્યક્તિનું હાર્ટ બદલી તેને નવજીવન આપી શકાય. ઓપરેશન દરમિયાન દર્દીને હાર્ટલંગ મશીન પર મૂકી તેના શરીરની પ્રક્રિયાઓ ચાલુ રાખવામાં આવે છે. ત્યારબાદ જૂના હાર્ટને કાઢી તેની જગ્યાએ નવા હાર્ટને બેસાડી સર્જરી પૂરી કરવામાં આવે છે અને ત્યારબાદ દર્દીના નવા ધબકતા હૃદયને અન્ય નસો સાથે જોડી આ દર્દી સાથે જોડેલ હાર્ટલંગ મશીન હટાવી દેવામાં આવે છે. એ ખાસ ખ્યાલ રાખવો જોઈએ કે હાર્ટ ડોનેટ કરનાર વ્યક્તિ અને લેનાર વ્યક્તિ એ બંનેના બ્લડ ગ્રુપ એકસરખા હોવા જોઈએ. O–ve ગ્રુપનું બ્લડ કોઈ પણ બ્લડ ગ્રુપની વ્યક્તિને કામ આવે. હાર્ટનું ડોનેશન આપનાર વ્યક્તિ ૫૫ વર્ષથી નીચેની વયજૂથની હોવી જોઈએ. તદુપરાંત તેના શરીરના બાકી રહેતા અન્ય પ્રકારના ટેસ્ટ ઓ.કે. આવે તો જ તેનું હાર્ટ અન્ય વ્યક્તિના ઉપયોગ માટે લઈ શકાય. પુરુષનું હૃદય સ્ત્રીનાં હૃદયની જગ્યાએ સેટ થઈ શકે પરંતુ સ્ત્રીનું હૃદય માત્ર અન્ય સ્ત્રીના હૃદયમાં જ સેટ થઈ શકે. તે પુરુષના હૃદયમાં સેટ ના થઈ શકે. એક વખત

કોઈપણ વ્યક્તિના હૃદયમાંથી હાર્ટ કાઢી લેવાય ત્યારબાદ તે માત્ર ચાર કલાક સુધી જ ધબકતું રહી શકે. તેથી તેને ૪ કલાકની અંદર જ અન્ય વ્યક્તિના શરીરમાં પ્રત્યાર્પણ કરી શકાય. હાર્ટને વ્યક્તિના શરીરમાંથી કાઢી લીધા બાદ તેને સ્પેશિયલ સોલ્યુશનમાં રાખવામાં આવે છે અને ત્યારબાદ તેને બરફમાં રાખી ફ્રીઝ કરી દેવામાં આવે છે. આ રીટે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરતા અગાઉ ઉપરોક્ત બધી વસ્તુઓ ધ્યાનમાં રાખવી જોઈએ.

***પ્રશ્ન ગુજરાતના પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટના બનાવની વિગતવાર માહિતી આપશો?***

***જવાબ*** સીમ્સ હોસ્પિટલમાં એક દર્દી દાખલ થયા કે જેનું હાર્ટ ૧૦થી ૧૫ ટકા કામ કરતું હતું. તેમની સ્થિતિ દિવસો દિવસ બગડતી જતી હતી. તેથી તેમને વેન્ટીલેટર પર રાખવામાં આવેલ હતા. તેમના સર્વાઈવલના લગભગ કોઈ ચાન્સ ન હતા. તે દરમિયાન ભાવનગરથી સમાચાર આવ્યા કે રોડ એક્સિડન્ટમાં બ્રેઈન ડેડ થયેલ એક વ્યક્તિના શરીરના અંગો તેમના કુટુંબીજનો ડોનેટ કરવા માંગે છે કે જેમાં તેમનું હાર્ટ પણ છે. અમદાવાદના દર્દીનું બ્લડગ્રુપ B+ve હતું. જ્યારે ભાવનગરની વ્યક્તિનું બ્લડ ગ્રુપ યુનિવર્સિલ એટલે કે O–ve હતું. અમદાવાદની વ્યક્તિનું વજન ૬૦ કિ.ગ્રા. હતું જ્યારે ભાવનગરની વ્યક્તિનું વજન ૬૫ કિ.ગ્રા. હતું. ભાવનગરની વ્યક્તિ તંદુરસ્ત હોવાથી તેના શરીરના અન્ય ટેસ્ટ ઓ.કે. હતા. આ રીતે એટલું નક્કી થઈ શક્યું કે ભાવનગરની બ્રેઈન ડેડ થયેલ વ્યક્તિનું હાર્ટ અમદાવાદની બીમાર વ્યક્તિને અનુકૂળ આવે તેવું છે. આ નક્કી થતા અમે ગુજરાત રાજ્યના હાર્ટ ટ્રાન્સપ્લાન્ટના પ્રથમ બનાવના અમલીકરણ માટે તૈયાર થયા. બંને સ્થળે આ અંગે જરૂરી સહમતિ લઈ લેવામાં આવી.

અમે અમદાવાદથી રોડ રસ્તે રાત્રે ૧૧.૩૦ વાગે નીકળી ભાવનગર રાત્રે ૨.૩૦ વાગે પહોંચ્યા. ભાવનગરમાં ઓપરેશનની બધી તૈયારી કરી ૬.૩૦ વાગે ઓપરેશન શરૂ કર્યું. હાર્ટને બહાર કાઢી જરૂરી સોલ્યુશનમાં મૂક્યું. સાથે સાથે દર્દીના શરીરમાંથી લીવર, કિડની અને પેન્ક્રિઆસ નામના અન્ય અંગો પણ કાઢી લેવામાં આવ્યા. સર્જરી ૮ વાગે પૂરી થઈ.

આઈ.જી.પી. તથા ટ્રાફિક પોલીસને વિનંતી કરી ભાવનગર મેડિકલ કોલેજથી ભાવનગર એરપોર્ટ સુધીનો રસ્તો ગ્રીન કોરીડોર કરાવ્યો. ભાવનગર મેડિકલ કોલેજથી એરપોર્ટ પહોંચતા અમને માત્ર ૬.૩૦ મિનિટ લાગી. તરત ચાર્ટર પ્લેન શરૂ કરી ૫૦ મિનિટ બાદ અમદાવાદના એરપોર્ટ પર આવી પહોંચ્યા. ફરી અમદાવાદમાં આઈ.જી.પી. અને ટ્રાફિક કમિશનરને વિનંતી કરી એરપોર્ટથી સીમ્સ હોસ્પિટલ સુધીનો રસ્તો ગ્રીન કોરીડોર કરાવડાવી માત્ર ૧૪ મિનિટમાં સીમ્સ હોસ્પિટલ પહોંચ્યા. લગભગ ૯૦ મિનિટનો સમય પસાર થઈ ગયો. પ્રત્યાર્પણ માટે હજુ અમારી પાસે ૨.૩૦ કલાકનો સમય બાકી હતો.

અમારી ફ્લાઈટ જ્યારે ભાવનગર એરપોર્ટથી રવાના થઈ ત્યારે અમદાવાદ સીમ્સ હોસ્પિટલમાં પેશન્ટને ઓપરેશન થિયેટરમાં લઈ જવાની સૂચના આપી. પ્લેઈન અમદાવાદમાં લેન્ડ થયું ત્યારે પેશન્ટની ચેસ્ટ ઓપન કરવાની સુચના આપી. જ્યારે અમે ઓપરેશન થિયેટરમાં પહોંચ્યા ત્યારબાદ પેશન્ટનું મૂળ હાર્ટ બહાર કાઢ્યું. ત્યારબાદ બે કલાક આ ઓપરેશન ચાલ્યું અને જ્યારે તે પૂરું થયું ત્યારે અમે સફળતાનો હાશકારો અનુભવ્યો. **અને એ સમયે અમને ખ્યાલ આવ્યો કે સિમ્સના ડોક્ટરોની ટીમે તેના ટીમવર્કથી એક ઇતિહાસ રચી દીધો.**

સિમ્સ હોસ્પિટલની કાર્ડિયાક સાઈડે ગુજરાતની અત્યારની મોટામાં મોટી ટીમ કાર્યરત છે. આ ટીમમાં ૪ સર્જન, ૧૧ કાર્ડિયોલોજિસ્ટ, ૩ એનેસ્થેટિક્સ, ૩ પર્ફ્યુઝનીક (હાર્ટલંગ મશીન ઑપરેટ કરી શકે તે ટેકનિશિયન) અને હોસ્પિટલનો બેક-અપ સ્ટાફ એમ બધા જ એકજૂટ થઈને કામ કરે છે. પરિણામે આ ટીમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનું કામ યોગ્ય રીતે પૂરું કરી શકવાની સંપૂર્ણ હિંમત ધરાવે છે. **અત્યારે તો ગુજરાતમાં માત્ર 'સિમ્સ હોસ્પિટલ' જ આ પ્રકારની સર્જરી કરી શકે છે.**

ઓપરેશન બાદ પેશન્ટને આઈ.સી.યુ.માં રાખવામાં આવેલ છે. હાલ તે સ્ટેબલ છે. ઓપરેશન અગાઉ

દર્દી માંદા હોવાથી અને વેન્ટીલેટર પર હોવાથી તેને રીકવર થતાં સમય લાગશે. હજુ કદાચ બીજા ૧૫ દિવસ તેને આઈ.સી.યુ.માં રાખવાની જરૂરત રહેશે. ત્યારબાદનો આધાર તેના પ્રોગ્રેસ પર રહેશે.

આ રીતે ગુજરાતની પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી પૂરી થઈ.

**પ્રશ્ન** *ગુજરાતની સીમ્સ હોસ્પિટલમાં આપશ્રીએ પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કર્યું. એ અગાઉ આપશ્રીએ આ પ્રકારના હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરેલ છે? ક્યાં અને ક્યારે?*

**જવાબ** જી હા. આ પ્રકારની સર્જરી મેં અગાઉ પિટ્સબર્ગ, પેન્સિલ્વેનિયા, યુ.એસ.એ.માં જોઈન્ટ ડૉક્ટર તરીકે કરેલ છે.

**પ્રશ્ન** *ગુજરાતમાં આપશ્રી વર્ષ ૨૦૦૨માં આવ્યા. અને આ પ્રકારની સર્જરી છેક ૨૦૧૬માં કરી. આવું કેમ?*

**જવાબ** સૌપ્રથમ હું અનિલ જૈન સાથે સ્ટર્લિંગ હોસ્પિટલમાં કાર્યરત હતો. ત્યારબાદ અમારી ટીમે શાલ હોસ્પિટલમાં કાર્ય કરવાનું શરૂ કર્યું. મને તેનાથી સંતોષ ન હતો. મારે કંઈક નવું કરવું હતું. તેથી અમે ડોક્ટરોની એક ટીમે સીમ્સ હોસ્પિટલ ઊભી કરી, ત્યાંથી કાર્ય કરવાનું શરૂ કર્યું. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનું લાઈસન્સ અમને છેક ઓક્ટોબર-૨૦૧૬માં મળ્યું. બાદના બે મહિનાના ગાળામાં જ અમે આ પ્રથમ ઓપરેશન સફળતાપૂર્વક પૂરું કર્યું.

**પ્રશ્ન** *આટલી તકલીફ ઉઠાવી, ઈમરજન્સી ઊભી કરી, ભાવનગરથી હાર્ટ અહીં લાવવાના બદલે દર્દીને જ અમદાવાદ લાવી આ પ્રક્રિયા પૂરી કરી હોત તો તે સરળ નહોતું?*

**જવાબ** પ્રથમ વાત એ કે કાયદાકીય રીતે બ્રેઈન ડેડ વ્યક્તિને અન્ય હોસ્પિટલમાં દાખલ ના કરી શકાય. અન્ય હકીકત એ કે આપણી સામાજિક પ્રણાલી અનુસાર દર્દીની અંતિમવિધિ તેના સગાસંબંધીની ઉપસ્થિતિમાં તેના સ્થળે જ કરવામાં આવે છે, જે માટે ડેડ બોડીને ફરી તેના સ્થળે લઈ જવી પડે. આવા બધા કારણોસર એ શક્ય નથી. પરંતુ તેના માટે 'ઓર્ગન રીટ્રાઈવલ સેન્ટર' ઊભા કરી ત્યાં પેશન્ટને દાખલ કરી શકાય.

**પ્રશ્ન** *ન્યુઝ પેપર તથા ટી.વી. ચેનલ પર આ ઓપરેશનના અનુસંધાને હિંદુ - મુસલમાનની વાત આવી તે પ્રક્રિયા શું છે?*

**જવાબ** હિંદુ - મુસ્લિમ પ્રક્રિયા વિશે તો ચેનલ પર સમાચાર આવ્યા ત્યારે અમારું ધ્યાન ગયું. હાર્ટ પ્લાન્ટની વાત કરીએ તો અમારે માત્ર એટલું જ જોવાનું હોય કે દર્દીની ઉંમર ૫૫ વર્ષથી નીચેની હોવી જોઈએ. ડોનર તથા લેનારનું વજન લગભગ એકસરખું હોવું જોઈએ. બંનેના બ્લડગ્રુપ મેચ થતા હોવા જોઈએ. ડોનરના શરીરમાં કોઈ પણ પ્રકારનું ઈન્ફેક્શન ના હોવું જોઈએ. તેના મેડિકલ ટેસ્ટ બરાબર આવવા જોઈએ. પુરુષનું હાર્ટ સ્ત્રીનાં શરીરમાં લગાવી શકાય, સ્ત્રીનું હાર્ટ પુરુષના શરીરમાં ન લગાવી શકાય વગેરે, વગેરે. એ બધી વિગતોની ચોક્સાઈપૂર્વક અમે ચકાસણી કરીએ. ટી.વી. પર સમાચાર આવ્યા કે ભાવનગરના એક મુસલમાનનું હાર્ટ અમદાવાદના એક હિંદુના શરીરમાં પ્રત્યાર્પણ કરવામાં આવ્યું ત્યારે જ અમારું આ હકીકત પર ધ્યાન ગયું. અનાયાસે અમારાથી હિંદુ - મુસ્લિમ એકતાની ભાવના પર મહોર લાગી ગઈ. તેનાથી અમે બધા ખુશ થયા અને ન્યુઝપેપર ટી.વી.વાળા પર પણ ખુશ થયા. સમગ્ર બીનાને હકારાત્મક રીતે લેવામાં આવી.

**પ્રશ્ન** *શું આ પ્રક્રિયા વિશાળ પાયે અસ્તિત્વમાં આવી શકે?*

**જવાબ** જરૂરથી આવી શકે. અત્યારે અમેરિકામાં દર વર્ષે અંદાજિત ૨૫૦૦ જેટલા આ પ્રકારના ઓપરેશન થાય છે. જ્યારે ભારતમાં માત્ર ૫૦ જેટલા જ ઓપરેશન થાય છે. તે હકીકતમાં અમેરિકા અને ભારતની વસતિના તફાવતની ગણના કરો અને અમેરિકા કરતા ભારતમાં થતા રોડ અકસ્માતની ગણના કરો તો દર વર્ષે ભારતમાં ૧૦,૦૦૦ જેટલા આ પ્રકારના ઓપરેશન કરવાનો સ્કોપ તો રહેલો જ છે.

**પ્રશ્ન** *તેના માટે શું કરવું જોઈએ?*

**જવાબ** સમાજમાં જાગૃતતા લાવવી જોઈએ. ઓર્ગન ડોનેશન્સ માટે ખૂબ જ પ્રચાર કરી લોકોના ફોર્મ ભરાવવા જોઈએ. (જે રીતે મૃત્યુ બાદ શરીરદાન માટેના ફોર્મ ભરવામાં આવે છે.) શ્રી કચ્છી સમાજ - અમદાવાદ જેવી સામાજિક સંસ્થાઓએ આ

પ્રકારના કામો વહેલી તકે હાથ પર લેવા જોઈએ. તેનાથી અનેક લોકોની જિંદગી બચાવી શકાય.

***પ્રશ્ન આ પ્રકારના ઓપરેશનનો ખર્ચ શું આવી શકે?***

***જવાબ*** બ્રેઈન ડેડ વ્યક્તિના શરીરમાંથી લીવર, પેન્ક્રિઆસ, હાર્ટ અને કિડની જેવા ઓર્ગન્સ સફળતાપૂર્વક કાઢી અન્યોના શરીરમાં તેનું પ્રત્યાર્પણ કરી શકાય. તેનો અંદાજિત ખર્ચ નીચે મુજબ આવી શકે.

**લીવરના પ્લાન્ટેશનનો ખર્ચ : અંદાજિત રૂા. ૩૫થી ૪૦ લાખ.**

**પેન્ક્રિઆસના પ્લાન્ટેશનનો ખર્ચ : અંદાજિત રૂા. ૩૦ લાખ**

**હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનો ખર્ચ : અંદાજિત રૂા. ૨૫ લાખ.**

**કિડની ટ્રાન્સપ્લાન્ટનો ખર્ચ : અંદાજિત રૂા. ૫ લાખ.**

સાથે એ પણ જાણવું જરૂરી છે કે –

લીવરને ૧૦થી ૧૨ કલાક પ્રિઝર્વ કરી શકાય.

પેન્ક્રિઆસને પણ ૧૦થી ૧૨ કલાક પ્રિઝર્વ કરી શકાય.

હાર્ટને માત્ર ૪ કલાક પ્રિઝર્વ કરી શકાય.

જ્યારે કિડનીને ૨૪થી ૪૮ કલાક સુધી પ્રિઝર્વ કરી શકાય.

હાર્ટનું ટ્રાન્સપ્લાન્ટ કર્યા પછી સતત એક વર્ષ સુધી અંદાજિત રૂા. ૨૦,૦૦૦/-ની દર મહિને દવા લેવી પડે. ત્યારપછી જિંદગીભર દર મહિને રૂા. ૨,૦૦૦/-થી રૂા. ૫,૦૦૦/-ની દવા લેવી પડે. આ પ્રક્રિયા ખૂબ જ મોંઘી હોવાથી તે દરેકને ના પરવડે. અને તેથી જરૂરિયાતવાળા દર્દીઓ માટે અમે એક ફાઉન્ડેશનની સ્થાપના કરવા જઈ રહ્યા છીએ કે જેના માટે અત્યારથી જ અમને રૂા. ૨ કરોડ જેટલી રકમના ડોનેશન્સના વચનો તો મળી ચૂકેલ છે. સામાજિક સંસ્થાઓ પણ આ પ્રશ્ને આગળ આવી શકે. હાલના પ્રથમ ઓપરેશનમાં પણ સીમ્સ હોસ્પિટલ આર્થિક રીતે દર્દીને સહાયભૂત થવાની જ છે. સુરતમાં શ્રી નીલેશભાઈ માંડલિયા આ પ્રશ્ને સમાજમાં જાગૃતિ લાવવા અથાગ પ્રયત્ન કરી રહ્યા છે. લોકોએ સુરતમાં જઈ તેમના કાર્યોને નિહાળવા જોઈએ.

***પ્રશ્ન કોઈપણ વ્યક્તિના બ્રેઈન ડેડ સિવાય, ધબકતા હાર્ટ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય?***

***જવાબ*** બ્રેઈન ડેડ વ્યક્તિમાંથી જ ધબકતા હાર્ટ પ્રાપ્ત થઈ શકે. એ સિવાય અન્ય કોઈ ઇલાજ નથી.

***પ્રશ્ન ડોનર દર્દી એક સ્થળે હોય અને લેનાર વ્યક્તિ કોઈ અન્ય સ્થળે હોય તે પરિસ્થિતિમાં આ ઓપરેશન ૪ કલાકમાં કઈ રીતે થઈ શકે?***

***જવાબ*** અન્યનું હાર્ટ લેવાની ઇચ્છા રાખનાર વ્યક્તિએ પોતાનો કેસ સીમ્સ હોસ્પિટલમાં નોંધાવવો જોઈએ. અને ત્યાર પછીના ૨-૩ મહિના તો તેણે હોસ્પિટલની આજુબાજુમાં જ રહેવું જોઈએ. જેથી જરૂરિયાત પ્રમાણે તે તરતમાં ઉપસ્થિત થઈ શકે.

***પ્રશ્ન આપશ્રીની માતૃભૂમિ વિશે કંઈ વિશેષ જણાવી શકશો?***

***જવાબ*** "કચ્છી છું એટલે જીગરથી કામ કરું છું" આ એક વાક્યમાં માતૃભૂમિની સરાહના વિશે બધું આવી જાય છે. ■

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### આગામી કાર્યક્રમોની ઝલક

| | તારીખ | સમય | સ્થળ | આયોજન કર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|---|---|
| ● | ગુરુવાર, તા. ૨૬-૦૧-૨૦૧૭ | બપોરે ૩.૩૦થી સાંજે ૭.૦૦ | મહેંદી નવાઝ જંગ હોલ, પાલડી, અમદાવાદ | શ્રી કચ્છી સમાજ - અમદાવાદ | ઉચ્ચ શિક્ષણ પારિતોષિક તથા વિશિષ્ટ વિદ્યાર્થી સન્માન અને કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહનું સન્માન |
| ● | રવિવાર, તા. ૧૨-૦૨-૨૦૧૭ | સવારે ૭.૦૦થી રાતે ૮.૦૦ | શ્રી કચ્છી સમાજ - કાર્યાલય સ્પાન ટ્રેડ સેન્ટર, પાલડી | વયસ્ક સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ | ૨ X ૩ બસ દ્વારા ગાંધીનગર આસપાસની એક દિવસીય ટ્રીપ. વ્યક્તિદીઠ ચાર્જ રૂા. ૫૦૦/- ભરીને ૩૧-૧-૨૦૧૭ સુધીમાં નામ નોંધાવવા. |

પ્રસંગ વિશેષ

# મેરા દેશ મહાન!

• દિનેશ આર. મહેતા •

## ૨૬મી જાન્યુઆરી

૨૬મી જાન્યુઆરી! જે દિને સ્વતંત્રતાદેવીએ ભારત પર વિજયનું સ્મિત વેર્યું. ભારતની જનતાએ જે દિને પોતાના ભાગ્યોદયનું નવપ્રભાત નિહાળ્યું એ મહાદિન છે ૨૬મી જાન્યુઆરી! તે જ દિવસે તિરંગો હવામાં મસ્ત બનીને ઊંચે ને ઊંચે ફરફરી રહ્યો. વંદે માતરમ્ - જયહિંદ અને 'જનગણમન'ના બુલંદ સૂરોથી આકાશ અને પૃથ્વી છલોછલ ભરાઈ ગયા. **લાખોની મેદનીએ 'આઝાદી અમર રહો'ના હર્ષનાદોથી વધાવી લીધો એ મહામૂલા દિન – ૨૬મી જાન્યુઆરીને!**

ઈ.સ. ૧૯૨૯નો વર્ષ ભારતના ઈતિહાસમાં અમર થઈ જશે. ભારતના સ્વાતંત્ર્યસંગ્રામની તવારીખનો એ ગૌરવવંતો વર્ષ હતો. તે સાલમાં જ રાવી નદીને કાંઠે કોંગ્રેસના અધિવેશનમાં, **'પૂર્ણ સ્વરાજ્ય પ્રાપ્ત કરીને જ જંપીશું'** એવી દ્રઢ પ્રતિજ્ઞા લેવાઈ હતી. આપણી ભવ્ય પ્રતિજ્ઞા સામે બ્રિટીશ સરકારને આખરે નમતું આપવું પડ્યું અને આપણે આઝાદ થયા. લોખંડી પુરુષ સરદારે ૬૦૦ રાજ્યોને (દેશી રજવાડાંને) સમજાવીને ભારતનું ઐક્ય સાધ્યું અને ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીના શુભ દિને જનતાનું રાજ્ય જાહેર થયું. ભારતમાં ગણતંત્રની - સાર્વભૌમ પ્રજાસત્તાકની સ્થાપના થઈ.

પ્રત્યેક વર્ષે આપણા દેશમાં આ દિન રાષ્ટ્રીય તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. સવારમાં ધ્વજવંદન થાય છે અને પ્રભાતફેરીઓ નીકળે છે. રાષ્ટ્રના ધૂરંધરો લોકોને એકતાના સંદેશા પાઠવે છે. ફક્ત સરકારી મકાનો જ નહીં, ખાનગી મકાનો પણ રંગબેરંગી રોશનીથી ઝળહળી ઊઠે છે. શહેરોમાં લાઉડ સ્પીકરોનાં ભૂંગળાં સ્વદેશ ભક્તિના, શૌર્ય ગીતોના સૂરોથી રણકી ઊઠે છે. **પ્યારી ભારતભૂમિને ખાતર દેહનું બદિલાન દેનાર અનેક શહીદોની શૌર્યગાથાઓનું ત્યારે પારાયણ થાય છે. તેમનાં સંસ્મરણોને યાદ કરી પ્રજાની આંખો ભીની બને છે.**

મુંબઈ, કલકત્તા, દિલ્હી જેવા શહેરો તે જ દિવસે રાત્રે દેવનગરી સમી ઝળાંહળાં થઈ જાય છે. મકાનો, દુકાનો, કમાનો, શેરીઓ, ચૌટાચોક અને સરકારી ઈમારતો કાગળ કે કપડાના રંગબેરંગી ધ્વજતોરણોથી સુશોભિત બને છે. ઈલેક્ટ્રિક બલ્બનાં તોરણો અને વિવિધ પ્રકારની લાઈટની રંગબેરંગી કમાનો એક અનોખું સૌંદર્ય ઊભું કરે છે. આંખને આંજી નાખે તેવી ભવ્ય રોશની જોવા માટે લોકોનાં ટોળેટોળાં ઊમટી પડે છે. હૈયેહૈયું દબાય એટલો માનવ-મહેરામણ લહેરાતો હોય છે અને વિવિધ રોશની વડે વિવિધ રીતે શણગારાયેલાં વાહનો, શહેરનાં વિવિધ સ્થળો અને ઉપવનો પણ રોશનીથી ઝળહળી ઊઠે છે. લોકો રાતદિવસનો ભેદભાવ ભૂલી જઈને આ દિવસને અધિક આનંદે વધાવી લે છે. રાત ક્યાં ચાલી જાય તેની ખબરેય ન પડે અને સૌના આશ્ચર્ય વચ્ચે સૂર્યનાં સોનેરી કિરણો પથરાતાં જણાય.

શાળા, કૉલેજો, સાંસ્કૃતિક તેમજ સામાજિક સંસ્થાઓ પણ આ દિવસે પોતપોતાના કામે લાગી જાય છે. આ બધી સંસ્થાઓમાં રાષ્ટ્રભક્તિના - સ્વદેશ પ્રેમના - શપથ લેવાય છે. અનેક પ્રશ્નોની છણાવટ થાય છે. અનેક સ્નેહ સંમેલનો તેમજ હરીફાઈઓ યોજાય છે. ભારત દર્શનને લગતાં પ્રદર્શનોની પણ યોજના થાય છે. નવાં વસ્ત્રો પહેરીને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ પણ આ જ દિવસે લેવાય છે.

**પરંતુ ૨૬ જાન્યુઆરીના દિને ફક્ત આનંદ મનાવ્યે રાષ્ટ્ર પ્રત્યેની આપણી ફરજ પૂરી થતી નથી. દેશના પુનરુત્થાનમાં સહકાર આપવો એ પ્રત્યેક નાગરિકની ફરજ બની જાય છે.** આપણી શક્તિનો સદુપયોગ થાય તે ખૂબ જરૂરી છે. પરસ્પર પ્રાદેશિક અને પક્ષીય ભાવનાથી પ્રેરાઈ લોકો રાષ્ટ્રીય ફરજ વીસરે એ કોઈ પણ દેશ માટે ખતરનાક નીવડે. આપણે સૌ જ્યારે આવા સ્વાર્થોને ત્યજીને રાષ્ટ્રના સામૂહિક ઘડતરમાં સામૂહિક રીતે ફાળો આપીશું ત્યારે જ સાચી ૨૬મી જાન્યુઆરી સાર્થક થશે. ત્યારે આપણી આઝાદી કમળ પેઠે ખીલી ઊઠશે – આઝાદીનો ચંદ્ર સોળે કળાએ દીપી ઊઠશે. ચાલો, આ પવિત્ર દિને આપણે સૌ પ્રતિજ્ઞા કરીએ કે, **"ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય એને લાયક બનવા પ્રયત્ન કરીશ.** હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું. આતંકવાદ સામે જાગૃતતા કેળવીશું. સૌનો સાથ સૌનો વિકાસ અને સ્વચ્છ ભારત અભિયાન પ્રત્યે કાર્યરત રહીશું. દેશના કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે. મારા પ્રાણોનું બલિદાન આપીને પણ હું મારા દેશનું રક્ષણ કરીશ."

## મહાત્મા ગાંધી

રાષ્ટ્ર પર જ્યારે જ્યારે સંકટ છવાઈ જાય છે ત્યારે ઈશ્વર ખુદ રક્ષા કાજે આવે છે અથવા પોતાના મુખ્ય પ્રતિનિધિને રાષ્ટ્રની રક્ષા માટે પૃથ્વી પર મોકલાવે છે. આપણો દેશ જ્યારે અંગ્રેજોના અત્યાચાર સામે ત્રાસી ગયેલ અને તેના પરિણામે જોરદાર અહિંસક આંદોલન ચાલી રહ્યું હતું અને પરતંત્રતા સામે લાચાર બની ગયું હતું ત્યારે તેને મુક્ત કરવા માટે મોહન એ મોહનદાસના રૂપમાં અવતાર ગ્રહણ કર્યો અને ત્યારબાદ આઝાદીની લડતમાં એકદમ બદલાવ આવ્યો.

આ માટે ૨ ઓક્ટોબર, ૧૮૬૯ શુભ દિવસ હતો. તે દિવસે મોહનદાસનો જન્મ ગુજરાતના પોરબંદર શહેરમાં થયો હતો. **આ કારણે પોરબંદર આપણા માટે અયોધ્યા, મથુરા વગેરેની જેમ પવિત્ર તીર્થસ્થાન બની ગયું છે.** મોહનદાસના પિતાશ્રીનું નામ કરમચંદ હતું. વંશ પ્રમાણે તેમની અટક 'ગાંધી' હતી. ગુજરાત અને અન્ય પ્રદેશોમાં વ્યક્તિના નામ સાથે પોતાના પિતાશ્રી અને અટક લખવાની પ્રથા છે. તે મુજબ તેમનું પૂરું નામ મોહનદાસ કરમચંદ ગાંધી થયું. પરંતુ સમગ્ર વિશ્વ તેમને 'ગાંધી'ના નામથી જ જાણતું હતું. રાષ્ટ્રના સંતાનોને તેઓ ખૂબ આદરપૂર્વક જોતા હતા. એટલા માટે તેઓ **'બાપુ'** તરીકે ઓળખાતા હતા. એટલું જ નહીં પરંતુ **'રાષ્ટ્રપિતા'** જેવું સંબોધન પણ તેમના નામ સાથે થતું હતું.

પોરબંદરની પાઠશાળામાં તેમણે પ્રારંભિક શિક્ષણ લીધું હતું. ૧૩ વર્ષની કાચી ઉંમરમાં જ તેમના લગ્ન કસ્તૂરબા સાથે થયા હતા. જે બાળકના કાચી ઉંમરમાં લગ્ન થતા નહીં – તે બધા બાળકો ખૂબ ભાગ્યશાળી છે, તેવું ગાંધીજી લોકોને કહેતા હતા. સન ૧૮૮૭માં પ્રવેશ પરીક્ષા પાસ કરીને ઉચ્ચ શિક્ષણ અર્થે ભાવનગરની શ્યામલદાસ કૉલેજમાં તેમને મોકલવામાં આવ્યા. પરંતુ ત્યાં તેમને મજા ન આવી. તેમના ભાઈ લક્ષ્મીદાસજી રાજકોટમાં જાણીતા વકીલ હતા. પોતાના નાના ભાઈને વિલાયત મોકલાવીને બેરિસ્ટર બનાવવાની તેમની ઈચ્છા હતી. પરંતુ તેમના માતુશ્રી પુતલીબાઈએ તે વાતનો વિરોધ કર્યો. **છેવટે માની સમક્ષ દારૂ, માંસ નહીં લેવાના તેમજ પરસ્ત્રી સાથે સહવાસ ન કરવાની પ્રતિજ્ઞા લઈને મહાત્મા ગાંધી વિલાયત ગયા.** ત્યાં તેમને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

વિલાયતથી પરત આવીને તેમણે મુંબઈમાં વકીલાત શરૂ કરી હતી. **સંકોચી સ્વભાવ અને સત્યના આગ્રહીના કારણે તેમની વકીલાત ચાલી નહીં.** તે દરમિયાન 'દાદા અબ્દુલ્લા એન્ડ કંપની' તરફથી એક કોર્ટ કેસ લડવા તેમને દક્ષિણ આફ્રિકા જવું પડ્યું. માથા પર પાઘડી પહેરીને જ્યારે તેઓ અદાલતમાં ગયા ત્યારે પાઘડી કાઢી નાખવાનું તેમને જણાવવામાં આવ્યું. એક સમયે તેમની પાસે ટ્રેનની પ્રથમ શ્રેણીની ટિકિટ હોવા છતાં તેમને તે શ્રેણીમાં પ્રવાસ કરતા અટકાવવામાં આવ્યા હતા. ગોરા લોકોની રંગભેદ નીતિના કારણે દક્ષિણ આફ્રિકામાં રેલવે, હોટલ વગેરે સ્થળોએ ભારતીયોનું અપમાન કરવામાં આવતું હતું. **ગાંધીજીનું સામાજિક ક્રાંતિકારક જીવનનું શુભઆરંભ ત્યાંથી થયું.** અહીં તેમણે દક્ષિણ આફ્રિકાના ભારતવાસીઓને નાગરિક અધિકાર અપાવા માટે પ્રથમ વખત સત્યાગ્રહનું એલાન કર્યું.

ગાંધીજીમાં સેવાકાર્યની ઉણપ હતી નહીં. શત્રુઓ, વિરોધીઓની સેવા કરવામાં તથા તેમને સહાયતા કરવામાં તેમણે ક્યારેય સંકોચ અનુભવ્યો નહીં. સન ૧૮૯૭થી ૧૮૯૯માં બ્રિટિશ સરકારની વિરુધ્ધ બોઅર-યુધ્ધમાં ગાંધીજીએ ઘાયલ અને પીડિત લોકોની સેવા કરી અને પોતાના જાનના જોખમે પણ લડાઈના મેદાનમાં પણ તેઓ ગયા. સન ૧૮૯૭ અને ૧૮૯૯માં જ્યારે ભારતમાં દુષ્કાળ પડ્યો ત્યારે દુષ્કાળગ્રસ્ત લોકોને સહાય કરવા દક્ષિણ આફ્રિકામાં ફંડ એકઠું કર્યું હતું. તે સમયે ડરબનમાં પ્લેગની બિમારીવાળા દર્દીઓને સહાય કરવા માટેની તેમની કામગીરીથી ખુશ થઈને અંગ્રેજ સરકારે તેમને **'કેસર-એ-હિંદ'**ની ઉપાધિ પ્રદાન કરી હતી.

ત્યારબાદ ભારતમાં પરત આવીને ત્યાંની રાજનીતિમાં સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયા. સન ૧૯૧૪ના પ્રથમ વિશ્વયુદ્ધમાં તેમણે અંગ્રેજોને સાથ આપ્યો. તેમને વિશ્વાસ હતો કે યુદ્ધ બાદ અંગ્રેજો ભારતને આઝાદ કરી દેશે. પરંતુ વાત સાવ ઊંધી થઈ. અંગ્રેજોએ પોતાની કામગીરી વધુ તેજ કરી. રોલેટ ઑર્ડર પાસ થયો તથા અમાનુષી જલિયાંવાલા બાગ - કાંડ સને ૧૯૧૯માં થયા. **આ હત્યાકાંડથી જાગૃત થઈને મહાત્મા ગાંધીએ અસહયોગ આંદોલન ચલાવ્યું** અને આ આંદોલનમાં સમગ્ર રાષ્ટ્રએ સંપૂર્ણ રીતે ભાગ લીધો.

સને ૧૯૩૦માં દેશવ્યાપી નમક આંદોલન સત્યાગ્રહ થયું. ૧૯૩૧માં ગાંધીજીએ ગોળમેજ કોન્ફરન્સમાં ભાગ લેવા લંડન ગયા. પંરતુ ત્યાંથી નિષ્ફળતા સાથે પરત આવ્યા. ૧૯૩૭માં ભારતના વિવિધ પ્રાંતોમાં વચગાળાની સરકાર થઈ. ૧૯૩૯માં બીજું મહાયુદ્ધ થઈ ગયું. અંગ્રેજોએ ભારતવાસીઓની ઈચ્છા

જાણ્યા વિના ભારતને યુદ્ધમાં સામેલ રાષ્ટ્ર તરીકેની જાહેરાત કરી દીધી. પ્રથમ વિશ્વયુદ્ધમાં અંગ્રેજોની સહાયતાનો પુરસ્કાર મહાત્મા ગાંધીને મળ્યો હતો એટલે બીજા વિશ્વ યુદ્ધના સમયે અંગ્રેજોને સહાયતા કરવાનો ઈન્કાર કરી દીધો હતો. ગાંધીજીએ કહ્યું હતું, અગર અંગ્રેજો ભારતને સંપૂર્ણ રીતે આઝાદી બક્ષે તો સહાયતા અંગે તેઓ વિચારશે.

બીજા વિશ્વયુદ્ધ બાદ અંગ્રેજોની રાજકારણીય સ્થિતિ ડામાડોલ થઈ ગઈ હતી. યુદ્ધ બાદ તેની સ્થિતિ ત્રીજા નંબરે થઈ ગઈ હતી. એટલે વિશ્વને એક નવું ચેતન મળ્યું. **સને ૧૯૪૨માં 'ભારત છોડો'નું સ્લોગન આપવામાં આવ્યું.** આપણા નેતાઓને જેલમાં પૂરવામાં આવ્યા. પરંતુ સમગ્ર દેશ જાગૃત થઈ ગયો. આ સમયે લોકોની શક્તિને કોઈ રોકી શકે તેમ ન હતું. આ કારણે નિરાશ થઈને ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અંગ્રેજો દ્વારા ભારતને આઝાદી આપવામાં આવી. ગાંધીજીનું સ્વપ્ન આખરે સાકાર થયું. આમ છતાં સમગ્ર પ્રજા સાંપ્રદાયિક રીતે આપસમાં લડે તેવા પ્રયત્નો અંગ્રેજોએ કર્યા. આઝાદી સંગ્રામની કામગીરી બાદ ગાંધીજીએ હજુ આરામથી શ્વાસ પણ નહોતો લીધો ત્યાં દિલ્હીમાં બિરલા ભવનમાં ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ સાંપ્રદાયિકતાના પડછાયાએ તેમની છાતીમાં ત્રણ ગોળીઓ મારીને લોહીલુહાણ કરી દીધા. ગાંધીજીનું ક્ષણભંગૂર ભૌતિક શરીર નષ્ટ થઈ ગયું. **પરંતુ તેમનો આત્મા અને તેમના નિર્મળ વિચારો હંમેશને માટે અમર છે.** એમનું સમગ્ર જીવન સત્યના પ્રયોગ સમાન હતું. મહાત્મા ગાંધીજી માનવમાત્રના હિતચિંતક હતા. ■

## સરદાર પટેલને બદલે ગાંધીજીએ નહેરુને કેમ વડાપ્રધાન પદે બેસાડ્યા?

કેટલાક લોકો વિચારે છે કે ગાંધીજીએ સરદાર પટેલને બદલે નહેરુને કેમ વડાપ્રધાન પદે બેસાડ્યા? જવાબ એ છે કે સરદાર ૧૯૫૦માં જ ગુજરી ગયેલા. મતલબ કે આઝાદીના ત્રણ જ વરસમાં એમનું અવસાન થયું અને આ ત્રણ વર્ષ દરમિયાન પણ એ સતત માંદા રહેતા. પરિણામે ગૃહપ્રધાન પદેથી રાજીનામું મોકલી દેતા. નહેરુ એનો અસ્વીકાર કરતા. આમ ૨૦૦ વર્ષની ગુલામી પછી આઝાદ થયેલા દેશના વિરાટ પ્રશ્નો ત્રણ વર્ષમાં ઉકેલી શકાય એવા નહોતા. ઉપરાંત બીજો મુદ્દો એ છે કે ત્રણ વરસમાં એ ૫૦૦ રજવાડાઓનું વિલીનીકરણ કેવી રીતે કરત? વડાપ્રધાન બન્યા પછી એમનું ધ્યાન આખા દેશના બધા પ્રશ્નો ઉપર રહેત. ગૃહપ્રધાન તરીકે એમણે રજવાડાઓનું વિલીનીકરણ કરી બતાવ્યું. ■

## દુનિયાના ૪ સુખી શહેરો

ડોન બટનરે દુનિયા ફરીને સૌથી સુખી સ્થળ ક્યું છે, એ શોધવાનો પ્રયાસ કર્યો અને તેના પર ફાઈન્ડિંગ હેપ્પીનેસ ધ બ્લુ ઝોન વે...નામનું પુસ્તક પણ લખ્યું. એ પુસ્તકમાં તેમણે ચાર શહેરોને સુખી ગણાવ્યા છે.

ભારતના પડોશમાં રહેલું સિંગાપોર આ લિસ્ટમાં પહેલા ક્રમે છે. કેમ? કેમ કે લોકો ઘરથી બહાર નીકળે એટલે સમયસર જ્યાં જવું હોય ત્યાંની પરિવહન વ્યવસ્થા મળી રહે છે. પોલીસ લોકોને ધમકાવવાને બદલે કે લુખ્ખાગીરી કરવાને બદલે મદદ કરે છે. પડોશી ગોસિપિંગમાં સમય બગાડતા નથી, પણ મદદની જરૂર પડે ત્યારે ખડેપગે રહે છે. શહેર સાવ સાફ રહે છે, કોઈને ગંદકી કરવામાં કે ચાલુ ગાડીએ દરવાજો ખોલીને થુંકવામાં રસ નથી.

ડેન્માર્કનું ઓર્હુસ શહેર બીજા ક્રમે છે. અહીંની પ્રજા પોતાની આવકમાંથી ૬૮ ટકા તો ઈન્કમટેક્સ તરીકે ચૂકવે છે! છતાંય સુખી છે! હા કેમ કે એ પછી આરોગ્ય, પ્રાથમિક સુવિધાઓ, પ્રાથમિક શિક્ષણ... વગેરે જરૂરિયાતો સરકાર વિનામૂલ્યે પૂરી પાડે છે. લોકોને એ ચિંતા કરવાની રહેતી નથી. વસતિ પણ મર્યાદિત છે એટલે સરકારી સુવિધાઓ શહેરના ખુણેખુણા સુધી પહોંચી વળે છે. શહેર દરિયાકાંઠે છે, એટલે લોકો નવરાશના સમયે દરિયાપારથી આવતો પવન ખાધા કરે છે.

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યનું સાન લુઈસ ઓબિસ્પો શહેર અમેરિકાના ધૂરંધર મોટાં શહેરો કરતા વધારે સુખી જિંદગી જીવે છે. શહેરીજનોની મદદ માટે સરકારી સુવિધાઓ ઉપરાંત અહીં ૧૧ હજારથી વધારે એનજીઓ છે. તો વળી શહેરની કુલ વસતિમાંથી ૧૧ ટકા કરતાં ઓછો લોકો સ્મોકિંગ કરે છે. અમેરિકાના કોઈ પણ શહેર કરતાં આ પ્રમાણ સૌથી ઓછું છે. ટેકરીની તળેટીમાં ગોઠવાયેલા આ શહેરની પ્રજાની આવક પણ ખાસ્સી છે.

મોન્ટેરી પણ અમેરિકાના મેક્સિકો રાજ્યનું શહેર છે. અહીંની આવક કે સરકારી સુવિધા એટલી બધી પ્રભાવશાળી નથી. તો પછી લોકો કઈ રીતે સુખી છે? લોકોનો સ્વભાવ જ કારણ વગર દુઃખી ન થવાનો છે. ઈશ્વરમાં વિશ્વાસ રાખી રોજનું કામ રોજ કરી, પથારીમાં પડે ત્યારે નિશ્ચિત રહેવામાં લોકો માને છે. અહીંના લોકોએ કપરાં સમયમાં પણ હસતાં રહેવાની આદત વિકસાવી લીધી છે. ■

કચ્છ

# રૂપાણીજી, કચ્છની આ સમસ્યાઓ તરફ નજર કરજો

• શશીકાંત ઠક્કર •

**• આ રહ્યા ઉકેલ માગતા પ્રશ્નો •**

- ★ *નિવૃત્ત જવાનોને ખેતીની પડતર જમીન સાંથણી પછી આપવાની જોગવાઈ છે, પણ વીસ વર્ષથી આ પ્રક્રિયા જ થઈ નથી.*
- ★ *ઈ-ધરા કેન્દ્રોમાં હક્કપત્રકની નોંધ અરજદારને જાણ કર્યા વગર નામંજૂર કરી દેવાય છે. એ પ્રક્રિયા બદલાવવી પડશે.*
- ★ *પ્રાથમિક શિક્ષણમાં નવી ભરતી બંધ છે. કચ્છમાં ત્રણ હજાર શિક્ષકોની ઘટ છે તેમાં પરિપત્રોના આધારે બદલીની સ્થિતિ બદતર બનાવે છે.*
- ★ *રાજ્યની સત્તાવાર ભાષાના કુલ ત્રણ જાહેરનામા પૈકી માત્ર એક જ બહાર પડાયું છે, બાકીના બંને ક્યારે થશે?*
- ★ *વરિષ્ઠ નાગરિકોને ભરણપોષણની જોગવાઈ ૨૦૦૮ થી અમલમાં છે પણ વહીવટમાં કાર્યવાહીનો અભાવ છે.*
- ★ *ભ્રષ્ટાચાર નિર્મૂલન પ્રક્રિયા વેગવાન બનાવવા પસંદગીયુક્ત નિકાલના બદલે ક્રમાનુસાર નિકાલ પદ્ધતિ અપનાવાય.*

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી કચ્છના પ્રથમ પ્રવાસે આવી ગયા છે અને વિક્રમ સંવતનું નવું વર્ષ શરૂ થઈ ગયું છે ત્યારે તેમને ભાવપૂર્વક આવકારી રાજ્યની પ્રજાના ઉન્નતિ અર્થે ખૂબ યશ અને પ્રતિષ્ઠા મળે અને નવું વર્ષ તેમને લાભદાયી બને તેવી શુભેચ્છા.

માનનીય મુખ્યમંત્રી, આપ જ્યારે કચ્છ આવ્યા છો અને કચ્છની પ્રજા સાથે જ્યારે આપ આમને-સામને મુલાકાત કરવાના આગ્રહી છો ત્યારે આપને કચ્છની પ્રજાની કેટલીક જરૂરિયાતોથી અવગત કરાવવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવે તો તે અસ્થાને નહીં ગણાય.

★ સાંપ્રત સ્થિતિમાં પડોશી દેશ સાથેના તનાવના કારણે આપણા કેટલાક જવાનો શહીદ થયા છે. તેમના માટે સમગ્ર દેશ ગૌરવ અને સન્માનની લાગણી ધરાવે છે, પરંતુ આ માટે માત્ર શબ્દોના સાથિયા પૂરવા પર્યાપ્ત નથી. જવાનો મુશ્કેલીભરી નોકરી પૂરી કરી નિવૃત્ત થાય ત્યારે અથવા ચાલુ નોકરી દરમ્યાન શહીદી વહોરે ત્યારે પાછળ તેમનાં કુટુંબો માનભેર જીવી શકે તેવી વ્યવસ્થા કરવી આપણી ફરજ છે. **ગુજરાત રાજ્ય સરકારે નિવૃત્ત જવાનોને ખેતીની પડતર જમીન આપવાની યોજના કરેલી છે, પરંતુ તેમાં શરત એવી છે કે તેમને સાંથણી દરમ્યાન જ જમીન આપી શકાય.** કમનસીબે કચ્છમાં છેલ્લાં વીસ પચીસ વર્ષોથી અપવાદ બાદ કરતાં સાંથણી થતી જ નથી અને તેથી આવા અરજદારો એકથી બીજી કચેરીના ધક્કા ખાઈને થાકી જાય છે. **સરકારે આ શરત રદ કરીને આવા જવાનોને અને શહીદ થયેલા જવાનોનાં કુટુંબોને ગુજરાન ચાલી શકે તેટલી મર્યાદાની ખેતીની જમીન અગ્રતાક્રમે અને ચોક્કસ સમય મર્યાદામાં મંજૂર કરી આપવામાં આવે તેવો હુકમ કરવાની જરૂર છે.**

★ છેલ્લાં કેટલાંક વર્ષોથી કચ્છમાં ખેતીની જમીનના ભાવો અમર્યાદપણે વધ્યા છે. અલબત્ત, આ બાબત દૂધના ઉફાણા જેવી છે, પરંતુ તેના કારણે ખોટાં લિટિગેશનોનું પ્રમાણ વધ્યું છે. **આ સંજોગોમાં કચ્છમાં ચાલતાં ઈ-ધરા કેન્દ્રોમાં ભયંકર ભ્રષ્ટાચાર ચાલે છે અને હક્કપત્રકની નોંધો ગમે તેવા આયોગ્ય બહાના હેઠળ અરજદારને જાણ કર્યા સિવાય કે સાંભળ્યા સિવાય નામંજૂર કરી દેવાય છે અને ત્યારબાદ પણ પૂર્તતા સાથે ફેરનોંધ દાખલ કરાતી નથી અને અરજદારોને અપીલ/રીવિઝન કરવાના ખર્ચ અને પરેશાનીમાં ઊતારાય છે. આથી કાયદા મુજબ કોઈપણ નોંધ અરજદારને સુનાવણીની તક આપ્યા સિવાય પરબારે નામંજૂર કરવામાં ન આવે તેવો કડક હુકમ મહેસૂલીતંત્રને કરવાની જરૂર છે.**

★ રાજ્યમાં પ્રાથમિક શિક્ષણની સ્થિતિ ગૌરવ લઈ શકાય તેવી રહી નથી. **વર્ષોથી નવી ભરતી બંધ થવાના પરિણામે કચ્છમાં આશરે ત્રણ હજાર શિક્ષકોની ઘટ છે** અને અધૂરામાં પૂરું, શિક્ષણ નિયામકના પરિપત્રોના આધારે દર વર્ષે બસોથી ત્રણસો શિક્ષકોની જિલ્લા બહાર બદલીઓ કરવામાં આવે છે, પરિણામે નોકરી મેળવવા કચ્છ જિલ્લામાં આવવું અને નોકરી મળ્યા પછી જિલ્લા બહાર બદલી જવું એ એક શિરસ્તો બન્યો છે અને આ પ્રક્રિયા અમર્યાદ લાગવગ અને

ભ્રષ્ટાચારયુક્ત બની છે. વાસ્તવમાં ૧૯૯૩ના પંચાયત કાયદા મુજબ પ્રાથમિક શિક્ષણનું માળખું જિલ્લા/તાલુકા પંચાયતોના કાર્યક્ષેત્રમાં આવી ગયું છે અને તે માટે પંચાયત કાયદામાં જરૂરી જોગવાઈઓ કરવામાં આવી છે અને પ્રાથમિક શિક્ષણ કાયદામાં પણ જરૂરી સુધારા થયા છે. આથી પંચાયત કાયદા હેઠળ જિલ્લા બદલીના નિયમો તમામ પંચાયત કર્મચારીઓને લાગુ પડે છે, તેમ છતાં આ નિયમોનાં ઉલ્લંઘન કરી પ્રાથમિક શિક્ષણ કાયદાના અધિકારોના બહાના હેઠળ **શિક્ષણ નિયામકના કાયદા વિરુદ્ધના પરિપત્રોના આધારે શિક્ષકોની અમર્યાદ જિલ્લા બદલીઓ કરાય છે તે કચ્છના પ્રાથમિક શિક્ષણના હિતમાં બંધ કરવી જરૂરી છે.**

★ ગુજરાત રાજ્યની રચના થતાં સૌથી પ્રથમ કાયદો રાજ્યની સત્તાવાર ભાષા અંગેનો ગુજરાતની વિધાનસભાએ પસાર કર્યો છે. આ કાયદા હેઠળ જુદાં જુદાં ત્રણ જાહેરનામાં બહાર પાડવાની જોગવાઈ છે. જે મુજબ, કઈ બાબતોમાં માત્ર હિંદીનો ઉપયોગ કરાય, કઈ બાબતોમાં હિંદી અથવા ગુજરાતીનો ઉપયોગ થાય, કઈ બાબતોમાં માત્ર ગુજરાતીનો ઉપયોગ થાય વગેરે બાબતો નોટીફાય કરવાની જોગવાઈ છે. આ પૈકી માત્ર એક જ જાહેરનામું ઉપલબ્ધ બન્યું છે. બાકીનાં જાહેરનામાં બહાર પડાયાં છે કે કેમ તેની પણ કોઈ જાણકારી રાજ્યના વિવિધ વિભાગોમાં ઉપલબ્ધ નથી. આ કાયદાની કલમ-૨ ના પત્રક મુજબ, ફક્ત હિંદીનો જે પ્રયોજનો માટે ઉપયોગ કરવાનો રહેશે તે બતાવતાં જાહેરનામાં અને કલમ-૪ માં જણાવેલી બાબતો માટે હિંદી અને ગુજરાતીનો ઉપયોગ કરવાનો અમલ કરવાની નિર્દિષ્ટ તારીખ નક્કી કરતાં જાહેરનામાંની વિગતો ખુદ ભાષા નિયામક અને સરકારના કાયદા વિભાગ પાસે પણ ઉપલબ્ધ નથી. આ એક મોટી કમનસીબી ગણાય. આ બાબત આપ જરૂરી તપાસ કરાવી જો આ જાહેરનામાં જારી ન કરાયાં હોય તો તે વહેલી તકે જારી કરવામાં આવે તેવી વ્યવસ્થા કરાવશો.

★ કેન્દ્ર સરકારે માબાપો અને વરિષ્ઠ નાગરિકોનાં ભરણપોષણ અને કલ્યાણ બાબતનો અધિનિયમ - ૨૦૦૭ પસાર કર્યો છે. **આ કાયદો ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તા. ૭-૧૦-૨૦૦૮થી અમલમાં લાવવામાં આવ્યો છે. આમ છતાં આ કાયદાની કલમ ૧૯ અને ૨૦ની જોગવાઈઓનો અમલ કરવાની દિશામાં રાજ્યના વહીવટીતંત્રે કોઈ કાર્યવાહી કરી હોય તેવું જાણમાં નથી.** આપ જ્યારે વરિષ્ઠ નાગરિકોની ખાસ ચિંતા સેવી રહ્યા છો ત્યારે આ જોગવાઈઓનો તાત્કાલિક અમલ કરાવવા રાજ્યના સંબંધિત તંત્રને કાર્યાન્વિત કરાવશો તેવી અપેક્ષા છે.

★ રાજ્યમાંથી ભ્રષ્ટાચારને નિર્મૂળ કરવા આપે જ્યારે જાહેર આહ્વાન કર્યું છે ત્યારે આ દિશામાં સફળતા મેળવવા માટે નીચેનાં બે પગલાં અનિવાર્ય છે તે તરફ આપનું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

**(૧)** ભ્રષ્ટાચારનું મૂળ 'પસંદગીયુક્ત નિકાલ પદ્ધતિ' માં રહેલું છે. રાજ્યની તમામ કચેરીઓને કડક આદેશ આપી આ પદ્ધતિ બંધ કરી 'ક્રમાનુસાર નિકાલ પદ્ધતિ' નો ચુસ્ત અમલ કરવા સૂચના આપવામાં આવે તો મહદ્અંશે ભ્રષ્ટાચાર પર નિયંત્રણ મેળવી શકાશે. કોઈક અપવાદરૂપ કેસોમાં ક્રમાનુસાર પદ્ધતિથી બીજી રીતે નિકાલ જરૂરી જણાય તો તેનાં કારણોની રેકર્ડ પર નોંધ કરી હુકમ કરી શકાય, પરંતુ તે સિવાય જો પસંદગીયુક્ત નિકાલ પદ્ધતિ અપનાવાય ત્યાં કડક શિક્ષાત્મક પગલાં લેવાં જરૂરી બને.

**(૨)** જ્યાં-જ્યાં આધાર-પુરાવા સાથે ફરિયાદો કરવામાં આવે છે ત્યાં ત્યાં ફરિયાદીને જવાબ અપાતો નથી અને જેની સામે ફરિયાદ હોય તેની સામે કોઈ પગલાં લેવાતાં નથી અને ખોટા બચાવ કરાય છે. આ અંગે કોઈ ચોક્કસ વ્યવસ્થા કરાવી તેનો કડક અમલ કરાવવો જોઈએ.

આ બે બાબતોની વ્યવસ્થા પ્રામાણિકપણે અમલમાં મૂકવામાં આવે તો ભ્રષ્ટાચાર પર સારો એવો અંકુશ આવી શકશે. ગુજરાત રાજ્ય દ્વારા ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે હજારો મીટર જમીન તદ્દન મામૂલી ભાવે ઉદ્યોગગૃહોને આપવામાં આવે છે, **પરંતુ સામાન્ય ગરીબ અને મધ્યમ વર્ગ અને કારીગર વર્ગને પોતાનું નાનું મકાન બનાવવા ૧૦૦ મીટર જમીન પણ ચોક્કસ કિંમતે અને વિના વિલંબે મળી શકે તેવી કોઈ વ્યવસ્થા નથી.** ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦૦ ચો.વાર જમીન મફત આપવાની યોજના બંધ થઈ ગઈ છે અને શહેરી વિસ્તારોમાં ૨૫ ચો.મી. જમીન આપવાની યોજનાનો અમલ જ થયો નથી. સામાન્ય માનવીને પોતાના દીકરા પરણે તો તેના માટે એક રૂમ-રસોડાનું મકાન બનાવવા જરૂરી ન્યૂનતમ જમીન પણ ચોક્કસ કિંમતે અને સરળતાથી મળી શકે તેવી યોજના રાજ્ય સરકાર અમલમાં લાવે તેવી અભ્યર્થના છે. ગરીબોને આવાસ બનાવી આપવાની સરકારી યોજના સરાહનીય છે, પરંતુ તેમાં આર્થિક મર્યાદાઓ છે અને પસંદગીની પણ મર્યાદાઓ છે. આથી જોઈએ તેને જમીન આપવામાં આવે તો જેને જેવી જરૂર હોય તેવું મકાન પોતાની રીતે બનાવી શકે અને વ્યવહારમાં તેનો ઉપયોગ પણ થાય.

***'જલિયાણ', જૂનાં બસ સ્ટેન્ડની બાજુની ગલી,***
***જૂના વાસ, માધાપર, તા. ભુજ,***
***કચ્છ-૩૭૦ ૦૨૦.***
***ફોન : (૦૨૮૩૨) ૨૪૦૧૩૮***
***મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧***

કચ્છ

# કચ્છ : એક જીવંત મ્યુઝિયમ

● ડૉ. મહેશ ઠક્કર ●

સંસ્કૃત ભાષામાં 'કચ્છ' એટલે 'કાચબો'. આ શબ્દ કચ્છ પ્રદેશના ભૂપૃષ્ઠ માટે તદ્દન બંધબેસતો છે. કાચબાની ઢાલ જેવો ઉપસેલો ભૂમિ પ્રદેશ કઠણ પથ્થરોથી બનેલો છે. બીજી રીતે જોઈએ તો, કાચબો ઉર્ધ્વ અવસ્થામાં તરતો હોય તેવી સ્થિતિ કચ્છની ઉપગ્રહ તસવીરમાં જોવા મળે છે. કચ્છના અખાતમાં ઊંધી પડેલી કાચબાની ઢાલ તરતી હોય અને વાગડનો ઉચ્ચ પ્રદેશ કાચબાની બહાર નીકળેલી ડોક તથા માથાનો ભાગ તેમજ પચ્છમ, ખડીર, બેલા અને ચોચર જેવા ખડકાળ દ્વીપ સમૂહો કાચબાના પગ સૂચવે છે. આમ, ઊંધા પડેલા તરફડતા કાચબા જેવી ભૂ-આકૃતિ ઉપગ્રહની તસવીરમાં સાફ રીતે દેખાઈ આવે છે.

પણ સેંકડો કે હજારો વર્ષો પૂર્વે કચ્છ પ્રદેશનું હવાઈ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું? આ એક મહત્ત્વનો પ્રશ્ન આપણે ઈતિહાસકારોને પૂછવો રહ્યો. જો હવાઈ નિરીક્ષણ વિના ભૂમિગત સર્વે કરીને કચ્છ પ્રદેશને તેના ભૂપૃષ્ઠના આધારે નામકરણ કરવામાં આવ્યું હોય, તો આપણી ઐતિહાસિક વીરાસત વૈજ્ઞાનિક પરીક્ષણ અને નિરીક્ષણ બાબતે કેટલી મજબૂત હશે તે અંગે અનુમાન કરી શકાય છે. **લગભગ ૨૦૦૦ વર્ષ પૂર્વે કચ્છનું નામ 'કચ્છ' તરીકે પ્રસ્થાપિત થયેલ છે તેમ ઈતિહાસવિદો માને છે. તે પૂર્વે આ પ્રાંતને 'આભીર' તરીકે ઓળખતા હતા.**

બીજી તરફ ધોળાવીરામાં મળી આવેલ સિંધુ ખીણના અવશેષો - નગર અવશેષો - આ વિસ્તારનો છેલ્લા ૫૫૦૦ વર્ષનો ઈતિહાસ તાદશ્ય કરે છે. કમનસીબે, હરપ્પાની લિપિ હજી આજે પણ વણઉકેલી રહી છે, નહિતર કદાચ સમગ્ર સિંધુ સંસ્કૃતિનો ઈતિહાસ બહુ નજીકથી સમજી શકાત અને કચ્છ વિશેના ઘણાખરા ખ્યાલ વધારે ઉજળા બનત. પણ પુરાતત્વીય અભ્યાસ મુજબ એટલું તો પ્રસ્થાપિત થયેલ છે કે ધોળાવીરા (આજનું) એક મધ્યમ કક્ષાનું હરપ્પા સંસ્કૃતિ-સિંધુ સંસ્કૃતિ-નું નગર હતું અને તેમાં બેનમૂન નગર રચના અસ્તિત્વ ધરાવતી હતી.

કચ્છના ઐતિહાસિક વારસાની તથા જીવંત મ્યુઝિયમરૂપી ઓળખની પ્રસ્તાવના માનવીય ઈતિહાસનાં પાનાઓ દ્વારા કરવાનું મને ઉચિત લાગ્યું, કારણ કે તે વધારે જલ્દીથી સમજી શકાય તેવી બાબત છે. સિંધુ નદીની સંસ્કૃતિના શહેરોની રચના અને આજના શહેરોની તથા ગામડાંઓની રચના બાંધણીઓમાં ઝાઝો તફાવત જોવા નથી મળતો. **ક્યારેક તો એમ લાગે છે કે નગર રચનામાં ભારતે છેલ્લાં ૬૦૦૦ વર્ષમાં કોઈ પ્રગતિ કરી જ નથી.** બલકે, પ્રસ્તુત યુગના ગ્રામ્ય વિસ્તારો કદાચ હરપ્પા-મોહન-જો-ડેરો, રાખીગરી, ધોળાવીરા જેવાં મહાનગરો કરતાં અનેક બાબતોમાં ઊણા ઉતરતાં હોય એમ લાગે છે. કદાચ ૨૧મી સદીના વિકાસની આ કમનસીબી કહી શકાય.

વાત ભલે કચ્છના જીવંત મ્યુઝિયમ હોવાની હતી, પણ વિશ્લેષણ દ્વારા કદાચ એમ કહી શકાય કે વિકાસમાં કોઈ ખામી, ચૂક તો રહેવા પામી નથી ને? કે પછી હજારો વર્ષોમાં કંઈ જ બદલાયું નથી?! સાચે જ કચ્છની લગભગ ૧૧૦ થી પણ વધારે હરપ્પા સંસ્કૃતિની પુરાતત્ત્વિય જગ્યાઓ આ જીવંત મ્યુઝિયમનું પ્રથમ સોપાન છે. **ધોળાવીરા સિવાય કાનમેર, કુરન, ખીરસરા જેવાં નાનાથી મધ્યમ કક્ષાનાં નગરોના અવશેષો આજે પણ એક વણઉકેલ્યું રહસ્ય જ છે.** કમનસીબે, પુરાતત્ત્વિય સંશોધનો ભારત તથા ગુજરાતમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં થઈ રહેલ છે. અને આ જીવંત મ્યુઝિયમો વણઉકેલ અવસ્થામાં જ નષ્ટ થવાને આરે ઊભેલાં છે. જો કે, પાકિસ્તાન તરફ આવેલ મહાનગરો (હરપ્પા સંસ્કૃતિનાં) ની દશા કંઈ સારી નથી. કદાચ અમેરિકા જેવા દેશો પાસે આવી ધરોહર હોત તો આ જગ્યાઓનું સ્વરૂપ કદાચ જુદું જ હોત.

હવે પાંચ થી છ હજાર વર્ષના ઈતિહાસથી આગળ વધતાં નીયોલિથીક તથા પાષાણ યુગ વિશે જો સંશોધન કરવામાં આવે તો પણ કચ્છમાં સેંકડો જગ્યાઓ મળી આવે તેમ છે. જો કે કચ્છમાં આ બાબતે કોઈ જ સર્વે કે સંશોધન થયેલ નથી. પણ ભૂસ્તરશાસ્ત્રીઓ દ્વારા થતાં સંશોધનોથી છેલ્લાં ૫૦૦૦ વર્ષોથી એક લાખ વર્ષનાં વિવિધ વાતાવરણીય ફેરફારોની સ્પષ્ટ માહિતી પ્રાપ્ત થાય છે અને તદનુરૂપ આદિ માનવના ઈતિહાસનાં સોપાનો અહીં તેઓના પથ્થરોના ઓજારોના રૂપમાં અનેક જગ્યાઓએથી મળી આવે છે. આ વિષયને **'એન્થ્રોપોલોજી'** તરીકે ઓળખવામાં આવે છે. આ વિષય ગુજરાતમાં તદ્દન અવિકસિત દશામાં છે, ત્યારે કચ્છમાં તેના સંશોધનની અનેક શક્યતાઓ રહેલ છે.

કચ્છના કરોડો વર્ષ જૂના ઈતિહાસમાં ડોકિયું કરવા માટે અહીં

ખડકો અને તેમાં આવેલ ખનીજો તથા અશ્મિનો અભ્યાસ મહત્ત્વનો છે. જીવંત મ્યુઝિયમનો આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ હિસ્સો છે **જેના કારણે જ ભૂસ્તરશાસ્ત્રીઓ વિશ્વભરથી કચ્છ તરફ આકર્ષાઈ છેલ્લાં ૧૮ કરોડ વર્ષનો ભૂસ્તરીય, ભૂકંપીય અને પર્યાવરણીય ઈતિહાસ અદ્ભુત રીતે નોંધી અને ઉકેલી શક્યા છે.** કદાચ કચ્છની વિશ્વભરમાં ઓળખ ૧૯મી સદીમાં જ્યારે ભારત પર અંગ્રેજોનું શાસન હતું, ત્યારે કચ્છનાં વિશિષ્ટ પ્રકારનાં અપૃષ્ઠવંશ પ્રાણીઓના અવશેષો જે કચ્છના ડુંગરોમાંથી જ્યુરાસિક તથા ટર્શીયરી ખડકોમાંથી મળી આવેલ છે તેના દ્વારા પ્રાપ્ત થયેલ છે. આ અશ્મિઓ **"એમોનાઈટ"** તરીકે ઓળખાય છે અને ખૂબ જ ઊંડા પાણીમાં વિહાર કરતાં હોય છે. તે સૂચવે છે કે આ ખડકો અત્યંત ઊંડા પાણીમાં આકાર પામેલ છે. જ્યારે અન્ય પ્રકારના છીપ કે શંખ પ્રજાતિના અવશેષો છીછરા પાણી તથા ખંડીય છાજલી જેવા વાતાવરણ પણ સૂચવે છે. જલેબી જેવા મોટા વલયાકારના કવચો ધરાવતાં આ પ્રાણીઓ જ્યુરાસિક યુગના સમુદ્રોમાં સમગ્ર વિશ્વમાં વિવિધ ક્ષેત્રોમાં વિચરણ દર્શાવે છે. કચ્છ વિસ્તાર આ સમયમાં આફ્રિકા ખંડથી છૂટો પડીને પૂર્વ તરફ ખસી રહ્યો હતો. આ યુગમાં સમગ્ર ભારતીય પ્લેટની હલનચલન ખૂબ જ મહત્ત્વની હતી અને તે કચ્છના ખડકોમાં વિવિધ રીતે જોઈ શકાય છે. **'જ્યુરાસિક' એક ભૂસ્તરીય કાળનું નામ છે.** 'જ્યુરાસિક પાર્ક' નામની સ્ટીવન સ્પીલબર્ગની ફિલ્મ દ્વારા સામાન્ય જનતાને પણ આ વિશે ઘણું ખરું જ્ઞાન થયું છે. પણ **પૃથ્વીની ઉત્પત્તિ લગભગ ૪.૫ અબજ વર્ષ પૂર્વે થઈ હતી. તેમાંથી જ્યુરાસિક કાળ ફક્ત ૨૧ થી ૨૪ કરોડ વર્ષે પૂર્વે અસ્તિત્વમાં હતો.** આ કાળની વાત અત્રે એટલા માટે કરવામાં આવે છે, કારણ કે જેમ જ્યુરાસિક યુગમાં ભૂમિ ઉપર ડાયનોસોર જેવાં વિવિધ વર્ગનાં પ્રાણીઓ અસ્તિત્વ ધરાવતાં હતાં, તે જ રીતે તે કાળના દરિયામાં પણ વિવિધ મહાકાય પૃષ્ઠવંશી તથા અપૃષ્ઠવંશી પ્રાણીઓ વિચરતાં હતાં. **અનેકવિધ અપૃષ્ઠવંશ પ્રાણીઓના અશ્મિઓનો ભંડાર એટલે કચ્છના જ્યુરાસિકથી ટર્શીયરી યુગના ખડકો. જીવંત મ્યુઝિયમરૂપી કચ્છની દરેક ડુંગરમાળાઓ, ટેકરીઓ, નદીઓની ઊભી ભેખડો છેલ્લાં અઢાર કરોડથી દસ હજાર વર્ષોનો બેનમૂન ઈતિહાસ રજૂ કરે છે.** વર્ષો પૂર્વે બ્રિટિશ કંપની સરકારના સર્વેયરોને હાથ લાગેલા જલેબી જેવા પથ્થરોએ (એમોનાઈટ પ્રકારનાં અશ્મિઓ) કુતુહલ પેદા કર્યું હતું. અને ત્યાંથી યુરોપના અનેક ભૂસ્તરશાસ્ત્રીઓનો કચ્છ ખૂંદવાનો ઈતિહાસ શરૂ થયો. શરૂઆતમાં આ એમોનાઈટસની સેંકડો પ્રજાતિઓ ઓળખવામાં આવી અને જર્મની, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ તથા અન્ય યુરોપીય દેશોના તેના જેવા જ નમૂનાઓ સાથે સરખાવવામાં આવ્યા અને તેમણે પ્રસ્થાપિત કર્યું કે આ જ્યુરાસિક કાળના ખડકોનો નમુનેદાર પ્રદેશ છે.

પાસ્કો, મીડલમીસ, હેરન, વાયને જેવા તજજ્ઞો દ્વારા ગહન અભ્યાસ કરવામાં આવ્યો. તે સમયમાં બનારસ હિંદુ યુનિવર્સિટી તથા લખનૌ યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્રના વિભાગો ખૂબ જ આગળ પડતું સંશોધન કરતા. આઝાદી પૂર્વેની આ યુનિવર્સિટીઓમાં વિદેશી વિજ્ઞાનીઓનો પ્રભાવ પણ નોંધપાત્ર હતો, ત્યારે રાજનાથ જેવા વિજ્ઞાનીઓએ વીસમી સદીના પૂર્વાર્ધમાં ઈંગ્લેન્ડ જઈને આ વિષય પર નિપુણતા પ્રાપ્ત કરી હતી અને કચ્છમાં પધ્ધતિસરના અભ્યાસ શરૂ કર્યા હતા. તે સમયે, એટલે કે ૧૯મી સદીના અંત કાળમાં, ૧૮૭૨ની સાલમાં જિઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના ઓફિસર શ્રી એ.બી. વાયને દ્વારા કચ્છના ભૂસ્તરશાસ્ત્ર પર એક મહાગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો. આજે લંડન સ્થિત એક ભૂસ્તર વિજ્ઞાનની સંસ્થાની વેબસાઈટ દ્વારા તે સમગ્ર રિપોર્ટ ખુલ્લો મૂકાયેલ છે. *(ક્રમશઃ)*

*પ્રકાશક : ન્યુ મિન્ટ રોડ,*
*પેરિસ બેકરી પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

## આકાશવાણીનું આ ભુજ કેન્દ્ર છે – (૧)

**(અનુસંધાન : પાના નં.-૨૪ ઉપરથી ચાલુ)**

અધિકારીઓ દ્વારા સુગમ - શાસ્ત્રીય અને લોકસંગીત ગાયકો - વાદકો માટેની સ્વર પરીક્ષાઓનું આયોજન સમયે સમયે કરતા રહે છે. એવું જ નાટ્ય કલાકારો અને ઉદ્ઘોષકો - સમાચાર વાચકો બાબતે પણ થતું રહે છે. વળી તેમાં પાસ થયેલાઓની પ્રસ્તુતિમાં ઉત્તરોત્તર સુધાર અને નાવીન્ય જળવાઈ રહે તે માટે નજર રાખવામાં આવે છે અને પૂનર્મૂલ્યાંકન પરીક્ષાઓ દ્વારા અયોગ્ય જણાતા પ્રસ્તોતાઓને હટાવવાની પ્રક્રિયા પણ થતી રહેવાથી કેન્દ્રના પ્રસારણો નિરંતર ગુણવત્તાસભર અને નાવીન્યપૂર્ણ બની રહે છે.

અહીંના શ્રેષ્ઠ કાર્યક્રમો ગુજરાતના તેમજ મુંબઈ કેન્દ્રો પરથી પ્રસારિત થાય તેમજ ત્યાંના એવા કાર્યક્રમો અહીંના પ્રસારણમાં સ્થાન પામે તે માટે સહપ્રસારણો ઉપરાંત રેકોર્ડિંગની અદલાબદલીની વ્યવસ્થા રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે 'કાર્યક્રમ વિનિમય એકાંશ' મારફત પણ થતી રહે એવું આયોજન કેન્દ્રને વૈવિધ્ય ઉપરાંત રાષ્ટ્રીય એકતા સાથે જોડે છે તેમજ એની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિને રાષ્ટ્રીય ફલક પણ પૂરું પાડે છે. *(ક્રમશઃ)*

કચ્છ

# આકાશવાણીનું આ ભુજ કેન્દ્ર છે - (૧)

● જયંતી જોષી 'શબાબ' ●
પૂર્વ વરિષ્ઠ કેન્દ્ર નિયામક - આકાશવાણી

"આકાશવાણીનું આ ભુજ કેન્દ્ર છે. આ કાર્યક્રમ સાંભળતા સહુ શ્રોતા મિત્રોને અમારા ભાવભર્યા નમસ્કાર. આજના આ વિસેશ પર્વ દીપોત્સવ અવસરે આપને તેમજ સહુ પરિવારજનોને વિશેષ વધામણા, હાર્દિક અભિનંદન!"

આ અને આવી ઉદ્‌ઘોષણાઓ આકાશવાણીના માધ્યમથી આપણા સુવિશાળ પ્રદેશ કચ્છ અને એની આજુબાજુના દૂરસુદૂરના વિસ્તારોના (સીમા પારના) લોકો સુધી હવાની પાંખે પહોંચતી રહી છે એ વાતને આજે પાંચ દાયકાથી પણ વધારે સમય વીતી ગયો છે. આપણાં લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ પણ પોતાના મનની વાત સમગ્ર રાષ્ટ્રની જનતા સમક્ષ પહોંચાડવા જે માધ્યમ પર સૌથી પહેલી પસંદગી ઉતારી છે અને વળી પોતાની લીલાભૂમિ લેખે પ્રકૃતિએ જેના પર પોતાની પસંદગીનો કળશ ઢોળ્યો છે એવી દેશની જનતાના સંપર્ક માટેની સહુથી વધુ વ્યાપકતા, વિશ્વસનીયતા અને અસરકારકતા ધરાવતી વિશ્વની સૌથી મોટી પ્રસારણ સંસ્થા આકાશવાણીના એક નાનકડા છતાં સેવા ક્ષેત્રે વિરાટ એવા ભુજ કેન્દ્ર વિશે થોડીક વાતો કરવી છે.

ગુજરાતી, હિંદી, સિંધી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાઓમાં વીસ કિલોવોટની ક્ષમતાવાળા ટ્રાન્સમિટર પરથી, વહેલી પરોઢથી મોડી રાત સુધી કુલ ત્રણ પ્રસારણ સભાઓમાં પ્રસારિત થતા રહેતા આ કેન્દ્રના કાર્યક્રમો છેલ્લી મોજણીને ધ્યાનમાં લઈએ તો સાડા સાડત્રીસ લાખ લોકો સુધી પહોંચે છે અને અસામાન્ય સંજોગોમાં તો એ ફીનલેન્ડ સુધી પહોંચ્યાના દસ્તાવેજી પુરાવાઓ છે. અને એ રીતે જનસંપર્કના માધ્યમોમાં એનું સ્થાન સર્વવ્યાપી, સર્વશ્રેષ્ઠ અને સૌથી ઝડપી રહ્યું છે. તો વળી એમાં અવાજની અધિકારિતા (વોઇસ ઓથેન્ટીસિટી) અને સંગીત તેમજ ધ્વનિ અસરો (વોઇસ ઇફેક્ટ)ની પણ સર્વમાન્ય શક્યતાઓ નિરંતર વહેતી રહી છે.

મરૂ, મેરૂ અને મહેરામણથી મંડિત આપણ વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિવાળા પ્રદેશની એક મર્યાદા એ છે કે અહીં પ્રતિ ચોરસ માઈલે ફક્ત પાંસઠ માણસોની જ વસતિ છે. પાંખી વસતિની સાથોસાથ જ્યાં સાક્ષરતાનું પ્રમાણ પણ બહુ બહુ તો પંચોતેર ટકાની આસપાસ માંડ હશે ત્યાં માહિતી, જ્ઞાન-વિજ્ઞાન, સંસ્કૃતિ અને લોકવ્યવહાર ઉપરાંત અવૈધિક શિક્ષણનું એક અપ્રતીમ સ્રોત આ માધ્યમ બની રહ્યું છે.

એક તરફ નાદાન પડોશી, તો બીજી તરફ અછત, અતિવૃષ્ટિ, વાવાઝોડાં, ભૂકંપ અને અન્ય કુદરતી આપદાઓની વચ્ચે લોકોમાં એકતા અને સામરસ્ય તેમજ વતનપરસ્તીના અનન્ય માધ્યમ બની રહેવા આ માધ્યમે, જેને બંધારણીય માન્યતા મળવાની બાકી છે એવી, અહીંની જનપ્રિય એવી કચ્છી ભાષાના પ્રસારણોને પણ સ્થાન આપી જનહૃદયમાં પોતાની આગવી છબી કંડારી છે. દુર્ગમ વિસ્તારો કે જ્યાં ગરીબ પ્રજા વસે છે, અનુસૂચિત જાતિ-જનજાતિના તેમજ વિમુક્ત અને વિચરતી જાતિના લોકો વસે છે ત્યાં એમની પોતીકી ભાષામાં, એમની સમસ્યાઓ અને ઉપાયો પર એમના પ્રતિનિધિઓ દ્વારા વાત કરતું એ એકમાત્ર માધ્યમ બની રહ્યું છે.

સ્થાનીય, રાજ્ય અને રાષ્ટ્રીય એમ ત્રિ-સ્તરીય પ્રસારણ વ્યવસ્થાનું સુયોજન અહીં લોકોને આધુનિક માહિતી રસપ્રદ રીતે આપી એમનું માહિતી, શિક્ષણ અને મનોરંજન કરી બધી જ રીતે અનન્ય તેમજ પ્રશંસાપાત્ર રીતે થયું છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

કેન્દ્રની મુખ્ય ભાષા ગુજરાતી હોવા છતાં સ્વાતંત્ર્યોત્તર સમયમાં અહીં આવી ભારતભરમાં કદાચિત સૌથી મોટા પ્રમાણમાં વસેલા સિંધી ભાઈ-બહેનો માટેના કાર્યક્રમો પણ લગભગ બધી જ પ્રસારણ વિધાઓમાં પ્રસારિત થતા રહી કેન્દ્રની આગવી ઓળખ બની રહ્યા છે.

પ્રસારણના વિવિધ પ્રકારો જેવા કે વાર્તાલાપ, સંગીત, નાટક - રૂપક, કાવ્યપાઠ, વાર્તા વગેરે દ્વારા કેન્દ્રના પ્રસારણો જ્યારે લોકોને પોતાની ભાષામાં તેમજ પોતાના જ સાહિત્યકારો - નાટ્ય કર્મીઓ અને સંગીત કલાકારો દ્વારા પહોંચે છે અને એમની સમસ્યાઓ અને તેના નિરાકરણો પર એમના જ પ્રતિનિધિઓ દ્વારા વાતચીત - ચર્ચાઓ પ્રસારિત થાય છે. ત્યારે લોકોને એમાં પોતીકાપણાનો ભાવ લાગે છે. તે સાથેસાથે જનપ્રસારણો (પબ્લિક બ્રોડકાસ્ટિંગ)ની વિભાવનાને પણ સાચા અર્થમાં ચરિતાર્થ કરે છે.

પ્રસારણના આદર્શ માપદંડ જળવાઈ રહે તેમજ નિત્ય નવી નવી પ્રતિભાઓને તક મળે તે માટે કેન્દ્રના સદાય સજાગ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૩ ઉપર)**

સંસ્થા દર્શન

# ભુજની લાલન કોલેજે સમાજને અર્પી છે વિશિષ્ટ વિભૂતિઓ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

કચ્છની પ્રજાની ઉચ્ચ શિક્ષણ પ્રાપ્તિ અંગેની ભૂખ ઘણા લાંબા સમય પછી ભાંગી. મૂળ કચ્છ કોડાયના દાનવીર શેઠ શ્રી રામજીભાઈ રવજી લાલને પોતાના નામે કૉલેજ સ્થાપવા રૂપિયા એક લાખનું દાન આપ્યું.એ સમયે મહારાવશ્રી મદનસિંહજી સાહેબે માત્ર રૂપિયા એકના ટોકન ભાડાથી ભુજના સુવિખ્યાત પ્રાગમહેલના નીચેના આવાસો કૉલેજ માટે આપ્યા. પરિણામે ૨૦મી જૂન, ૧૯૫૩થી ભુજમાં સરકારી કૉલેજના શ્રીગણેશ થયા.

ગુજરાત રાજ્યના પૂર્વ મહેસુલ મંત્રી શ્રી પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કર, પૂર્વ સ્પીકર શ્રી કુંદનલાલભાઈ ધોળકિયા, પૂર્વ મહેસૂલ મંત્રી શ્રી રામજીભાઈ રાઘવજી ઠક્કર, શ્રી ભવાનજી અરજણ ખીમજી, પૂર્વ સાંસદો ડૉ. એમ.એમ. મહેતા, ડૉ. બિહારીલાલ અંતાણી, શ્રી લવજીભાઈ લખમશી ઠક્કર, શ્રી જમિયતરાયભાઈ વૈદ્ય, શ્રી ગુલાબશંકરભાઈ ધોળકિયા, શ્રી કાંતિપ્રસાદભાઈ અંતાણી આદિ અનેક મહાનુભાવોએ કચ્છમાં ભુજ મધ્યે સરકારી કૉલેજ સ્થપાય તેના સ્તુત્ય પ્રયત્નો આદરેલા.

આ જીવાત્માને આ માતૃસંસ્થામાં ઈ.સ. ૧૯૫૬થી ઈ.સ. ૧૯૬૩ અર્થાત્ F.Y. Arts થી M.A. સુધી અભ્યાસ કરવા તથા ૧૯૬૪થી ઈ.સ. ૧૯૯૫ સુધી અધ્યાપન કાર્ય કરવાની સુવર્ણ તક પ્રાપ્ત થઈ, એ મારું સદ્ભાગ્ય સમજું છું.

પ્રારંભમાં ઈન્ટર મિડિયેટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ હતી. F.Y., Inter, Jr. તથા Sr. ૪ વર્ષનો અભ્યાસક્રમ હતો. ગુજરાત યુનિવર્સિટી



*ભુજમાં રણજિત વિલા સામે આવેલ ભૂકંપ પહેલાની લાલન કૉલેજ*

સાથે લાલન કૉલેજ સંલગ્નિત હતી. B.A., B.Sc. પરીક્ષા કેન્દ્રો પણ મળ્યા.

સરકારી સેવામાં રહેલા કર્મચારીઓ ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે તેમને અડધા કલાકની છુટછાટ અપાઈ. પરિણામે અનેક સરકારી કર્મચારી કૉલેજના અભ્યાસનો લાભ લઈ શક્યા. કૉલેજમાં એન.સી.સી. ટ્રેનિંગ અમુક સમય સુધી ફરજિયાત હતી. હાલે લાલન કૉલેજ કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્નિત છે.

ઈ.સ. ૧૯૫૬માં તે સમયે ભારતના ઉપ રાષ્ટ્રપતિ (બાદમાં રાષ્ટ્રપતિ) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને આ કૉલેજનો ભુજના રણજિત વિલા સામે શિલાન્યાસ વિધિ કર્યો. ૮મી નવેમ્બર, ૧૯૫૯ના રોજ શ્રીમતી ઇંદીરા ગાંધીના વરદ્ હસ્તે કૉલેજની નૂતન ઈમારતનું ઉદ્ઘાટન થવા પામ્યું.

લાલન કૉલેજના સ્ટુડન્ટ્સ યુનિયનના સર્વ પ્રથમ જનરલ સેક્રેટરી સ્વ. ઍડવોકેટ શ્રી કિશોરચંદ્રભાઈ આર. બુચ હતા. જ્યારે કૉલેજના આચાર્ય તરીકે પ્રથમ નિમણૂક શ્રી કે.વી. દેસાઈ હતા.

આજે કૉલેજના ૬૩ વર્ષ દરમિયાન કૉલેજમાં આચાર્યપદ સંભાળી ગયેલા, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ કાલગ્રસ્ત બની ગયા કે જેમની સંખ્યા મોટી છે. કૉલેજનું ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ સક્રિય છે. જેમના પ્રમુખ ઍડવોકેટ શ્રી શંકરલાલભાઈ એલ. સચદે છે.

ભારતનાં સ્વીડન ખાતેના એક સમયના રાજદૂત શ્રી ભૂપતભાઈ એમ. ઓઝા (IFS) લાલન કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. ગુજરાત રાજ્યના પોસ્ટલ હેડ અર્થાત્ પૂર્વ સત્તાધિકારી શ્રીમતી વિજયાલક્ષ્મીબહેન ટી. શેઠે આ કૉલેજમાં એમ.એ.નો અભ્યાસ બે વર્ષ કરેલો.

તેમનો વિષય અર્થશાસ્ત્ર હતો. તેમના પિતાશ્રી ટી.એમ. શેઠ કચ્છના કલેક્ટર પદે રહી ચૂક્યા છે.

ઈ.સ. ૧૯૫૬થી ઈ.સ. ૧૯૫૯ દરમિયાન આ કૉલેજમાં ગુજરાત રાજયના માજી મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્રભાઈ રૂપશંકરભાઈ મહેતા, કચ્છના પૂર્વ સાંસદ શ્રી પુષ્પદાનભાઈ શંભુદાનભાઈ ગઢવી, પૂર્વ સાંસદ શ્રી અનંતભાઈ દવે આદિ અમો સહ અધ્યાયી હતા.

લાલન કૉલેજના સંસ્કૃતના પ્રોફેસર કે જેમણે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં સામવેદ પર પીએચ.ડી. કરેલું તે ડૉ. તિલોત્તમાબહેન મહેન્દ્રભાઈ જાનીએ પ્રાગમહેલ સ્થિત કૉલેજ વિશે કાવ્ય રચેલું :

*મધુર મનોહર અતિવ સુંદર*
*આ સર્વ વિદ્યાની રાજધાની*
*આ બધાથી ન્યારી લાલન*
*સુજ્ઞાન, ધર્મ, સત્ય પાલન*
*વસી છે રાજભવનની અંદર*
*આ સર્વ વિદ્યાની રાજધાની.*

એક સમયે આકાશવાણી અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભુજ અને મુંબઈ કેન્દ્રો પરથી જેમના રૂપકો પ્રકાશિત થતા, એવા ડૉ. અવિનાશભાઈ મુન્શી કેમિસ્ટ્રીના હેડ હતા. કૉલેજની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઉજાળતા.

કૉલેજના વાર્ષિકોત્સવોમાં દિગ્ગજ, મહાનુભાવો પધારતા. જેમાં સાહિત્ય ક્ષેત્રે શ્રી મનસુખલાલ ઝવેરી, શ્રી ઉમાશંકર જોષી, ડૉ. સુરેશ જોષી, શ્રી માધવ રામાનુજ, ડૉ. રમેશ શુક્લ આદિ સમાવિષ્ટ છે. શ્રી ફતેહસિંહરાવ ગાયકવાડ, શ્રીમતી તારકેશ્વરી સિંહા, શ્રી બલરાજ સહાની, શ્રીમતી શારદાબહેન મુખરજી, શ્રી લાલન શેઠ, શ્રી પુરુષોત્તમ ગણેશ માવલંકર, શ્રી મગનભાઈ દેસાઈ, ભારતીય ચૂંટણી પંચના વડા તથા કચ્છના પૂર્વ કલેક્ટર શ્રીની ગોપાળાસ્વામિ (I.A.S.) આદિ મારી સ્મૃતિમાં છે.

મારી ૭૭ વર્ષની વયે જે યાદ આવ્યું, કહો કે જે નામો સ્મૃતિપટ પર હતા તે લખી શક્યો છું. તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ભીષણ ભૂકંપને કારણે કૉલેજ બિલ્ડિંગ ખંડિત થવા પામ્યું. ઈ.સ. ૨૦૦૩માં ગોલ્ડન જ્યુબિલી ના ઉજવી શકાઈ. ઈ.સ. ૨૦૧૩માં ષષ્ઠી પૂર્તિનું આયોજન અધૂરું રહ્યું. કૉલેજમાં અત્યાર સુધી ૨૫ આચાર્યોમાંથી ૧૧ આચાર્યો ઈન્ચાર્જ રહ્યા છે.

કૉલેજની સીલ્વર જ્યુબિલી ઈ.સ. ૧૯૭૮-૭૯માં ઉજવાઈ. એ સમયે વાર્ષિકોત્સવ - ઈનામ વિતરણ સમારંભમાં ગુજરાતના ગવર્નર ડૉ. શ્રીમતી શારદાબેન મુખરજી આમંત્રણને માન આપીને પધારેલા. કચ્છના કલેક્ટર શ્રી એલ.એમ. સુદ (IAS) હતા. કૉલેજના આચાર્ય ડૉ. જે.એન. શુક્લ હતા. તેમની બદલી થતાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. મદનકુમાર જાની હતા.

હું. વિ.પ્ર. સભાનો ચેરમેન હતો. જી.એસ. તરીકે શ્રી બહાદુરસિંહ જાડેજા તથા એલ.આર. તરીકે કુ. મયુરિકાબા જાડેજા હતા.

અનેક નામાંકિત કવિઓ - સાહિત્યકારો, વકીલો, ડૉક્ટરો, પત્રકારો, ન્યાયવિદો, પ્રોફેસરો, અનેક અવનવા ક્ષેત્રના સર્જકો શ્રી આર.આર. લાલન કૉલેજનું પ્રદાન છે.

તા. ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૩ના રોજ ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધ્વજવંદન બાદ પ્રવચન પાઠવેલું જે તેમના માટે શુકનિયાળ નીવડ્યું. તરત જ આગામી ચૂંટણી બાદ - દિલ્હીના લાલ કિલ્લા પરથી રાષ્ટ્રધ્વજ જયારે ફરકાવવાનો તેમને અવસર પ્રાપ્ત થયો ત્યારે કચ્છવાસીઓ પોકારી ઊઠેલા કે ‘‘લાલન કૉલેજથી લાલ કિલ્લા સુધી’’ મોદીજી પહોંચ્યા – કેમ જાણે લાલન કૉલેજનું આ ભાષણ તેમને અતિ શુકનવંતુ નીવડ્યું હોય! આ સૂત્રની નોંધ મીડિયાએ લીધેલી.

*‘‘સહજાનંદ’’, ૬-એ, લીમડા લાઈન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## બેન્કિંગ સેક્ટર

*વિમુદ્રીકરણે દેશના વિરાટ અને વિશ્વસનીય માનવામાં આવતા બેન્કિંગ સેક્ટર પર કુઠારાઘાત કર્યો છે. બેન્કિંગ પ્રણાલિકા પર પ્રજાને અને સરકારને એમ બંનેને જે વિશ્વાસ હતો તે મૂળમાંથી હચમચી ગયો છે. કેટલીક નાની ખાનગી બેન્કોના લાઈસન્સ રદ કરવા સુધીની પ્રક્રિયા સરકારે અત્યારે હાથ ધરવી પડી છે. એ બતાવે છે કે અત્યાર સુધી નાણાંકીય વ્યવહારોમાં ભારતીય પ્રજા જે જે બેન્કો પર વિશ્વાસ રાખતી હતી તે સાચો પુરવાર થયો નથી. ટકાવારીની રીતે જુઓ તો ભ્રષ્ટ બેન્ક અધિકારીઓ અને ભ્રષ્ટ બેન્ક શાખાઓની સંખ્યા પાંચ ટકાથી વધુ નથી. તો પણ દૂધ કટોરામાં છાશનું એક ટીપું જે કામ કરે છે તે કામ પાંચ ટકા બેન્કોએ કરીને સેક્ટરની શુધ્ધબુધ્ધિયુક્ત પ્રતિષ્ઠાને ખંડિત કરી છે.*

કચ્છ

# આધુનિકતાના આક્રમણથી બચી ગયેલ, કચ્છની ૯૦૦ વર્ષ પુરાણી અજરખની છપાઈ કલા

• જોરાવરસિંહ જાદવ •

કચ્છની બળુકી ધરતી હજારો વર્ષથી કલા, સંસ્કાર અને સંસ્કૃતિથી ધબકતી રહી છે. એ ધરતીના માડું (માનવી) જ નહીં પણ એના ખાનપાનમાં ગુલાબ પાક, અડદિયા પાક, દૂધનો કણીદાર ગરમ હલવો, દાબેલી, લીલી ખારેક, હસ્તકલા કારીગરીમાં કચ્છી ધડકી (રજાઈ) કાપડ પરનું રોગાનકામ, મશરૂ વણાટ, જરદોશીની કળા, રૂની નામદા, બાટિક કામ, સંગીતના વૈવિધ્યપૂર્ણ સૂરો રેલાવતી ગાયોના ગળાની ખરકી (ઘંટડીઓ), ચિત્રકળા, અંજારના જુણસના સૂડી - ચપ્પા આજેય એની લોકપ્રિયતા ટકાવીને બેઠાં છે. **પણ મારે આજે વિદેશીઓ જે કળા માટે ઓળઘોળ થઈ જાય છે એવી કાપડ પર થતી અજરખ પ્રિન્ટની કલાત્મક અજાયબીની વાત કરવી છે.**

- **અજરખ પ્રિન્ટની પ્રાચીન કલા :**

ખાસ પ્રકારે રંગેલા અને છાપેલા કાપડ (ચાદર, ફેંડો, ઓઢણા)ને અજરખ કહે છે. આવા હાથ છપાઇના કાપડને અજરખ પ્રિન્ટ કહે છે. કહેવાય છે કે આ અજરખ કલા ચારથી પાંચ હજાર વર્ષ પુરાણી છે. ઈસ્લામિક કલા છે. કેટલાક કહે છે કે આ કલા ઈજિપ્તમાંથી ભારતમાં આવી છે. અજરખનો મૂળ શબ્દ ‘અજરક’ છે. તેનો અર્થ આકાશ એવો થાય છે. અજરખ પ્રિન્ટમાં ફૂલપત્તી અને ભૌમિતિક ભાતો તથા ગૂઢો રાતો, કાળો, બ્લ્યુ ઈન્ડિગો કલર વપરાય છે. **કચ્છમાં અજરખ પ્રિન્ટની હસ્તકળા ધમડકા ગામની વિશિષ્ટતા ગણાય છે.** શ્રી હરેશ ધોળકિયા નોંધે છે કે અજરખ છપાઈ મૂળે બારમી સદીમાં જેસલમેર (રાજસ્થાન) માંથી ઉત્પન્ન થઈ હોવાનું મનાય છે. **અત્યારે રાજસ્થાનમાં બાડમેર અને કચ્છમાં ધમડકા ગામમાં અજરખ પ્રિન્ટ તૈયાર કરવામાં આવે છે.** આ બધામાં કચ્છના અજરખ પ્રિન્ટની ગુણવત્તા ખૂબ ઊંચી ગણાય છે. અજરખનું છપાઈકામ મુખ્યત્વે મુસ્લિમ ખત્રીઓ કરે છે. આ ખત્રીઓએ દસ પેઢી અગાઉ સિંધમાંથી ધમડકા ગામમાં આવીને અજરખનું કામ શરૂ કરેલું. કચ્છના અંજાર તાલુકામાં આવેલ ધમડકા ગામના આ ખત્રી પરિવારોએ અજરખ કલામાં સારું એવું કાઠું કાઢ્યું છે. **ત્રણ ત્રણ પેઢીએ ખત્રી પરિવારોએ આ કલા પરંપરાને જાળવી રાખવા માટે રાષ્ટ્રીય પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે.** કચ્છી અજરખ પ્રિન્ટમાં કચ્છી ખત્રી કારીગરો અવ્વલ સ્થાન ધરાવે છે. એટલું જ નહીં, પણ દેશ અને દુનિયામાં કચ્છી કલાની યશપતાકા લહેરાવી છે.

- **અજરખને ધોવા નદીનું પાણી વપરાતું :**

ધમડકા ગામના મુસ્લિમ ખત્રીઓ વર્ષોથી અજરખ તૈયાર કરવા, એને ધોવા, રંગવાનું તથા છાપવાનું કામ કરતા. અગાઉ ધમડકા ગામના પાદરમાં નદી વહેતી તેમાં કાપડ ધોતા અને રંગતા. છેલ્લાં દાયકાઓથી આ નદી સૂકી ભઠ્ઠ બની જતાં ધોવાનું કામ વાડીઓના કૂવાના પાણીથી થાય છે. સને ૧૯૫૮ના ભૂકંપ વખતે ધમડકા ગામને ખૂબ જ નુકસાન થવાથી હાલનું નવું ધમડકા રસ્તાની જમણી ધારે રામકૃષ્ણ મિશને વિવેકાનંદ નગરના નામથી ફરી વસાવી આપ્યું. ૨૦૦૧ના ભૂકંપ વખતે ધમડકાની બાજુમાં પધ્ધર ગામની નજીક જમીન ખરીદી નવું ગામ વસાવ્યું જે અજરપુરના નામે જાણીતું છે.

- **લોક જાતિઓના વસ્ત્રોમાં અજરખની વિશેષતા :**

કચ્છી મુસ્લિમો, મેઘવાળો, સિંધી, જત ઈત્યાદિ જાતિના લોકોમાં અજરખનો વપરાશ વિશેષ જોવા મળે છે. માલધારી, જતો ઢોર ઉછેરનું અને ઢોર ચરાવવાનું કામ કરે છે. રાતદિવસ સીમ શઢ રખડવાનું. એટલે અજરખની લૂંગી પહેરે છે અને માથે અજરખનો સાફો બાંધે છે. ઓઢવામાં પણ અજરખ - મલીરનો ઉપયોગ કરે છે. એ મોસમને અનુરૂપ બનાવાય છે. એના રંગોમાં એવી તાસીર છે કે ભરઉનાળે લૂ લાગતી નથી. અજરખનું કપડું શરીરને ઠંડક આપે છે અને શિયાળાની ટાઢમાં હૂંફ આપે છે. એનું કારણ તે વનસ્પતિ રંગોથી બનાવાય છે, તે છે.

અજરખના કારીગરો અગાઉ વનસ્પતિમાંથી હાથે બનાવેલાં કુદરતી તાજા રંગોનો ઉપયોગ કરતા. એ પછી પરદેશથી આવતા રાસાયણિક રંગોનો ઉપયોગ શરૂ થયો. એ પછી સને ૧૯૭૩માં સ્વ. હાજી મુહમ્મદ સિદ્દીકે પોતાના પુત્રોને શીખવવા માટે વનસ્પતિ રંગોમાં કેટલાક નમૂના તૈયાર કર્યા. એ વખતે કેમિકલ રંગોના અજરખની

બોલબાલા હતી. વનસ્પતિ રંગોના નમૂના સમજુ લોકોને પસંદ પડ્યા અને બજારમાં એ માલ વેચાતો થયો.

- **અજરખની રંગાટ પ્રક્રિયા :**

અજરખની કુદરતી રંગાટ પ્રક્રિયામાં પ્રારંભે કાપડને સોડિયમ કાર્બોનેટ, દીવેલ તેલ તથા તાજા છાણના પ્રવાહી મિશ્રણમાં બોળી 'ડિસ્ટાર્ડ' કરાય છે. પછી નદીના વહેતા પાણીમાં તેને પૂરી રીતે ધોવામાં આવે છે. ત્યારબાદ હરડેના મિશ્રણમાં બોળવામાં આવે છે. તેનું 'ટેનિન' તત્ત્વ એલિઝેરાઈન રંગને ચૂસે છે અને આઈસેનાસેટેર રંગ સાથે પ્રક્રિયા કરે છે. બંને મળીને કાળાશ આવે છે. આમ અજરખ છપાઈનું કાપડ તૈયાર થાય છે.

બીજા તબક્કામાં તેને મોટા ટેબલ ઉપર પાથરી લાકડાનાં બીબાં વડે પાકા રંગના મિશ્રણથી ઇચ્છિત ડિઝાઈનનું છાપકામ થાય છે. જ્યાં સફેદ રંગ રાખવાનો હોય ત્યાં અન્ય રંગ અડે નહીં તેનું ધ્યાન રખાય છે. એ માટે ત્યાં મીણના ટપકા અને ગુંદર, લીંબુ અને પાણીનું મિશ્રણ મૂકે છે. જ્યાં ઘાટો કાળો રંગ રાખવો હોય ત્યાં 'કટ' મૂકે છે. જે ગુંદર અને આયર્ન એસીટેટથી બને છે. જ્યાં રાતો ગૂઢો રંગ રાખવો હોય ત્યાં ફટકડી ઉમેરી છાણની ભૂકી છાંટે છે. છાણને બે દિ' સૂર્યના તાપે સૂકવે છે. બંને બાજુ ડિઝાઈનો કરવી હોય (લીપુટા પ્રિન્ટ) તો બીબાંનો બીજો સેટ વપરાય છે.

ત્રીજી પ્રક્રિયા ગળીના રંગાટકામની છે. આ છાપેલા કાપડને ફીણવાળી ગળીને રાખેલ ઠંડા કુંડામાં બોળવાથી જે ભાગ ઢંકાયો નથી તે બ્લ્યુ રંગને ચૂસી લે છે. આ તેનો બેકગ્રાઉન્ડ કલર બને છે. કપડું ભીનું હોય ત્યારે જ તેને વહેતા પાણીમાં ધોવાય છે. પાકા રંગને ખલેલ પહોંચાડ્યા વિના કપડાને એલીઝેરાઈન તથા પડાવા ફૂલોના મિશ્રણમાં મૂકાય છે. એ પછી કાપડને બે કલાક રંગ પાણીમાં ઉકાળવામાં આવે છે. તેમાંથી ફટકડીના પાણીવાળો ભાગ ગૂઢો લાલ અને બાકીનો રંગ કાળો થાય છે.

- **અજરખની ભાતીગળ ભાતોમાં સૂફી પ્રતીકો :**

અજરખ છપાઈમાં અનેક જાતની ભાતો ઉપસાવવામાં આવે છે. તેમાં મુખ્ય ભાતોમાં પ્લુમા માંધાગોલો, તિનારો, બુટો તથા બોર્ડરમાં તિનારો અને હાંસો આવે. બીજી ભાતોમાં રીયાલ, મીફૂડી, કેરી મીફૂડી, ખારેક, ડોબરિયાલ, અકરી રિયાલ, ચોપાટ, મોટી ચોપાટ, ગાલીચા, ચંપાકલી, બોડી રિયાલ, પેઓ, સૂરજમુખી, ગોલાડો, નસબી વગેરે પરંપરાગત ભાતો (ડિઝાઈનો) છે. **શ્રી વરદ્ રાજન માને છે કે પરંપરાગત અજરખની ભાતોને 'સૂફી' પ્રતીકો સાથે સંબંધ છે. અલબત્ત કારીગરો તે વિશે જાણે છે કે કેમ તે શંકાસ્પદ છે. બિલેગ્રામી માને છે કે આ આકૃતિઓ ઇસ્લામના ફેલાવા પહેલાની છે.**

- **અજરખ પ્રિન્ટમાં વપરાતાં વનસ્પતિ રંગો :**

ભારતમાં રાસાયણિક રંગોનું ચલણ આરંભાયું તે પૂર્વે આપણાં ભીંતચિત્રોથી માંડીને રંગાટી અને છપાઈકામમાં વનસ્પતિ રંગોનું મહત્ત્વ ઘણું મોટું હતું. આ વનસ્પતિ રંગો હરડે, મજીઠ, દાડમની છાલ, હળદર, ધાવડીના ફૂલ, નિરવલ, ફટકડી, ગોળ, ચણાનો લોટ, લોખંડની ભૂકી, પડવાસ, તેલ, ગોળ, સાજીખાર, તાજું છાણ, મીઠું, કચુકાનો લોટ જેવા પદાર્થોના મિશ્રણથી કુદરતી રંગો તૈયાર કરવામાં આવતા. **આ રંગો એટલા તો પાકા બનતા કે કપડું ફાટી જાય તો પણ તેના રંગ ફીટતા - ઝાંખા પડતા નહીં.** કેમિકલ રંગો દેખાવમાં ચટકીલા ભલે લાગે પણ તે ચામડીને નુકસાનકારક હોય છે. જ્યારે દેશી રંગો અને અજરખનું કાપડ અને તેના દેશી રંગો મોસમને અનુરૂપ શરીરને ઠંડક કે ગરમી આપનારા બની રહે છે. આપણા ખત્રી કારીગરોને આ જ્ઞાન વર્ષો પૂર્વે હતું.

- **અજરખ પ્રિન્ટના કસબીઓ :**

અજરખ પ્રિન્ટની કલા પરંપરાના વાહકોની વાત કરીએ તો કચ્છી મુસ્લિમ ખત્રી પરિવારોમાં મુહમ્મદ સિદ્દીકનું નામ ઉડીને આંખે વળગે છે. પૂર્ણિમા મહેતા લખે છે કે કચ્છની અનોખી હાથ રંગાઈ તથા હાથ છપાઈકલા અજરખના અજબ કસબી એટલે મુહમ્મદ સિદ્દીક. **નવસો વરસ જૂના વારસાને સાંગોપાંગ જાળવનાર ખત્રી સીદ્દીક એક વ્યક્તિ નહીં પણ એક 'સ્કૂલ' છે, એક તજજ્ઞ છે.** વિશ્વના કોઈપણ દેશમાં, કોઈ પણ ભાષામાં હાથ છપાઈના કાપડ ઉદ્યોગ, પુસ્તક કે સંશોધન પ્રગટ થાય તો તેમાં કચ્છના ધમડકા ગામનો ઉલ્લેખ અવશ્ય હોય જ. ત્યાંની અજરખ અને રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા કલાકારોની વાત હોય જ.

- **અજરખની છપાઈની અટપટી પ્રક્રિયા :**

બાર વરસની નાની વયથી અજરખ વ્યવસાયની તાલીમ પોતાના કુટુંબમાંથી આરંભનાર આ કલાના માલમી ખત્રી મુહમ્મદ સિદ્દીક કહે છે કે અજરખની પ્રક્રિયા અતિ અટપટી અને અનેક તબક્કામાં વહેંચાયેલી છે. દિવસ ઉગતાં જ અમારી દિનચર્યા શરૂ થાય. તે છેક મોડી રાત સુધી ચાલે. દિવસના બાર તેર

કલાક એકધારું કામ ચાલે. ઘરમાં ત્રણ દીકરાઓ, વહુઓ, બધા જ આ કાર્યમાં જોડાય. ઘરની સ્ત્રીઓ રંગની લય બનાવે. બાંધણીના બંધ બાંધે. કપડું સૂકવે. કપડાંને રંગવાથી માંડીને છાપવા સુધીમાં અજરખની પ્રક્રિયાને અઠ્યાવીસ તબક્કામાંથી પસાર થવાનું હોય છે.

- **અજરખ છપાઈ માટેના બીબાં :**

છાપકામ માટે ડિઝાઈનો કરવી, તે મુજબ સાગી લાકડામાંથી બીબાં કંડારવાં, વનસ્પતિમાંથી કુદરતી રંગ તૈયાર કરવા, કાપડને રંગવું, પછી છાપવું. રંગ અને ડિઝાઈનની પણ નિશ્ચિત લઢણ અને સંયોજન છે એમ શ્રી સિદ્દીક કહે છે. અમુક રંગ સાથે અમુક મેળવણી જ કરાય છે. અમુક છાપ સાથે અમુક ભાત જ પડે છે. 'એથેસ્ટિક્સ'ના પુસ્તકો ઉથલાવ્યા વિના આંતરસુઝથી અહીં સૌંદર્યની પરિભાષા રચાય છે. **શ્રી સિદ્દીકના પરિવાર પાસે ૩૦૦ ઉપરાંત બીબાં છે. જેમાંના ત્રીસેક જેટલાં વંશપરંપરામાં મળેલાં છે. બાકીના પોતે કોઠાસુઝથી બનાવેલાં છે.** દોઢસો વર્ષ જૂના બીબાં અજરખ પ્રિન્ટમાં વપરાય છે. આજે તો અજરખના કારીગરો મિલની ડિઝાઈનોની નકલ કરે છે. મિલના કાપડની હરીફાઈ સામે હસ્તકલાની પરંપરાને ટકાવવાનું કામ લોઢાના ચણા ચાવવા જેવું મુશ્કેલ હોવાથી અજરખમાં હવે રાસાયણિક રંગોનો ઉપયોગ ભરપેટ થવા માંડ્યો છે.

- **અજરખની કલા અંતરજ્ઞાન અને કોઠાસુઝની કલા છે :**

**અજરખની કલા આટઆટલો પ્રચાર પામી હોવા છતાં એનું કોઈ શાસ્ત્ર નથી. મૌખિક પરંપરા કોઠાસુઝ અને પ્રત્યક્ષ તાલીમથી આ કલા પરંપરા આગળ ચાલે છે.** શ્રી સિદ્દીક કહે છે કે 'અજરખ એ કોઇ યાંત્રિક પ્રક્રિયા નથી. તેમાં અંતરિયાળ અર્થાત્ કોઠાસુઝ જોઈએ. પ્રકૃતિની પરખ જોઈએ. ઋતુ ઋતુના સૂક્ષ્મ પરિવર્તન, પાણી, ધરતી, સૂર્યપ્રકાશ, વનસ્પતિ, હવાની ગતિ - કુદરતના આ પાસા સાથે એક પ્રકૃતિવિદ જેટલો તેનો ગાઢ નાતો છે. કઈ ઋતુમાં ક્યારે કેવો રંગ ઉઘડે, કયા પાણીથી રંગની ઝાંય ફૂટે, હવાની રૂખ બદલાય કે કયા કપડાને સૂકવવું, કેટલા સૂર્ય પ્રકાશમાં કઈ ડિઝાઈન ઊઠશે તે જાણવું જરૂરી છે. ખરેખર તો અજરખની કલા સ્વયંસ્ફુરિત છે.' બીજાને શીખવો, પૂરું માર્ગદર્શન આપો તો પણ સિદ્દીકના હાથનો જાદુ તો નથી જ આવતો.

- **અજરખ પ્રિન્ટની કલા જાણવા વિદેશીઓ આવતા :**

વર્ષો પૂર્વેની વાત છે. અજરખ કલામાં મુહમ્મદ સિદ્દીકના કલા કૌશલ્યની વાત સાંભળીને દેશ પરદેશના કાળા - ગોરા અનેક ઉત્સુકો આ કળા શીખવા મહિનો મહિનો રોકાતા. આ કળા પ્રક્રિયાની ફોટોગ્રાફી કરતા, દસ્તાવેજી ફિલ્મો ઉતારતા. સિદ્દીકના વધુ ચાહકો જાપાનના હતા. એક જાપાનીઝ કલાપ્રેમી સંશોધકે ત્રણ ત્રણ મહિના ધમડકામા ધામા નાંખી અજરખના હાથ છાપકામ પર વિશદ્ અભ્યાસી ગ્રંથ લખ્યો. તેમાં **શ્રી સિદ્દીક ભારતમાં 'ધ' ગામમાં રહે છે તેમ દર્શાવ્યું. જો પૂરું નામ આપે તો ધમડકા જાપાનીઓથી ઊભરાઈ જાય તેવો તેને ભય હતો, એમ પૂર્ણિમા મહેતા નોંધે છે.**

- **કચ્છીઓના વસ્ત્ર પરિધાનમાં અજરખ :**

કચ્છી માલધારીઓથી માંડીને અનેક જાતિઓના વસ્ત્ર પરિધાનમાં અજરખનો ઉપયોગ થાય છે. આજે તો અજરખની બાંધણી, ચુંદડી, માથે બાંધવાના ફટકા, ગંજી, મલીર, લૂંગીઓ, રૂમાલ, રેટા, લીમ્બાઇ, જીસરઘી, સઈદો, ધબૂરો, જામી, ઘૂઘાલો, મથેરણ અજરખની જ પહેરે. કચ્છની નમણી નાર પડો (બાર વારનો ચણિયો), ચુનરી અને યુવાન પરણેતર લાલ બાંધણી અને સાસરે જતી કન્યા કાળો કટક પહેરે છે.

- **રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર કસબીઓ :**

**ધમડકા ગામના મુહમ્મદ સિદ્દીક, અજરખ બ્લોકની સિલ્કભર વનસ્પતિ રંગોથી બનાવેલી સાડી માટે અબ્દુલ જબ્બાર મુહમ્મદ ખત્રી, અબ્દુલ રહીમ અનવર ખત્રી, અબ્દુલ રઝાક મહંમદ ખત્રી, અબ્દુલ કરીમ અબ્દુલ રજાક ખત્રીને રાષ્ટ્રપતિના શુભ હસ્તે રાષ્ટ્રપતિ પુરસ્કારો પ્રાપ્ત થયા છે.**

આવી છે ભાઈ, કચ્છી કલાને ઉજાગર કરતી અજરખની કલા.

*૨, પ્રોફેસર્સ કોલોની,*
*વિજય ચાર રસ્તા, નવરંગપુરા,*
*અમદાવાદ-૯.*

*તમારો હેતુ ગમે તેટલો ઉમદા હોય, એ ખરેખર ઉમદા છે એની પ્રતીતિ છેલ્લે પગથિયે બેઠેલી વ્યક્તિને પણ થાય તો તમે સાચ્ચા! બાકી બધી નરી ગપ્પાબાજી!*

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

કચ્છ

# કચ્છ અને તેની અર્થવ્યવસ્થા – (૩)

• પ્રેમજીભાઈ ભવાનજીભાઈ ઠક્કર •

**(માસ ઓક્ટોબર-૨૦૧૬ના અંકમાં પ્રકાશિત થયેલ પ્રકરણ-૨ થી ચાલુ)**

## લાંબો દરિયા કિનારો

કચ્છનું બીજું વિશિષ્ટ લક્ષણ તેનો ૨૧૦ માઈલ લાંબો દરિયાકાંઠો છે. કચ્છના વિસ્તારની દૃષ્ટિએ આ બહુ લાંબો દરિયાકાંઠો છે. એક સમયે તેને આઠ જીવંત બંદરો હતા અને માંડવી તેમાં મોખરે હતું. આ બંદરો દ્વારા કચ્છ બહારી વિશ્વ માટે સંપર્કમાં હતું અને તેની એકાંકી સ્થિતિના કારણે અન્યથા તે અશક્ય હતું.

**માંડવી બંદર કે જ્યાં ૮૪ દેશોના વહાણો લાંગરવામાં આવતાં તેમ કહેવાય છે તે આ બાબતે વિશિષ્ટ ઉલ્લેખનું અધિકારી છે. એ યાદ કરવું જોઈએ કે જ્યારે મુંબઈ સંપૂર્ણ વિકસિત ન હતું અને કરાંચીનું અસ્તિત્વ કદાચ ન હતું. કચ્છના અખાતમાં કાંઠાના સૌરાષ્ટ્રના કોઈ મોટા બંદરો ન હતા ત્યારે પણ માંડવીનો આફ્રિકા, મધ્ય-પૂર્વ અને દક્ષિણ-પૂર્વના દેશો સાથે વાણિજ્ય હતો. તે ઉત્તર સૌરાષ્ટ્ર, બનાસકાંઠા વિસ્તાર, રાજપૂતાના અને ઉત્તર ભારતનું આયાત-નિકાસ માટેનું મુખ્ય બંદર હતું.**

કચ્છનું બીજું મહત્ત્વનું બંદર લખપત હતું જે દક્ષિણ સિંધના પાડોશી વિસ્તારોને સેવા પૂરી પાડતું. તે સમયમાં કરાંચી વિકસિત ન હતું અને દક્ષિણ સિંધ માટે વ્યવહાર લખપતથી થતો. આજે તે ૬૦૦ની પાતળી વસતિવાળું ગામડું છે. લગભગ ૧૦૦ વર્ષ અગાઉ ૧૦,૦૦૦ની વસતિવાળું ધમધમતી બજારવાળું બંદર હતું. વર્ષો સુધી ત્યાં વેપાર વાણિજ્યના ગોદામો હતા અને ત્યાં માલની હેરાફેરીએ કચ્છના અર્થતંત્રને સમૃદ્ધિ બક્ષેલ. ત્યારે ભારતમાં રેલવે આવી ન હતી. બળપ્રયોગનું સાધન પશુઓ હતા. કચ્છમાં ઘાસભૂમિ હોવાથી ઊંટ અને બળદનો પૂરતો પુરવઠો હતો. માંડવી અને લખપતથી ખેપ દૂરના વિસ્તારો સુધી જતી. પરંતુ મુંબઈ અને કરાંચીનો ઝડપી વિકાસ થયો. વાહનોમાં પશુનું સ્થાન મશીનોએ લીધું. રેલવેએ બંને બંદરોને બહાર જતા દેશના ભાગો જોડે જોડ્યા. બંને બંદરોમાં માલની હેરાફેરી અને પરિવહનના અદ્યતન સાધનો આવ્યાં. માંડવી અને લખપતનો તે સમય સ્થગિત રહ્યો અને કચ્છના મહારાવ મોડા જાગ્યા. તે દરમિયાન લખપત નષ્ટ થઈ ગયું અને માંડવીનું મહત્ત્વ ત્રીજા ભાગનું થઈ ગયું. આજે પણ આ બંદરોને દેશ અને કચ્છના અન્ય ભાગો સાથે જોડતી રેલવે નથી. તેમ છતાં માંડવી અને અન્ય બંદરોનો ૧૯૪૭ સુધી કરાંચી દ્વારા સિંધ સાથે સારો વેપાર હતો.

૧૯૪૭ના ભારતના ભાગલાએ આ બંદરો અને સૌરાષ્ટ્રના બંદરને જોરદાર આંચકો આપ્યો છે. આમ છતાં કચ્છમાં કેટલાક ઉદ્યોગોના વિકાસને કારણે કેટલાક બંદર તેમની અગાઉની ચમકદમક ફરી મેળવશે. કચ્છને એ વાતનો સંતોષ રહેશે કે તેની બંદરીય પરંપરા અને ભપકો માત્ર જળવાશે જ નહીં પરંતુ કંડલાના મહાબંદરના વિકાસથી તેમાં વૃદ્ધિ થશે કારણકે ગુજરાતનું તે મુખ્ય મહાબંદર છે અને તે ઝડપથી વિકસી રહ્યું છે.

***કચ્છનો આર્થિક ઈતિહાસ નીચેના તબક્કાઓમાં ફાળવી શકાય.***

**૧.** ઈ.સ. ૧૮૧૯ સુધીની આર્થિક વિપુલતાનો પૂર્વકાળ. તે સમયના પ્રવર્તમાન ધોરણો મુજબ ૧૬૦૫થી ૧૬૧૮ સુધીના સમયનો મોટો ભાગ સરખામણીમાં વિપુલતા અને સમૃદ્ધિનો કહી શકાય. સિંધુ નદી કચ્છમાંથી વહી મોટા વિસ્તારને સિંચાઈ પૂરી પાડતી અને ચોખાનો પાક આપતી, જેથી રાજ્યની તિજોરી અને ખેડૂતો સમૃદ્ધ હતા. લખપત એ ૧૦,૦૦૦ની વસતિ ધરાવતું ધમધમતું બંદર હતું. જેના દક્ષિણ સિંધ અને દક્ષિણ પંજાબ સાથે વ્યાપારી સંબંધો હતા. તે અનેક લોકોને રોજગાર અને રાજ્યને મહેસૂલ પૂરા પાડતું. માંડવી બંદર પૂર્વ પશ્ચિમ અને દક્ષિણ તરફ બધી દિશામાં વ્યાપારમાં વ્યસ્ત હતું. અહીં કુશળ નાવિકો, સારા ખલાસીઓ, સાહસિક સોદાગરો અને સારા કારીગરો મળી રહેતા. **કચ્છમાં બાંધેલા વહાણોની ગુણવત્તા ઊંચી લેખાતી.**

પશુ સંવર્ધનનો વિકાસ પણ સારો હતો અને ઊંટ અને બળદનું પશુધન આ ઉદ્યોગ દ્વારા ખેપમાં મોકલવામાં આવતું. ઘોડાઓ પણ ઉછેરવામાં આવતા. આ સમયના મહત્તમ ગાળામાં રાજકારણમાં શાંતિ હતી અને વ્યવહાર સારો હતો. આ સમયગાળામાં પાટીદાર, આહીર જેવા ખેડૂતો, વણિકો અને કેટલાક કારીગરો પાડોશી સૌરાષ્ટ્ર અને ગુજરાતના

વિસ્તારોમાંથી તો કેટલાક સિંધમાંથી આવી વસ્યા.

આ સમય દરમિયાન લઘુ ઉદ્યોગો અને કલાનો પણ વિકાસ થયો. કચ્છના વતની રામસિંહ માલમને ડચનું વહાણ પકડીને હોલેન્ડ ગયું. ત્યાં તે વિવિધ કલા શીખ્યો. તે મુક્ત થતાં ભારતમાં પરત આવ્યો અને કચ્છનાં રાવે તેને રાજ્યમાં નવી અજમાયશ માટે નોકરી આપી. **તેણે સ્થાનિક કારીગરોને ઘડિયાળકામ, ચાંદીકામ, મીનાકારી, નકશીકામ વગેરે શીખવ્યા. તેણે લોઢાની ભઠ્ઠી અને તોપનું કારખાનું સ્થાપ્યું.** અનુગામી શાસકોની નિષ્ક્રિયતાથી કેટલીક હસ્તકલા નાશ પામી. તેમ છતાં ચાંદીકામ, મીનાકારી, ચિત્રકામ હજુ ચાલુ છે અને રામસિંહના શિષ્યોના સંતાનો શીખે છે.

આ યુગ કચ્છમાં કલા અને સાહિત્યના પ્રોત્સાહન માટે પણ જાણીતો છે. સંગીતને પ્રોત્સાહન આપવામાં આવતું. ઉત્સાહી કવિઓની શિક્ષા અને માર્ગદર્શન માટે 'વ્રજભાષા પાઠશાળા' નામે પાઠશાળા પણ સ્થાપવામાં આવી હતી. **માલમ દ્વારા તે સમયનો બેનમૂન કહી શકાય તેવો અરીસા જડીત ખૂબ સુંદર આઇના મહેલ બનાવવામાં આવ્યો હતો.** સુંદરજી સોદાગર જેવી વ્યક્તિ હિન્દુસ્તાનના અનેક રાજ્યો અને ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે ઘોડાઓનો વેપાર કરતી.

એવું દેખાય છે કે આ સમયના અંતભાગમાં રાજકીય જીવન ડહોળાઈ ગયું. માનસિક અસંતુલિત એક રાજાએ પ્રજા પર જુલમ ગુજાર્યો. પરંતુ પ્રજામાં ખમીર અને હામ હતા. તે સમયમાં અગાઉ ક્યારેય ન બની હોય અને દેશભરમાં અદ્વિતીય એવી ઘટના બની. લોક પ્રતિનિધિઓએ બળવો કરી રાજાને પકડીને કેદ કર્યો અને રાજ્ય વહીવટ ૧૨ વ્યક્તિઓની સમિતિ હસ્તક લેવાયો. કચ્છના ઈતિહાસમાં આ સમિતિ "બારભાયા રાજ્ય" તરીકે ઓળખવામાં આવે છે. પછીથી આ વહીવટ એક વ્યક્તિના હાથમાં આવ્યો. તેના મૃત્યુ પછી રાવના ભાયાતોએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની મદદથી રાવના સગીર પુત્રને ગાદી પર નિયુક્ત કર્યો.

*(ક્રમશઃ)*

*પ્રાપ્તિ સ્ત્રોત :*

*ઘનશ્યામભાઈ ઠક્કર - અમદાવાદ*

## અમેરિકી પ્રમુખના ઠાઠ

અમેરિકામાં પ્રમુખના રાજાશાહી ઠાઠ તમામ પ્રમુખ કરતાં અલગ છે. અમેરિકી પ્રમુખનો પગાર પણ કરોડોમાં જાય છે. પ્રમુખના ઠાઠ આ મુજબ છે.

★ અમેરિકાના પ્રમુખ જ્યાં રહે છે તે વ્હાઈટ હાઉસમાં ૧૩૨ રૂમ રહેલા છે.

★ અમેરિકામાં પ્રમુખપદ પર રહેલી વ્યક્તિનો પગાર ૨.૬૭ કરોડ રૂપિયા વાર્ષિક છે.

★ વ્હાઈટ હાઉસમાં ૩૫ બાથરૂમ અને મૂવી સ્કિનિંગ રૂમ તેમજ બોલિંગ ખેલ પણ છે.

★ વ્હાઈટ હાઉસમાં ૧૮ એકરમાં મેદાન, સ્વીમિંગ પુલ અને બાસ્કેટબોલ કોર્ટ પણ છે.

★ વ્હાઈટ હાઉસમાં બેઝિક સ્ટાફ સહિત ૨૪ કલાક કુકિંગ સ્ટાફ અને ત્રણ રસોડા છે.

★ વ્હાઈટ હાઉસની જાળવણી માટે વર્ષે ૨૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.

★ અમેરિકામાં પ્રમુખપદ પર રહેનારા માટે કેડિલિક કાર છે, જેની કિંમત ત્રણ કરોડ રૂપિયા છે.

★ અમેરિકામાં પ્રમુખપદની કારમાં ૧૨ સેમીની સુરક્ષા સપાટી છે. બ્લડ બેંકની પણ વ્યવસ્થા છે. ટાયર પંક્ચર પ્રૂફ છે.

★ પ્રમુખના સત્તાવાર સ્ટેટ ગેસ્ટ હાઉસ બ્લેયર હાઉસમાં ૧૧૯ રૂમ છે, જ્યારે પણ કોઈ દેશના મહેમાન જાય છે ત્યારે બ્લેયર હાઉસમાં સંબંધિત દેશના ધ્વજને લગાવવામાં આવે છે.

★ બ્લેયર હાઉસમાં બોઈંગ ૭૪૭-૨૦૦ બી જેટ અને ૭૦ યાત્રીઓ અને ૨૬ લોકોના ક્રૂ મેમ્બરો છે.

★ પ્રમુખ સુઈટ, બાથરૂમ, બેડરૂમ અને વર્કઆઉટ રૂમ પણ છે.

★ બ્લેયર હાઉસમાં ટેલિકોમ સેન્ટર પણ છે.

★ કેમ્પ ડેવિડ સુધી પ્રમુખને લઈ જવા માટે મરીન વન હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવે છે.

★ સુરક્ષા પાસાંને ધ્યાનમાં લઈને આ હેલિકોપ્ટરમાં અતિ આધુનિક હથિયારો અને ટેકનોલોજી હોય છે.

*ઈસુ ખ્રિસ્તના જન્મ દિવસે દારૂ અને ભગવાન શ્રીકૃષ્ણના જન્મ દિવસે જુગાર.*
*આ આપણી માનસિક વિકૃતતાના દર્શન કરાવે છે.*

કરન્સી નાબૂદી

# મોદી મેનેજમેન્ટ V/s. યુપીએ
# મેનેજમેન્ટ બાય ગવર્નન્સ વિ. મેનેજમેન્ટ બાય એવોઇડન્સ

• તુલસીદાસ કંસારા •

*દાયકાઓથી આપણી કરન્સી નોટોના છાપકામમાં જે બાંધછોડો કરવામાં આવેલ તે વિશે મળેલ એક ઈ-મેઈલમાંથી અંગ્રેજી મળેલ બ્લોકનો આ લખનારે ગુજરાતીમાં કરેલ ભાવાનુવાદ અહીં શૅર કરેલ છે, જેના પરથી ખ્યાલ આવે છે કે કોઈપણ પક્ષની સરકાર હોય, પરંતુ જો તેનો વડો નિર્ણાયક ન હોય તો દેશને કેટલું નુકસાન થઈ શકે છે અને જ્યારે કોઈ વડો ખરેખર નિર્ણયો લેવાનું શરૂ કરે ત્યારે રાજકીય કારણોસર કે ખાનગી કારણોસર તેનો વિરોધ કરનારાઓ કેટલા ખુલ્લા પડી જતા હોય છે તેનો પણ અંદાજ આ એક્સ-સર્વિસમેન વેલફેરના બ્લોગ પરથી મળે છે.*

"Ex-Serviceman-Blog. (Source : http:/ drishtikone.com/ demonetization-detailed-drama-modi-checkmated-pakistans-devastating-assault/) GavinVN at 9.42 a.m.

***સોમવાર, નવેમ્બર ૨૮, ૨૦૧૬***

**નોટબંધી** : ***મોદીએ કેવી રીતે પાકિસ્તાનના વિધ્વંશક હુમલાઓને મહાત આપી તેની વિગતવાર વાત***

ભારતની મોટી બેંકોના ચેરમેનો અને એમ.ડી.ઓ મિન્ટ સ્ટ્રીટ પર આવેલ ઓફિસના પંદરમા માળે રિઝર્વ બેંકના હેડક્વાર્ટર પર સ્પેશિયલ સેશન માટે સાંજે ૭ વાગે મળી રહેલ હતા. બીજી તરફ, ત્યારે દિલ્હીમાં મોદી સરકારના ઉચ્ચ કક્ષાના કેબિનેટ મિનિસ્ટરો ભારત અને જાપાન વચ્ચેના કરારની ચર્ચા કરવા માટે મળી રહેલ હતા. કોઈપણ બેંકના વડાઓ કે સરકારના મિનિસ્ટરોને ખબર ન હતી કે શું થઈ રહ્યું છે. કેબિનેટ મિટીંગ ૭.૩૦ વાગે પૂરી થઈ અને મિનિસ્ટરોને જણાવવામાં આવ્યું કે પોતાના મિટીંગ હોલમાં જ રહે. ત્યારે બીજી તરફ બેંકરો અર્થતંત્રમાં નોન-પરફોર્મિંગ એસેટ્સની પરિસ્થિતિ વિશે ચર્ચા કરી રહેલ હતા.

આઠ વાગતા સહેજ પહેલાં પી.એમ.ને સાંભળવા માટે એવી સમજણથી ટી.વી. સેટ્સ ઓન કરવામાં આવ્યા કે તેમના ભાષણ પછી મિટીંગ ચાલુ રહેશે. અલબત્ત (તેમને એ ખ્યાલ નહોતો કે) પી.એમ. તરફથી થનાર એનાઉન્સમેન્ટ મોટાભાગના બેંકરોને એવું હચમચાવી નાંખનાર નીકળશે કે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટબંધીથી ઉત્પન્ન થનાર પરિસ્થિતિને સંભાળવા માટે તેમને પોતપોતાની ઓફિસ તરફ દોડવું પડશે.

- **૨૦૦૯-૧૦ "ડે લા રુ" (De La Rue)**

નોટબંધીની વાત ૨૦૧૦ની સાલથી "ડે લા રુ" નામની કંપનીએ ભારતમાં નકલી નોટો માટે ભજવેલ ભાગથી શરૂ થાય છે. ૨૦૦૯-૧૦ની સાલમાં સી.બી.આઈ.એ ભારતમાં ૭૦ જેટલી ભારત - નેપાળના સરહદી વિસ્તારમાં આવેલ બેંકોની શાખાઓ પર ત્રાટકીને તેમની પાસે રહેલી નકલી નોટોની ભાળ મેળવેલ. આ બનાવે બધા જ બુદ્ધિજીવીઓને આંચકો આપેલ. આમ છતાં વધારે તપાસ કરતાં ઈન્ટેલિજન્સ ઓફિસરોને કાંઈક વધારે ભડકાવનારું મળ્યું! આ શાખાઓને મળેલ નકલી નોટો કોઈ સ્મગલર્સ પાસેથી નહીં, પરંતુ આર.બી.આઈ. તરફથી મળેલ હતી! આર.બી.આઈ. દેશની બેંક શાખાઓને નકલી નોટો મોકલાવતી હતી!

જયારે સી.બી.આઈ.એ આર.બી.આઈ.માં તપાસ કરી, તો તેના વોલ્ટમાંથી ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નકલી નોટો નીકળી. દેશની સેન્ટ્રલ બેંકથી કલ્પના બહારનું સમાધાન (બાંધછોડ) થઈ ગયેલ! પાકિસ્તાન જે બનાવટી અને નકલી નોટો ભારતમાં ઘુસાડતું હતું તેની વહેંચણી બીજું કોઈ નહીં પરંતુ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા કરતી હતી!

**ખરેખર સાચા જેવી જ....**

ઓછા જાણીતા યુ.પી. અને બિહારમાંથી પકડાયેલ બનાવટી નોટોના કેસમાં, બચાવપક્ષના વકીલે જવાબ ન વાળી શકાય તેવી દલીલ કરેલી કે તે નકલી છે તેના કયા પુરાવા છે? જયારે આ નોટોને ભારત સરકારની લેબોરેટરીમાં મોકલવામાં આવી ત્યારે તેમણે કહ્યું કે આઈ.એસ.આઈ.ના એજન્ટો પાસેથી પકડવામાં આવેલ નોટો ખરેખર સાચી છે. જયારે આ નોટોને વિદેશની લેબોરેટરીમાં મોકલવામાં આવી ત્યારે તેમને જણાયું કે આ નોટો સાચી નોટોની એટલી નજદીક હતી કે તેને બનાવટી સાબિત કરવી ખૂબ જ મુશ્કેલ પડે. ખરેખર તો, તે સાચી નથી તે સાબિત કરતો નાનોશો તફાવત તેમાં જાણીજોઈને રાખવામાં આવેલ. આવો તો

આ બનાવટી નોટો બનાવનારનો આત્મવિશ્વાસ અને અહંકાર હતો.

સી.બી.આઈ.ને આગળ તપાસ કરતાં જણાયેલ કે આ હરકત "ડે લા રુ"ને ત્યાં થયેલ. તે એ કંપની કે જેમની પાસેથી આર.બી.આઈ. નોટો છાપવાના ૯૫ ટકા કાગળો આયાત કરતી હતી. ખરેખર તો ડેલારુના નફામાં ૩૦ ટકા કરતાં વધારે ફાળો આર.બી.આઈ.ની ખરીદીને કારણે હતો. ત્યારે સરકાર તરફથી ડેલારુને બ્લેક લિસ્ટ કરવામાં આવી અને તે કંપની ૨૦૦૦ મેટ્રિક ટન પેપર ઉપયોગ વગરના પડી રહેતાં લગભગ દેવાળિયા જેવી બની ગઈ. ત્યારે ડેલારુના સી.ઈ.ઓ. જેમ્સ હુસી - રાણી માતાના પોતાના દત્તક દીકરાએ — પેપર ક્વોલિટીનું કારણ આપી રાજીનામું આપેલ જે કારણ માનવાલાયક જ ન હતું!

"અમે તે જાણતા નથી કે શું પેપર વરસાદના ટીપાથી બગડી જાય છે કે પેપર રોલમાં ક્યાંક માત્ર માખી આવી ગયેલ" આવું એક સૂત્રે કહ્યું. "આ ટીપ્પણીએ વધારે શંકા ઊભી કરી."

ડેલારુએ કહ્યું કે ગેરરીતિઓ "ગંભીર" પ્રકારની હતી પરંતુ તેમને વિશ્વાસ હતો કે વાસ્તવિક સુરક્ષા કે પેપરમાં વણી લેવાયેલ સુરક્ષાના ચિહ્નો સાથે કોઈ પણ ગ્રાહક માટે બાંધછોડ થયેલ નથી અને જે ગેરરીતિઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે માત્ર પેપરના સ્પેસીફિકેશન ટેસ્ટને લગતી વ્યવસ્થા બાબતમાં છે.

આ દરમિયાનમાં, ૨૦૧૦માં સુરક્ષાને લગતી બીજી ગંભીર ખામીને ખુલ્લી પાડવામાં આવેલ. સરકારે નોટોની છપાઈ માટે કામ બહાર આપેલ.

- **છેતરપિંડીની હદ :**

સરકારે અજ્ઞાત કારણોસર કોઈની પણ જાણ વગર, રૂપિયા એક લાખ કરોડની ચલણી નોટોનું પ્રિન્ટીંગ યુ.એસ., યુ.કે. અને જર્મનીમાં સોંપેલ! ભારત દેશની આર્થિક સ્વતંત્રતા સંપૂર્ણપણે દાવ પર લગાવેલ!

૧૯૯૭-૯૮માં આર.બી.આઈ.એ એક લાખ કરોડ રૂપિયામાંથી બસ્સો કરોડ નંગ ૧૦૦ રૂપિયાની નોટો તેમજ ૧૬૦ કરોડ નંગ ૫૦૦ રૂપિયાની નોટોનું પ્રિન્ટીંગ યુ.એસ., યુ.કે. અને જર્મનીમાંથી કરાવેલ. કમિટીએ બેંકના કર્તાહર્તાઓની પૂછપરછ કરી જણાવ્યું કે આ માટે આપવામાં આવેલ કારણો વાસ્તવિકતાથી દૂર હતા. આર.બી.આઈ.એ કહેલ કે ગંદી નોટો અને વપરાશલાયક ન રહેલી નોટોના બદલે નવી નોટો છપાવવાનો નિર્ણય લેવામાં આવેલ. પેનલે તારણ કાઢ્યું કે આર.બી.આઈ.ની બેંક નોટો માટેની માંગ અને પુરવઠાના કયાસ કાઢવાની સિસ્ટમ વાસ્તવિક્તાથી દૂર હતી જેને કારણે અછત થયેલ.

જે ત્રણ કંપનીઓ પાસેથી ભારતીય ચલણી નોટો છપાવાયેલ હતી તે અમરિકન બેંકનોટ્સ કાં. (યુ.એસ.એ.), થોમસ ડે લા રુ (યુ.કે.) અને જી.એસ.કે. એન્ડ ડેવરીએન્ટ કોન્સોર્સિયમ (જર્મની) હતી. ૩ નવેમ્બર, ૨૦૧૧ના સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સી.વી.સી.) પાસે 'નામ વગરના મિનિસ્ટ્રી ઑફ ફાઈનાન્સના ઓફિસર્સ' તરીકે સહી કરેલ એક ફરિયાદ આવેલ, જેમાં કહેવામાં આવેલ કે માત્ર ડેલારુ નહીં અન્ય કંપનીઓ — ફ્રેન્ચ ફર્મ આર્જો વિગીન્સ, ક્રેન એબી ઑફ યુ.એસ.એ. અને લુઈસેન્થાલ - જર્મની તરફથી પણ સુરક્ષા સાથે ચેડાં કરવામાં આવેલ છે.

- **છુપાવાયેલ માહિતીઓ :**

સૌથી વધારે ચિંતાજનક બાબત તો તે હતી કે આ ચલણી નોટોના પેપરના સુરક્ષા ચિહ્નો સાથે વિવિધ સમયે ચેડાં કરાવાની માહિતી ભારત સરકારના હોમ અને ફાઈનાન્સ મિનિસ્ટ્રીથી છુપાવવામાં આવેલ હતી.

ડેલારુમાં જણાયેલ ગુણવત્તાની ખામી પછી સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૧૦ના ભારતીય રિઝર્વ બેંક નોટ મુદ્રણ પ્રા.લિ. (BRBNMPL) જે ચલણી નોટોના કોન્ટ્રાક્ટ રિઝર્વ બેંક વતી કરે છે, તેમણે ડાયરેક્ટોરેટ ઑફ કરન્સી, મિનિસ્ટ્રી ઑફ ફાઈનાન્સને લખ્યું કે ક્રેન એબી ઑફ યુ.એસ.એ. અને લુઈસેન્થાલ, જર્મની તરફથી મોકલાવવામાં આવેલ ચલણી નોટો હોશંગાબાદ ખાતે કરવામાં આવેલ ટેસ્ટમાં ઉણી ઉતરેલ છે પરંતુ સપ્લાયની ફોરેન લેબોરેટરીમાં રી-ટેસ્ટ કરતાં બરોબર જણાયેલ છે. આ ફરિયાદમાં જણાવાયેલ છે કે "BRBNMPL"એ તેમના ૩જી નવેમ્બર, ૨૦૧૦ના પત્રમાં ફ્રેન્ચ ફર્મ આર્જો વિગીન્સે સપ્લાય કરેલ પેપર પર હોશંગાબાદમાં કરવામાં આવેલ ટેસ્ટમાં તે ઉણી ઉતરેલ તે બાબત ફાઈનાન્સ મિનિસ્ટ્રીથી છુપાવેલ."

- **મોદી સરકાર :**

**૨૦૧૫માં મોદીએ નકલી નોટોની છાનબીન માટે યુ.એસ.ની મદદ માંગી ત્યારે ખબર પડી કે જર્મનીની કંપની લુઇસેન્થાલ પણ આ નોટોનો કાચો માલ પાકિસ્તાનને વેચતી હતી. જે કારણે તે કંપની પર પણ પાબંદી લગાવવામાં આવી.**

ઉચ્ચ ગુણવત્તા ધરાવતી નકલી ઇન્ડિયન કરન્સી નોટો પાકિસ્તાનમાં છપાતી હતી તેના એક સિનિયર

ઓફિસરના જણાવ્યા પ્રમાણે તેમની પાસે પુરાવા હતા. અને આ નોટો બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાલ તેમજ વિયેટનામ થઈ ભારતમાં ઘુસાડવામાં આવતી હતી. અને આનું કારણ માત્ર કોમન સપ્લાયર જ હોય. આવી રીતે ભારતીય ચલણ સામે આર.બી.આઈ., હોમ મિનિસ્ટ્રી, ફાઈનાન્સ મિનિસ્ટ્રી તેમજ ઈન્ડિયન અને ફોરેન પ્રિન્ટીંગ પ્રેસો, દરેક જગ્યાએ બાંધછોડ કરવામાં આવેલ. **સૌથી ખરાબ બાબત તો તે હતી કે આપણી કરન્સી નોટોનું ટોટલ ઉત્પાદન એવા અનૈતિક બળોના હાથમાં સોંપવામાં આવેલ કે જેઓ ખુશીથી તે જ કાગળો પાકિસ્તાનને પણ વેચતા હતા અને પાકિસ્તાન હુંકાર કરીને રાજીખુશીથી આપણા દેશમાં અંધાધૂંધી ફેલાવતું હતું.**

- **પાકિસ્તાન કેવી રીતે ચેક-મેટ થયું?**

પાકિસ્તાનમાં ભારતીય કરન્સી પેપરની બિનઅવરોધ આવકે તેની સરકારને નકલી નોટો છાપવા માટે પાંચ પ્રિન્ટીંગ પ્રેસો શરૂ કરવા પ્રોત્સાહન આપ્યું. જે નેપાળ અને બાંગ્લાદેશના રસ્તે (ઘણી વખત તો પાકિસ્તાન એરલાઈન્સ દ્વારા) ભારતમાં સ્મગલ કરવામાં આવતી. જે વાયા યુ.પી. અને બિહાર (નેપાળ બોર્ડર), વાયા વેસ્ટ બેંગાલના માલ્દા (બાંગ્લાદેશમાંથી), વાયા રાજસ્થાન બોર્ડર, પંજાબ બોર્ડર અને વાયા ચેન્નાઇ અને બંગ્લોર – દરિયાઈ રસ્તે ગલ્ફમાંથી, ઘુસાડવામાં આવતી. આમ, પાકિસ્તાન જે.એન.યુ. અને જાદવપુર જેવા વિદ્યાર્થી સંગઠનો તેમજ રાજકીય પક્ષોને (ચૂંટણીમાં પોતાની વગ વધારવા) ફન્ડિંગ કરતું.

- **ઝઝુમી રહેલ હુમલો :**

જે ઝનુનપૂર્વક મોદી સરકારે પાકિસ્તાનની વિરુદ્ધ કાર્ય કરેલ અને સર્જિકલ સ્ટ્રાઇક કરેલ તેને કારણે પાકિસ્તાને આવા હુમલા ફરી ન કરવા માટે દયાની ભીખ માંગવી પડેલ છે.

- **પાકિસ્તાનને મોટો હુમલો કરવા માટે બીજી ફ્રન્ટ ખોલવી હતી!**

**જાણીતા સિક્યોરીટી અને ડિફેન્સ વિશ્લેષક જનરલ જી.ડી. બક્ષીના જણાવ્યા પ્રમાણે ૧૬ ટ્રીલિયન જેટલી ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની કરન્સી નોટો સરક્યુલેશનમાં હતી (જે કુલ કરન્સીના ૯૬ ટકા થવા જાય છે). પાકિસ્તાને આવી ૧૫ ટ્રીલિયન નોટો ભારતમાં ઘુસાડવા માટે છાપી રાખી હતી. જેથી ભારતનું અર્થતંત્ર સંપૂર્ણપણે ખોરવાઈ જાય.** જેને જનરલ બક્ષી ''ઇકોનોમિક પર્લ હાર્બર'' કહે છે! આવું થાત તો તે ભારતને ભયંકર આતંક અને અકલ્પનીય ફુગાવા અને મોંઘવારી તરફ દોરી જાત. જેના કારણે લોકો અનેક રીતે પરેશાન થઈ જાત. ૮મી નવેમ્બરની રાત્રિએ આમ કેબિનેટ મિનિસ્ટરો અને બેંકરો પ્રાઇમ મિનિસ્ટર મોદીના નોટબંધીના એનાઉન્સમેન્ટ – જે એક અત્યંત ખાનગી પગલું હતું – થી ચોંકી ગયેલ અને આમ પાકિસ્તાન અને તેના નેટવર્કને બચાવવાના પ્રયત્નોને પરાસ્ત કરવામાં આવ્યા.

- **પાકિસ્તાન ચેકમેટ થયું :**

અત્યારે તમે જેમને એકજુથ થઈ અને નોટબંધી વિરુદ્ધ લોકમત ઊભો કરવા પાર્લામેન્ટ અને તેની બહાર લડાઈ કરતા જોઈ રહ્યા છો તેમને ચોક્કસપણે ખબર છે કે આ પગલા માટે કેવું આયોજન થઈ રહ્યું હતું. આમ છતાં પણ જો તેઓ મોદી સરકારના આ પગલા સામે લડવાનું ચાલુ રાખે તો તમારે જાણવું પડે કે ભારતના ભવિષ્યના અસ્તિત્વ માટે તેઓ કઈ ટીમ તરફની લડાઈ લડી રહેલ છે! અને આ સંદર્ભમાં જેવી રીતે આર.બી.આઈ., હોમ અને ફાઈનાન્સ મિનિસ્ટ્રી તેમજ બેંકોએ વરસો સુધી બાંધછોડ કરેલ, તે જોતાં કોઈપણ એમ સમજી શકે છે કે આમાં અત્યંત ગોપનીયતા અને ત્વરીત પગલાં – જેને વિવેચકો વક્રદૃષ્ટિએ ''Knee Jerk = ઘુંટણનો ઝટકો'' તેમજ બિન આયોજિત સરકારી પગલું કહે છે તે જરૂરી હતા.''

★

*ઉપરનો ઈ-મેઈલ વાંચ્યા બાદ મને તુરત જ તેને ટાઈટલ આપવાનું મન થયું અને તે રીતે મેં શરૂઆતમાં લખ્યું મોદી મેનેજમેન્ટ V/s. યુપીએ (મેનેજમેન્ટ બાય ગવર્નન્સ વિ. મેનેજમેન્ટ બાય એવોઇડન્સ) જેમાં અત્યારની મોદી સરકાર જે રીતે રાજ્ય વ્યવસ્થા સંભાળી રહેલ છે, ગવર્નન્સ કરી રહેલ છે તે એક મેનેજમેન્ટ ભણેલ બાહોશ સી.ઈ.ઓ. જેવી જણાય છે જ્યારે તે પહેલાં અમુક કામો ના કરવા, માત્ર લોકપ્રિય કામો જ કરવા અથવા ગોઠવણો કરીને કામો કેમ ના કરવા તે જાતની મેનેજમેન્ટ હતી, જેને મેનેજમેન્ટ બાય એવોઇડન્સ કહેવાય.*

***હાલ ફિલાડેલ્ફિયા, યુ.એસ.એ.***

---

### ☺ વાહ ઇન્ડિયા ☺

શું દશા છે આપણા દેશની...

ફૂલનદેવી ડાકુ હોવા છતાં ચૂંટણી જીતી ગઈ અને કિરણ બેદી પોલીસવાળી હોવા છતાં હારી ગઈ!

યે હે મેરા ઇન્ડિયા!

કરન્સી નાબૂદી

# નોટબંધી : સામાન્ય માનવીની નજરે

• મગનલાલ સંઘવી •

નોટબંધીના અભિયાનને ૫૦ દિવસ પૂરા થવા આવ્યા. આ સમય દરમિયાન કેટલાય તજજ્ઞો (Experts) અર્થશાસ્ત્રીઓ, રાજનેતાઓ વગેરેના અભિપ્રાયો દૈનિકો, સામયિકો, ટી.વી. ચેનલો વગેરેમાં આવી ગયા. સૌએ પોતપોતાની માન્યતાઓ મુજબ અભિપ્રાયો આપ્યા. સકારાત્મક અભિપ્રાયો આપનારાઓએ ઘણા "પણ" રાખ્યા. અન્યોએ તરેહ તરેહના વાંધાઓ રજૂ કર્યા અને પ્રજાને પડનારી અનેકવિધ પરેશાનીઓની વકીલાત કરી.

પણ હકીકત એ છે કે આ બધાએ અભિપ્રાયો આપ્યા તેઓએ પોતપોતાના આરસ મહેલ (આઈવરી ટાવર્સ)માં બેસીને આપ્યા છે. કોઈ સામાન્ય માનવીઓને, (બિચારા) ગામડાંના ગરીબોને, ખેડૂતોને પૂછવા નથી ગયા કે "ભાઈ, તમે શું કહો છો?" મહદ્ અંશે છાપા, ટી.વી.ની ચેનલો અને રાજનેતાઓની વાતો ઉપર આધાર રહ્યો લાગે છે. અલબત્ત, આ વચ્ચે ઘણા સમતોલ અને વિચારણીય અભિપ્રાયો પણ મળ્યા છે.

તો હવે પછી આ એક એવા સામાન્ય નાગરિકનો અભિપ્રાય છે, જેની આગળ-પાછળ કોઈ ઉપાધિ (ડિગ્રી, ક્વોલીફીકેશન) નથી **અને આ નાગરિક આ પૂરા અભિયાનની તરફેણમાં છે.**

*આના વિરોધમાં થતી દલીલો જોઈએ :*

**૧. કોઈપણ જાતની પૂર્વતૈયારી અને હોમવર્ક કર્યા વગર લેવાયેલ ઉતાવળિયું પગલું :**

રાજકીય નેતાઓ તો ગમે તેમ કહે, પણ કેટલાક તજજ્ઞો પણ આમ કહે તે આશ્ચર્ય થાય છે. શું મોદી અને નાણા ખાતાનાં અધિકારીઓ એટલા મૂર્ખ હોઈ શકે? જાહેર થઈ ચૂક્યું છે કે મહિનાઓની તૈયારી હતી. ૨૦૦૦/-ની નોટ ચલણમાં મૂકવી એ જ પહેલું પગથિયું હતું. ૨૦૦૦ની નોટની કોઈ જરૂર ન હતી, પણ એ જ છાપવી પડે, એ જ મોટી સંખ્યામાં છાપી શકાય, રદ થયેલ નોટોના બદલે આપી શકાય. જો ૫૦૦-૧૦૦૦ની નોટો, જે પૂરતા પ્રમાણમાં ચલણમાં છે એ મોટા પ્રમાણમાં તદ્દન નવી છપાય તો લોકોને ગંધ આવી જ જાય કે નોટો રદ થવાની શક્યતા છે અને બધું સગેવગે થઈ જાય. ગોપનીયતા જ જરૂરી હતી.

**૨. સામાન્ય માણસો, નાના વેપારીઓ, મજૂરોની રોજીરોટીનો વિચાર જ ન કર્યો**

એ બધાને હેરાનગતિ થશે એ સમજીને જ ૫૦ દિવસની મુદત માંગી. દેશની લગભગ ૮૫% કરન્સી રદ થાય અને જરાય તકલીફ ન થાય એ અશક્ય છે. વેપારધંધા પણ શરૂના ૨-૩ દિવસ બાદ કરતાં ચાલ્યા જ છે. નાના વેપારીઓને સમજાઈ ગયું હતું કે આપણને ડરવાની કોઈ જરૂર નથી. જે છે એનાથી તેઓએ કામ ચલાવ્યું હતું. મળી એટલી નવી અને બાકી જૂની નોટોથી વેપારધંધા ૧|-૧|| મહિના ચાલ્યા છે. જે થોડીઘણી નોટો રહે તે ૩૦-૧૨-૨૦૧૬ સુધી જમા થવાની જ હતી. રોજી કેટલાકની થોડા દિવસ ગઈ હશે તો ઘણાને નવી રોજી પણ મળી હતી!

**૩. આ ચૂંટણીલક્ષી પગલું છે**

દરેક રાજકીય પક્ષ ચૂંટણીમાં વિજય મેળવવા આયોજન કરે. એમાં નવું શું? પણ મોદીનું આ સાહસ અવળું પડે તો તેને અને પાર્ટીને ભારે પણ પડી શકે. તેણે આ જુગાર આમપ્રજા ઉપર વિશ્વાસ રાખીને ખેલ્યો છે. આત્મવિશ્વાસથી ભરપૂર વ્યક્તિ જ આવું કરી શકે. આમ પણ મોદીના દુશ્મનો ઓછા નથી. આ પગલાંથી એમાં વધારો જ થશે એવું જાણવા છતાં તેણે બતાવેલ હિંમત માટે તો ધન્યવાદ આપવા જ રહ્યા.

**૪. બેંકોએ પાછલા બારણેથી નોટો બદલી. કાળા નાણાંવાળા તથા રાજકારણીઓ, ભ્રષ્ટાચારીઓ લાઈનમાં દેખાયા નહીં**

બેંકોમાં ગેરરીતિઓ થઈ. આટલા મોટા દેશમાં બધું જ સમુસૂતરું ઉતરે એવું કેમ બને? પણ ગમે તે રીતે નવી નોટો બદલવાથી નાણું સફેદ થોડું થવાનું? ટેકનોલોજીના જમાનામાં ક્યાં કેટલી નોટો બદલાઈ એ જાણવું અઘરું નથી. આમ આદમીની તકલીફ નજરે દેખાઈ. આ લોકોની દેખાઈ નહીં. કલ્પના કરવી અઘરી નથી! તેઓના ઘરોમાં રાતોરાત ૮-૧૧-૨૦૧૬ બાદ ભૂકંપ આવ્યો હશે. રાતોરાત સૂટકેસો ભરીને ઝવેરીઓને ત્યાં બમણા ભાવે સોનું ખરીદ્યું. બેંકોના ભ્રષ્ટ અધિકારીઓને ફોડાયા. સગાઓના, નોકરોના, ગ્રામવાસીઓના અને ખેડૂતોના ખાલી જન-ધન બેંક ખાતાઓમાં ધનવર્ષા થઈ ગઈ! તેઓની રાતોની નીંદર હરામ થઈ ગઈ હશે, જ્યારે આમ

આદમી દિવસે લાઈનોમાં તપીને પણ રાત્રે આરામથી સૂતો હશે. ભવિષ્યમાં લેનારા પગલાં જો યોગ્ય રીતે લેવાશે (શરૂઆત થઈ જ ગઈ છે) તો આ લોકો ભાગ્યે જ છટકી શકશે.

**૫. સરકારનું આ પગલું નિષ્ફળ ગયું છે, અથવા નિષ્ફળ જવાનું છે**

૫૦ દિવસ પણ પૂરા થયા પહેલા જ આખરી અભિપ્રાયો આવી ગયા! ક્યાંક તજજ્ઞો દ્વારા પણ આવું હાડોહાડ નકારાત્મક વલણ અપનાવાયું છે. કાળું નાણું બંધ નહીં થાય, ભ્રષ્ટાચાર, નક્સલીઓ, આતંવાદીઓને નાણાં બંધ નહીં થાય. આવી વાતોમાં અત્યારથી જ ચુકાદો આપવાની ઉતાવળ? સરકાર જાણે છે કે કાળું નાણું માત્ર નોટોમાં જ નથી. આગળ ઉપર શું પગલાં લેવાના છે એ પણ જાહેર થઈ ચૂક્યું છે. માત્ર ૨ મહિનામાં જ આવડું મોટું અભિયાન પૂરું ન થાય એટલી સમજણ, ધીરજ તો હોવી જ જોઈએ. જો આગળ યોગ્ય પગલાં લેવાય તો પણ પરિણામ આવતાં મહિનાઓ લાગી શકે છે.

**૬. મગરમચ્છોને પકડવા માછલીઓ મારી નાખી!**

કોઈ મરી નથી! તકલીફ જરૂર પડી છે, પણ મગરમચ્છોથી જો છુટકારો મળતો હોય તો માછલીઓ તકલીફ સહન કરવા તૈયાર હોય. એમાં કોઈને શું વાંધો હોઈ શકે?

**૭. કેશલેસ વ્યવસ્થા નોટબંધીની નિષ્ફળતાને ઢાંકવાનું પગલું**

નોટબંધીની નિષ્ફળતા તો ૧।। માસમાં જ નક્કી કરી લીધી અને કેશલેસ પણ નિષ્ફળ જશે એ નક્કી એમ વિરોધ પક્ષોએ આગાહી પણ કરી દીધી!

આવા વિશાળ દેશના દુર્ગમ વિસ્તારોમાં, વીજળીની અછતવાળા વિસ્તારોમાં સમય લાગી શકે. બાકી ગ્રામ્ય વિસ્તારોમાં શૌચાલય નથી ત્યાં પણ મોબાઈલ પહોંચી ગયા છે. ૯૦ કરોડ મોબાઈલ ભારતમાં છે, વપરાતા જ હશે. શોભાના નહીં હોય. સગવડ થયે કેશલેસ અપનાવતાં વખત નહીં લાગે. એ લોકો અભણ કે અર્ધઅભણ હશે પણ ભોટ નથી. અને કેશલેસના પ્રચાર માટે આ સૌથી અનુકૂળ સમય છે. એનો લાભ લેવાય એ સારું જ છે, લેવો જ જોઈએ. જુદા જુદા બહાનાઓ કાઢીને કંઈ જ ન કરવું? ક્યારેક - કોઈકે તો શરૂઆત કરવી પડે, જે યોગ્ય સમયે થઈ છે.

સરકારના આ અભિયાન ઉપર મોટાભાગના વિરોધ પક્ષોએ આમ પ્રજાને લઈને કેવા કેવા આક્ષેપો કર્યા છે. આખા દેશને બેંકોની લાઈનમાં ઊભો કર્યો. ભયનું સામ્રાજ્ય ફેલાવ્યું. લોકોને ભિખારી બનાવી દીધા. વેપાર ધંધા ઠપ્પ થઈ ગયા. મજૂરોની રોજી છીનવાઈ ગઈ. લગ્નો અટકી પડ્યા વિ. અને છેલ્લે મમતા દીદીએ હદ કરી નાખી – ''લોકો ભૂખ્યા છે, રોટી નથી.'' બોલો!

પણ હજુ સુધી આ લોકોને અને મોદી વિરોધીઓને એ નથી સમજાયું કે આમ આદમીએ તકલીફની ફરિયાદ કરી છે, પણ આટ આટલો ત્રાસ (તેઓની દૃષ્ટિએ) ભોગવ્યા છતાં શાંત કેમ બેઠો છે? આંદોલનો નથી થયા, વિરોધ સરઘસો નથી નીકળ્યા, રસ્તા નથી રોકાયા... કેમ?

સમજે તો જવાબ સ્પષ્ટ છે. આમ આદમીને ભારતના નાણાંકીય ઈતિહાસમાં લેવાયેલ આ અભૂતપૂર્વ પગલાંની કદર છે. દાયકાઓથી જે નથી થયું તે થઈ રહ્યું છે તેમાંથી કંઈક સારું જ થશે એવી શ્રધ્ધા અને ધીરજ છે. એ માટે એ સમય આપવા અને થોડી ઘણી તકલીફ ભોગવવા તૈયાર છે. કાળા વાદળોમાં તેને સોનેરી કોર દેખાઈ છે.

દેશ પરિવર્તનના ત્રિભેટે ઊભો છે. કેટલી સફળતા મળશે એ ભવિષ્યની વાત છે, પણ પરિવર્તનની શરૂઆત કરવાનો યશ મોદીની સરકારને મળશે એ બાબત કોઈના પેટમાં દુઃખતું હોય તો એનો ઈલાજ શું?

અને છેલ્લે, આ પગલાંની સફળતા કે નિષ્ફળતા, જે કંઈ પરિણામ આવે, એમાં સરકાર સાથે પ્રજાનો પણ પૂરો હિસ્સો હશે. એકલી સરકાર પ્રજાના ટેકા વગર કંઈ ન કરી શકે અને પ્રજાની પૂરો સહકાર આપવાની તૈયારી દેખાય જ છે. કોઈને ન દેખાતી હોય તો તે તેઓનો દૃષ્ટિદોષ છે.

*ત્રિવેણી, એચ.પી. પેટ્રોલ પંપ પાસે,*
*જજીસ બંગલા ક્રોસ રોડ, બોડકદેવ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

*પતિ (ગુસ્સામાં) :* તુ નાથુરામ ગોડસેની કોઈ સગી છે?
*પત્ની :* કેમ?
*પતિ :* નહીં, શું છે કે તું મારા ખિસ્સામાંથી શોધી શોધીને ગાંધીજીને ખતમ કરી રહી છે! ☺

**સ્વાઇપ મશીન**

દેશમાં અત્યારે ૨ કરોડ કાર્ડ સ્વાઈપ મશીનની જરૂર છે કે જ્યારે વાસ્તવમાં આવા માત્ર ૧૪ લાખ મશીનો જ ઉપલબ્ધ છે.

વિચાર વિમર્શ

# સ્વીસ બેંકોના કાળાં નાણાં અંગે રમત રમાઈ રહી છે?

• ડૉ. યાસીન દલાલ •

ભારતીય જનતા પક્ષે ચૂંટણી પ્રચાર દરમ્યાન વારંવાર એવી હાકલ કરી હતી કે અમે સત્તા પર આવશું તો તરત સ્વીસ બેંકોમાં પડેલું કાળું નાણું પાછું લઈ આવશું. શ્રી મોદીએ આ માટે ૧૦૦ દિવસની મહેતલ પણ આપી હતી. મુંબઈમાં શ્રી રાજનાથ સિંઘે પણ આવું જ વચન આપેલું. ભાજપની નિકટના ગણાતા સ્વામીજીએ તો ગણતરી કરીને કહ્યું હતું કે આ બધું કાળું નાણું પાછું આવશે તો **એક એક ઘરના ખાતામાં પંદર લાખ રૂપિયા જમા થશે અને ત્રીસ વરસ સુધી આખા દેશમાં કરવેરા નાંખવા જ નહીં પડે.**

હવે નવી સરકારને સત્તારૂઢ થયે સારો એવો સમય વીતી ગયો છે ત્યારે આજની એનડીએ સરકાર પણ ભૂતકાળની યુપીએ સરકારની જેમ બહાનાબાજી કરી રહી છે. પહેલા તો નાણાપ્રધાન શ્રી જેટલીએ કહ્યું કે જર્મની અને ફ્રાંસ સાથેના કરાર મુજબ કાળાં નાણાં ધરાવનારના નામ જાહેર થઈ શકે એમ નથી. ભૂતકાળમાં કોંગ્રેસે પણ આમ જ કરેલું અને ત્યારે ભાજપે એની આકરી ટીકા કરેલી. હવે આજનો ઝઘડો સુપ્રીમ કોર્ટમાં છે. **સુપ્રીમ કોર્ટે એમને ઉધડો લીધો અને પૂછ્યું કે તમે પણ અગાઉની સરકારની જેમ કાળાં નાણાં ધરાવનારને છાવરી રહ્યા છો. એણે ૨૪ કલાકમાં બધા નામ રજૂ કરવાની મહેતલ આપી. અંતે બીજે જ દિવસે ૬૨૭ નામોની યાદી બંધ કવરમાં સુપ્રીમ કોર્ટને સોંપી દેવાઈ.** બિનસત્તાવાર રીતે જાણવા મળે છે કે આમાંથી અડધા નામ તો કાયદેસર ખાતા ધરાવનારનાં છે. **સ્વીટ્ઝર્લેન્ડના નિયમ મુજબ ત્યાં કાળાં નાણાં અને ધોળા નાણાંનો ભેદ જ નથી.** પરિણામે આ આખી સમસ્યા અર્થહીન થઈ જાય છે.

ઉપરાંત બીજા સત્તાવાર સમાચાર મળ્યા કે ૨૦૦૬ અને ૨૦૧૩ માં મોટાભાગના નાણાં ઉપડી ગયા છે. ૨૦૦૬ માં કુલ નાણું માત્ર રૂપિયા છ હજાર કરોડ હતું અને ૨૦૧૩ માં ૧૪ હજાર કરોડ હતું. આ રકમ બિલકુલ મામૂલી છે. પરિણામે 'ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર' જેવો ઘાટ થવાનો છે. શ્રી સુબ્રહ્મણ્યમ સ્વામી જેઓ ભાજપના સભ્ય છે એમણે પણ આ અંગે સરકારની ટીકા કરી છે અને બીજા અગ્રણી શ્રી રામ જેઠમલાણીએ મોદીને શેઠની ઉપમા આપી છે. આમ આ મામલે કેન્દ્રની ભાજપ સરકાર બરાબર ભીંસમાં મૂકાઈ છે. સુપ્રીમ કોર્ટે આ બધા નામો અંગે ત્રણ મહિનામાં તપાસ પૂરી કરવા જણાવ્યું છે પણ એ પૂરી થાય કે નહીં, મૂળ મુદ્દો સ્વીસ બેંકમાંથી કાળાં નાણાં પાછા લાવવાનો છે.

છેલ્લા એક દાયકાથી આ મુદ્દો ગાજે છે. યુ.પી.એ. સરકારે પણ એમ કહ્યું હતું કે જ્યાં સુધી ભારત અને બીજા દેશો વચ્ચે સંધિ છે ત્યાં સુધી આ અંગે આગળ વધી શકાય નહીં. એને માટે આ બધા દેશો સાથે નવેસરથી કરાર કરવા પડે. જેમાં સમય લાગે એમ છે. દરમિયાન જે ત્રણ નામો જાહેર થયા એમાંનું એક નામ ડાબરના ચેરમેનનું હતું. એમણે રદિયો આપી દીધો અને કહ્યું કે મેં એ ખાતું એનઆરઆઈ તરીકે કાયદેસર ખોલાવ્યું હતું. બીજું નામ રાજકોટના પંકજભાઈ લોઢારી નામના સોનીનું છે. એમણે પણ રદિયો આપીને કહ્યું હતું કે મારું આવું કોઈ ખાતું નથી. અલબત્ત દુબઈ સ્થિત પોતાના સગા મારફત હવાલા વ્યવહાર ચલાવે છે. ત્રીજું નામ ગોવાના એક મહિલાનું છે. એમણે પણ રદિયો આપીને કહ્યું કે મને લગતા સમાચાર તદ્દન ખોટા છે.

મૂળ વાત કરચોરીની છે. ભાજપને અને રામદાસને આ મુદ્દો પ્રચાર માટે મળી ગયો અને એમણે એનો પૂરો ઉપયોગ કરી લીધો. પણ હવે એમ લાગે છે કે એમને પણ થૂંકેલું ગળવું પડશે. સ્વીસ બેંકોમાં વરસોથી કાળું નાણું સંઘરાય છે. **આવો બીજો દેશ મોરેશિયસ છે.** ત્યાં પણ દુનિયાભરના લોકોનું કાળું નાણું પડેલું હોવાની માન્યતા છે. પણ સ્વીસ બેંકો ખાતેદારોને ગુપ્તતાની ગેરંટી આપે છે. તાજેતરમાં આ બેંકોએ નામ જાહેર કરવાની ખાત્રી આપી હતી પણ એ હમણાંનાં નામોની હતી. જૂના નામોને લગતી ખાત્રી કોઈ આપી શકે નહીં. વળી સ્વીસ બેંકોની શાખાઓ ભારતમાં પણ છે પણ એમની પાસેથી કોઈ માહિતી મળી શકે એમ નથી. આ બધા દેશો 'ટેક્સ હેવન' કહેવાય છે. ભૂતકાળમાં આપણા વિદેશમંત્રી શ્રી માધવસિંહ સોલંકી પણ કેન્દ્ર સરકારની એક ચીઠ્ઠી સ્વીસ એલચી કચેરીને આપતા પકડાઈ ગયા હતા. એ ચીઠ્ઠી કાળાં નાણાંને લગતી જ હશે. આમ પ્રશ્ન અટપટો અને પેચીદો છે એનું સરલીકરણ કરવાથી કાંઈ વળે એમ નથી. આ કાંઈ બોફોર્સકાંડ નથી કે જેની એક પછી એક વિગતો બહાર આવી ગઈ હોય.

**ભૂતપૂર્વ કાનૂન પ્રધાન વિરપ્પા મોઈલીએ એક નવું સૂચન કર્યું છે. એમણે કહ્યું છે કે કાળાં નાણાંને રોકવા માટે હવાલા કારોબારને કાનૂની બનાવવો જોઈએ.** એમનું માનવું છે કે અત્યારે હવાલા કારોબાર ગેરકાનૂની છે અને આ કાનૂનનાં ભંગ બદલ ભૂતકાળમાં અનેક નેતાઓ જેલમાં પણ જઈ આવ્યા છે. તેઓ હાલ નાણાંખાતાની સંસદની સ્થાયી સમિતિનાં અધ્યક્ષ છે એની બેઠકમાં મહેસૂલ સચિવ શ્રી શશીકાંત દાસ અને મહેસૂલ વિભાગના અન્ય અધિકારીઓને મોઈલીએ આ સૂચન કર્યું હતું. એમણે કહ્યું તેમ કે હવાલાને કાયદેસર બનાવવાથી સરકારને એનાથી આવક પણ થશે અને એ પણ જાણી શકાશે કે આ કારોબાર કોણ કરે છે. સચિવોએ આ અંગે લીધેલા પગલાંની માહિતી આપી હતી.

સરકારે આ અંગે ત્રણ સમિતિઓની રચના કરી છે. આ ત્રણેય સમિતિઓએ પોતાના અહેવાલ આપી દીધા છે પણ એ બધા અહેવાલ પરસ્પર વિરોધાભાસી છે એટલે આ અંગે કોઈ ચોક્કસ આંકડો મળતો નથી. સચિવોએ કહ્યું હતું કે કર નહીં ભરનારની સાથે જમીન અને સોનું ખરીદનાર ઉપર પણ નજર રખાઈ રહી છે. આ રકમ ૭૦ હજાર કરોડની છે કે ૧૩૦ લાખ કરોડની છે તેવો અંદાજ લગાવવામાં આવે છે. જીનીવાની એચએસબીસી બેંકમાં કામ કરનાર ફ્રાંસના એક નાગરિકે પોતાની બેંકમાં નાણાં જમા કરનાર વ્યક્તિઓ તથા કંપનીઓના નામો અને બીજી વિગતો ચોરી લીધી. આ વિગતમાં ભારત ઉપરાંત બીજા ઘણા દેશોના નાગરિકોના નામ છે. આ વ્યક્તિ સામે સ્વીસ સરકારે ફ્રાંસને કાનૂની કાર્યવાહી કરવાની સૂચના આપી. ફ્રાંસની સરકારે એની પાસેથી વિગતો મેળવી. આ ચોરેલી વિગતો ૨૦૦૬ સુધીની જ છે. એ પણ ચોરેલી છે. એના કોઈ સચોટ પુરાવા નથી. ભારતના આવકવેરા ખાતાએ ૨૦૧૧ માં આવી વ્યક્તિઓ ઉપર દરોડા પાડ્યા અને સર્વે કર્યું પણ એમાં પણ કોઈ મહત્ત્વના દસ્તાવેજ કે પુરાવા મળ્યા નથી. અમુક નાગરિકોને એમણે આ રકમ સ્વીસ બેંકમાં જમા કરાવી છે એમ ગણીને એટલો આવકવેરો ભરવાના આદેશ આપ્યા. પણ એ નાગરિકો એની સામે કોર્ટમાં ગયા. ટેકનિકલી આમાં કાનૂની અનેક ગૂંચ છે. ઉપરાંત ૨૦૦૬ પછીની વિગતોનું શું એ પણ મહાપ્રશ્ન છે. સ્વીસ બેંકોએ એની વિગતો આપવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે. વિદેશી સરકારોની શરત છે કે આ માટે તમામ દેશોએ એકાઉન્ટ ટેક્સના મુસદ્દા ઉપર સહી કરી હોવી જોઈએ. આ અંગે વાટાઘાટો ચાલી રહી છે. એક શરત એવી છે કે જે તે વ્યક્તિની સામે તપાસ થાય અને કાનૂની કાર્યવાહી શરૂ થાય તો જ નામ આપી શકાય.

આપણા દેશમાં કોઈ વ્યક્તિની સામે કાનૂની કાર્યવાહી કરવી હોય તો વરસો વીતી જાય છે. નામો જાહેર કરવા ઉપરાંત બીજી કેટલીક વિગતો પણ આમાં હશે જ. એ બધા પૈસા આવી જાય તો સરકાર એનું શું કરશે એ એનો નિર્ણય અત્યારે કેવી રીતે લઈ શકે?

આપણો નિયમ એવો છે કે જે રકમ ૧૬ વરસ પહેલા જમા થઈ હોય એની ઉપર આવકવેરો લાગે જ નહીં. અલબત્ત એના વ્યાજ ઉપર વેરો લાગે. સ્વીસ બેંકોમાં જે નાણું જમા છે એ વરસો જૂનું છે. જર્મનીના એલજીટી બેંકે ૧૮ ભારતીયોના નામો આપ્યા છે. આ નામ સરકારે જાહેર કર્યા ત્યારે જર્મનીની સરકારે એનો વિરોધ કરેલો. **ખરેખર જુદા જુદા દેશોએ એવા કરાર કરવા જોઈએ કે જેથી આ અંગેની માહિતીનું પરસ્પર આદાનપ્રદાન થઈ શકે.** હમણાં જી-૨૦ના દેશોએ આનું માળખું તૈયાર કરેલું. પણ પ્રશ્ન એ છે કે શું બધા દેશો ગુપ્તતાની શરત હટાવવા તૈયાર થશે? ૨૦૧૭ સુધીમાં આવા કરાર થાય તેવી શક્યતા છે પણ પ્રશ્ન જટીલ છે અને આંતરરાષ્ટ્રીય છે. બીજો પ્રશ્ન એ છે કે સરકાર પાસે બધા નામ આવી જાય તો પણ નાણું આવી શકશે? જે તે ખાતેદાર વ્યક્તિએ પોતાના સીધા નામે એ રાખ્યા નહીં જ હોય. કોઈએ બેનામી ખાતા ખોલાવ્યા હશે તો કોઈએ ટ્રસ્ટના નામે નાણાં જમા કરાવ્યા હશે. આમ આમાં બાહોશ વકીલ રોકવા પડે. કાળાં નાણાં જમા કરાવનારે બહુ વિચારીને વકીલોની સલાહ લઈને આમ કર્યું હશે. એને માટે ફોરેન એક્સચેન્જના કાયદા પણ સુધારવા પડે તથા રીઝર્વ બેંકના કાયદા પણ સુધારવા પડે. આવકવેરા ધારો પણ સુધારવો પડે. એ અબજો રૂપિયા ભારત આવી જાય તો પણ સ્વૈચ્છિક કરમુક્તિ યોજના હેઠળ જાહેરાત કરવી પડે. અત્યારે તો મોદી સરકારે આ અંગે મોટી મોટી વાતો કરીને ધર્મસંકટ ઊભું કર્યું છે. આ નાણું લાવવું શક્ય નહીં બને તો સરકારની વિશ્વસનીયતા જોખમાશે અને અચ્છે દિનની આશા ઉપર પાણી ફરી વળશે.

આવી બેંકોની શરૂઆત જીનીવા ખાતે થઈ હતી. ૧૯૩૦ માં નાઝી, જર્મનીઓ, યહુદીઓ આવીને પૈસા મૂકતાં એમના માટે ખાસ સ્વીસ બેંક એક્ટ બન્યો. જેમાં ગ્રાહકોના ખાતાની માહિતી ગુપ્ત રાખવાની જોગવાઈ થઈ. આ નીતિને કારણે દુનિયાભરનું કાળું નાણું આ બેંકોમાં ઠલવાવા લાગ્યું. અત્યારે કાળાં નાણાંનો આ પવન ૭૦ દેશો સુધી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૧ ઉપર)**

વિચાર વિમર્શ

# રાજાશાહીની અંધારી બાજુ

• મુરજી ગડા •

મોટા ભાગની બાળવાર્તાઓ 'એક હતો રાજા' થી શરૂ થાય છે. ધાર્મિક દૃષ્ટાંત કથાઓમાં સાધુસંત ઉપરાંત રાજા મુખ્ય હોય છે. ઈતિહાસના પાના પણ રાજાઓ અને યુધ્ધોથી ભરાયેલા છે. લોકોના માનસ પર ધર્મપ્રણેતાઓ ઉપરાંત અન્ય કોઇ વ્યક્તિ છવાયેલી હોય તો એ છે રાજા. જાણે કે રાજાનો ઉલ્લેખ કર્યા વગર આગળ વધાય જ નહીં. કળા, સાહિત્ય, વૈજ્ઞાનિક શોધખોળો વગેરે ક્ષેત્રો જે ભારતીય તેમજ અન્ય બધી સંસ્કૃતિઓના પાયામાં છે એમાં યોગદાન દેનારાઓને ખાસ કરીને ભારતમાં સદંતર અવગણવામાં આવ્યા છે.

રાજાશાહીમાં ફક્ત રાજાઓ વિશે લખાય એ સમજી શકાય એમ છે. રાજાશાહીની ઉજળી બાજુ અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કરી એની ખામીઓને છૂપાવવામાં આવી છે એની પાછળનું કારણ સાવ સરળ છે. આ બધા લખનારા રાજાના આશ્રિતો હતા. એમના માટે સંપૂર્ણ સત્ય લખી રાજાનો કોપ વહોરવા કરતાં પોતાનું હિત જોવું સ્વાભાવિક હતું.

આપણી લોકશાહીની નબળાઈઓ અને ખામીઓથી ત્રસ્ત લોકો પહેલાના જમાનાની વાતોને વાગોળે છે. એમાં સાચું શું હતું તેમજ ભૂતકાળમાં આટલા બધા ગવાયેલા અને છવાયેલા આ રાજાઓ કોણ હતા અને કેવા હતા એનો લોકોને પૂરો ખ્યાલ નથી. એમના વિશે જે ખ્યાલ પ્રવર્તે છે એના કરતાં વાસ્તવિકતા ઘણી જુદી છે. મારા ઘણા લેખોમાં અવારનવાર રાજાશાહીનો ઉલ્લેખ થયો છે અને થતો રહેવાનો છે. એટલે રાજાશાહી વિશે સામાન્ય રીતે જે નથી કહેવાયું કે ઓછું જાણીતું છે તે રજૂ કરવાની કોશિશ કરી છે.

ભારત ઉપખંડના અમુક ભાગોમાં ટૂંક સમય માટે શક્તિશાળી રાજવંશો થઇ ગયા. તે સિવાયના મોટા ભાગના સમય માટે ભારત સેંકડો ટુકડાઓમાં વહેંચાએલો રહ્યો હતો. **એક અંદાજ પ્રમાણે ભારતમાં સામાન્યપણે એકસાથે પાંચસોથી વધારે રાજાઓ હતા. એ હિસાબે ઐતિહાસિક સમય ગણાતા છેલ્લા અઢી હજાર વરસમાં એક લાખથી પણ વધુ રાજાઓ થઇ ગયા છે. એમાંથી ઇતિહાસે માંડ એક ટકા જેટલા રાજાઓની નોંધ લીધી છે. બાકીના ૯૯ ટકા રાજાઓ નોંધપાત્ર નહોતા એમ કહેવું અતિશયોક્તિ નથી.**

આ જ બાબતને બીજી રીતે જોઇએ તો દરેક પ્રદેશના ભૂતકાળમાં બસોથી પણ વધારે રાજાઓ થઇ ગયા છે. ત્યાંના લોકોને ૧૦-૨૦ નામ પણ યાદ નહીં હોય.

મોટા ભાગના રાજાઓનું રાજ્ય એમની રાજધાનીનું શહેર અને એની આસપાસનો નાનકડો વિસ્તાર હતો કારણકે ત્યારે વસ્તી પાંખી હતી અને લુંટારાઓનો ડર રહેતો. રાજ્યો વચ્ચેની સીમાઓ ધૂંધળી હતી. આ લેખ આવા નાના અને ભૂલાયેલા રાજાઓને અનુલક્ષીને લખાયેલ છે. ઇતિહાસે જેમની હકારાત્મક નોંધ લીધી છે એમને પણ આંશિક રીતે આ લાગુ પડે છે.

રાજા બે રીતે થઇ શકાતું. એક વારસાગત રીતે અને બીજું અન્ય કોઇનું રાજ્ય પડાવીને. બીજી રીતનો રાજ્યપલટો દેખીતી રીતે લોહિયાળ રહેતો જ્યારે વારસાગત રીતમાં પણ લાગે છે એટલો શાંતિપૂર્વક રીતે રાજપલટો થતો નહોતો. રાજાને ઘણી રાણીઓ અને પુત્રો હોવા સામાન્ય હતું. રાજમહેલમાં હંમેશાં ખટપટો થતી રહેતી. મહત્ત્વાકાંક્ષી રાણીઓ, એમના સંબંધીઓ, રાજકુમારો વગેરે સત્તા હાંસલ કરવાના દાવપેચ અજમાવતા રહેતા. પ્રત્યક્ષ રીતે નહીં તો પરોક્ષ રીતે પ્રજાનું ભાવિ આ બધા દાવપેચ સાથે સંકળાયેલું રહેતું. થોડા વરસો પહેલાં નેપાળના રાજ પરિવારમાં બનેલી લોહિયાળ ઘટના અપવાદ નહોતી. એવું ઘણી વખત બનતું. આવા બનાવો દબાવી દેવામાં આવતા કે ગુપ્ત રાખવામાં આવતા.

દરેક રાજ્યમાં સ્વાભાવિકપણે અમલદારો હોય જ. આ અમલદારો દ્વારા પ્રજાને રંજાડવામાં આવતી. પ્રજા પાસેથી કર વસૂલ કરવા ઉપરાંત તેઓ પોતાની રીતે ન્યાય પણ કરતા. એમની ઉપરવટ જઇને રાજાને ફરિયાદ કરવામાં મોટું જોખમ હતું. છતાં ક્યારેક એવું થાય અને રાજા પ્રજાજનની તરફેણમાં ન્યાય આપે તો એ ગવાતું. એ અપવાદ હતો, નિયમ નહોતો. મોટા ભાગના લોકો માટે ન્યાય મેળવવા રાજા સુધી પહોંચવું શક્ય નહોતું. ન્યાય માટે પંકાયેલા રાજાઓ પાસે પણ સાવ ઓછી ફરિયાદો પહોંચી શકતી.

રાજાઓ પોતાના રાજ્યમાં સર્વસત્તાધારી હતા. એમના મનમાં આવે એ કાયદો બની જતું. જ્યાં પ્રજા માટે

પણ ચોક્કસ કાયદા ન હોય ત્યાં રાજ્યના અમલદારો માટે કાયદા કે અંકુશ હોવા અસંભવિત હતું. અમલદારો એનો ભરપૂર લાભ ઉઠાવતા. અત્યારના નેતાઓ અને અમલદારોની તુમાખી, જો-હુકમી અને ભ્રષ્ટાચાર વગેરે નવું નથી. એ પહેલાંની રાજાશાહીના સમયથી ચાલ્યું આવે છે.

આઝાદીની ચળવળ દરમિયાન લોકોની મનોપ્રવૃત્તિમાં આવેલ બદલાવ આઝાદી પછી થોડો સમય ટકી રહ્યો. પાછા આપણે હતા તેવાજ થઈ ગયા છીએ. જ્યારે સંચાર માધ્યમોનો ડર નહોતો ત્યારે પરિસ્થિતિ કેવી હશે એની કલ્પના કરવી રહી. આ બધું ભારત પૂરતું મર્યાદિત નહોતું. પૂરી દુનિયામાં આવુંજ ચાલતું હતું. બલકે કેટલેક ઠેકાણે આનાથી પણ બદતર હતું.

'રાજાને ગમી તે રાણી' એ કહેવત પાછળ ઘણું છુપાયેલું છે. રાજાના ખાસ માણસો દ્વારા રાજા માટે પ્રજામાંથી કોઈપણ કન્યાને ઉઠાવી જવું એ સામાન્ય ઘટના હતી. બધા રાજા એવા નહોતા તોયે ઘણા એવા હતા. વર્તમાનમાં સરમુખત્યારોના પુત્રોના કરતુતો જાહેર છે. સ્ત્રીઓ માટે આના જેવાજ અન્ય હીન નિયમો પણ ઘણા રાજ્યોમાં હતા. આ ખાસ માણસો પોતાના વિશિષ્ટ અધિકારોનો દુરુપયોગ ન કરતા હોય એમ માની લેવું ભોળપણ છે.

આપણા પરંપરાગત સામાજિક દૂષણો જેવા કે અસ્પૃશ્યતા, સ્ત્રીઓ પ્રત્યેના જાતજાતના અન્યાય અને અત્યાચાર વગેરે માટે રાજા પ્રત્યક્ષ રીતે જવાબદાર ન હોય તો પણ આવા દૂષણો પ્રત્યેની એમની ઉદાસીનતા માટે તો એ જવાબદાર ગણાય. એ ધારત તો પોતાના રાજ્ય પૂરતા ફેરફાર અવશ્ય કરી શકત. એના માટે એમની વિલાસીતા અને નિષ્ક્રિયતા જવાબદાર છે.

આંતરિક બળવો તેમજ બહારના આક્રમણના સતત ભયમાં રહેતા રાજા પોતે પણ તક મળતાં પડોશી રાજ્ય પર ચડાઈ કરી લેતા. રાજ્ય પડાવી લેવા કરતાં ધન લૂંટી, સ્ત્રી, પુરુષો અને પશુઓને પકડી લઈ જવાનું સામાન્ય હતું. **પકડાયેલા લોકોને અર્ધગુલામ જેવા ગણવામાં આવતા.** જે પણ ઐતિહાસિક ઈમારતો બંધાઈ છે એની પાછળ આવી રીતે પકડાયેલ લોકોની મજૂરી રહેલી છે.

કોઈ અકળ નિયમ પ્રમાણે કુદરત, સ્ત્રી – પુરૂષનું સમતોલ જન્મપ્રમાણ જાળવે છે. ભૂતકાળમાં કેટલીક જ્ઞાતિઓમાં નવજાત બાળાઓને "દૂધપીતી" કરવામાં આવતી. તે ઉપરાંત રાજાઓ, ઉચ્ચ અધિકારીઓ, ધનવાનો વગેરેને એકથી વધુ અને ક્યારેક અનેક પત્નીઓ હોતી. સ્ત્રી-પુરૂષ સમતોલન બદલાઈ જવાના આવા કારણોસર ગરીબ યુવાનો પરણ્યા વગર રહી જતા. આવા વાંઢાઓનો નિકાલ કરવા એમને સૈન્યમાં ભરતી કરવામાં આવતા. પડોશના રાજા સાથેના ઉપજાવી કાઢેલ કારણોસર કરાયેલા યુધ્ધમાં બંને પક્ષના આવા વધારાના અપરીણિતોનો "નિકાલ" થઈ જતો. આ એક ઓછી જાણીતી વાસ્તવિક્તા છે.

**ભારતીયો પોતાનો ઇતિહાસ લખવા અને જાળવવા પ્રત્યે ઉદાસીન રહ્યા છે. પરિણામે દંતકથાઓને ઇતિહાસ માની લેવામાં આવે છે.** થોડી ઘણી મળેલી માહિતીના આધારે વિદેશીઓએ લખેલ ભારતના ઈતિહાસને સંશયની નજરથી જોવાય છે. ઘણાંને એમાં માનહાનિ દેખાય છે કારણ કે એમાં દંત કથાઓનો સમાવેશ નથી હોતો. **સત્ય જે પણ હોય, ભારતનો સાચો અને સંપૂર્ણ ઇતિહાસ જાણવો શક્ય નથી.**

વિદેશના ઘણા લોકોએ પોતાનો ઈતિહાસ પ્રમાણમાં વધારે વિસ્તૃત રીતે લખી એને જાળવ્યો છે. એના ઉપરથી સારી દુનિયામાં ત્યારે પ્રવર્તતી સ્થિતિ વિષે અનુમાનો કરી શકાય છે.

પ્રાચીન ઈજિપ્તમાં મૃત રાજાઓના મમી બનાવી, જરઝવેરાત સાથે પિરામિડમાં રાખવામાં આવતા એ પ્રસિધ્ધ હકીકત છે. મધ્યકાલીન ચીનમાં એવીજ પણ એનાથી વધારે હિચકારી પ્રથા હતી. રાજાનું મૃત્યુ થતાં એની સાથે એની રાણીઓ, દાસ-દાસીઓ અને ચુનંદા સૈન્યને જીવતા દાટી દેવાતા હતા એવું વાંચવામાં આવ્યું છે. વર્તમાનમાં થયેલા ખોદકામોથી નીકળતા અવશેષો આના પુરાવા છે. રાજાને પરભવમાં કામ આવે એવો ખુલાસો અપાય છે. સાચું કારણ એ પણ હોઈ શકે કે નવા રાજા થનારને પોતાના વિશ્વાસુ માણસો નિમવા માટે જગ્યાઓ ખાલી કરવી હોય અને બળવો થતો રોકવો હોય.

**વર્તમાન સમયમાં પણ, આઝાદીની ચળવળ દરમિયાન ઘણાં રાજાઓ અપેક્ષા રાખતા હતા કે અંગ્રેજો જતાં એમનું રાજ એમની પાસેજ રહેશે. ઘણાંએ છેલ્લે સુધી આઝાદ ભારત સાથે વીલિન થવાનો પ્રતિકાર કર્યો હતો અને નાછૂટકે છેલ્લા દિવસોમાં અનિચ્છાએ સ્વીકાર કર્યો હતો. પ્રજાહિત (લોકશાહી) પ્રત્યેની એમની ઉદાસીનતાનો આ એક નમૂનો છે.**

ભારત ઉપખંડના કોઈ રાજાએ અન્ય દેશ પર આક્રમણ કર્યું નથી એનો ખુલાસો શાંતિપ્રિય પ્રજા તરીકે કરવામાં આવે છે. પ્રજા શાંતિપ્રિય હોય કે ન હોય, રાજાઓ તો નહોતા જ. અંદરોઅંદરના ઝઘડા અને

યુધ્ધો આનું સમર્થન કરે છે. જેમણે પોતાનું સામ્રાજ્ય વિસ્તાર્યું હતું તે યુધ્ધો કરીને વધાર્યું હતું. જેમણે સામ્રાજ્ય નહોતું વધાર્યું એમનામાં શાંતિપ્રિયતા કરતાં સૈન્યબળની મર્યાદા અને નિષ્ક્રિયતા વધારે હોઇ શકે છે. દેશ બહાર ન જવાનું મુખ્ય કારણ દેશની વિશાળતા અને કુદરતી સીમાઓનો અવરોધ હતું. એટલા શક્તિશાળી રાજ્યો ત્રણ વખત જ થયા છે : મૌર્ય, ગુપ્ત અને મોગલ.

રાજાઓ સાથે સમાંતર સત્તા ભોગવતા હતા ધર્મના વડાઓ. એમની સત્તા સૈન્યબળના લીધે નહીં પણ લોકમાનસ પરના કાબૂને લીધે હતી. ધર્મના રખેવાળોએ પણ લોકોનું હિત ઓછું અને પોતાનું હિત વધુ જોયું છે. ધર્મના નામે ઘણી અનિચ્છનીય ઘટનાઓ બની છે. એના ઊંડાણમાં જવું એ અલગ વિષય બની જાય છે.

આ બે સત્તા કેન્દ્રો ક્યારેક સામસામે આવી જતા પણ મોટેભાગે બન્ને એકબીજાની મર્યાદા જાળવીને કે પછી એકબીજાની સાથે રહીને પ્રજાહિતના ભોગે પોતાનું હિત સાધતા આવ્યા છે. **ભારતની પ્રજામાં દેખાતી વધુ પડતી ધાર્મિક અંધશ્રધ્ધા પાછળ રાજ્યસત્તાની અસ્થિરતા અને કાયદા વ્યવસ્થાનો અભાવ ઘણાં જવાબદાર છે. કહેવાતા ધર્મગુરુઓએ આ અભાવનો ભરપૂર લાભ ઊઠાવ્યો છે, અને હજી પણ ઊઠાવી રહ્યા છે.**

ધાર્મિક સંસ્થાઓનું એક જમા પાસું એ રહ્યું છે કે એમના આશ્રય નીચે કળા, સાહિત્ય વગેરે જળવાઇ રહ્યા છે અને ખીલ્યા પણ છે. થોડા અપવાદો બાદ કરતાં રાજાઓ આમાં પણ ઊણા ઉતર્યા છે.

ઘણાં મોટા શહેરોમાં સ્થાનિક, બિનસત્તાવાર જૂથ (ગેંગ) હોય છે. એક મહોલ્લા પર એમનું વર્ચસ્વ હોય છે. એ બીજા મહોલ્લાની ગેંગથી પોતાના મહોલ્લાનું રક્ષણ કરવાનો દાવો કરે છે. પોતાની રીતે લોકોના ઝઘડાઓનો ન્યાય પણ કરતા હોય છે. એ રક્ષણના નામે મહોલ્લાના લોકો પાસેથી પૈસાની ઉઘરાણી કરે છે. એમનું વર્તન સારી-નરસી બાબતોનું મિશ્રણ હોય છે. કેન્દ્રિય સત્તા જેટલી નબળી તેટલી શક્તિશાળી આવી ગેંગ બને છે. જો કેન્દ્રિય સત્તા સંપૂર્ણપણે તૂટી પડે તો આવી ગેંગના નેતા કે પછી સ્થાનિક અમલદાર આસાનીથી પોતાના મહોલ્લાના સર્વસત્તાધારી બની જાય છે.

ભૂતકાળમાં જ્યારે પણ શક્તિશાળી રાજ્યો નબળાં પડ્યાં છે ત્યારે એમના જ સ્થાનિક અમલદારો પોતાની સ્વતંત્રતા જાહેર કરી ત્યાંના રાજા કે નવાબ બની બેસતા. ઈતિહાસમાં આવા તકસાધુ રાજાઓની સંખ્યા ઘણી મોટી છે.

દુનિયાના બહુમતી દેશોમાં, બહુમતી સમય માટે સ્વકેન્દ્રી રાજાઓનું શાસન રહ્યું છે. અપવાદરૂપ થોડા સારા રાજાઓએ પ્રજાહિતને આગળ ધર્યું છે. ઈતિહાસે એમની નોંધ લીધી છે. એનાથી પ્રભાવિત લોકો હજી પણ 'પહેલાના જમાનાના' નામે સંપૂર્ણ રાજાશાહીના ગુણગાન ગાયા કરે છે. સર્વસામાન્ય અને સર્વવ્યાપક પરિસ્થિતિને અવગણી અપવાદને વધુ મહત્ત્વ આપવાના માનવ સ્વભાવનું આ પરિણામ છે.

**ભારતની વર્ણ વ્યવસ્થા પ્રમાણે બ્રાહ્મણો પછીનું ઊંચું સ્થાન ક્ષત્રિયોનું રહ્યું છે. પૌરાણિક સમયમાં વિશિષ્ટ અધિકારો, સિધ્ધિ, મહત્તા વગેરે બ્રાહ્મણો અને ક્ષત્રિયો પૂરતા મર્યાદિત હતા. બધાજ પૌરાણિક પાત્રો માત્ર આ બે વર્ણના છે. કહેવાતો સુવર્ણયુગ માત્ર એમના માટે હતો, અન્ય વર્ણો માટે નહીં.**

આની સરખામણીમાં મધ્યયુગના ઘણાં સાધુસંતો અને મહાપુરુષો નીચલા વર્ણોમાંથી આવ્યા છે. આ બધી ઐતિહાસિક વ્યક્તિઓ હોઇ વાસ્તવિક છે. ફક્ત બ્રાહ્મણોનો લખવા વાંચવાનો ઈજારો મધ્યયુગ સુધી જતો રહ્યો હતો અને આંધળી રાજભક્તિ પણ ઓછી થઇ હતી. પરદેશી અને પરધર્મી શાસકો આનું નિમિત્ત બન્યાની પૂરી શક્યતા છે.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯*

---

## સ્વીસ બેંકોના કાળાં નાણાં અંગે રમત

**(અનુસંધાન : પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)**

પહોંચી ગયો છે. **આ દેશો વસતિની દષ્ટિએ ખૂબ નાના છે પણ દુનિયાભરનું કાળું નાણું એમની પાસે છે. અત્યાર સુધી કોઈપણ દેશને એ પાછું લાવવાનો વિચાર આવ્યો નથી. ૨૦૦૧થી આવો વિચાર દુનિયાભરની આર્થિક મંદીને કારણે આવવો શરૂ થયો છે. અમેરિકા અને બ્રિટનનું ધ્યાન પણ આ તરફ ખેંચાયું છે. આ માટે યોગ્ય કાયદાઓ અમેરિકા અને જર્મનીમાં થયા છે અને સ્વીટ્ઝર્લેન્ડ ઉપર દબાણ શરૂ થઇ ગયું છે. અમેરિકા તો આવું નાણું પાછું કઢાવવામાં સફળ પણ થયું છે. ૧૭ હજાર અમેરિકનોની માહિતી બહાર આવી ગઈ પણ એને લીધે માત્ર ૭૮ કરોડ ડોલરનું કાળું નાણું અમેરિકા મેળવી શક્યું છે.**

*સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૮૮૧*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૪૩૨૪, ૨૫૭૫૩૨૭*

સમાજ દર્શન

# 'સાત્ત્વિક' ગાય...!!

• કિરીટકુમાર પી. જોષી •

વચ્ચે ગૌમાતાના નામે બરાબર રાજકારણ ખેલાયું. ગાયોની કતલ થતી રોકવા માટે લોકો યાને કે ગૌભક્તો એકાએક ઉભરી આવ્યા હતા. ગૌમાતાને 'માતા' તરીકે એટલે કહી છે કે, તે આખા કુટુંબનું પાલન-પોષણ કરતી.

ગાયને કેન્દ્રમાં રાખી આ દેશમાં ગૌમાંસ (બીફ)ના મુદ્દે પણ હલકું રાજકારણ રમાય છે. **લોકોને ગૌમાતાને પ્રેમ કરવામાં રસ નથી, એની દયા ખાવામાં રસ છે.** જો ગાય માટે આપણને ખરેખર જ લાગણી હોય, તો ગાયોને પ્લાસ્ટીકની થેલીઓ ખાવાનો વારો ન આવ્યો હોત.

ગાયનો મુદ્દો ચગ્યો એટલે કેટલાય કોલમિસ્ટોએ ગાય ઉપર આર્ટીકલ ઘસડી કાઢ્યા યાને કે લખી નાખ્યા.

ભારતમાં સદીઓથી ગાય પૂજાતી આવી છે. પરંતુ શહેરીકરણનો વ્યાપ વધવા લાગ્યો, ઉદ્યોગો શહેરમાંથી નાના સ્થળોએ ફેલાવા લાગ્યા. પરિણામે ગૌચરની જમીન રહી નહીં. તેના પાલકોને દૂધ વેચાણ સિવાય રસ રહ્યો નહીં. છૂટી રખડતી ગાયો જે આવે તે ખાય, રસ્તા વચ્ચે અડિંગો જમાવી બેસી જાય, ક્યારેક ગુસ્સો આવે તો બે-ચારને શીંગડે પણ લે!! તેમ છતાંય ગાય સૌથી ભોળું પ્રાણી છે. પક્ષીઓમાં કબૂતર ભોળું પક્ષી છે તેમ!! પરંતુ માનવીની ભૂલનો ભોગ નિર્દોષ પશુઓ બને ત્યારે દુઃખ થાય.

અમદાવાદના જીવદયા ચેરિટેબલ ટ્રસ્ટમાં ગર્ભવતી સમજીને સારવાર માટે એક ગાય લાવવામાં આવી હતી. તે ગાયના પેટમાંથી ૧૦૦ કિલો કચરો નીકળ્યો, જેમાં પ્લાસ્ટિકની પોલીથીલીન બેગ, મોજાઓ, તારના ગુંચળા, ખીલીઓ જેવા પદાર્થો નીકળ્યા. તેને ઑપરેશન કરીને બચાવી લેવાઈ.

ગાયના દૂધ પર પણ વાદવિવાદ ચાલ્યો હતો. તેના પર રાજકારણ!! બિનભારતીય ગાયોનું દૂધ ગુનેગાર બનાવે છે. ગાયને વળી ભારતીય કે બિનભારતીય, ઇન્ડિયન કે એન.આર.આઈ. જેવું કેવું?? ગાય એટલે ગાય!! પરંતુ ગાયો 'સાત્ત્વિક' ગાયો હોવી જોઈએ અને ભારતીય ગાય 'સાત્ત્વિક' ગાય છે. તેનું દૂધ બાળકોને ગુનેગાર બનવા દેતું નથી.

જર્સી ગાયો, એ બિનભારતીય ગાયો છે. તેનાથી દૂર રહેવું જોઈએ તેવું સંરક્ષણ વિભાગના નેતા દ્વારા કહેવાયું. તેમના જણાવ્યા મુજબ ભારતીય જાતિની ગાયો 'સાત્ત્વિક' અથવા 'શુધ્ધ' હોય છે. તેના દૂધના સેવનથી ખરાબ વિચારો આવતા નથી. તો પાકિસ્તાની ગાયના દૂધ પીવાથી અશુધ્ધ વિચારો આવે...?!

ભારતીય સંસ્કૃતિમાં ગાયના દૂધનો મહિમા ઋષિઓએ ગાયો છે. આયુર્વેદમાં તેને સ્થાન અપાયું છે. જ્યારે બકરીના દૂધનો મહિમા મહાત્મા ગાંધીજીએ ગાયો છે!

પરંતુ ગાય માટે આપણે અંગ્રેજીમાં 'કાઉ' શબ્દ વાપરતા આવ્યા છીએ. પરંતુ આ શબ્દ યુરોપિયન દેશોના પ્રાણી માટે વપરાયો કે પ્રયોજાયો છે. આ પ્રાણી પણ ગાયને મળતું આવે છે અને એ પ્રાણીનું દૂધ હાનિકારક હોઈ શકે. વિવાદો વચ્ચે નવા નવા રિપોર્ટ આવતા ગયા. તે પૈકી જર્સી ગાયના દૂધનું વિશ્લેષણ કરવામાં આવ્યું. સંશોધનોના અંતે તેનું દૂધ હાનિકારક હોવાનું તારણ આવ્યું. તેના પર પણ વિવાદ થયા. તેના દૂધ પર નિયંત્રણો લાદવા જોઈએ. તેની દૂધની થેલી ઉપર કયા પ્રકારનું દૂધ છે તેની નોંધ હોવી જોઈએ વગેરે બાબતોને લઈને હાઈકોર્ટમાં દાદ માંગવામાં આવી. પણ કોણ જાણે તેના બીજા અઠવાડિયે જ વિવિધ સ્થળોએ ગાયોએ જજોને શીંગડે લીધાના સમાચાર છાપામાં પ્રગટ થયા હતા.

વોર્મિયાની એનિમલ જિનેટીક યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોના મતે એ-૧ પ્રકારના પ્રોટીનના કારણે હૃદયરોગ, ડાયાબિટીસ જેવા રોગોનું જોખમ છે. તેને ધ્યાને લઈને આવી જર્સી જાતની ગાયોના દૂધ પર નિયંત્રણ લાદવું જોઈએ એવી દલીલો ચાલી!!

આમ, ગાય બચાવવાની કે તેની રક્ષા કરવાની વાતો કરતાં કરતાં વાત બીજા પાટે ચડી ગઈ... ચૂંટણી પતી ગઈ એટલે પતી ગયું. તમને શું લાગે છે?? સાત્ત્વિક ગાય અને એન.આર.આઈ. ગાયમાં શું ફેર? ચાર પગ, બે કાન, ચાર આંચળ, શીંગડા બે નાના-મોટા — આમ તો બધું જ સરખું છતાંય...!!!

"સાત્ત્વિક" અને "બિન સાત્ત્વિક" શું કીયો છો?

*સી/૫, પૂજન પાર્ક સોસાયટી,*
*રાધાકુંજ સામે, ગીતાંજલિ ચાર રસ્તા,*
*પીજ રોડ, નડિયાદ-૨.*

*ધર્મ - વિજ્ઞાન અલગ નથી,*
*ઝઘડા બધા કર્મકાંડના છે.*

સમાજ દર્શન

# ઉમદા કાર્ય

• ડૉ. આશિષ ચોક્સી •

અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેતા પ્રથમેશભાઈ ઘણીવાર અલગ અલગ સ્કૂલ પર સ્કૂલ શરૂ થવાના અને છુટવાના સમયે પહોંચી જાય છે અને માતા-પિતાને પોતાનું વાહન રોંગ સાઈડમાં ના ચલાવવું તે સમજાવે છે અને પેમ્ફલેટ વહેંચે છે. તેઓ ઘણી સ્કૂલોમાં જઈને પણ બાળકોને ટ્રાફિકનાં નિયમો શીખવે છે. તેમનું માનવું છે કે બાળકો ટ્રાફિકના અને વાહન ચલાવવાના નિયમો પાળે તે માટે શિક્ષકો અને માતા-પિતાએ જ ઉદાહરણરૂપ બનવું જોઈએ. શાળાના સમયથી જ બાળકોને આ નિયમો પાળવાની ટેવ પાડવી જોઈએ.

ચાંદખેડામાં રહેતા પ્રવીણભાઈ પણ આવી જ પ્રવૃત્તિ કરે છે. તે પણ માતા-પિતાને સમજાવે છે કે બાળકોને લાઈસન્સ મળે પછી જ વાહન ચલાવવા આપો.

ઈન્કમટેક્ષ કન્સલ્ટન્ટ બીરેન શાહે પણ યંગસ્ટર્સ હેલ્મેટ પહેરે તે માટે ઝુંબેશ ઉપાડી છે. યંગસ્ટર્સને બ્લડ ડોનેશન માટે પણ તેઓ પ્રોત્સાહિત કરે છે. પોતાના પિતાની પુણ્યતિથિએ બ્લડ ડોનેશન કેમ્પ યોજી તેમાં પહેલી વખત બ્લડ ડોનેટ કરનારને તેઓ હેલ્મેટ ભેટમાં આપે છે.

આ ત્રણેય વ્યક્તિ ખૂબ જ ઉમદા સામાજિક કાર્ય કરે છે તે ખૂબ પ્રશંસાને પાત્ર છે.

પ્રથમેશભાઈના પત્ની બે વર્ષ પહેલાં તેમના બાળકને સ્કૂલે મૂકીને પાછા ફરતા હતા ત્યારે રોંગ સાઈડમાં હતા અને બસે ટક્કર મારી, ને તેઓ મૃત્યુ પામ્યા. પ્રવીણભાઈનો પુત્ર પણ હજુ માંડ ટીનએજ શરૂ થઈ અને સ્કુટર ચલાવતો થઈ ગયો. ત્રણ વર્ષ પહેલાં તે પણ હાઈવે ક્રોસ કરતી વખતે ધસમસતી આવતી ટ્રક સાથે અથડાયો અને ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યો. બીરેનભાઈ શાહની પુત્રી સાક્ષી હેલ્મેટ પહેર્યા વિના એક્ટીવા લઈને ટ્યુશને જતી હતી અને કાર સાથે ટકરાતા ગંભીર ઈજા થઈ. જો કે તે નસીબદાર હતી કે તેને માત્ર ગંભીર ઈજા જ થઈ.

આમ પણ ભારત માર્ગ અકસ્માતને લીધે થતાં મૃત્યુના પ્રમાણમાં વિશ્વમાં ખૂબ આગળ પડતું સ્થાન ધરાવે છે. હાલ ભારતના ઘણા શહેરોમાં શરૂ થયેલા BRTS ટ્રેકમાં પણ વાહન ચલાવવાનો સિરસ્તો થઈ ગયો છે. યંગસ્ટર્સને અને ખાસ કરીને ટીનએઈજમાં પ્રવેશતા સંતાનોના માતા-પિતાને ટ્રાફિકના નિયમો સમજાવીને માર્ગ અકસ્માતને લીધે દેશ જે યૌવનધન ગુમાવે છે તેનું પ્રમાણ ઘણું ઘટાડી શકાય. આમાં સરકાર કશું ના કરી શકે, લોકજાગૃતિ જ જરૂરી છે.

પ્રથમેશભાઈ, પ્રવીણભાઈ અને બીરેનભાઈ પણ જે ઉમદા કાર્ય કરી રહ્યા છે તે ખૂબ ઉદાહરણરૂપ છે. તેમના કુટુંબે જે ગુમાવ્યું અને સહન કર્યું, તે બીજા સાથે ના બને તે માટેના તેમના હકારાત્મક પ્રયત્નો ખૂબ પ્રેરણાદાયી છે.

*કલરવ ચિલ્ડ્રન હોસ્પિટલ (મો. ૯૮૯૮૦ ૦૧૫૬૬)*

## ૧૯૭૧માં ઓખા પોર્ટ ઉપર અનુભવેલ યુધ્ધની ઝલક

**(અનુસંધાન : પાના નં.-૬૭ ઉપરથી ચાલુ)**

ઓખાથી થતું હતું. આ મિસાઈલ બોટો યુધ્ધ જહાજો ૩જી ડિસેમ્બરની રાત્રિએ કરાંચી હાર્બર ઉપર હુમલો કરી પાકિસ્તાની યુધ્ધ જહાજોને ત્યાં જ ડૂબાડી બંદરથી બહાર નહોતા નીકળવા દીધેલ અને સીલ કરી દીધેલું તથા મહત્ત્વની નેવલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તહસનહસ કરી નાખ્યું હતું. પરિણામે પરિસ્થિતિ એવી બની કે અરબી સમુદ્રમાં કોઈ પણ વિદેશી જહાજોને પસાર થવા ભારત સરકારની મંજૂરી લેવી પડતી. પાકિસ્તાનનો ઈરાદો પૂર્વબંગાળ સરહદે ચાલતા યુધ્ધના કાઉન્ટર ઍટેક તરીકે પશ્ચિમ સરહદે ભારતને ભીડવવા માટે મોરચો ખોલવાની નેમ હતી. પરંતુ તેના ધ્યાનમાં નેવલ ઍટેકની ધારણા બહુ ખાસ નહોતી. **પણ આપણી નેવીએ પૂર્વ આયોજનપૂર્વકનો જોરદાર મિસાઇલ બોટનો ઉપયોગ કરીને ઓચિંતો હુમલો કરી દુશ્મનની તમામ ચાલને ઊંધી પાડી, પાકિસ્તાનને વ્યૂહાત્મક રીતે ભીડવી શરણે લાવવા સફળતા હાંસલ કરી હતી.**

આ છે આપણા ગુજરાતના દરિયાઈ બંદર ઓખાની નાની પણ ખૂબ જ વ્યૂહાત્મક યુધ્ધગાથા. જો કે ત્યાર પછી ઓખા ખાતે આઈ.એન.એસ. દ્વારકા નેવલ બેઈઝનું મહત્ત્વ વધી ગયું અને તેનો વિસ્તાર વિકાસ ખૂબ જ વધારી દેવામાં આવ્યો અને કોસ્ટગાર્ડનું કેન્દ્ર પણ અલગથી વિકસ્યું અને વ્યોમાણી માતાજીનું વિસ્થાપન કરી નેવીના ખર્ચે ગામમાં પ્રતિષ્ઠા કરી મંદિર નિર્માણ કરવામાં આવેલ છે. ટાઈગર પોઈન્ટનો આધુનિક વિકાસ કરી "ગન્સ ઑફ નેવેરોન" જેવું એક અગત્યનું નેવલ પોઈન્ટ ગણાવા લાગ્યું છે. આ યુધ્ધ ચાલ્યું તે દરમિયાન અમારા રિસર્ચ સ્ટેશનની પાછળના ભાગે ગોઠવેલ એન્ટી એરક્રાફ્ટ ગન ઉપર કામ કરતા જવાનોને સમયે સમયે ચા-નાસ્તો અને ખાસ કરીને તેઓને સાથ સધિયારો આપવા માટે તેની જરૂરિયાતો પહોંચતી કરવાની કામગીરીનો અમોને અવસર પ્રાપ્ત થયો તે ખરેખર અવર્ણનીય તથા અમૂલ્ય હતો. અને એ માટે પોતે અમારી જાતને ધન્ય ગણીએ છીએ.

*૧૭, નટવર પાર્ક, સામા કાંઠા, મોરબી.*
*મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭*

વાર્તા

# મારી અનુરા

• ડૉ. ઊર્મિલા શાહ •

ત્યારે તો અનુરા લગભગ સાતેક વર્ષની હશે, પણ એ નાની હતી ત્યારથી જ ખૂબ લાગણીશીલ ને સાથે સાથે સમજુ પણ એવી. ભારે સ્વમાની એટલે મારે તેને વારંવાર સંભાળી લેવી પડે. આટલાં નાનાં છોકરાં આટલાં સ્વમાની હોય તેવી તો ક્યારેય કલ્પના પણ ન આવે. હું ક્યારેક તેના સ્વમાનને જીદ માની લેતી એટલે એને માટે હું જાણે ક્યારેક અજુગતું વર્તન કરી બેસતી પણ તેણે એટલી નાની ઉંમરથી મારી સાથે જે રીતે સતત સાયુજ્ય સાધ્યું છે, વિવાદને વાદ કરવાને બદલે શબ્દોથી જે સંવાદ સાધ્યો છે એ બધી જ વાત તમને કહ્યા વિના રહી શકતી નથી.

ત્રીજા ધોરણની લગભગ શરૂઆત હશે...સ્કૂલમાંથી એ આવીને મને ગળે વળગી પડી. "મમ્મી...મમ્મી મને એક કંપાસ જોઈએ છે. આજે અનિકેત લાવ્યો હતો તેવો...મમ્મી ખૂબ સરસ હતો. મને અપાવશે? ના મમ્મી, તું મને આજે જ એવો કંપાસ અપાવવા લઈ જા. નહીં તો હું આજે નહીં જમું જા." ને મને મનમાં મૂંઝવણ થઈ. એક મા તરીકે વિચાર આવ્યો. 'શું છોકરાંઓની બધી જ માંગ પૂરી કરવી જ જોઈએ? તો તો તેમને બધું જ માંગે તે મળવું જ જોઈએ એવી ટેવ પડી જાય. ને કદાચ જિદ્દી થઈ જાય તોય નવાઈ નહીં. પણ હું જાણું છું કે એ દૃઢ આગ્રહી તો છે જ, મનમાં આવ્યું છે એટલે મારો કેડો તો એ નહીં જ મૂકે. ને પછી હારી થાકીને ના કહ્યા પછી અપાવીશ તો તે હંમેશાં એવું શીખી જશે.' અને એટલે હું સાંજે તેને બજારમાં સાથે તો લઈ ગઈ. અનિકેત જેવો કંપાસ દુકાનમાં જોયો ને તે ખૂબ ખુશ થઈ ગઈ. "હા...હા...મમ્મી બસ આ જ. આવો જ કંપાસ અનિકેત પાસે છે." તેની અધીરાઈ વ્યક્ત થતી હતી.

મેં કિંમત પૂછી. "સાઠ રૂપિયા."

"શું આટલા કંપાસના સાઠ રૂપિયા? હોતું હશે? ને તેમાં ય એને ખોલતાં તો વાગે એવું છે!"

કિંમત અને એની વાપરવાની સગવડતા બંને અંગે મને મૂંઝવણ થઈ અને એટલે મેં અનુરાને સમજાવવાનો પ્રયત્ન કર્યો : "બેટા! આ કંપાસ તો ખોલતા વાગી જાય તેવો છે. ક્યાંક આંગળીમાં વાગી જશે તો! ના, ના, આપણે તે નથી લેવો." અનુરા નાખુશ થઈ ગઈ. મેં તેને કંપાસને બદલે ચોકપેટી અપાવી એટલે એ વખત પૂરતું તો તે માની ગઈ, પણ મને ય ખ્યાલ આવ્યો કે તેને સંતોષ થયો નથી. પણ હું ચૂપ રહી. રાતે અનુરા સૂવા ગઈ ત્યારે મારા ઓશીકા પાસે જ મને દેખાય તેવી રીતે ચિઠ્ઠી મૂકી ગઈ હતી. તેમાં લખ્યું હતુઃ

*"વહાલી મમ્મી,*

(૧) કંપાસ વાગે તેવો હતો પણ તે તો મને જ વાગત ને!

(૨) તને બૂટ લેવા હતા તે, તેં ગયા રવિવારે લીધા હતા કે નહીં?

(૩) વર્ષગાંઠને દિવસે દાદીમાએ રૂપિયા આપ્યા હતા તેમાંથી મને જે ગમે તે લેવાનું તેમણે કહ્યું હતું.

*તારી વહાલી અનુરા."*

ને બીજે દિવસે હું તેને માટે કંપાસ લઈ આવી. વાદવિવાદ કે સંવાદથી સાયુજ્ય ન સધાઈ શક્યું તે સાત વર્ષની અનુરાના સ્પષ્ટ શબ્દોથી શક્ય બની શક્યું. શબ્દોને તેની અભિવ્યક્તિમાં ક્યારેક આપણાં જ સંતાનો આપણાં હૃદય સુધી કેવાં પહોંચી શકે છે! એના કાગળો વાંચીને મને અનહદ આનંદ થાય છે, પછી ભલે હું ગમે તેવા મૂડમાં હોઉં, ક્યારેક તો એના શબ્દો મારા હૃદયમાં અનેક સ્પંદનો ઊભા કરે છે, મારી લાગણીને સ્પર્શી જાય છે ને હું રડી ઊઠું છું. મારી અનુરા સાથેના આ લાગણીના સેતુને કારણે હું ખૂબ ખુશ છું. ગમે ત્યારે, ગમે તેટલો વાદ હોય કે વિવાદ હોય પણ મને આ શબ્દોના સંવાદથી સર્જાતી સંવાદિતતા ખૂબ ગમે છે અને એટલે જ મને સમજાય છે કે કિશોરાવસ્થામાં પ્રવેશેલાં સંતાનો સાથે સાયુજ્ય એ બહુ અસરકારક માધ્યમ છે.

કિશોરાવસ્થામાં દીકરો કે દીકરી પ્રવેશે એટલે એના શારીરિક ફેરફારો સાથે તેનામાં લાગણીઓ પણ એકદમ ઊમટે. તેને જ ન સમજાય એવું તેમાં પૂર ઊમટે. તે હૃદયનો વિસામો શોધવા મથામણ કરે. કોઈને પામવા તેનું મન ઝંખે. અહમ પ્રબળ બને, 'હું કંઈક છું. મને કોઈક કંઈ શું કહે?' એવો ભાવ અંદરથી જાગે ને ત્યારે માને થાય કે "અત્યારે હું એને નહીં ટોકું તો એ હવામાં અધ્ધર ઊડશે ને ક્યાંક પછડાટ ખાશે." મા તરીકે તેની ચિંતાય સાહજિક છે ને તેમાંય માનો તો એ મેનોપોઝ પિરિયડ. એટલે એનાં ય હૃદયમાં ને મન પર ભારનો સખત વંટોળ હોય એ પણ સ્વાભાવિક. મા ઘણો વિચાર કરે કે 'છોકરાં મોટાં થયાં તેમને બહુ કહેવું ઠીક

નહીં.' ને છતાંય તેને માની મમતા હલાવી મૂકે છે ને તે દીકરા-દીકરીને ટોક્યા વિના રહી શકતી નથી. પરિણામે સામસામા વાદવિવાદ સર્જાય છે. સંવાદિતા માટે શરૂ કરેલા સંવાદમાંથી વાદવિવાદ સર્જાય છે ને પરિણામે જૂની અને નવી પેઢીનાં ઘર્ષણ અને બે વચ્ચે અંતર ઊભું થાય છે. એવા વખતે પત્ર દ્વારા આ સાયુજયનો સેતુ એ ખરેખર આશીર્વાદરૂપ બની જાય છે. એ મારા અનુભવની વાત હું તમને કહી રહી છું. ઘણીવાર મોંથી વાતચીત કરીને હાવભાવથી વ્યક્ત થઈ નથી શકતું તે લખેલા શબ્દોથી વધુ સફળ રીતે વ્યક્ત થઈ શકે છે.

એક દિવસ અનુરા તેનો રેઝર બાથરૂમમાં બેઝીન પર ભૂલી ગઈ, પાંચ વર્ષનો પ્રતીક એ લઈને ક્યાંક લગાડી બેસે તો! મને એકદમ ચિંતા થઈ. "આવી બેદરકારી? કેમ ચલાવી લેવાય?" મેં તેને પૂછ્યું "આની તને શું શિક્ષા કરું?" અને તે એકદમ ગુસ્સે થઈ ગઈ. "મમ્મી, તું કશું નથી ભૂલી જતી? એવો તે મોટો મેં શું ગુનો કર્યો છે કે તું મને શિક્ષાની વાત કરે છે? આટલી ભૂલનું આટલું મોટું સ્વરૂપ કેમ આપે છે?" ને કહી તે છનછન કરતી સ્કૂલમાં ચાલી ગઈ. પણ મને મનમાં ખૂબ ગુસ્સો ચડ્યો. "પ્રતીકને ક્યાંક વાગ્યું હોત તો! અરે! ગળાની નસ પર જ રેઝર ફરી વળે તો! છોકરા તો છોકરમત ગમે ત્યારે કરી મૂકે. પણ અનુરાને ક્યાં આ વાતની ગંભીરતાનો ખ્યાલ જ છે! ને હું મનોમન સમસમી રહી હતી.

પણ સાંજે અનુરા રસોડામાં ચિઠ્ઠી મૂકી ગઈ હતી.

*"મમ્મી...*

મારી ભૂલ થઈ ગઈ. હું ખોટી અકળાઈ ગઈ હતી. આજ પછી ક્યારેય આવી ગંભીર ભૂલ નહીં કરું. મને માફ કરી દેજે મા!

*અનુરા."*

અને મેં તેના ટેબલ પર વળતી ચિઠ્ઠી મૂકી.

*'વહાલી દીકરી અનુરા.*

સાંજે સ્કૂલેથી આવીને ટી.વી. જોજે. બહેનપણી સાથે આઈસ્ક્રીમ ખાવા જજે ને રીલેક્સ થજે.

*મમ્મી.'*

તેને સંતોષ થયો. તેની ભૂલ માટે તેને પસ્તાવો થયો તેનાથી વધુ મારે શું જોઈએ! મને પણ મારી ભૂલ સમજાઈ કે શિક્ષા કરતાં બદલો ક્યારેક વધુ અસરકારક નીવડે છે ને તેમાંય કિશોરાવસ્થા એ તો સંતાનો માટેનો ખૂબ જ નાજુક તબક્કો છે ત્યારે તો તેમને ખૂબ સંભાળી લેવાં પડે છે.

અનુરા કૉલેજમાં આવી ને પહેલે દિવસે એ જે મેકઅપ કરીને કૉલેજમાં જવા નીકળી તે જોઈને હું અકળાઈ ઊઠી. મારે તેની સાથે સખત વાદવિવાદ થયો. પણ એ દિવસે એણે મને ફરી ખૂબ લાંબો કાગળ લખ્યો.

*"વહાલી મા,*

સવારે હું તારી સાથે ખૂબ ખરાબ રીતે વર્તી તેનું મને સખત દુઃખ થયું છે. હું ગાંડી થઈ ગઈ હતી પણ તું પણ એટલું એકધારું બોલતી હતી કે મને કશું જ બોલવાની પણ તેં તક ન આપી. કદાચ મને તેં તક આપી હોત તો સારું થાત. 'મારી આંખો એટલી ખરાબ દેખાય છે' તેવું કહેવાને બદલે તેં મને એ આંખો સારી ને ભાવવાહી કેવી રીતે લાગે તે સમજાવ્યું હોત તો! તે મને વધુ ગમત. મને ય સારા દેખાવું ગમે! કૉલેજના પહેલા દિવસે સૌ કોઈ મારા રૂપથી મને આંકે એ મને ન ગમે! મમ્મી, છોકરાઓને ય સારા દેખાવાનું મન થાય છે તો હું તો છોકરી છું. મને રૂપાળા દેખાવું કેમ ન ગમે! પણ છતાંય તેં મને શાંતિથી વાત સમજાવવાનો ને મને સમજવાનો પ્રયત્ન કર્યો હોત તો મને ખૂબ સારું લાગત. મારી ભૂલ માટે હું માફી માગું છું.

હવેથી હું તને અને મને બંનેને રૂચે એવી રીતે મેકઅપ કરીને કૉલેજ જઈશ, એવું મેકઅપ શીખવાની હું જવાબદારી લઉં છું. તે માટે હું શક્ય તેટલી જાણ મેળવતી રહીશ, અભ્યાસ કરતી રહીશ.

હું હવે મોટી થઈ રહી છું. મને ખૂબ સુંદર દેખાવાનું મન થાય છે. મારી આંખો ખૂબ ભાવવાહી દેખાય એવી મને ઈચ્છા થાય છે. તું મારા હૃદયના આ ભાવને એક સ્ત્રી હોવાના નાતે સમજી શકશે મા! મને પંદર દિવસની મુદત આપ. મા! હું મારી આ શક્તિનો ટેસ્ટ લઉં તો કેમ? મને લાગે છે તું મારી આ વાત સાથે સંમત થશે.

*તારી અનુરા..."*

અને તમે માનશો? ત્યાર પછી ક્યારેય અનુરાએ મને શરમ અપાવે એવું મેકઅપ કર્યું નથી કે એવાં કપડાં પહેર્યાં નથી. 'મારી અનુરા' કહીને હું ગૌરવ લઈ શકું તેવી જ રીતે તે હંમેશાં રહી છે. સંતાનોમાં એકવાર Sense of freedom, પોતે સ્વાધીન છે તેવો વિશ્વાસ બેસે છે પછી તેઓ ક્યારેય બેજવાબદાર રીતે વર્તતાં નથી.

અને એમ કરતાં કરતાં તો એ હવે મારી અંગત મિત્ર જેવી બની ચૂકી છે. વીસ વીસ વર્ષના દાંપત્ય પછી અમારા જીવનમાં એકાએક વંટોળ વાયો ને વિધિની વિષમતા પણ એવી કે મારે છૂટાછેડા લેવા પડ્યા. અનુરા અને અનુજની જવાબદારી મારે માથે આવી પડી. દાંપત્ય જીવનમાં ઊઠેલી એ

આંધીથી હું માનસિક રીતે તો સાવ ભાંગી પડી હતી જ તેમાં વળી બીજી બાજુ બંને છોકરાંઓની જવાબદારી, સદ્ભાગ્યે નોકરી ચાલુ હતી. પણ એકલા હાથે આવક-જાવકનાં બે પાસાં મેળવવા ઓવરટાઈમ કરવો પડે તેમ જ હતું. મનોમન સખત દુઃખ હતું કે 'મારે અત્યારે છોકરાંઓને માની મમતા ને પિતાનું છત્ર પૂરું પાડવાનું છે ત્યારે તેમનાથી વધુ કલાકો છૂટા રહેવું પડે છે. પણ હું મારા સંજોગો આગળ લાચાર હતી. મનમાં ને મનમાં સિઝાયા કરતી હતી. ને છોકરાંઓ આગળ તમાચો મારી ગાલ લાલ રાખી, હિંમતનું મહોરું પહેરીને ફર્યા કરતી હતી. ત્યારે એક દિવસ હું થાકીપાકી ઓફિસેથી ઘેર આવીને રસોડામાં ચા મૂકવા ગઈ તો ગેસ પાસે અનુરાએ ચિઠ્ઠી મૂકી હતી.

*"વહાલી મા,*

મને ખબર છે કે તું અત્યારે કેવા વમળમાંથી પસાર થઈ રહી છું. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તારી બધી જ મુશ્કેલીઓનો અંત લાવી દે. હું તને કેટલી બધી ચાહું છું એ હું તને કેવી રીતે કહું મા! મારી પાસે તે લાગણી વ્યક્ત કરવા પૂરા શબ્દો નથી. તને આ ડિવોર્સનું સખત દુઃખ છે તે હું સમજું છું પણ છતાંય મા તું ખૂબ મહાન છે, શક્તિશાળી છે, ને એથીય અધિક તો તું મારી મમતાભરી મા છે. મને તારે માટે ગૌરવ છે. હું અને અનુજ સદાય તારે પડખે છીએ, તું જરાય મૂંઝાઈશ નહીં મા! તું તો દેવી છે, મહાશક્તિ છે.

*અનુરા..."*

ને એ કાગળે મારામાં આત્મશ્રદ્ધાનો, આત્મવિશ્વાસનો સંચાર કર્યો. મને જાણે એક અણકલ્પેલો, અણચિંતવ્યો સહારો મળી ગયો. ઘૂઘવતા મધદરિયે દીવાદાંડીના પ્રકાશની જેમ. મને જાણે કોઈએ માર્ગ ચીંધ્યો ન હોય! અનુરાએ મારા પર્સમાં ફરી એક કાગળ મૂકી દીધો હતો. મારે કામ પર વાંચવા માટે. ને એ દિવસથી મારા જીવનનો જાણે અભિગમ જ બદલાઈ ગયો.

*"વહાલી મા,*

હું જાણું છું કે તું અનેક વિટંબણાઓમાંથી પસાર થઈ રહી છે. તારે તારા દુઃખનો ભાર હળવો કરવા થોડું વધુ બહાર જવાની જરૂર છે. મા તું અમારી ચિંતા સતત કર્યા જ કરે છે ને ક્યારે ય તારા મનને હળવું કરવા તરફ ધ્યાન જ નથી આપતી. હવે તો અમે મોટાં થયાં છીએ. અમે પણ અમારા મિત્રો સાથે હળીએ-મળીએ છીએ ને આનંદ કરીએ છીએ. તું કેમ તારા મિત્રોને નથી મળતી? અમારે અમારી પ્રવૃત્તિઓ છે. તું અમારી ચિંતા છોડી દે. તારું મન હળવું થાય તે માટે તને ગમે તેવી પ્રવૃત્તિ કર, મિત્રોની સાથે હળમળ ને આનંદ કર તો અમને ખૂબ ગમશે. અમે સદાય તારાં બાળકો જ બની રહેવાનાં છીએ. અમે તારાં જ છીએ. તું અમને ક્યારેય ગુમાવી શકવાની નથી. અમારી ચિંતામાંથી તું મુક્ત થઈ જા.

*તારી અનુરા."*

ને એ કાગળ વાંચીને જાણે મારા હૃદયનો બધોય ભાર જાણે હળવોફૂલ બની ગયો. મને થયું, મારું માતૃત્વ કેવું ભવ્ય છે! જીવનનો આવો અપૂર્વ લહાવો કેટલીક માને મળતો હશે??? ઈશ્વરે મારી ગમે તેટલી કસોટી કરી છે પણ આવાં સંતાનો આપવા માટે હું મનોમન ભગવાનનો પાડ માની રહી છું.

*૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી ક્લબ સામે*
*સરખેજ-ગાંધીનગર હાઈવે,*
*અમદાવાદ - ૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૭૬૦૦૦૩, ૨૬૭૬૯૭૦૦*

## લઘુકથા

### સ્મૃતિ

*– નવીન ત્રિપાઠી 'અલ્પ'*

શહેરની નામાંકિત હોટલમાં સત્કાર સમારંભ પૂર્ણ થતાં હસમુખભાઈ વૈભવી કાર પાસે સંબંધીઓની રાહ જોતા હતા.

ત્યાં એક નાનકડો છોકરો આવ્યો અને હાથ લંબાવીને બોલ્યો, 'એ...ભાઈ! તું ભલે મોટી હોટલમાં જલસો કરી આવ્યો પણ મને દસ રૂપિયા તો આપતો જા! મને ભૂખ લાગી છે.'

પોતાને તું સંબોધનથી બોલાવી રહેલ આ છોકરા તરફ હસમુખભાઈને ક્ષણિક ગુસ્સો તો આવ્યો, પણ એક સ્મૃતિએ ગુસ્સાને જાણે ઓગાળીને લાગણી પ્રવાહમાં પલટાવી નાખ્યો.

ચાલીસેક વર્ષ પહેલાં એક દિવસ તેઓ સાઈકલ લઈને બહાર જતા હતા ત્યારે તેના નાનકડા ભાઈએ કહ્યું હતું, 'એ... ભાઇ! સાઈકલ લઈને વટ પડાવવા જાય છે તે મને ખબર છે હોં. મને થોડાક પૈસા તો દેતો જા! ભૂખ લાગી છે.'

ભાઈને પૈસા આપતાં તેઓએ હસીને કહ્યું હતું, 'લે ભાઈ! ધીમે ધીમે સાચવીને જજે હોં, દોડતો નહીં ભલા!' ને... ભાઈ ગયો તે ગયો જ.

આ પ્રસંગની સ્મૃતિ આવતાં તેઓ ખિસ્સામાં દસ દસ રૂપિયાની જેટલી નોટ હતી તે બધી જ છોકરાની હથેળીને પોતાની આંગળીઓનાં ટેરવાંનો સ્પર્શ થાય તે રીતે આપતાં કેટલીય વાર ઊભા રહ્યા... ને પછી ધીરેથી બોલ્યા, 'ભાઈ! ધીમે ધીમે સાચવીને જજે હોં, દોડતો નહીં ભલા!'

ને આ છોકરો પોતાને હજી પણ એક વખત 'એ ભાઈ!' એમ કહે તો કેવું સારું! એમ વિચારતા છોકરાને જોતા જ રહ્યા...

*ડી-૫, અરિહંતનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

વાર્તા

# પાછોતરા કંપનોની વાર્તા શ્રેણી-૩ : હરિ મહારાજની દાળ

• બલવીરસિંહ જાડેજા •

"ચલો સબ યહાં ઉતર જાઓ. અબ હમ યહાં રૂકેંગે." કહીને રાધનપુર હાઈવે ઉપર પુરોહિત રોડલાઈન્સના ડ્રાઈવરે, કંડલાથી માલ ભરી રાજસ્થાન જઈ રહેલી ટ્રકને રોકી અને ટ્રકના માલ ઉપર બેઠેલા બધાને નીચે ઉતરી જવા કહ્યું.

ભચાઉથી ટ્રક ઉપર બેઠેલા હરિ મહારાજ, ઘરવાળી શાંતા અને અબુધ ચાર વરસનો બહેગો-મૂંગો દીકરો નવીન, રાધનપુર હાઈવે પર ઉતરી ગયા. સાથે એક આધેડ મુસ્લિમ દંપતી પણ ભચાઉથી બેઠેલા, તે બધા સાથે ઉતરી ગયા. હવે...! દાઢીવાળા, માથે ફેંટો વિંટેલા, ઉંમરમાં હરિ મહારાજથી મોટી ઉંમરના કાસમ જમાદાર અને ઇઝાર-આભો પહેરેલ ઘરવાળી ઝનાબાઈએ પૂછ્યું, "હવે ક્યાં જશો મહારાજ?" "જ્યાં ઉપરવાળો લઈ જાય ત્યાં." "તમે?" "હું પણ. આ નવાબી ગામ છે એટલે મસ્જિદ ગોતતો પહોંચી જઈશ અને રાત રોકાઈ જઈશ. પછી જે થાય તે અલ્લાહને ખબર!"

ટ્રક ઉપરથી ઉતરી બંને સહપ્રવાસીઓ છૂટા પડ્યા. **૨૬મી જાન્યુઆરીના કચ્છ ગુજરાતમાં ત્રાટકેલા એ ધરતીકંપની ભયાનકતા, બે દિવસથી ભુતાવળની જેમ આંખ સામે નાચતી હતી.** ભચાઉથી રાધનપુર સુધીની ટ્રકની મુસાફરી જાણે વહેલી સવારે આવેલા સુખદ સ્વપ્નાની જેમ સૌને યાદ રહી ગઈ. પાંચ-છ કલાકના સાથે ટ્રકના સહ પ્રવાસીઓ, જાણે વરસોથી ઓળખતા હોય તેવા આત્મીય બની ગયા કારણકે બંને કુટુંબો સમદુઃખીયા હતા.

વૈજ્ઞાનિક શોધ થકી માણસોને ૧૨-૧૪ કલાકમાં એરોપ્લેન દ્વારા પૃથ્વીના એક ખંડમાંથી બીજા ખંડમાં પહોંચાડી દે છે ત્યારે ૨૪-૩૦ કલાક પહેલાં થયેલા ધરતીકંપે, જિંદગીના એવા વળાંક ઉપર પહોંચાડી દીધા હતા કે, હવે શું...? નો વિચાર આવીને અટકી જતો હતો.

ભીડ બજાર ભુજની પાછળની ગલીમાં એક ઓરડો, ઓસરી અને નાના ફળિયાનું મકાન. હરિ મહારાજ સમજણા થયા ત્યારથી પોતાની દુનિયા હતી. મા-બાપની સાથે કોઠારાથી ભુજમાં, હરિ રાજગોર ચડ્ડી પહેરીને આવેલા ને પછી બાપાની સાથે થોડું કર્મકાંડ, પંચાંગ-જ્યોતિષ અને રસોઈયા તરીકે ધીમે ધીમે દુનિયા વસાવી. મોટો દીકરો ફરશુરામ ઉર્ફે પરશુરામ નવમા ધોરણમાં ભણતો હતો. આઠેક વરસ પછી જન્મેલો નવીન જન્મથી જ બહેરો-મૂંગો. ૨૬મી જાન્યુઆરીની સવારે નાનો ખાટલામાં હતો. ઘરવાળી શાંતા ચા બનાવતી હતી અને હરિ મહારાજ નિત્યકર્મથી પરવારી, ઓસરીના ખૂણે ગોખલામાં બનાવેલા મંદિરમાં પૂજાપાઠ કરતા હતા. પરશુરામ એકમાત્ર ઓરડામાં સ્કૂલનો ડ્રેસ પહેરીને ધ્વજવંદનમાં જવાની તૈયારી કરતો હતો. અને એકાએક..... બસ બધું ખતમ. થોડોક અણસાર આવી જતાં હરિ મહારાજે ખાટલામાં સૂતેલા નવીનને જેમતેમ તેડી, શાંતાનો હાથ પકડી ખેંચીને જલ્દીથી ઊભી કરી ફળિયામાં દોડ્યા. ધોતિયું છૂટી ગયું પણ પડતા માંડ બચ્યા. ત્યાં તો ઓરડો - ઓસરી જાણે હતા જ નહીં તેમ ધૂળ અને કાટમાળનો ઢગલો. ડેલી અને ફળિયાની દીવાલ આખી જાણે સોડ તાણીને સૂઈ ગઈ. ફળિયામાં શ્વાસ લેવાનું ભૂલીને, ઊભા રહ્યા કે શું થયું? ભગવાન શિવે તાંડવ નૃત્ય કર્યું કે શું? કાંઈ સમજણ પડે એ પહેલાં તો ધૂળના ગોટા, ચારેબાજુથી સંભળાતા ચીચીયારીના અવાજો, ઢગલો બની ગયેલા ઘર સામે જોયું. "આમાં પરશું ક્યાં બચ્યો હોય?" એમ મહારાજ વિચારતા હતા પણ માનો જીવ એટલે શાંતાબાઈ "પરશુ - પરશુ" કહીને ચીસો પાડી. વધુ કાંઈ બોલી શકવાની હામ નહોતી કે કાંઈ જવાબ મળે તેમ નહોતો. અહીં ઊભું રહેવું હજી ભયજનક હતું. ભાગવા સિવાય બીજો કોઈ રસ્તો પણ નહોતો. હવે ભાગો! ક્યાં? જ્યાંથી રસ્તો મળે ત્યાંથી ભાગો. ઉંઘમાંથી જાગેલા નવીનને ખભે બેસાડી, ઘરવાળીનો હાથ ખેંચતા જ્યાંથી નીકળવાનો રસ્તો દેખાયો ત્યાં જવા નીકળ્યા. ભીડ બજારમાંથી તો આગળ પડેલા મકાનો, કાટમાળ, લોકોની ચીસો સિવાય કાંઈ દેખાતું - સંભળાતું નહોતું. પાછળની બાજુથી નીકળ્યા. ખુલ્લામાં શ્વાસ ખાવા ઊભા રહ્યા. શાંતાબાઈ પરશુ - આપણો પરશુ બોલતા ઘરવાળા સામે જોઈ રહ્યા. "હવે આ જનમની લેણદેણ પૂરી થઈ શાંતા. આવા ધરતીકંપમાં કરઈ (ઓરડો) પૂરેપૂરો ઢગલો થયો હોય એમાં ક્યાંથી બચ્યો હોય? ધૂળના ગોટામાં ક્યાં કાંઈ દેખાયું હતું. શિવ શિવ કરો અને હાલો ભાગો." પાછલા ભાગમાંથી જૂના રેલવે સ્ટેશન, ડોસાભાઈ ધરમશાળા વાળા રસ્તે ભાગ્યા. બધા બેબાકળા થઈને, ચીસો પાડતા દોડતા - ભાગતા હતા. માધાપર ગામ સુધી ભાગતા - હાંફતા ધીમે ધીમે માંડ

માંડ પહોંચ્યા. માધાપર ગામમાંથી પણ શોરબકોર, ચીસો સંભળાતી હતી. એ બાજુ પણ જવા જેવું નહીં લાગતા ભાગ્યા હાઈવે તરફ. માધાપરની બહાર રાત્રે લિગ્નાઇટ ભરેલી ટ્રકો સવાર પડવાની રાહે ઊભી હતી. બધા ડ્રાઇવરો - કંડક્ટરો ટોળે વળી ચાની કિટલી પાસે ધરતીકંપની ચર્ચા કરતા ઉભા હતા. 'જય આશાપુરા મા' લખેલી એક ટ્રકના ડ્રાઇવર - કંડક્ટરને ટ્રક તરફ જોતાં જ મહારાજે હડી કાઢી. "જય માતાજી ભાઈ. બ્રાહ્મણ છું. બધું ખતમ થઈ ગયું છે. મોટો છોકરો દટાઈ ગયો. અહીં રહીશ તો ઘરવાળી ગાંડી થઈ જશે. જ્યાં જતા હો ત્યાં લઈ જાઓ. ઉપર બેસાડો તો ઉપકાર, ભાઈ." કહીને હાથ જોડી ઊભા રહ્યા. બ્રાહ્મણ જાતનો ઉલ્લેખ થતાં જાડેજા ડ્રાઈવરને દયા આવી. "જાઓ ઉપર બેસી જાઓ. જ્યાં જઈશું ત્યાં લઈ જશું."

સૌ ભાગતા હતા. કોઈ ઘર છોડી, કોઈ ઘર તરફ. ડ્રાઇવરને પણ ભરેલી ટ્રક અમદાવાદ જલ્દીથી ખાલી કરી પોતાના ગામ પાછા ફરવું હતું. સૌને કુટુંબની ચિંતા હતી. ભચાઉના રસ્તે બધા ગામોમાં થયેલી તારાજીના દશ્યો જોતાં જોતાં હરિ મહારાજ વિચારતા હતા, "જન્મ ભોમકાનો નાતો હવે છૂટી ગયો. જીવતા બચ્યા એટલું પણ ઘણું. હવે ઉપરવાળો જ્યાં લઈ જાય ત્યાં નવી જિંદગી. જેવી એની મરજી."

ભચાઉ પહોંચ્યા ત્યાં ખબર મળ્યા સૂરજબારીવાળો રસ્તો બંધ છે. કોઈ કહે ટ્રક ટેન્કરનો અકસ્માત થયો, કોઈએ કહ્યું પૂલ બેસી ગયો. હવે? ટ્રક ઊભી રહી. "મહારાજ, હવે આગળ નહીં જવાય. ઉતરી જાઓ." ભચાઉમાં પણ તારાજી ઓછી નહોતી. અહીં ક્યાંથી રહેવાય. હવે...? સાંજ સુધી બેઠા રહ્યા. પેટમાં કાંઈ ગયું નહોતું. ખિસ્સામાં તો કાંઈ હતું જ નહીં. ખમીસ જ નહોતું પહેર્યું! આયખામાં ભીખ માંગવાની કદી જરૂર પડી નહોતી. યજમાનવૃત્તિમાં યજમાન જે આપે તે લઈ લેતા. પોતાના માટે નહીં તો આ નાના અબોલ જીવ માટે કાંઈક મળી જાય તો બસ. ક્યાંકથી સાંભળ્યું કે ભચાઉમાં સદાવ્રત ચાલુ થયું છે. શોધતા શોધતા પહોંચી ગયા. રોટલો પણ મળ્યો અને ધાબળા - ચોરસા કે ચાદર પણ મળ્યા. રાત જેમ-તેમ ગુજારી નાખી. બીજા દિવસે તારાજીના વધુ ખબર મળ્યા. અહીં તો નથી જ રહેવું. પાછા આવ્યા હાઈવે પર. બપોર સુધી બેસી રહ્યા. બપોરે મહારાજથી ઉંમરમાં મોટા એક મુસ્લિમ દંપતી પણ આવી ગયા. બપોર પછી કંડલાથી માલ ભરી પુરોહિત રોડલાઈન્સ લખેલી ટ્રક નીકળી. હાઈવે પર ટ્રાફિક જામ હતો એટલે ઊભી રહી.

શરીરે વીંટેલી ચાદર કાઢી, જનોઇ દેખાય તે રીતે મહારાજે ડ્રાઇવરની કેબિન પાસે જઈ હાથ જોડ્યા. અહીં ભચાઉ કે કચ્છમાં નજર સામે થયેલી તારાજી જોવી એ કરતાં ક્યાંક દૂર દૂર નીકળી જઈએ એવી ગણતરી. જનોઇ જોઈ રાજસ્થાની ટ્રક ડ્રાઇવરને દયા આવી.

"ચલો, ઉપર બૈઠ જાઓ સબ." મહારાજના કુટુંબ સાથે મુસ્લિમ દંપતી પણ ટ્રક ઉપર ચડી બેઠા. ટ્રક ઉપડી રાજસ્થાન તરફ વાયા રાધનપુર. સાંજ ઢળી. અંધારું થતાં બધાને ઉતારી દીધા રાધનપુર હાઈવે ઉપર.

કાસમ જમાદાર અને ઝના બાઈની હકીકત પણ કાંઈક આવી જ હતી. ભચાઉના જૂના પીંજારા વાસમાં બાપદાદાના જૂના એક ઓરડા - ઓસરીવાળા ઘરમાં બુઢ્ઢા મા-બાપ સાથે, નાના દોઢ વરસના દીકરા સાથે, તલ્લાક પામેલી દીકરી હલીમા, મા-બાપને ટેકો બનવા ભચાઉના શાહુકાર મેમણ શેઠની હવેલીમાં કામ કરતી હતી. બુઢ્ઢો બાપ કાસમ ચાર પૈડાવાળી હાથલારીમાં ભચાઉ શહેરના દુકાનદારોનો સામાન એકથી બીજી જગ્યાએ લાવવા - લઈ જવાનું કામ કરતો હતો. ૨૬મી જાન્યુઆરીએ વહેલી સવારે નાના દીકરાને તેડીને, મેમણની હવેલીએ જવા નીકળી ગયેલી હલીમા, મેમણની ખંડેર થઈ ગયેલી હવેલીમાં ક્યાંથી બચી હોય? એમ સમજી, હેબતાઈ ગયેલા કાસમ અને ઝનાબાઈએ 'હવે અહીં આપણી બાજર ખૂટી ગઈ' કહીને બે જોડી બચેલા લુગડાની પોટલી અને હાથમાં લાકડી લઈને, ખંડેર થઈ ગયેલું ઘર અને લારીને ફળિયામાં જ મૂકીને, હાઈવે ઉપર ઊભા રહી ગયા. યોગાનુયોગ હરિ મહારાજ અને પરિવાર પણ ત્યાં જ ઊભા હતા. પુરોહિત રોડલાઈન્સવાળા ટ્રક ઉપર હરિ મહારાજની સાથે બેસીને એકબીજાના આત્મીય બની રાધનપુર બંને કુટુંબ ઉતરી ગયા.

હરિ મહારાજે તે રાત કોઈ બંધ દુકાનના ઓટલે મળેલા ધાબળા કે ચોરસાના સહારે વિતાવવાનું નક્કી કર્યું. પણ ગઈકાલે રાત્રે સદાવ્રતમાં મળેલા ભોજન પછી આજ આખો દિવસ પાણી અને એક-બે નાના પેકેટનો નાસ્તો ભચાઉ હાઈવે ઉપર કોઈ દાતા તરફથી મળેલો એની ઉપર આખો દિવસ ખેંચેલો. બંનેને બેસાડી કાંઈક ખાવાનું મળે એ માટે હરિ મહારાજ હાઈવે ઉપર નીકળ્યા. હાઈવે ઉપર ઉતરેલા ત્યાંથી થોડે દૂર જનપથ નામની હોટલ પાસે, બે-ત્રણ ટ્રક પડી હતી. ખાટલા ઉપર ડ્રાઈવર - કંડક્ટરો જમતા હતા. થડા ઉપર બેઠેલા શેઠ કે મેનેજર પાસે જઈ મહારાજે કાકલૂદીભર્યા અવાજે યાચના કરી, "શેઠ આખા દિવસના ભૂખ્યા છીએ. કચ્છમાં ગઈકાલના ધરતીકંપમાં છોકરો ગુમાવી

ઘર પડી જવાથી પહેરેલ કપડે નીકળી ગયા છીએ. કાંઈક ખાવાનું હોય તો આપો. કાંઈ કામ હોય તો કહો. કામ કરી કાંઈ મળશે તે ઘરવાળી અને નાના છોકરાને ખવડાવીશ. દયા કરો બાપા. મજબૂરીથી માંગી રહ્યો છું. હું પોતે પણ બ્રાહ્મણ છું અને રસોઇનું કામ જાણું છું.'' કહીને હાથ જોડી ઊભા રહ્યા.

થડા ઉપર બેઠેલા શેઠ હતા પ્રદીપભાઈ રાવલ. સિધ્ધપુરના બ્રાહ્મણ. બ્રાહ્મણ જાત સાંભળી દયા આવી. વધુ પૂછપરછ કરી. આમેય પોતે બે વરસથી ચાલુ કરેલી જનપથ હોટેલ ખાસ કાંઈ ચાલતી નહોતી. ઘરવાળાના નામે મળેલી ગેસના બાટલાની એજન્સીને લઈને પોતે અહીં સ્થાયી થયા હતા અને ઘર ચાલતું હતું. હોટેલ રેસ્ટોરન્ટનો ધંધો, માણસો - રસોઈયાની અછત અને તકલીફ. મળે ન મળે. બીજે સારો પગાર મળે જતા રહે. રાજસ્થાનીઓ કે નેપાળીઓ ઘરે જતા રહે. કોઈ સ્થાયી માણસની શોધમાં હતા. વધુ પૂછપરછ કરી, કઈ રીતે કચ્છથી આવ્યા? ક્યાં રહો છો? હવે શું કરશો? વગેરે વગેરે...

પ્રદીપભાઈએ સસ્તામાં મળેલો જમીનનો મોટો પ્લોટ ખરીદી એક બાજુ જનપથ હોટેલ ચાલુ કરેલી અને બાજુમાં લાઈનસર દુકાનો બનાવી ભાડે આપેલી. દુકાનો ઉપર આઠેક, નાના મોટા રૂમનું સસ્તું ગેસ્ટ હાઉસ બનાવ્યું હતું. કોઈ સમય કસમયે રાત રોકાતા ડ્રાઇવરો કે કન્ડક્ટરો કે આજુબાજુના ગામોના નાછુટકે રોકાઈ ગયેલા કુટુંબો રોકાઈ જતા. બાકી એ ગેસ્ટહાઉસ પણ હોટેલ - રેસ્ટોરન્ટની જેમ ખાલી જ રહેતું. મહારાજ અને કુટુંબને રોટલી - દાળ ખવડાવી. ઉપરના એક રૂમમાં રાત રોકાવાની સગવડ કરી. બીજે દિવસે નિરાંતે વાત કરવા જણાવ્યું. મહારાજને તો જાણે ભગવાન મળ્યા.

બીજે દિવસે પોતાના ઘરવાળા સાથે વાતચીત કરી બંને જણાએ, મહારાજને કાયમી રહેવું હોય તો રસોઇયા તરીકે રહેવા, એમના ઘરવાળા રસોઈમાં મદદ કરે અને ઉપર ગેસ્ટ હાઉસમાં રહેવાની સગવડ સાથે પ્રસ્તાવ મૂક્યો. પ્રદીપભાઈએ કહ્યું, 'જનપથ ખાવાની હોટલ બરોબર ચાલતી નથી. તમે ચલાવી આપો.' કોઈ વ્યવહારિક સૂચનો હોય તો પણ જણાવો. મહારાજે બધી વિગત સમજી વિચારી પ્રદીપભાઈને કહ્યું, 'મારું માનો તો વાત કરું. હું ગુજરાતી રસોઈનો જાણકાર. પંજાબી - રાજસ્થાની તો હાઈવે ઉપર જતા આવતા જ જમે. રાધનપુર એ તાલુકાનું મથક. આજુબાજુના ખેડૂતો - આમજનતા હટાણું કરવા આવે. સાદા માણસો સસ્તું અને સારું ખાવાનું શોધે. હું ગુજરાતી દાળ અને ખીચડી - કઢી સારી રીતે બનાવી જાણું. એકવાર ડભોઇ નારેશ્વર નર્મદા કાંઠે ગયો હતો ત્યારે યજમાન સાથે આણંદમાં રોકાયેલો અને ત્યાંની રામવિલાસ લોજમાં જમેલો. રામવિલાસ લોજની દાળનો સ્વાદ, વરસોથી એકસરખો. આખું શહેર દાળના વખાણ કરે. મેં મારી રસોઇયા તરીકે ઓળખાણ આપી. એકસરખા સ્વાદની દાળ કાયમ કેવી રીતે બનાવવી. દાળ, પાણી, કોકમ, ખટાશ, ગળપણ, વઘાર વગેરે સમજાવવા વિનંતી કરી અને બરોબર સમજીને, કચ્છમાં કોઈ કોઈવાર રસોઇ બનાવવાનું થતું ત્યારે બનાવતો. બધાને ખૂબ ભાવતી. એવી દાળ આપણે બનાવીએ કે લોકો રોટલી - ભાત ઘરે બનાવે અને દાળ વેચાતી લઈ જાય. રીક્ષામાં માઈક ફેરવી જાહેરાત કરો. હાઈવે, શહેરમાં, બજારમાં, દવાખાનાઓમાં, કોર્ટ - કચેરીઓમાં ફરફરિયા (પેમ્ફલેટ) નખાવો. જનપથને બદલે 'જનસેવા લોજ' નામ રાખો. મારી મહેનત અને તમારું નસીબ.'' પ્રદીપભાઈને ધંધો ચલાવવા કાંઈ પણ કરવાની તૈયારી હતી. તેમણે માઇક ફેરવી જાહેરાત કરી, ફરફરિયા છપાવ્યા.

**હરિ મહારાજની સ્વાદિષ્ટ દાળ**
**રોટલી તમારી, દાળ અમારી (વેચાતી)**
**સવારે જમો રોટલી - દાળ - ભાત - શાક**
**સાંજે જમો ખીચડી - કઢી - ભાખરી - શાક.**

ઓછામાં ઓછી પાંચ રૂપિયાની ૧૦૦ મિલિના દૂધના માપિયામાં વેચાણ શરૂ કર્યું. જાહેરાત પછી ''માઉથ ટુ માઉથ'' પબ્લિસિટીથી બપોરે રાધનપુર શહેરમાં હટાણુ કરવા આવતા આમ માણસો, ધંધા રોજગાર માટે આવતા કે ખેડૂતો, પરિવાર, દવાખાનાના દર્દીઓ કે સગાઓ, કોર્ટ કચેરીએ આવતા માણસો સૌ એકવાર આવતા થયા અને પછી સ્વાદ, ચોખ્ખાઇ, મહારાજનો આવકાર અને પ્રેમભરી પૂછપરછથી વારંવાર આવતા થયા. શહેરના નાના-મોટા પરિવારો રોટલી-ભાત ઘરે બનાવી દાળ વેચાતી લઈ જઈ જમતા થયા.

હરિ મહારાજ દાળ - શાક - કઢી - ખીચડી બનાવે. શાંતાબાઈ તથા ઝેનાબાઈ રોટલી - ભાખરી બનાવે. કાસમ ચાચા ચોકીદારીનું કામ કરે. જોતજોતામાં હરિ મહારાજની દાળ રાધનપુર પંથકમાં એવી તો પ્રખ્યાત થઇ કે હરિ મહારાજ પોતાને કે પ્રદીપભાઈને પણ અંદાજ નહોતો. પ્રદીપભાઇ આટલા વરસોમાં નહોતા કમાયા તે છ-આઠ મહિનામાં કમાઇ ગયા અને એ જ રીતે કમાતા રહ્યા. બંને પરિવારો એમના માટે ઘરના અંગત પરિવારો બની ગયા.

કચ્છમાંથી રાધનપુર હાઈવે આવતા જતા ટ્રકવાળાઓ, કંડલા - ભુજ કે કચ્છના અન્ય ભાગમાંથી નીકળતા

પ્રવાસીઓ, દેવદર્શને જતા યાત્રાળુઓ, રાધનપુર હાઈવે ઉપર હરિ મહારાજની દાળ કે સાંજે ખીચડી - કઢી ખાવા અચૂક રોકાતા. બે વરસમાં હરિ મહારાજની દાળ તો એવી પ્રખ્યાત થઈ કે બસ જમવું તો રાધનપુર અને તે પણ હરિ મહારાજની દાળ કે ખીચડી - કઢી ખાવા.

ભુજની વીરજી કન્સ્ટ્રક્શન કંપનીની ટ્રક મારબલ - આરસપહાણ ભરવા, રાજસ્થાન જતા - આવતા રાધનપુર રોકાતી અને ડ્રાઈવર ક્લીનર જમતા થયા. સૌ એકબીજાને જણાવતા થયા કે, “જમવા તો રાધનપુર જ રોકાજો.” વાત વીરજીભાઈ શેઠના કાને પડી. “હરિ મહારાજ નામ તો જાણીતું - સાંભળેલું છે. તપાસ કરો, હરિ મહારાજ ક્યાંના છે? કેટલા વખતથી જમવાનું બનાવે છે?” જતા આવતાં ડ્રાઈવરોએ તપાસ કરી. આ એ જ હરિ મહારાજ.

એક દિવસ રજાના દિવસે, પોતાની ગાડીમાં એમને ત્યાં કામ કરતા અઢારેક વરસના યુવાન છોકરાને લઈને નીકળી પડ્યા. વહેલું આવે રાધનપુર. રાધનપુર પહોંચી હરિ મહારાજની “જનસેવા લોજ” પાસે જઈને ગાડી ઊભી રાખી. કાસમ ચાચા ચોકીદારને બોલાવી પૂછપરછ કરી... “એ રહ્યા હરિ મહારાજ.“ પંચીયું પહેરણ પહેરેલા, ખભે ગમછો રાખી, જમનારાની દેખરેખ રાખતાં, કોને શું જોઈએ છે તેની તકેદારી અને સાફસફાઈ, ચોખ્ખાઈની ચીવટ રાખતા હરિ મહારાજ પોતાના કામમાં એટલા તો ઓતપ્રોત હતા કે કોણ આવ્યું છે તે પ્રત્યે ધ્યાન પણ નહોતું. વીરજી શેઠે સાવ નજીક જઈને પૂછ્યું, “હરિ મહારાજ, ઓળખાણ પડી?”

એકાદ મિનિટ માટે અવાક્ થઈ ગયેલા હરિ મહારાજ “ઓહોહો... વીરજી શેઠ તમે?” કહીને રામ-રામ કરવા નમી પડ્યા.

વરસોથી ભુજમાં કે કચ્છમાં નાના મોટા બાંધકામના કોન્ટ્રાક્ટર વીરજી શેઠ, પાયા ખોદવાની કે ખાત મુહૂર્ત કે મકાનો અર્પણ કરવાની વિધિ વખતે હરિ મહારાજને પૂજા-પાઠ માટે બોલાવતા તેમજ વાર-તહેવારે સ્ટાફ માટે હરિ મહારાજ પાસે દાળ-ભાત-લાડુ બનાવડાવી જમણવાર કરતા વીરજી શેઠને ક્યાંથી ભૂલે?

આંખમાં આંસુ સાથે પોતાના શેઠને અહોભાવથી, હાથ જોડી ઊભા રહેલા હરિ મહારાજે ઘરવાળા શાંતાબાઈને પણ બોલાવ્યા. સૌ હરખના આંસુ સાથે મળ્યા. પણ... પણ...

વીરજી શેઠે ગાડીમાં બેસાડી રાખેલા કિશોરને બોલાવ્યો ત્યાં સુધી હરિ મહારાજ કે શાંતાબાઈને કાંઈ ખબર નહોતી. જેવો યુવક નજીક આવ્યો કે અરે... આ....આ.... તો આપણો પરશુ!

“હા, અધા - બાઈ, હું પરશુ.” કહીને મા-બાપને ભેટી પડ્યો. થડા ઉપર બેઠેલા પ્રદીપભાઈ તથા ત્યાં જમી રહેલા સૌ જમવાનું ભૂલી, એકઠા થઈ, ટોળે વળી ક્યાંય સુધી ત્રણેયની સાથે નાના નવીનને પણ રડતા જોઈ રહ્યા. મા-બાપને રડતા જોઈ, કાંઈ સમજ્યા વિના એ પણ રડી પડ્યો.

“ભાઈ, તું ધરતીકંપમાં કઈ રીતે બચ્યો?”

“એ વાત હું તમને કહું.” કહી વીરજીભાઈ શેઠે આખી વાત આ પ્રમાણે કહી.

“ધરતીકંપના બીજા દિવસે અમારા જે.સી.બી. મશીનથી, ભીડ બજારમાં કાટમાળ ખસેડવાનું કામકાજ ચાલુ હતું. કેટલાય શબો મળતા હતા, તેને અવ્વલ મંઝીલે પહોંચાડતા હતા. એ વખતે અમારા જે.સી.બી.ના ડ્રાઈવરે તમારું ઘર બતાવ્યું. જે તમારે ત્યાં કામ પ્રસંગે તમને બોલાવવા માટે આવતો હતો. મેં તાત્કાલિક તમારા ઘરનો કાટમાળ ખસેડાવ્યો. ત્યારે પરશુરામ બેભાન અવસ્થામાં મળી આવ્યો. પગ ઉપર વજનદાર દીવાલનો ભાગ પડવાથી પગમાં ફ્રેક્ચર હતા, પણ ઓરડાના મોલ નીચે ફસાઈ જવાથી, બીજે ક્યાંય શરીર ઉપર ખાસ ઈજા નહોતી. તાત્કાલિક સારવાર કરાવી. તમારી તપાસ કરાવી પણ કાંઈ પત્તો લાગ્યો નહીં. મેં પરશુરામને ભણાવવાની અને કન્સ્ટ્રક્શન સાઈટના રસોડે રહેવા-જમવાની વ્યવસ્થા કરાવી અને ધોરણ-૧૦ની પરીક્ષા અપાવી. એ પછી એની વધુ ભણવાની ઈચ્છા ન હોવાથી મેં તેને આપણી કંપનીમાં જ સાઈટ સુપરવાઈઝર તરીકે રાખી લીધો છે અને તેણે હવે મારા વિશ્વાસુ બની ધીમે ધીમે બધું કામ શીખી લીધું છે. હવે તેને એકાદ ફ્લેટ બનાવડાવી દઉં પછી તમે બધા પાછા આવી જાઓ.”

“ભલે શેઠ, એ વાત પછી વિચારશું. હવે અમને આશરો આપનારા પ્રદીપભાઈ સાથે જિંદગી આખી, મતલબ કે કાયમ માટે અહીં રહેવાનું નક્કી કર્યું છે અમે. તમે હવે પરશુરામને તમારો દીકરો ગણ્યો છે એટલે સાચવજો અને ક્યારેક રજામાં અમને મળવા મોકલતા રહેજો એટલી વિનંતી.”

ધ્યાનથી હરિ મહારાજની અને પરશુરામના બચાવની વાત સાંભળી રહેલા કાસમ મિંયાએ, વીરજી શેઠને હાથ જોડી વિનંતી કરી. “શેઠ, તમે મહારાજના દીકરાને શોધીને, બચાવીને નવું જીવન આપ્યું, એમ જો મારી ઉપર ઉપકાર કરી મારી દીકરી હલીમા, જે તે દિવસે મેમણની હવેલીમાં કામ કરવા ગઈ

હતી તેની ભાળ કઢાવી, એના જીવતા કે મરણના વાવડ કે સમાચાર મેળવી અપાવો તો તમારી ભલાઈ શેઠ.''

''અરે, એમાં ઉપકાર શેનો? આજે જ અત્યારે જ હું ને પરશુરામ વળતા ભચાઉ જઈ તપાસ કરાવી, જરૂર પડશે તો પરશુરામને ત્યાં મૂકીને હલીમાની ભાળ કઢાવીશ, બસ.''

ચમત્કાર હજી પણ બને છે. મારવાવાળા કરતાં જીવાડવાવાળો હંમેશાં મોટો હોય છે એ દુનિયાદારીનું સાબિત થયેલું સત્ય છે.

વળતા તપાસ કરતાં, ભચાઉમાં જાણવા મળ્યા પ્રમાણે મેમણની હવેલી તો નેસ્તનાબૂદ થઈને ખંડેર બની ગઈ હતી અને મેમણનું કુટુંબ લગભગ આખુંય અલ્લાહને પ્યારું થઈ ગયું હતું. પણ તે દિવસે મેમણની હવેલી ઉપર કામ કરવા ઘરેથી નીકળેલી હલીમા, છોકરાને તેડીને, હવેલીએ જતા પહેલાં, આગલા દિવસે મેમણ શેઠના ઘરવાળાએ કહેલું એ પ્રમાણે દૂધ પહોંચાડતા દૂધવાળાને મહેમાન આવવાના હોઈ, દરરોજ કરતાં પાંચ લીટર વધુ દૂધ લઈને આવવાનું કહેવા ગયેલી હલીમા, ધરતીકંપ થયો ત્યારે રસ્તામાં જ હતી અને છોકરા સાથે બચી ગઈ. મેમણની ખંડેર બનેલી હવેલી જોઈને, ચારેક કલાકે ઘરે પાછી ફરેલી હલીમાને એવો ખ્યાલ હતો કે અમારું ઘર તો કદાચ પડી ગયું હશે ને મારી અમ્મી-બાવા તો જીવતા જ હશે ને! પણ જ્યારે ઘરે પાછી ફરી ત્યારે ઘર તો ખંડેર થઈ ગયું હતું પણ અમ્મા - બાવાનો પત્તો નહોતો. ભચાઉ ગામ આખામાં ફરી વળી, સગાવહાલાને પૂછ્યું પણ કોઈએ એમને જોયા નહોતા. તેઓ તો હાઈવે ઉપર અહીંથી દૂર ભાગી જવા માટે એક બાજુ બેઠા હતા અને બીજા દિવસે હરિ મહારાજ સાથે ટ્રકમાં રાધનપુર આવી ગયા. એકાદ અઠવાડિયું રાહત કેમ્પમાં મા-બાપને શોધતી રહેલી હલીમા, ધાબળા કે ખાવાનું લઈને ખંડેર થઈ ગયેલા ઘરના ફળિયામાં રાત રોકાતી હતી. અને એક દિવસ સવારે અચાનક... અચાનક...

જેણે તલાક આપી આઠ મહિના પહેલા હલીમાને જાકારો આપેલો, એ અબ્દુલ, વધી ગયેલી દાઢી સાથે ભીખારી જેવા વેશમાં એના સસરાના ખંડેર બની ગયેલા મકાનમાં આવીને ઊભો રહી ગયો. હલીમાને જોઈ હાથ જોડી રડવા લાગ્યો. કાંઈપણ બોલી શક્યો નહીં. હલીમાએ થોડીવાર સુધી રડવા દીધો. પછી દયા આવી એટલે પાણી આપી પૂછપરછ કરી. ત્યારે જાણવા મળ્યું કે, હલીમાને તલાક આપી, મા-બાપ અને બીજી બીબી સાથે રાપરમાં રહેતા અબ્દુલના માતા-પિતા અને બીબી ધરતીકંપમાં ઘરમાં જ દટાઈ ગયા અને પોતે જંગલ જવા ઘરની બહાર ગયો હતો અને જીવતો બચી ગયો. ઘરમાં તો ખાસ કાંઈ હતું નહીં. છૂટક મજૂરી કરીને પેટિયું રળતો હતો. ગાંડા જેવો થઈ ગયો. દાઢી વધી ગઈ. એકાદ અઠવાડિયે ભચાઉ પહોંચ્યો અને જૂની બીબી હલીમાના ઘરે આવીને ઊભો રહ્યો. કારણ વિના દીકરા સાથે હલીમાને તલાક આપી તરછોડી હતી એટલે ગુનેગાર હતો.

''મને માફ કરી દે. મારા ગુનાનો બદલો અલ્લાહે આપી દીધો. હવે હું તને નહીં પણ તું મને સ્વીકારી લે. આ છોકરાના સમ ખાઈ તને પગે લાગું છું કે હું તને હવે છોડીને જઈશ નહીં.'' હલીમાનું પણ હવે કોઈ નહોતું. ખંડેર થયેલું ઘર અને બાવાની જૂની લારી. તેણે અબ્દુલને સ્વીકારી લીધો અને બંનેએ નવેસરથી જીવન શરૂ કર્યું. અબ્દુલ છૂટક મજૂરી કરે અને હલીમા શેઠ - શાહુકારને ઘરે કામ કરી પેટ ભરતા હતા.

વીરજી શેઠ અને પરશુરામે કાસમ ચાચાએ આપેલા ઘરના સરનામે જઈને બંનેને શોધ્યા અને હકીકત જાણવા મળી. વીરજી શેઠે પરશુરામને ખરચીના પૈસા આપી હલીમા અને અબ્દુલને રાધનપુર બસમાં રવાના કર્યા અને પોતે ભુજ પરત ફર્યા.

રાધનપુર જનસેવા લોજે સૌ પહોંચ્યા ત્યારે ફરી એકવાર સૌ હીબકે ચડ્યા અને વાતાવરણ લાગણીભીનું થઈ ગયું. પણ હવે આંસુઓ હર્ષ અને આનંદના હતા.

પરશુરામ પરત ફર્યો પણ હલીમા અને અબ્દુલ તો રાધનપુર જ રહી ગયા.

હવે તો હરિ મહારાજ વૃધ્ધ થઈ ગયા છે અને પરશુરામના બે દીકરાને રમાડે છે. પરશુરામને વીરજી શેઠ પાસેથી રજા લેવડાવી પોતાની રસોઈનો કસબ શીખવાડી દીધો છે. શાંતાબાઈ, કાસમ ચાચા અને ઝનાબાઈ ભગવાન - અલ્લાહને પ્યારા થઈ ગયા છે. પ્રદીપભાઈનો કારભાર 'જનસેવા લોજ' એમના દીકરાઓ સંભાળે છે. હલીમા અને અબ્દુલ હજી ત્યાં જ જનસેવામાં જ કામ કરે છે અને જનસેવા એ જ પ્રભુસેવા ના નિયમ મુજબ સૌ ખાઈ-પીને મજા કરે છે.

કોઈને પણ રાધનપુર જવાનું બને તો હરિ મહારાજની દાળ કે ખીચડી - કઢી ખાવા માટે જનસેવા લોજની જરૂર મુલાકાત લેજો. તો ત્યાં આપ કચ્છની મહેંક સાથે બનેલા ચમત્કારની નિશાની જોવાનો લહાવો જરૂર માણજો.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*'ચાઈલ્ડ કેર' પાછળ, પ્રોફેસર્સ કોલોની સામે,*
*વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા,*
*અમદાવાદ-૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

લઘુકથા

# લાડુ

• અરુણા અરુણ ઠક્કર •

કંકુમાના હાથ લાડુ બનાવે એટલે લાડુની શોભા વધી જાય! બધા એકસરખા, ગોળ-ગોળ. ગામડાંમાં તો લાડુનું સ્થાન પણ અદકેરું. વાર-તહેવારે બધા ઘરમાં લાડુ બને. ગામડાંમાં ભાવના પણ કેવી? હળીમળીને બનાવે અને હળીમળીને ખાય. કુટુંબ, અડોશ-પડોશ બધાને કંકુમાનાં હાથના લાડુ ભાવે. ભાવથી બનાવેલા લાડુ તો ભાવે જ ને?

આવતીકાલે હોળી! કંકુમાનો જીવ તો ચકરાવે ચડ્યો હતો. બે વર્ષના પૌત્ર સૌમ્યને સાચવવા જ ખાસ તો શહેરમાં દીકરા સાથે રહેવા આવ્યા હતા. આમ તો દીકરો અને વહુ બંને પૂના હતા. આઠેક મહિનાથી ભુજ રહેવા આવ્યા હતા. કંકુમાને પણ ભુજ આવ્યે છ મહિના થઈ ગયા હતા. વહુ ભણેલી ગણેલી નોકરી કરતી, બીજી જ્ઞાતિની હતી.

વહુનું પિયર પૂના હતું એટલે સૌમ્ય ત્યાં સચવાઈ રહેતો. ભુજ આવ્યાના છ મહિનામાં કંકુમાએ મોડર્ન વહુના મોંએ છવ્વીસ વખત સાંભળેલું :

— એ બધું ગામડાંમાં ચાલે.

— મોંઘારત કેટલી છે?

— એ બધી જૂનવાણી વાતો છે.

સાંજે બંને સૌમ્યને લઈને ખરીદી કરવા વહેલા જ નીકળી ગયા. કંકુમાનો જીવ - એક તો સાવ એકલા થઈ ગયા ઘરમાં અને બીજું આવતીકાલે હોળી! લાડું બનાવીશ પણ એમને નહીં ગમે તો? નહીં જ ગમે. લાડુ વગર હોળી હોય? એમણે તો નહોતી જોઈ.

ગામડામાં ઉછરેલા અને ગામડામાં જ પરણેલા કંકુમા લગ્ન પછી થોડા જ સમયમાં વિધવા થઈ ગયેલા. એક જ દીકરો પ્રતાપ. એને બહાર ભણવા મોકલ્યો હતો પરંતુ સમયની થપાટોએ અને સંઘર્ષમય જિંદગીએ એમને ખૂબ જ ઘડી નાખ્યા હતા. દીકરાએ ત્યાં જ આંતરજ્ઞાતિય પ્રેમલગ્ન કરી લીધા, એ પણ એમણે સહજતાથી સ્વીકારી લીધું.

આજે પણ અવઢવ છોડીને લાડુ બનાવી જ નાખ્યા. ઘઉંના લોટના મુઠિયા બનાવીને તળ્યા, પીસ્યા. પછી ગોળ - ઘી માં લચપચતા લાડુ બનાવ્યા. એની સુગંધ છાની રહે ખરી? ઘર ખોલતાની સાથે જ લાડુની સુગંધ નાકમાં પ્રવેશી ગઈ. પ્રતાપના ચહેરા પર તો સુગંધની સુખદ અસર વર્તાઈ, પણ વહુએ નાક અને મો બંને મચકોડ્યા. તે પણ સમજી ગઈ કે ગામડાના સાસુમાએ પરાક્રમ કર્યું છે.

— મા, લાડુ બનાવ્યા છે નહીં?

— હા બેટા, કાલે હોળી છે...

ત્યાં તો વહુથી ન રહેવાયું.

— હોળી, દિવાળી તો આવશે ને જશે. ઘી કેટલું મોંઘુ છે!!

એના બોલવામાં રોષ સ્પષ્ટ વરતાતો હતો. દીકરાની ખુશી પણ એના રોષમાં ભળવા લાગી. કંકુમા તો માનસિક રીતે તૈયાર જ હતા. આ તો થવાનું જ હતું! આખી સાંજ હેરાન થઈ... આવા સરસ લાડુ બનાવ્યા... પણ... એમને ચૂપ રહેતા આવડતું હતું. આવી તો કેટલીય ઘટનાઓ તેઓ આસાનીથી પચાવી ગયા હતા.

ફરિયાદ કરવી, રોદણા રડવા એમના સ્વભાવમાં જ ન હતું. સહજતાથી પરિસ્થિતિનો સ્વીકાર કરવાની શક્તિ - એમના માટે કુદરતી બક્ષીસ હતી. એ શાંતિથી રસોડા બાજુ વળ્યા. ત્યાં તો સૌમ્ય બંને હાથમાં લાડુ લઈને આવ્યો. લાડુથી એનું આખું મોં ભરેલું હતું. અંદર પણ - બહાર પણ!

— દાદી, દાદી આ બહુ સરસ છે...

મીઠા મીઠા!! પપ્પા, તમે પણ ખાઓને...

એના એંઠા હાથે, એંઠા મોંએ બકી ભરીને પ્રતાપે એનો એંઠો લાડુ સપ્રેમ ખાધો.

*'મંગલ સ્મૃતિ', ધાટિયા ફળિયા,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૦૧૭૮*
*મો. ૯૮૭૯૫ ૩૯૧૭૮*

*પુત્ર તમારી સેવા કરે તો તેમાં કોઈ આશ્ચર્ય નથી કારણકે તે તમારું લોહી છે. પરંતુ જો પુત્રવધૂ સેવા કરે તો તે આશ્ચર્ય છે. તે લોહી તો દૂર ખાનદાનથી પણ અલગ હોય છે. છતાં પણ સેવા કરી રહી છે તો નિશ્ચિત એ તમારાં કોઈ જન્મનાં પુણ્ય ફળ છે. આજના જમાનામાં બીજાં દરેક પ્રકારનાં પુણ્ય ભોગવવા ઘણા બધા લોકોની કિસ્મતમાં છે, પરંતુ પુત્ર અને પુત્રવધૂની સેવાનાં પુણ્યને ભોગવવાં વિરલ મા-બાપના ભાગ્યમાં જ હોય છે.*

સ્વાસ્થ્ય

# મને ચક્કર આવે છે મને વરટીગો (Vertigo) છે

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

● **કેસ સ્ટડી :**

૩૬ વર્ષની હેમલતાને (નામ બદલ્યું છે) છેલ્લા દસ વર્ષથી ચક્કર આવતા હતા. માથું ભારે થઈ જતું હતું. ચક્કરને લીધે હેમલતાએ ઘરની બહાર નીકળવાનું ધીમે ધીમે ઓછું કર્યું હતું. પ્રસંગોમાં (વ્યવહારમાં, લગ્ન, નાટક, સિનેમા, જન્મ દિવસની પાર્ટી વગેરેમાં) એકલી ન જતી. જો કોઈ સાથે હોય તો જ જતી.

સાથે હાથ-પગમાં દુઃખાવો થતો હતો. ગરદન તથા ડોકમાં વારંવાર દુઃખાવો થતો હતો. નબળાઈ, અશક્તિ રહેતી હતી. ટોનિક, ઈન્જેક્શનો લીધા બાદ પણ નબળાઈ ઓછી થતી ન હતી. વારંવાર ગભરામણ થતી હતી. અવાજ, ઘોંઘાટ સહન થતો ન હતો.

વૈદ્યકીય તપાસ નોર્મલ હતી. બ્લડ પ્રેશર નોર્મલ હોવાથી ફેમિલી ડૉક્ટરની સલાહથી કાનના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરને બતાડ્યું. ઓડિયોગ્રામ (Audiogram) કર્યો, જે નોર્મલ આવ્યો. સારવાર શરૂ કરી. ઉપરોક્ત લક્ષણો ચાલુ રહ્યા. બીજા કાનના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરનો અભિપ્રાય લીધો. વરટીગો (Vertigo)નું નિદાન થયું. વરટીગો માટેની દવાઓ ચાલુ કરી. રાહત ન મળી. ધીમે ધીમે લક્ષણો વધતા ગયા. ન્યુરોફિઝીશિયનનો અભિપ્રાય લીધો. લોહીની તપાસ (ડાયાબિટીસ, થાઈરોઈડ માટે) તથા એમ.આર.આઈ. સ્કેન બ્રેઈનનો કર્યો. બધું જ નોર્મલ આવ્યું. એક વધુ કાનના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર, એક વધું ન્યુરોફિઝીશિયનને બતાડ્યું. એમની પણ સારવારનું પરિણામ શૂન્ય આવ્યું.

આ દરમિયાન બીમારીની જીવનશૈલી પર નકારાત્મક અસર નીચે પ્રમાણે થઈ.

૧. ચક્કરના કારણે હેમલતા ઘરનું કામકાજ પૂર્ણ ન કરી શકતી. રસોઈ સમયસર તૈયાર ન થતી. બાળકોને ઘણી વખત ટિફીન ન મળતું. હોટેલનું ખાવું પડતું.

૨. બાળકોના અભ્યાસ પર હેમલતા ધ્યાન ન આપી શકતી. બાળકો હોંશિયાર હોવા છતાં અભ્યાસ પર ધ્યાન ન આપતા. આથી પરીક્ષામાં બાળકોને ક્ષમતા પ્રમાણે પરિણામ ન મળતું.

૩. બાળકોના વ્યક્તિત્વના ઘડતર માટે હેમલતા ગુણવત્તાભર્યો સમય આપી શકતી ન હતી. બાળકોના કુમળા મન પર અસર થતી હતી કે એમની મમ્મી હંમેશાં માંદી રહે છે.

૪. પતિ જોડે પ્રસંગો તથા ધંધાકીય મિટીંગમાં હેમલતા હાજરી આપી શકતી ન હતી. પતિને એકલા જ જવું પડતું. ઘણી વખત પતિ કાર્યક્રમોમાં બહાનું આપી ન જતો. આની સંબંધો પર નકારાત્મક અસર થતી.

૫. હેમલતા કૌટુંબિક તથા સામાજિક પ્રસંગોમાં પણ ભાગ્યે જ હાજરી આપતી. આથી કુટુંબમાં હેમલતાની નકારાત્મક છબી પડી હતી. હેમલતા અતડા સ્વભાવની છે, કોઈની જોડે હળતી કે ભળતી નથી, મૂડી છે.

ધંધાકીય હિતેચ્છુની સલાહથી હેમલતાના કિસ્સામાં મનોચિકિત્સકનો (લેખકનો) અભિપ્રાય લીધો. મનના લક્ષણો વિશે ઊંડાણમાં જાણકારી મેળવી, જે નીચે પ્રમાણે છે.

હેમલતાને રાત્રે ઘણા વખતથી ઊંઘ બરોબર આવતી ન હતી. સવારે સ્ફુર્તિ રહેતી ન હતી. પરાણે થાય એટલું કામ કરતી હતી. નાની નજીવી બાબતોમાં હેમલતા ચીડાઈ જતી હતી, જે એનો સ્વભાવ ન હતો. કામમાં ઝડપ ઓછી થઈ ગઈ હતી. ભવિષ્યની ખોટી ચિંતા થતી હતી. વારંવાર રડવું આવતું હતું. ઉમંગ, ઉત્સાહ ઓછા થઈ ગયા હતા. હેમલતાને વિચારો આવતા હતા કે "આ અસાધ્ય બીમારી છે. આના કરતાં મરી જવું વધારે સારું." હેમલતાએ પતિ પાસે મરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.

● **નિદાન :**

હેમલતાના કિસ્સામાં શારીરિક લક્ષણો પર જ ધ્યાન અપાયું હતું. મનના લક્ષણો પણ સાથે જ હતા. જેના પર ધ્યાન અપાયું ન હતું. હેમલતા, કુટુંબના અન્ય સભ્યો, ફેમિલી ડૉક્ટર તથા કન્સલ્ટીંગ ડૉક્ટરોએ પણ મનના લક્ષણો પર ધ્યાન આપ્યું ન હતું. આથી યોગ્ય નિદાન, યોગ્ય સમયે થયું ન હતું.

શારીરિક રોગોનું નિદાન (ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, થાઈરોઈડ વગેરે) લક્ષણો તથા લેબોરેટરી તપાસ પરથી થાય છે. શારીરિક રોગ એ વ્યક્તિમાં કયા કારણોથી થાય છે એમાં કોઈ જતું નથી.

મનના રોગોનું નિદાન મનના લક્ષણો, શારીરિક લક્ષણો, મનની વૈદ્યકીય તપાસ પરથી થાય છે. કારણોમાં જવાની જરૂરત નથી. કારણો સમજવા માટે મગજના અલગ અલગ અવયવો વિશેનું જ્ઞાન તથા મનના કાર્યોનું જ્ઞાન હોવું જરૂરી છે.

- **હેમલતાના કેસના બાહ્ય પરિબળો :**

૧. હેમલતાના પિતાજીનું મૃત્યુ કાર અકસ્માતમાં થયું હતું. પિતા જોડે હેમલતાના હૂંફભર્યા લાગણીના સંબંધો હતા. હેમલતાના સંવેદનશીલ મન પર આ ઘટનાની ઊંડી નકારાત્મક અસર થયેલ. આ દુઃખદ ઘટનાના થોડા સમય બાદ હેમલતાને ચક્કર આવવાનું શરૂ થયેલ.

૨. હેમલતાના છએક મહિનાના દીકરાને ખૂબ ઝાડા થતાં હોસ્પિટલમાં દાખલ કરેલ. ત્યારબાદ દીકરાની સારસંભાળમાં હેમલતાને વધારે સમય જતો હતો. આથી ઘરનું કામકાજ તથા સાસુનું કામ થોડું મોડું થતું હતું. સાસુને આ ન ગમતું. સાસુ અન્યની હાજરીમાં વારંવાર ટીપ્પણી કરતી કે હેમલતા કામમાં ઠંડી છે, ધીમી છે, કામની આવડત નથી વગેરે. દીકરાની માંદગી કરતા પણ સાસુની ટીપ્પણીથી હેમલતાને વધારે દુઃખ થયેલ. ત્યારબાદ ચક્કરની માત્રા ખૂબ વધી ગયેલ.

૩. સાસુ જોડે કામની બાબતમાં વારંવાર ખટરાગ થતો હતો. એમાં પણ જો નણંદ ઘરે આવી હોય તો આ ખટરાગ ખૂબ વધી જતો. નણંદ એમાં સાસુને સાથ આપતી. સાસુ વારંવાર કામની બાબતમાં ભૂલો કાઢતા. અન્ય વ્યક્તિઓની હાજરીમાં ટીપ્પણી કરતાં કે તારી મમ્મીએ તને કાંઈ શીખવાડ્યું નથી. હેમલતાના સંવેદનશીલ મન પર આની ઊંડી નકારાત્મક અસર થતી.

- **આંતરિક પરિબળો :**

હેમલતાનો સ્વભાવ અત્યંત સંવેદનશીલ હતો. આ સ્વભાવ એને વારસામાં એની મમ્મી પાસેથી મળ્યો હતો. પ્રસંગો / ઘટના પ્રત્યે પહેલાથી નકારાત્મક વિચારો લેતી. આવનાર પ્રસંગ બરોબર પાર નહીં ઉતરે એમ સમજી નકારાત્મક મહેલ ઊભો કરી સ્ટ્રેસની માત્રા વધારતી. પ્રસંગ / કામ પૂરું ન થાય ત્યાં સુધી હેમલતા સ્ટ્રેસમાં રહેતી.

સાસુના શબ્દો, હાવભાવ, વર્તણૂક હેમલતા માટે સ્ટ્રેસની માત્રા વધારતા. ઘરમાં જેઠાણી પણ હતી પણ એને સાસુના શબ્દો, હાવભાવ અસર ન કરતાં. જેઠાણી બિન્દાસ્ત જીવતી.

- **સારવાર :**

૧. સ્ટ્રેસ ઓછું કરવા માટે સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ શરૂ કરી. આથી સ્ટ્રેસ હોરમોન્સ તથા અન્ય રાસાયણિક ફેરફારો ઓછા થતાં શારીરિક તથા માનસિક લક્ષણો ઓછા થયા. છ અઠવાડિયાના ટૂંકા સમયમાં નોંધપાત્ર ફેરફારો થયા. હેમલતા નિયમિત બહાર નીકળવા લાગી. ત્રણ મહિનાની સારવારમાં ચક્કર બંધ થઈ ગયા.

૨. કોગ્નિટીવ બિહેવિયર થેરાપી ચાલુ કરી. વલણ, વિચાર, અપેક્ષાઓ બદલવાની વૈજ્ઞાનિક પદ્ધતિ વિશેની સારવાર શરૂ કરી. ઘટનાઓ / પ્રસંગો વિશેનો પ્રતિભાવ - પ્રતિક્રિયા બદલવાની વૈજ્ઞાનિક પદ્ધતિ સમજાવી. નકારાત્મક અભિગમને તટસ્થ અભિગમ લાવવાની પદ્ધતિની જાણકારી આપી. જેઠાણીની જેમ અમુક પ્રસંગોમાં બિન્દાસ્ત વલણ અપનાવવા માટે ચર્ચા કરી. આ બધાની હકારાત્મક અસર થઈ.

હેમલતા હવે એકલી બહાર જઈ શકે છે. તાજેતરમાં બહારગામ એકલી ફરી આવી.

છેલ્લા એક વર્ષમાં હેમલતાને ચક્કર નથી આવ્યા તથા બધા સામાજિક તથા કૌટુંબિક પ્રસંગોમાં હેમલતા હાજરી આપે છે.

- **સ્ટ્રેસ અને ચક્કર :**

મગજમાં લાગણીઓનું કેન્દ્ર લિમ્બિક સિસ્ટમમાં હોય છે. વ્યક્તિ લાગણી (હકારાત્મક કે નકારાત્મક) અનુભવે ત્યારે લિમ્બિક સિસ્ટમમાં રાસાયણિક ફેરફારો થાય છે. લિમ્બિક સિસ્ટમમાં શરીરના તથા મગજના અન્ય ભાગોમાંથી સતત સંદેશાઓની આપ-લે થતી હોય છે. સંદેશાઓની આપ-લે ઈલેક્ટ્રિકલ તથા રસાયણો દ્વારા થતી હોય છે. નકારાત્મક લાગણીઓ લિમ્બિક સિસ્ટમમાં મહત્ત્વના રાસાયણિક ફેરફારો લાવે છે.

આ નકારાત્મક રસાયણોની અસર શરીરના કોઈપણ અવયવ પર થઈ શકે છે. ઉપરોક્ત હેમલતાના કિસ્સામાં આ નકારાત્મક અસર મગજમાં કાનનું જ્યાં પ્રતિનિધિત્વ છે એ ભાગ પર થઈ. ત્યાંથી આ અસર રસાયણો દ્વારા કાનમાં આવેલ અવયવો પર થઈ, જે ચક્કરના સ્વરૂપે બહાર આવી.

ચક્કર એક મનોદૈહિક લક્ષણ છે. ચક્કર આવવાનું કારણ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૭ ઉપર)**

સાંપ્રત પ્રશ્ન

# સાંપ્રત વિચાર મંચ

• સંકલન : હસમુખભાઈ મહેતા •

'સાંપ્રત પ્રશ્ન' વિભાગમાં 'કચ્છને પંજાબ અને હરિયાણાની જેમ લીલોછમ વિસ્તાર બનાવવા શું કરી શકાય?' એ વિષયે કેટલાંક સારા વિચારો પ્રાપ્ત થયા હતા. તેમાં શ્રી બલવીરસિંહ જાડેજાના લેખને પ્રથમ ક્રમાંક અને દ્વિતીય ક્રમાંકે શ્રી મુકુંદભાઈ કે. મહેતાના લેખની પસંદગી થઈ છે. સાંપ્રત પ્રશ્નોમાં નંબર — એ માત્ર ઔપચારિકતા છે પરંતુ આ વિભાગમાં જે - તે સમયના પ્રશ્નોની બૌધ્ધિક વિચારણા થાય અને તેની ઉપર પ્રતિક્રિયા થાય તેવો મુખ્ય ઉદ્દેશ છે. ભાગ લેનાર દરેક લેખકશ્રીઓનો ખૂબ ખૂબ આભાર. આગળ પણ વિચારમંચને આવી જ રીતે આવકારતા રહેશો, તેવી અપેક્ષા સહ.

## "કચ્છને પંજાબ અને હરિયાણાની જેમ લીલોછમ વિસ્તાર બનાવવા શું કરી શકાય?"

### પ્રથમ ક્રમાંકનો લેખ

*– બલવીરસિંહ જાડેજા*

"મન હોય તો માળવે જવાય" કે અંગ્રેજીમાં "A Will will find a Way." એ કહેવત અનુસાર, કચ્છી તરીકે જન્મેલા, કચ્છ સાથે કોઈપણ રીતે સંકળાયેલા, કચ્છ કે કચ્છ બહાર વસતા દરેક સ્ત્રી - પુરુષ, ભલે પછી કોઈપણ જ્ઞાતિ કે વ્યવસાયના હોય, તેઓ જો દ્રઢ નિશ્ચય કરી, દસ કે બાર વરસની સમયમર્યાદા નક્કી કરી, આજથી જ નહીં, અત્યારથી જ, આયોજન અને કામગીરી શરૂ કરે તો? તો પરિણામ એ આવે કે દેશ કે પરદેશમાં ભારતના હરિયાળા પ્રદેશ તરીકે પંજાબ અને હરિયાણાને બદલે જન માનસમાં કચ્છ પ્રદેશ લીલોતરીનો પર્યાય બની જાય. કારણકે.... કારણકે.... કચ્છ પાસે અને કચ્છ માટે શું છે અને શું નથી તે જોઈએ તેની સાથે સાથે પંજાબ અને હરિયાણાના લીલાછમ પરિક્ષેપની સરખામણીમાં કચ્છને લીલોછમ બનાવવા માટે કયા કયા પરિબળો છે તેને હકારાત્મક દૃષ્ટિકોણથી જોઈએ :

**(A)** પંજાબ અને હરિયાણા, પાંચ કે ત્રણ નદીઓ અને ભાખરાનાંગલ કે બીજા ડેમો કે ડેમના થકી, ખેતક્રાંતિ કરી, સમૃદ્ધ થયો છે. તે જ રીતે હવે ગુજરાતમાં કચ્છ સહિત નર્મદાના નીર મળતાં થયા છે. હાલમાં કદાચ અપૂરતી માત્રામાં હશે તો પણ ભવિષ્યમાં "સરપ્લસ" થતાં જ વધુ પાણીની ઉપલબ્ધિ થઈ શકશે.

**(B)** ઘઉં અને ડાંગર બંને, ફળદ્રુપ અને સપાટ એવા પંજાબ - હરિયાણાના મુખ્ય પાકો છે. તે રીતે કચ્છની જમીન ભલે થોડી વધુ રેતાળ કે ઓછી સપાટ હોવા છતાં, મગફળી - એરંડા - ઘઉં - બાજરી વગેરે તો કચ્છના બધા જ તાલુકાઓમાં વાવણી કરાય જ છે. આ સાથે ભુજ - માંડવીની જેમ બીજા તાલુકાઓ પણ હવે બાગાયતી પાકો તરફ, વધુને વધુ અગ્રેસર થઈ રહ્યા છે, જે કચ્છને બારમાસી લીલોછમ બનાવતા રહેશે જ. ઉપરાંત મોસમ અને અનુકૂળતા પ્રમાણે ઘઉં, બાજરી કે તેલીબિયા કે જીરૂ જેવા રોકડિયા કે શિયાળુ - ચોમાસુ કે ઉનાળુ પાકો તો છે જ.

**(C)** મારી પાસે આંકડાકીય માહિતી ઉપલબ્ધ નહીં હોવા છતાં કચ્છમાં ખેતીલાયક જમીન, પીયત કે બિનપીયત, પંજાબ કે હરિયાણા, એકાદ રાજ્યમાં ખેતી કરાતા વિસ્તાર જેટલી કે સમકક્ષ તો જરૂર હશે જ. (જે માટે નિષ્ણાતોનો અભિપ્રાય જરૂરી અને આવકાર્ય છે) કારણકે આપણું કચ્છ, ભારતના વિસ્તારની દૃષ્ટિએ, લેહ - લડાખ પછી બીજા નંબરનો મોટો જિલ્લો છે. અને જેમાં હજી પીયત અને બીજી સગવડોનો આવિર્ભાવ થઈ શકે તો હજી પણ વધુને વધુ વિસ્તાર, જે બંજર કે ઉપયોગ વિનાનો છે તેને ખેતીલાયક બનાવી, લીલાછમ કચ્છ માટે ઉપયોગી બનાવી શકાય.

આ માટે હું 'કચ્છશ્રુતિ'ના ઓક્ટોબર-૨૦૧૬ના દીપોત્સવી અંકમાં તંત્રીશ્રી માનનીય મુરબ્બી શ્રી અશોકભાઈ મહેતાએ, તંત્રીલેખ, પાના નં. ૩૭, ૩૮ અને ૩૯ ઉપર 'સિંચાઈના પાણી થકી કચ્છમાં ખેતી ક્ષેત્રે ક્રાંતિ આણી શકાય'ની જે વિગત જણાવેલ છે, આ અનુસંધાને તેનો સહર્ષ સ્વીકાર કરી મારા વિચારને

અનુરૂપ હોઈ મારા લેખ સાથે વાંચવાની ભલામણ સાથે વિનંતી કરૂં છું.

કચ્છ જિલ્લાના વિસ્તારમાં સસ્તા ભાવે ખેતીલાયક કે પડતર જમીન ઉપલબ્ધ હોઈ, પંજાબ અને હરિયાણામાંથી શીખ કે જાટ ખેડૂતોનું કચ્છ સાક્ષી પૂરે છે કે કચ્છને પંજાબ - હરિયાણાની જેમ લીલોછમ બનાવવાની શક્યતાઓ છે. (એક આડવાત : કદાચ શીખ / જાટ ખેડૂતોના આગમન વિષે બીજા પણ કારણો હોઈ શકે પરંતુ જો કચ્છ જિલ્લાના, પોતાના ધરતીપુત્રો, ખેતીની જમીન પ્રત્યે ઉદાસીનતા બતાવશે તો બીજા રાજ્યોના ખેડૂતો, આ જમીનનો લાભ લઈ શકે છે.)

**(D)** કચ્છ અને કચ્છી માડુઓ, વરસોથી કે કદાચ સદીઓથી વરસાદની અછત કે દુષ્કાળ જેવી સ્થિતિમાં પણ હિંમત હાર્યા વિના, મહેનત કરીને હસતા મુખે “બસ મૌજ લગી પઈ આય” એ સૂત્રને સાર્થક કરતા આવ્યા છે. એટલે કે હંમેશાં મહેનતકશ છે તેમજ હંમેશાં અભાવમાં જીવતા રહ્યા હોવાથી તેમજ દારૂ કે ડ્રગ્સ જેવા દૂષણોથી છેટા છે અને મહેનતમાં પાછી પાની નથી કરતા. ખાસ કરીને ખેડૂત અને વેપારી વર્ગ કે આમજનતા. કચ્છ બહાર વસતા કચ્છી માડુઓ, દરેક રાજ્યને, ઘણા ક્ષેત્રોમાં પોતાની મહેનતથી સમૃધ્ધ કરેલ હોઈ, કચ્છને તો લીલોછમ બનાવવા કદી પાછી પાની કરે ખરા?

**(E)** સારા વરસાદના વરસમાં કુદરતી રીતે ભૂગર્ભજળના તળ ઉપર ભલે આવતા હોય તો પણ સૌરાષ્ટ્રે બંધ પાળા, ચેક ડેમ, ખેત તલાવડી દ્વારા છેલ્લા દાયકામાં ભૂગર્ભ જળના સ્તરમાં ક્રાંતિ કરી તે રીતે કચ્છમાં પંચવર્ષીય આયોજન કરી, કે જ્યાં (એટલે કે કચ્છમાં) કોઈ પણ નદી બારમાસી નથી એટલે ચેકડેમ વડે, દરેક નદીનો અલગ અલગ સર્વે કરાવી, કયાસ કાઢી, ચેક ડેમની સંખ્યા, સ્થળ અને નદીના વહેણમાં આવતા ગામો કે સ્થળોને કઈ રીતે લાભ થશે એ પ્રમાણે આયોજન, નાણાંકીય સહાય તેમજ જરૂરિયાત પ્રમાણે પ્રાથમિકતા મુજબ કરવું રહ્યું.

આવા આયોજન માટે ફક્ત સરકારી નાણાંકીય સહાય ઉપર અવલંબન નહીં રાખતા, સેવા સંસ્થાઓ કે પૂ. મોરારિબાપુ જેવાનો સહયોગ લઈ રામકથા કે પૂ. રામદેવ બાબાની સહાયથી યોગ શિબિર યોજી, ફંડફાળો એકત્રિત કરી શકાય. આ ઉપરાંત કચ્છી માડુઓ જે પરદેશમાં સ્થાયી થયા છે તેમને પણ ટહેલ નાખીને નાણાંકીય સહાય મેળવી શકાય.

**(F)** જેમ કચ્છી સમાજ - અમદાવાદ કે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ ગુજરાતમાં છે તે રીતે ભારતભરના રાજ્યોના કચ્છી સમાજોને એક મંચ ઉપર ભેગા થવાનું આયોજન કરી, કચ્છને લીલોછમ બનાવવા માટેની જવાબદારી વહેંચીને નીચેના પરિબળો અને આયોજનોને પ્રોત્સાહન આપવાની સાથે કચ્છના નિશાળે જતાં બાળકોથી માંડીને ભણેલા કે અભણ, નોકરિયાત કે ધંધાદારી મજૂરી કરનાર કે શેઠ-શાહુકાર, ગમે તે ધર્મ, જ્ઞાતિ કે કોમના બધી જ ઉંમરના સ્ત્રી - પુરુષોને શીખવાડવું કે સમજાવવું પડશે કે —

૧. કચ્છ આપણી માતૃભૂમિ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. જેવી કે ભાષા (બોલી), વિસ્તાર (રણ - દરિયો - ડુંગરા) જે બીજા જિલ્લાઓથી અલગ છે ને સૌનો સહકાર ઝંખે છે - લીલોછમ બનવા.

૨. વરસાદની અછત અને દુષ્કાળોને લઈને કચ્છની વસતિને વતન છોડવું પડ્યું છે. પણ હવેની પેઢીને વતનમાં જ રહેવા મળે કે વતન છોડવાનું ઓછું બને તે માટે પ્રયત્ન કરવાનો છે કચ્છને લીલુંછમ બનાવવા.

૩. પાણીની બચતના ઉપાયો સમજાવી, દરિયાના ખારા પાણીનો રીસાવ અટકાવવા માટે કયા કયા પરિબળો કામ કરે છે તે ગળથૂથીમાં પાવાની રીતે સમજાવવા પડશે — કચ્છને લીલોછમ બનાવવાની તરફેણમાં.

૪. ભણતર ઉપર ભાર મૂકી દરેક બાળક, દુનિયાને સમજી અને વૈજ્ઞાનિક શોધખોળને માણી શકે એટલું તો ઓછામાં ઓછું ભણે જ. જેમકે એસ.એસ.સી. સુધી અથવા વધારે. તે ધ્યેયને ટારગેટ રાખવા ધાર્મિક નેતાઓની સહાય લઈ આમજનતા સુધી સંદેશ પહોંચાડવો આવશ્યક છે — કચ્છની હરિયાળી ભોમ માટે. હજી પણ કચ્છમાં સાધુ-સંતો, ગાદીપતિઓ, પીર-ઓલિયાઓને માનવાવાળો વર્ગ મોટો છે.

૫. માલધારીઓ, પશુપાલકોની, ઝાડ અને વનરાજીને નુકસાન ન થાય તે રીતે તેમના માલને સાચવવાની અને લીલોતરીને કાયમ રાખવાની જવાબદારી અને તેમના જ હિતમાં થતા ફાયદાઓ - ગેરફાયદાઓ (લીલોતરીના અભાવથી પેદા થતા) સમજાવીને સહયોગ અનિવાર્ય છે

કચ્છના વિકાસ માટે.

૬. ચોમાસાની શરૂઆતમાં સરકારી, મોટા ઉદ્યોગો જે પોતાના નામ અને જાહેરાત માટે ખર્ચ કરે છે અને સેવા સંસ્થાઓ દ્વારા વિના મૂલ્યે વિતરણ કરાતા રોપાઓ જે લાંબાગાળે, જમીનને ફળદ્રુપ અને હરીયાળી બનાવવામાં ભાગ ભજવે છે તેના દ્વારા ગામેગામ પહોંચાડી, રોપાની અને ઉછેર અને દેખરેખ માટે ગામના યુવાનો, શાળાએ જતા બાળકોને પ્રોત્સાહન આપી, જરૂર પડ્યે ઇનામરૂપે, પુરસ્કાર કે અન્ય રીતે, ગામ દત્તક લેવડાવી, એક માળખું ઊભું કરી - લાંબાગાળાનું આયોજન જરૂર કરી શકાય. (ઝાડપાન અને લીલોતરીની વાતાવરણમાં કેટલી અસર છે તેનો જીવંત દાખલો, અમદાવાદ અને ગાંધીનગરના વાતાવરણમાં, ઉનાળામાં અનુભવાતી બંને શહેરોની ગરમી વચ્ચેનો તફાવત, જગજાહેર છે તે પણ દાખલો આપીને સમજાવી શકાય.)

૭. અંગ્રેજીમાં Last but not Least પ્રમાણે કચ્છના ગામેગામ કે ગુજરાતના ગામેગામ, ઉગીને, ફાટીને, ધુમાડે ગયેલો ગાંડો બાવળ, જે કદાચ રણને અટકાવવાની જરૂરિયાત માટે લાવવામાં આવેલો તે હવે માથાનો દુઃખાવો બનેલ છે. તેને ગામેગામથી કદાચ સંપૂર્ણ નહીં તો ગામતળથી શરૂઆત કરી, નાબૂદી માટે, જે.સી.બી. જેવા મશીનથી સરકારી કે સેવાભાવી સંસ્થાઓની સહાયથી ખોદી કાઢી, ગરીબ વસતિને બળતણ માટે વિના મૂલ્યે લઈ જવા દઈ કે સહકારી ધોરણે કોલસા બનાવી, કાઢેલી કે ખોદેલી જગ્યાએ, સારા ઝાડના રોપા લગાવી, પાંજરા બનાવી, પ્રોટેક્શન આપી ઉછેરવાથી, કચ્છને લીલુંછમ બનાવવા માટે પાયાનું કામ જરૂર ગણાશે. જે રીતે ૫૦૦ કે ૧૦૦૦ની નોટ કાળાં નાણાંની નાબૂદી માટે ચલણમાંથી હટાવાઈ તે રીતે ગાંડા બાવળની નાબૂદી માટે સર્જીકલ સ્ટ્રાઇક જરૂરથી બની રહેશે.

આ માટે જ્યાં જ્યાં કચ્છીઓની બહોળી વસતિ હોય ત્યાં ત્યાં, જે રીતે ભારતમાં ક્રિકેટનો ક્રેઝ છે, તે જોતાં આવા ઉમદા હેતુ માટે, સંપર્ક કરી બે સારી ટીમોની ટી-૨૦ કે વન-ડે જેવી મેચોનું આયોજન કરી ફંડ પણ ઊભું કરી શકાય.

૮. ઉપરાંત આવનારી ચૂંટણીઓમાં કચ્છમાં ઊભા રહેલા ઉમેદવારો પાસે "કચ્છને લીલુંછમ બનાવવા મારો કે મારા પક્ષનો દૃષ્ટિકોણ આ રીતે છે અને એ માટે હું નીચે મુજબનું જાહેરનામું, નાણાંકીય મદદ સાથે ખાતરીપૂર્વક આપું છું અને હું જો ચૂંટાઈશ તો મારા કાર્યકાળ દરમિયાન પૂરું કરીશ" – એવું વિધાન જાહેર હિતમાં રજૂ કરે તો જ, જે તે વિસ્તારના મતદાતાઓ મત આપશે એવી જાહેર હિતની અરજી કોઈ આગેવાન, સેવાભાવી કે જનતામાં જેનું વજન પડતું હોય તેવી વ્યક્તિ રજૂ કરાવે તો પણ કચ્છના હરિયાળા ભવિષ્ય માટે જરૂરી છે. જે ફક્ત કચ્છની પ્રજા જ કરી શકે તેમ છે.

વિચારોના વિસ્તારની મર્યાદાને ધ્યાનમાં રાખીને, આટલી બાબતો કચ્છને હરિયાળું બનાવવા પાયાનું કામ ગણાશે.

---

## મને ચક્કર આવે છે, મને વરટીગો છે

**(અનુસંધાન : પાના નં.-૫૪ ઉપરથી ચાલુ)**

બે મુખ્ય ભાગોમાં વર્ગીકરણ કરાય છે : (૧) કાનનું કારણ, (૨) મનનું કારણ. મોટેભાગે દર્દી, સગાવહાલાં તથા ડૉક્ટરો મનના કારણો પ્રત્યે સજાગ નથી. હેમલતાના કિસ્સામાં મન પર કેન્દ્રિત કરવાથી યોગ્ય નિદાન થયું અને મનની સારવારથી ફરક પડ્યો. જે શારીરિક સારવારથી પડ્યો ન હતો.

શારીરિક લક્ષણોની ફરિયાદ દર્દી કરે, શારીરિક તપાસમાં બધું નોર્મલ હોય ત્યારે મનની યોગ્ય તપાસ મનોચિકિત્સક પાસે કરાવવી અગત્યનું છે. આવા કિસ્સાઓમાં (શારીરિક વૈદ્યકીય તપાસ નોર્મલ હોય ત્યારે) (અ) દર્દી કલ્પના કરે છે, (૨) માંદું રહેવું છે એવું નથી હોતું. આ ફરિયાદોનું કારણ મનની ગ્રંથિઓ તથા લાગણીઓમાં હોય છે. મનોચિકિત્સક પાસે યોગ્ય સારવાર કરાવવી અત્યંત જરૂરી છે.

આજની ૨૧મી સદીમાં જ્યાં જીવનશૈલી બદલાઈ છે, મૂલ્યો બદલાયા છે; જ્યાં ટેન્શન, સ્ટ્રેસ, તાણ બહુ જ સામાન્ય થઈ ગયા છે. દર્દી, કુટુંબીજનો, ડૉક્ટરોએ શરીર જેટલું મન પર ધ્યાન આપી શરીર સાથે મનની સારવાર કરવી અત્યંત જરૂરી છે. સારવારમાં શરીર સાથે મનનો સમન્વય કરવામાં આવે તો પરિણામો સારા મળે છે.

- **સારાંશ :**

૧. ચક્કર આવવા એક મનોદૈહિક લક્ષણ છે.

૨. કાનની તપાસ સાથે મનની તપાસ કરવી અગત્યની છે.

૩. સ્ટ્રેસની સારવારથી (સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ, કાઉન્સેલિંગ) ચક્કરની ફરિયાદ દૂર કરી શકાય છે. ■

ગઈ કાલ

# અલવિદા – ૨૦૧૬

• સંકલન : દિનેશ આર. મહેતા •

## રાષ્ટ્રીય

### જાન્યુઆરી – ૨૦૧૬

- નવી દિલ્હીમાં સૌપ્રથમવાર એકી નંબરવાળી કાર રોડ પર દોડી. બેકી નંબરવાળી કાર બીજા દિવસે દોડી. એ રીતે ટ્રાફિકમાં ગીચતા ઘટાડવાના પ્રયાસ કરવામાં આવ્યા.
- ફ્રાંસના રાષ્ટ્રપ્રમુખ ફ્રાંસવા ઓલાદે પ્રજાસત્તાક દિનનાં મુખ્ય મહેમાન બન્યા.
- પ્રજાસત્તાક પરેડમાં ફ્રાંસના સૈન્યની એક ટુકડીએ ભાગ લીધો.
- અમિત શાહ, ભાજપ પ્રમુખ તરીકે પુનઃ ચૂંટાયા.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટાર્ટઅપ ઈન્ડિયાની શરૂઆત કરી.

### ફેબ્રુઆરી – ૨૦૧૬

- ભાડામાં કોઈ ફેરફાર કર્યા વગર રાહત આપતું રેલવે બજેટ રજૂ થયું હતું.
- ઈન્કમટેક્ષ સ્લેબમાં કોઈ ફેરફાર કર્યા વિના સામાન્ય બજેટ રજૂ થયું.
- જે.એન.યુ.ના વિદ્યાર્થી સંઘના વડા કન્હૈયાલાલની રાજદ્રોહના કેસમાં ધરપકડ થઈ.
- સંજય દત્ત ૪૨ મહિના સુધી જેલની સજા કાપ્યા બાદ ૧૧૪ દિવસ વહેલો જેલ મુક્ત થયો.

### માર્ચ – ૨૦૧૬

- ઉજ્જૈનમાં સિંહસ્થ મહાકુંભમાં સૌથી મોટું હાઈટેક આયોજન થયું.
- હરિયાણા સરકારે જાટ અનામત માટે મંજૂરી આપી.
- કિંગ ફિશર એરલાઈન્સના માલિક વિજય માલ્યા ૧૭ બેંકોના ૯૦૦૦ કરોડ રૂપિયાનું દેવું મૂકીને દેશ છોડીને ભાગી ગયા.
- મહારાષ્ટ્રના માજી નાયબ મુખ્યમંત્રી છગન ભુજબળની ધરપકડ કરાઈ.
- **બિલ્ડર છેતરપિંડી કરશે તો ૩ વર્ષની કેદ, રીયલ એસ્ટેટ બિલ પાસ કરાયું.**

### એપ્રિલ – ૨૦૧૬

- બિહારમાં સંપૂર્ણ દારૂબંધી જાહેર કરવામાં આવી.
- જમ્મુ કાશ્મીરમાં મહેબુબા મુખ્યમંત્રી બન્યા.
- શનિ મંદિરમાં મહિલાઓને પ્રવેશ અને પૂજા અધિકાર મળ્યો. ત્ર્યંબકેશ્વર મંદિરના ગર્ભગૃહમાં પણ મહિલાઓને પ્રવેશ મળ્યો.
- **પઠાણકોટ એરબેઝ પર હુમલો થયો.**

### મે – ૨૦૧૬

- ચૂંટણીના પરિણામો જાહેર થયા. આસામમાં ભાજપના સોનોવાલ અને તામિલનાડુમાં જયલલિતા ૨૭ વર્ષનો રેકોર્ડ તોડીને જીત્યા. પ.બંગાળમાં મમતા બેનરજીની જોરદાર જીત થઈ. પોંડિચેરીમાં ૩૦માંથી ૧૭ સીટ કોંગ્રેસને મળી.
- **સ્વદેશી સ્પેસ શટલ 'કલામ યાન' છોડીને ભારતે ઇતિહાસ રચ્યો.**

### જૂન – ૨૦૧૬

- **ભારતે એકસાથે ૨૦ ઉપગ્રહ છોડીને અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે નવો ઇતિહાસ રચ્યો.**
- સાતમાં પગારપંચને મંજૂરી આપવામાં આવી. લઘુત્તમ પગાર ૧૮,૦૦૦ રૂપિયા અને ૩ ટકા વાર્ષિક ઇન્ક્રીમેન્ટ જાહેર થયું. મહિલાઓને નાઈટ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી. પોસ્ટ ઓફિસને બેંકનો દરજ્જો અપાયો.

### જુલાઈ – ૨૦૧૬

- કેન્દ્ર સરકાર ૭૮ મંત્રીઓની થઈ. ગુજરાતમાંથી ત્રણને મંત્રીઓ તરીકે લેવામાં આવ્યા.
- મણિપુરની ૪૪ વર્ષની આયર્ન લેડી ઇરોમ ચર્મિલા, જે છેલ્લા ૧૬ વર્ષથી ભૂખ હડતાળ કરી રહી હતી તેણે અનશન બંધ કરીને રાજકારણમાં જોડાવાનું આહ્વાન કર્યું.
- **સ્પેનિશ ટેલ્ગો ટ્રેને ૧૮૦ કિ.મી.ની ઝડપે દોડીને ભારતમાં ઇતિહાસ સર્જ્યો.**
- ટી.એમ. કૃષ્ણાને રેમન મેગ્સાયસે એવોર્ડ જાહેર થયો.

## ઓગસ્ટ – ૨૦૧૬

- **જી.એસ.ટી. બીલ રાજ્યસભા અને લોકસભામાં પસાર થયું.**
- ગુજરાત મૂળના ઉર્જિત પટેલ રિઝર્વ બેન્કના નવા ગવર્નર બન્યા.
- ચાર વર્ષ પછી હાજીઅલીમાં મહિલાના પ્રવેશને લીલી ઝંડી મળી.

## સપ્ટેમ્બર – ૨૦૧૬

- **કાશ્મીર ઉરીમાં સૈન્ય પર સૌથી મોટો આતંકી હુમલો થયો. ૧૮ જવાન શહીદ થયા.**
- ભારત - ફ્રાંસ વચ્ચે ૩૬ રાફેલ યુધ્ધ વિમાનના સોદા પર હસ્તાક્ષર થયા.
- કાવેરી જળવિવાદમાં હિંસા ભડકી.
- સપ્ટેમ્બર મહિનો સર્જિકલ સ્ટ્રાઇકનો મહિનો બની ગયો.

## ઓક્ટોબર – ૨૦૧૬

- સેનાએ સર્જિકલ સ્ટ્રાઇકનો ૯૦ મિનિટવાળો વીડિયો આપ્યો.
- તામિલનાડુના ૬૮ વર્ષના મુખ્યમંત્રી જયલલિતા એક મહિનાથી હોસ્પિટલમાં રહ્યા.
- ટાટા સન્સના ચેરમેનપદેથી સાયરસ મિસ્ત્રીને હાંકી કાઢવામાં આવ્યા.
- ભુવનેશ્વરની સૌથી મોટી હોસ્પિટલમાં આઈ.સી.યુ.માં આગથી ૩૦ દર્દીઓના મૃત્યુ થયા.

## નવેમ્બર – ૨૦૧૬

- **નવેમ્બર મહિનો એ નોટબંધીનો મહિનો રહ્યો.**
- **૮મી નવેમ્બરની મધ્યરાત્રિથી રૂા. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ્દ જાહેર કરવામાં આવી.**
- નોટો બદલવા માટે ૫૦ દિવસ એટલે કે ૩૧ ડિસેમ્બર સુધીનો સમય આપવામાં આવ્યો.
- નોટબંધીના ૨૦મા દિવસે અરુણ જેટલીએ સંસદમાં આવકવેરા સુધારા બિલ રજૂ કર્યું.
- રૂા. ૫૦૦ અને રૂા. ૨૦૦૦ની નવી નોટ બહાર પાડવામાં આવી. બેન્કો અને એ.ટી.એમ.માં લોકોના ચિંતાગ્રસ્ત ધસારાના કારણે કેશ ખૂટી પડી. કેશ માટે લાંબી લાઇનો લાગી.
- નોટબંધી વિરુધ્ધ વિપક્ષોએ ‘આક્રોશ દિવસ’ તરીકે બંધ ઉજવ્યો.
- વિપક્ષોના હંગામા વચ્ચે સંસદ ઠપ્પ રહી.
- ઇંદોરથી પટણા જઈ રહેલી ટ્રેનના ૧૪ ડબ્બાઓ ખડી પડ્યા. ૧૨૬ના મોત અને ૨૦૦ ઘાયલ થયા.

## ડિસેમ્બર – ૨૦૧૬

- તામિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાનું ૬૮ વર્ષની વયે અવસાન થયું.
- **થિયેટરોમાં ફિલ્મ પહેલાં રાષ્ટ્રગાન વાગશે.**
- સુપ્રીમ કોર્ટે દેશભરમાં હાઈવે પર દારૂની દુકાનો બંધ કરવાનો આદેશ આપ્યો. હાઈવેના ૫૦૦ મીટરના અંતરમાં પ્રતિબંધ.
- દિવ્યાંગ માટે રાજ્યસભામાં બિલ પસાર કરાયું.
- તામિલનાડુમા વરદા વાવાઝોડું. ૧૪ વ્યક્તિના મોત થયા.

## વર્ષ - ૨૦૧૬ : રમતગમત

- ભારતીય ટેસ્ટ કેપ્ટન વિરાટ કોહલીની કારકિર્દી તેના સુવર્ણયુગમાં પ્રવેશી.
- ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦માં ટીમ ઇન્ડિયાનો દબદબો.
- સ્પિનર અશ્વિન ઓલરાઉન્ડર તરીકે ઝળક્યો.
- કરુણ નાયરની વિક્રમી ત્રેવડી સદી.
- ગુજરાતના ક્રિકેટરોનો દબદબો રહ્યો.
- યુવરાજ સિંઘે અભિનેત્રી હેઝલ સાથે લગ્ન કર્યા. સુરેશ રૈનાએ પ્રિયંકાની સાથે લગ્ન કર્યા. રવિન્દ્ર જાડેજાએ રિવા સોલંકી સાથે લગ્ન કર્યા. ઇશાંત શર્માએ પ્રતિમા સિંઘવી સાથે લગ્ન કર્યા.
- ઓલિમ્પિર-૨૦૧૬ : પી.વી. સિંધુએ બેડમિન્ટનમાં સિલ્વર મેડલ જીત્યો.
- ભારતીય કુસ્તીબાજ સાક્ષી મલિકે રિયો ઓલિમ્પિક-૨૦૧૬માં બ્રોન્ઝ મેડલ જીત્યો.
- રિયો પેરાલિમ્પિકમાં ભારત બે ગોલ્ડ સાથે ૪ મેડલ જીત્યું.
- ભારતીય હોકી માટે માઈલસ્ટોન વર્ષ કહી શકાય. ભારતના જુનિયર ખેલાડીઓએ ઘર આંગણે જુનિયર મેન્સ હોકી વર્લ્ડકપ જીતીને દેશને ગૌરવ અપાવ્યું.
- બોક્સિંગ લેજન્ડ મુહમ્મદ અલીની ચિરવિદાય થઈ.

# આંતરરાષ્ટ્રીય

## જાન્યુઆરી - ૨૦૧૬

- ચીનમાં એક સંતાનની નીતિને અલવિદા કહેવામાં આવી.
- તાઈવાનમાં 'સાઈ ઈંગ વેન' સૌપ્રથમ મહિલા રાષ્ટ્રપ્રમુખ બન્યા.
- ઉત્તર કોરિયાના હાઈડ્રોજન બોમ્બ પરીક્ષણથી દુનિયા હચમચી ગઈ.

## ફેબ્રુઆરી - ૨૦૧૬

- અમેરિકામાં ૧૭ રાજ્યોમાં હિમ પ્રપાત થયો.
- સિરિયામાં યુદ્ધવિરામનો અમલ કરવામાં આવ્યો.
- કમ્પાલા - યુગાન્ડામાં વિપક્ષી નેતા કિઝા બેસિજેની ધરપકડ થતા હિંસા ફાટી નીકળી. દસ હજાર ગુજરાતીઓ ફસાયા.
- ઉત્તર કોરિયાએ રોકેટ લોન્ચ કર્યું. સમગ્ર વિશ્વએ નારાજગી વ્યક્ત કરી.
- ભારત સતત ત્રીજા વર્ષે હથિયારોનો સૌથી મોટો આયાતકાર દેશ બન્યો.
- ડેન્માર્કમાં પહેલીવાર મહિલાઓએ મસ્જિદમાં નમાઝ અદા કરી.

## માર્ચ - ૨૦૧૬

- બ્રસેલ્સમાં ૬૯ મિનિટમાં એરપોર્ટ અને મેટ્રો સ્ટેશન પર ત્રણ મોટા વિસ્ફોટો થયા. ૩૫ જણાના મોત થયા.
- બ્રાઝિલના ઈતિહાસમાં સૌથી મોટું સરકાર વિરોધી પ્રદર્શન યોજાયું હતું. ૩૦ લાખ લોકો સડક ઉપર ઉતરી આવ્યા હતા.
- અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા ક્યુબા ગયા. છેલ્લા ૮૮ વર્ષમાં ક્યુબા જનારા પ્રથમ યુ.એસ. પ્રેસિડેન્ટ બન્યા.
- ન્યુયોર્કમાં ગ્રાઉન્ડ ઝીરો ખાતે વિશ્વનું સૌથી મોંઘું રેલવે સ્ટેશન 'વર્લ્ડ ટ્રેડ સેન્ટર ટ્રાન્સપોર્ટેશન હબ'નું લોકાર્પણ થયું.

## એપ્રિલ - ૨૦૧૬

- ઈક્વાડોરમાં ભારે વિનાશક ભૂકંપ આવ્યો. ૩૫૦ લોકો માર્યા ગયા.
- જાપાનમાં ૭.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. ત્યારબાદ કુલ ૨૩૭ આંચકાઓ આવ્યા. ૪૧ જણાના મોત થયા.
- પઠાણકોટ તપાસ એક નાટક પુરવાર થયું. પાકિસ્તાન પહોંચતા જ 'જેઆઈટી'ની ગુલાંટ.
- યુ.એન.ની પ્રતિબંધિત લોકોની યાદીમાં જૈશ પ્રમુખનું નામ સામેલ ન થતાં ભારતે નિરાશા વ્યક્ત કરી.
- ભારત - પાકિસ્તાન શાંતિ મંત્રણા માટે બાન-કી મુનએ હસ્તક્ષેપ કરવાની ઑફર કરી.
- ચીન દ્વારા ૧૪૦૦૦ કિ.મી. સુધી પ્રહાર કરતી ન્યુક્લિયર મિસાઈલનું પરીક્ષણ કરાયું.

## મે - ૨૦૧૬

- બ્રિટનમાં મોદીનો વિરોધ કરનારા પાકિસ્તાની મૂળના શાદીકખાન લંડનના પ્રથમ મુસ્લિમ મેયર બન્યા.
- વિજય માલ્યાને ડિપોર્ટ કરવા બ્રિટને ઈન્કાર કર્યો.
- ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાન સાથેની દોસ્તીને ઐતિહાસિક દોસ્તી ગણાવી.

## જૂન - ૨૦૧૬

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકી કોંગ્રેસને સંબોધન કર્યું.
- બ્રેક્ઝિટ જનમત સંગ્રહમાં બ્રિટન ૨૮ દેશોના યુરોપિયન સંઘમાંથી બહાર થઈ ગયું.
- કેમ હુનએ રાજીનામું આપ્યું. પાઉન્ડમાં સૌથી મોટો કડાકો થયો.
- સિયોલ બેઠકમાં ભારતના એનએસજીમાં સભ્યપદ માટે સર્વસંમતિ ન થઈ.
- ભારત એમટીસીઆરનું ૩૫મું સભ્ય બન્યું.
- તૂર્કીમાં ઈસ્તંબુલના આતાર્તુક ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આત્મઘાતી હુમલામાં ૪૧ મોત.
- ચીનમાં ચક્રવાત અને મુશળધાર વરસાદ. ૯૮ના મોત.
- અમેરિકામાં ફ્લોરિડાની નાઈટ ક્લબમાં ફાયરિંગ. ૫૦ના મોત.

## જુલાઈ - ૨૦૧૬

- બ્રિટનને ૨૯૫ વર્ષમાં બીજા મહિલા પ્રાઈમ મિનિસ્ટર મળ્યા. ૫૯ વર્ષના થેરેસા દેશના ૭૬મા વડાપ્રધાન બન્યા.
- તૂર્કીમાં લોકતંત્ર બચાવવા અડધી રાત્રે લોકો રસ્તા પર ઊતર્યા. ૨૫૬ના મોત થયા.
- લાંચ મામલે ચીનના પૂર્વ રાષ્ટ્રપતિ જિંતાઓના સહયોગીને

જન્મટીપ.

- દક્ષિણ સુદાનમાં સૈન્યના બે જુથો વચ્ચે ભીષણ સંઘર્ષ. ૩૦૦થી વધુ મોત.
- સિરિયામાં શાંતિ સ્થાપવા ઓબામા - પુટીન વચ્ચે ચર્ચા થઈ.
- સાઉદી અરબમાં ૩ વિસ્ફોટ. ૪૦ના મોત. યમનમાં આતંકી હુમલો - ૧૦ના મોત.
- ફ્રાન્સમાં નેશન ડે પર આતંકી હુમલામાં ૮૪ના મોત. જર્મનીના શોપિંગ સેન્ટરમાં ગોળીબાર - ૧૫ના મોત. કાબુલમાં આઈએસઆઈએસ હુમલો - ૮૦ના મોત.

## ઓગસ્ટ – ૨૦૧૬

- અમેરિકા અને ભારત વચ્ચે એકબીજાના સૈન્ય મથકોનો ઉપયોગ કરવાના ઐતિહાસિક કરાર થયા.
- પાકિસ્તાનમાં હિન્દુ મેરેજ એક્ટ બિલ સંસદમાં રજૂ કરાયું. છુટાછેડા કે પતિના મૃત્યુ પછી મહિલા પુનઃ લગ્ન કરી શકશે.
- પાકિસ્તાની હોસ્પિટલમાં આતંકી હુમલો. ૭૫નાં મોત થયા.
- જાપાનના સમ્રાટે ૨૦૦ વર્ષમાં પહેલીવાર રાજગાદી છોડી.

## સપ્ટેમ્બર – ૨૦૧૬

- મધર ટેરેસાની ૨૦મી પુણ્યતિથિએ પોપ ફ્રાન્સિસે મધર ટેરેસાને 'સંત' તરીકે જાહેર કર્યા.
- ૭૧મું વિશ્વ સંસદ અધિવેશન યોજાયું. ૧૯૫ દેશોના નેતાઓએ ભાગ લીધો.
- યુએનમાં ભારતે, પાકિસ્તાનને આતંકી દેશ ગણાવ્યો.
- સાર્કના ૩૧ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત આતંકવાદના મામલે 'સાર્ક' સંમેલન રદ થયું.
- ભારત - ફ્રાન્સ વચ્ચે ૩૬ રાફેલ યુધ્ધ વિમાનના સોદા પર હસ્તાક્ષર થયા.
- ઈઝરાયેલના પૂર્વપ્રમુખ શિમોન પેરેઝનું અવસાન થયું.

## ઓક્ટોબર – ૨૦૧૬

- સિરિયા મુદ્દે અમેરિકા અને રશિયા વચ્ચે મંત્રણા રદ થતાં તણાવ પેદા થયો.
- સિરિયાની સ્કૂલ પર હુમલો થયો. ૨૨નાં મોત થયા.
- અમેરિકાએ ૫૦ વર્ષમાં પહેલીવાર યુ.એન.માં ક્યુબા વિરુધ્ધ વોટ ન આપ્યો. રાષ્ટ્ર મહાસભામાં ૧૯૩માંથી ૧૯૧ દેશો ક્યુબા સાથે.
- પાકિસ્તાની પોલીસ ટ્રેનિંગ કોલેજ પર આતંકી હુમલો થતાં ૬૧નાં મોત થયા.
- પાકિસ્તાને ૨૬ દિવસમાં ૪૦ વખત યુધ્ધ વિરામનો ભંગ કર્યો.
- હૈતીમાં સમુદ્રી તોફાન 'મેથ્યુ'ના કારણે ૮૪૨નાં મૃત્યુ થયા.
- બ્રિટનના ફ્રેઝર સ્ટોડારે અને નેધરલેન્ડના બર્નાર્ડ ફેરિંગાને કેમેસ્ટ્રીનું નોબેલ. ઓલિવર હાર્ટ અને બેન્ટ હોમ સ્ટોમનીને ઈકોનોમિક્સનું નોબેલ.

## નવેમ્બર – ૨૦૧૬

- અમેરિકાના ઈતિહાસમાં સૌથી વધુ વયોવૃદ્ધ ૭૦ વર્ષનાં ડોનાલ્ડ ટ્રમ્પ ૪૫મા રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયા. કુલ ૫૩૮ ઈલેક્ટોરલ વોટમાંથી ડોનાલ્ડ ટ્રમ્પને ૨૯૦ અને હિલેરી ક્લિન્ટનને ૨૩૨ મત મળ્યા.
- પાકિસ્તાન સૈન્યના વડા રાહિલ શરીફ નિવૃત્ત થયા. નવા લશ્કરી વડા તરીકે લેફ્ટનન્ટ જનરલ કમર જાવેદ બાજવા અને જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફ સમિતિના વડા તરીકે લેફ્ટનન્ટ જનરલ ઝુબેર હયાતની નિયુક્તિ થઈ.
- દુબઈમાં પહેલી વખત ૧૮ મહિલા સ્પેશિયલ ગાર્ડ બની.

## ડિસેમ્બર – ૨૦૧૬

- ફ્રાન્સના ગૃહમંત્રી બર્નાર્ડ કેજનેવ નવા વડાપ્રધાન બન્યા.
- ક્યુબાના દિવંગત નેતા ફિડલ કાસ્ટ્રોને ૧૯મી સદીના હીરો હોસે માતાની બાજુમાં દફનાવ્યા.

## બિઝનેસ

- રિઝર્વ બેન્કના ગવર્નરપદે ત્રણ વર્ષ પૂરા કર્યા પછી રઘુરામ રાજન નિવૃત્ત થયા.
- રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની ચલણી નોટો રદ કરાતા અર્થતંત્રને ગંભીર ફટકો.
- રોકડની ખેંચના પગલે બજારો ઠપ્પ. ગંજ બજારો સુમસામ.
- રૂા. ૨૦૦૦ની ચલણી નોટનું પ્રથમ વખત આગમન.
- સોનુ રૂા. ૫૫,૦૦૦/-ના ભાવે વેચાયું.
- રૂપિયો ગગડતાં ડોલર વધી ૧૪ વર્ષની ટોચે પહોંચેલ.
- દેશની ઈક્વિટી બજારોમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)ના સતત પ્રવાહને પરિણામે દેશનું ફોરેક્સ

રિઝર્વ સપ્ટેમ્બરમાં ૩૭૧.૯૯ અબજ ડોલર સાથે ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યું.

- ટાટા જુથમાં નવી અને જૂની પેઢી વચ્ચેનો વિવાદ સપાટી પર.
- વધુ વાવેતર અને સારા વરસાદના કારણે કૃષિ ઉપજમાં જંગી વધારો.
- ટેલિકોમ ક્ષેત્રે રિલાયન્સ જિઓના પ્રવેશ સાથે ભારે સ્પર્ધા.

## સાયન્સ અને ટેકનોલોજી

- દુનિયામાં સૌથી વિશાળ ટેલિસ્કોપનું બાંધકામ ચીને પૂર્ણ કર્યું.
- ચંદ્રની ઉત્પત્તિનાં રહસ્યને ખોલવાનાં પુરાવા મળી આવ્યા. યુસીએલએલના વૈજ્ઞાનિકોએ નવા પુરાવા સાથે ચંદ્રની ઉત્પત્તિ સમજાવી.
- ‘બ્રેક થ્રુ સ્ટાર શોટ’ નામના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનું મંગલાચરણ કરવામાં આવ્યું. જેમાં વિશ્વના વિખ્યાત સેલિબ્રિટીનો અને અગ્રણી વૈજ્ઞાનિકોનો સહયોગ મળ્યો હતો.
- દુનિયાની પ્રથમ ૧૩ ટી.બી.ની સોલિડ સ્ટેટ ડ્રાઈવ રજૂ કરવામાં આવી.
- પૃથ્વીના નજીકનાં પડોશી તારા ‘પ્રોક્સીમી સેન્ટોરી’ની પ્રદક્ષિણા કરનાર પૃથ્વી જેવા બાહ્યગ્રહ ‘પ્રોક્સીમા-બી’ શોધાયો.
- બાળકો માટેની પ્રથમ જિનથેરાપી ‘સ્ટ્રીમ વેલિસ’ને ચિકિત્સા ક્ષેત્રે દાખલ કરવામાં આવી.
- સાપેક્ષતાવાદની એક સદી બાદ, લીગોનાં વૈજ્ઞાનિકોએ ‘ગ્રેવિટી વેન્ઝ’ શોધી કાઢવામાં આવ્યા.

## સિને જગત

- દંગલ, બેફિક્રે, ડિયર જિંદગી, શિવાય, એય દિલ હૈ મુશ્કિલ, એમ.એસ. ધોની, પિંક, હેપ્પી ભાગ જાયેગી, રૂસ્તમ, ઢીશુમ, સુલતાન, ઉડતા પંજાબ, હાઉસફુલ-થ્રી, સરબજીત, બાગી, કી એન્ડ કા, કપૂર એન્ડ સન્સ, જય ગંગાજલ, નીરજા, સનમ રે, એરલિફ્ટ, વઝીર જેવી હીટ ફિલ્મો રજૂ થઈ. વર્ષ દરમિયાન કુલ ૧૧૯ ફિલ્મો આવી હતી.
- બીપાસા બાસુ - કરણ સિંહ ગ્રોવર, અમૃતા રાવ - અનમોલ, ઉર્મિલા માર્તોડકર - મીર મોહસીન અખ્તર, હેઝલ કીચ - યુવરાજ સિંહ જેવા કેટલાક કલાકારોનો પ્રણય પરિણયમાં પરિણમ્યો હતો.
- સ્મોલ સ્ક્રીન પર જમાવટ કરતી મોટી સિરિયલોમાં તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા, નાગિન, યે રીશ્તા ક્યા કહલાતા હૈ, યે હૈ મહોબ્બતે, ધ કપિલ શર્મા શો, કોફી વિથ કરન, કુમકુમ ભાગ્ય, સી.આઈ.ડી., ઉડાન, સાથ નિભાના સાથિયાની વર્ષ દરમિયાન રજૂઆત થતી રહી.
- ધ જંગલ બૂક, ધ મેગ્નિફિશિયન્ટ સેવન, શોલી-મિરેકલ ઓન – ધ હડસન, ડૉક્ટર સ્ટ્રેન્જ, ઈન્ફર્નો, ધ લિજેન્ડ ઓફ ટારઝન, ધ એન્ગ્રી બર્ડઝ મૂવિ, ઇન્ડિપેન્ડન્સ ડે - રિસર્જન્સ, ધ શેલૉઝ, ધ મેન હુ નો ઇન્ફિનિટી જેવી અંગ્રેજી ફિલ્મો ભારતમાં ચમકી હતી.

## મહિલા જગત

- ફોર્બ્સની ‘મોસ્ટ પાવરફૂલ વુમન’ની ૨૦૧૬ની યાદીમાં ચાર ભારતીય મહિલાઓનો સમાવેશ થયો હતો. જેમાં અરુંધતી ભટ્ટાચાર્ય, ચંદા કોચર, કિરણ મજૂમદાર અને શોભના ભરતિયાના નામ હતા. ■

---

## ગુજરાતમાં ચાલતા IAS તાલીમ કેન્દ્રો અંગે મંથન

**(અનુસંધાન : પાના નં.-૬૬ ઉપરથી ચાલુ)**

ક્યાંથી કાઢીશું? સારા શિક્ષકો વગર સમાજ શું કરશે? આ બાબત વિચારીને સૌ જ્ઞાતિ મંડળોએ તાલીમ કેન્દ્રો ચલાવવા જોઈએ. **કોલેજકાળથી જ તૈયારી માટે વ્યવસ્થા કરાવવી જોઈએ.** અને જ્યાં પણ તાલીમ કેન્દ્રો ચાલે છે ત્યાં તમામ પ્રકારની તૈયારી માટે વર્ગો ચલાવવા જોઈએ. કોઈપણ ક્ષેત્રે ઉત્તમ માણસ અને ઉત્તમ કર્મચારીની જરૂરિયાતને ધ્યાનમાં લેવી જરૂરી છે. ગુજરાતમાં અંડરગ્રેજ્યુએટને તાલીમ આપવાનો સૌપ્રથમ પ્રારંભ લોકસેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

***નોંધ*** : હમણાં હમણાં પાટીદાર સંસ્થાઓમાં રહેવા જમવાની વ્યવસ્થા આપી, બીજાના પરિણામને પોતાના નામે ચડાવવાની સ્પર્ધા ચાલે છે. સ્પીપામાં બે-ત્રણ વર્ષ રહેલા યુવાનો પ્રિલીમ પાસ કરે અને પછી આપણે ત્યાં આવે એટલે ગૌરવ લઈને શાબાસી મેળવવાથી શું થશે?

*૩, સંગાથ એપાર્ટમેન્ટ,*
*SBIની પાછળ, સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે, સી.જી રોડ,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. : ૯૭૨૩૩ ૩૬૪૮૨ ફોન : (૦૭૯) ૨૭૯૧૦૧૩૧*

માહિતી

# અમેરિકા રહેવા અને ફરવા માટે સુંદર છે... (૨)

• ચૌલા કુરુવા •

અમેરિકાના ૪૫મા રાષ્ટ્રપતિ તરીકે ટ્રમ્પ સાહેબ આવી ગયા. વિધિવત્ ચાર્જ તો તેઓશ્રી ૨૦ જાન્યુઆરી પછી જ સંભાળશે. નવા રાષ્ટ્રપતિ વિરુદ્ધ દેખાવો પણ ઘણા રાજ્યોમાં થયા છે. પણ લોકશાહીમાં બહુમતીનો ચુકાદો સ્વીકાર્યે જ છુટકો....

બરાબર એ જ દિવસે ભારતમાં મોદી સાહેબે પણ નોટબંધીનો નિર્ણય જાહેર કર્યો. જોગાનુજોગ કહો કે વિચારપૂર્વક – એ જે હોય તે પણ હવે આગામી વરસોમાં ભારતમાં મોદી અને અમેરિકામાં ટ્રમ્પ નક્કી કરશે ભારતીયોનું ભવિષ્ય... આપણે ત્યાં અમેરિકાની સરખામણી અને સ્પર્ધા કરવાનો રિવાજ છે.

અમેરિકા એ અમેરિકા છે અને ભારત એ ભારત છે...

અમેરિકામાં દુનિયાના બધા દેશોના લોકો વસે છે જ્યારે ભારતમાં એમ નથી. અમેરિકામાં વસતા ભારતીયોની હવે તો ત્રીજી પેઢી થશે. પૂર્વ વિસ્તારમાં ન્યુયોર્ક કે ન્યુજર્સી બાજુ રહેતા ભારતીયો અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતીઓ ધંધામાં વિશેષ રોકાયેલા છે. જ્યારે પશ્ચિમના કેલિફોર્નિયા વિસ્તારમાં નોકરી કરતા અને આઈ.ટી. સાથે સંકળાયેલા પ્રોફેશનલ્સ ભારતીયો કે ગુજરાતીઓ હશે. પૂર્વ અને પશ્ચિમ બે કાંઠે એટલે કે ઈસ્ટ કોસ્ટ અને વેસ્ટ કોસ્ટમાં અમેરિકાનો વિકાસ વિશેષ થયેલો છે.

ખાસ કરીને ભારતીયો પણ આ વિસ્તારમાં વિશેષ વસે છે, જ્યારે વચ્ચેના રાજ્યો સરખામણીએ વિકાસમાં થોડા પાછળ પરંતુ આપણા દેશ કે અન્ય દેશો કરતાં આગળ જોવા મળે.

અમેરિકાનો ઈસ્ટ કોસ્ટ હરિયાળીથી ભરપૂર સુંદર અને ગ્રીન છે. એટલાન્ટિક મહાસાગરના કાંઠાનો આ એરિયા લગભગ છ માસ બરફથી છવાયેલો રહે છે. પણ જૂનથી સપ્ટેમ્બર-ઓક્ટોબર સુધી પ્રવાસીઓ ફરી શકે તેવી સીઝન છે. ખાસ કરીને જૂનથી સપ્ટેમ્બરની સીઝનમાં અહીં પ્રવાસીઓ આવે છે. તમે અમેરિકા જતા હો, તો આ સમય પસંદ કરજો. વાતાવરણ સુંદર હશે અને ફરવાની, જોવાની મજા પડશે. અમેરિકાના ઘણા બધા રાજ્યો હિલી એટલે કે સપાટ નહીં એવા ઢોળાવવાળા જોવા મળશે જ્યારે વચ્ચેના અને અન્ય કેટલાક સપાટ વિસ્તારો છે જેમાં શિકાગો જેવા કહી શકાય.

આથી વિરુદ્ધ પશ્ચિમનો કેલિફોર્નિયા વગેરે રાજ્યો કે જે પેસીફિક મહાસાગર કાંઠે આવેલા છે ત્યાં બારેમાસ લગભગ ખુશનુમા વાતાવરણ જોવા મળે છે અને ઠંડી કે બરફ ભાગ્યે જ હોય છે. ત્યાં બારેમાસ ફરી શકાય એવું વાતાવરણ હોય છે.

પશ્ચિમના આ રાજ્યો કેલિફોર્નિયા વગેરે ઓછા હરિયાળા અને વધારે પર્વતીય છે. અહીં વૃક્ષો કુદરતી નહીં પણ પ્લાન કરેલા જોવા મળશે. અમેરિકા દુનિયાનો ત્રીજા નંબરનો દેશ છે. વિસ્તારમાં એટલે કે કેનેડા અને રશિયા પછીનો સૌથી મોટો દેશ અમેરિકા છે. અમેરિકાના ૫૦ જેટલા રાજ્યો છે પરંતુ વસતિ માત્ર ૩૦ કરોડ જેટલી થવા જાય છે. બીજા કેટલાક ગ્રીન કાર્ડ હોલ્ડર કે ગેરકાયદેસર અમેરિકામાં ઘૂસી આવેલા અને વરસોથી રહેતા લોકો, તે ઉપરાંત નોકરી કરતા વિદેશીઓ જેઓ ત્યાંના નાગરિક નથી પણ ૫ કે ૧૦ કે તેટલા વરસોથી ત્યાં રહે છે અને નોકરી કરે છે અને લાંબો સમય રોકાતા અને અવરજવર કરતાં પ્રવાસીઓ... આ બધા સાથે અમેરિકામાં ૩૫ કરોડથી વધુ લોકો નહીં હોય.

વસતિ / વિસ્તાર અને હવામાન – ત્રણે રીતે જોતાં અમેરિકા, રશિયા અને કેનેડા કરતાં વધુ નસીબદાર છે. રશિયા અને કેનેડામાં તો વસતિ પણ ઓછી અને હવામાન અતિશય ઠંડીના કારણે અડધા પ્રદેશો વસવાટ માટે શક્ય નથી એવી સ્થિતિ છે. અમેરિકા હવામાનની રીતે અને જમીનની રીતે પણ જોતાં ભારત કરતાં વધુ નસીબદાર છે. આમ કુદરતની તમામ મહેરબાની આ દેશ ઉપર છે તેમ કહીએ તો જરા પણ અતિશયોક્તિ નથી. સૌથી વધુ નસીબદાર તો અમેરિકાને શાસકો પણ પ્રમાણમાં ઘણા સારા મળ્યા છે. શાસન પ્રથા લોકશાહી હોવા છતાં આપણા કરતાં ઘણી જુદી છે. તેની વાત ભવિષ્યમાં કરીશ.

જો કે અમેરિકા અને તેની પ્રજાએ સંઘર્ષ પણ ઘણો કર્યો છે. અમેરિકાનો ઈતિહાસ એનો ગવાહ છે. અમરિકન પ્રજામાં રાષ્ટ્રપ્રેમ ઘણો છે. પ્રજાના દેશપ્રેમ અને કાનૂન પાલન વગર કોઈ દેશ આગળ ન આવી શકે. શિસ્ત અને કાયદાઓનું પાલન તો કરે જ છે પણ ત્યાં વસવા માંગતા અને રહેતા વિવિધ

દેશના લોકો પણ કાયદાનું પાલન અને શિસ્ત જાળવે છે.

પોતાનો દેશપ્રેમ દર્શાવવા અહીંના લોકો તેમના ઘર કે મકાનો ઉપર અમેરિકાનો રાષ્ટ્રધ્વજ લગાડતા હોય છે. એટલે કે ફરકાવતા હોય છે. આવું તમે ઘણી જગ્યાએ જોઈ શકો છો.

મને પહેલા એમ લાગ્યું કે આ કોઈ સરકારી મકાન હશે. પણ પછી મેં જોયું તો અહીં તો તમે બારેમાસ રાષ્ટ્રધ્વજ ફરકાવી તમારો દેશપ્રેમ બતાવી શકો છો. માત્ર કોઈ ખાસ રાષ્ટ્રીય પર્વની રાહ જોવાની જરૂર નથી.

અમેરિકાની મારી પહેલી મુલાકાત સમયે જ મને લગભગ દસેક રાજ્યોમાં ફરવાનો મોકો મળ્યો. એમાં પણ ન્યુયોર્ક, ન્યુજર્સી અને કેલિફોર્નિયામાં વધુ સમય રહેવાનું થયું. કારણ મારા પરિવારના સભ્યો ત્યાં રહેતા હતા. ઈસ્ટ કોસ્ટ અને વેસ્ટ કોસ્ટ એટલે કે ન્યુયોર્ક અને કેલિફોર્નિયા વચ્ચે જ છ કલાક જેટલો સમય વિમાનમાં જ જાય છે. વિચાર કરો કે આ દેશ કેટલો મોટો અને વિસ્તૃત છે.

પણ એટલા મોટા દેશમાં પબ્લિક ટ્રાન્સપોર્ટનો Concept જ નથી એમ કહીએ તો ચાલે. કદાચ પ્રાઈવસી ઉપર વિશેષ ધ્યાન રાખવામાં આવે છે, એટલે હશે. અહીં રેલવે માત્ર નામની જ છે. એમ લાગે છે કે અમેરિકનોને રેલવેમાં પ્રવાસ કરવાનો શોખ જ નથી કે પછી રેલવે ટૂંકી સફર માટે જ છે તેમ માને છે. ઓફિસે જવા આવવા **ગ્લેન્ડ રોક** કે **ફૈરલૉનથી ન્યુયોર્ક** જવા આવવા કે એવા કોઈ સ્થાનેથી રેલવેનો ઉપયોગ કરતા હોય છે. વેસ્ટ કોસ્ટમાં પણ **સન રેમોન** કે **દાન્વીલથી સાનફ્રાન્સિસ્કો** જવા આવવા માટે રેલવેનો ઉપયોગ કરતા અમેરિકનો કે આપણા ભારતીયો તમને મળી આવશે.

એટલે કે ઓફિસે કામ પર જવા આવવા માટે રેલવે વિશેષ વપરાય છે. બાકી આ વિશાળ દેશમાં વિમાની સફર જ દૂર દૂરના રાજ્યો કે શહેરોમાં અવર જવર માટે વિશેષ પ્રચલિત છે. રોડ અને હાઈવેનું બહુ મોટું નેટવર્ક અમેરિકામાં છે. તમામ રસ્તાઓ ૬ થી ૮ લેનના અને બંને બાજુના રસ્તા બિલકુલ અલગ. એટલે આવા વિશાળ રસ્તાઓ ઉપર ગાડીઓ ૧૫૦ માઈલની ઝડપે બહુ સરળતાથી જતી રહે છે.

માલસામાનની અવરજવર પણ રોડ માર્ગે વિશેષ થાય છે. આ રોડના નેટવર્ક અંગે વિશેષ પછી. હાલ તો વાત કરીએ અમેરિકાના રેલવે સ્ટેશનની. અમેરિકાના પાટનગર વોશિંગ્ટનનું રેલવે સ્ટેશન UNION સ્ટેશન તરીકે ઓળખાય છે. કોઈ ઍરપોર્ટથી પણ ચડિયાતું આ અત્યંત ભવ્ય અને જોવા જેવું સ્થાન છે. અમેરિકાની મુલાકાત દરમિયાન વોશિંગ્ટન પાટનગર અને એનું આ સ્થાન જોયા વગર કેમ ચાલે? માર્બલના ફ્લોરિંગ સાથેના આ સુંદર સ્થાને અનેક શોપ્સ અને ખાણીપીણી માટે ફૂડકોર્ટ છે. આ એક મોટું શોપિંગ સેન્ટર પણ છે. ભૂગર્ભમાં આવેલી રેલવેની સફરનો આનંદ અનેરો છે.

અહીંથી રેલ દ્વારા અમેરિકાના કેટલાક સ્થાને અવશ્ય જઈ શકાય. જેમાં ન્યુયોર્ક, બોસ્ટન વગેરે શહેરો જોવાનો આનંદ પણ માણી શકાય. તેમજ લાંબા રૂટના શહેરોમાં પણ અવરજવર કરી શકાય છે. આ વિશાળ અને ભવ્ય રેલવે સ્ટેશન આમ તો ૧૯૦૭માં ખુલ્લું મૂકાયેલ પણ પછી તેમાં ઘણા ફેરફારો થયા. તેમજ બીજા વિશ્વયુદ્ધ પછી એક મોન્યુમેન્ટ બનાવવાનો પ્લાન તૈયાર થયો. ૧૯૭૮ પછી આ કામ શરૂ થયું. તેમાં ત્યારબાદ પણ ફેરફારો થયા છે. સુંદર સ્થાપત્ય કળાના નમૂનારૂપ આરસથી તેનું બાંધકામ અને ફ્લોરિંગ, છત, કમાનો વગેરે થયા છે. વિશાળ અને ભવ્ય નવીનીકરણ કરવામાં આવ્યું છે. અંદર કમાનો પણ અનેક આધુનિક ફેરફારો રેલવે ટ્રેક અને પાર્કિંગ સંબંધી થયા છે. જેમાં ત્યારબાદ પણ ઘણા પરિવર્તન કે સુધારા વધારા થયા કરે છે. ૧૯૮૯માં ફરીથી ખુલ્લું મૂકાયા બાદ આજે તે એક ભવ્ય જોવાલાયક સ્થાનોમાંનું એક તેમજ દેશનું વિશાળ અવરજવરનું કેન્દ્ર બની ગયું છે. સન ૨૦૦૦ અને ત્યારબાદ પણ અનેક સુંદર વિવિધતાઓ અને સુવિધાઓ ઉમેરાતી જાય છે. યુનિયન સ્ટેશનમાં સુંદર શોપિંગ સેન્ટર અને ફૂડ કોર્ટ બનાવવામાં આવ્યા છે. એ સિવાય પણ અનેક નવીનતાઓ છે, જે જોવાલાયક છે.

વરસે લગભગ ૪૦ મિલિયન લોકોની અવરજવર યુનિયન સ્ટેશનથી થાય છે. વોશિંગ્ટન ડી.સી.માં નોકરી કરતાં અને પાસેના ટાઉનમાં રહેતા ઘણા ભારતીયો રોજ અહીંથી અવરજવર કરે છે. યુનિયન સ્ટેશનની સ્વચ્છતા અને સુંદરતા તેમજ ભવ્યતા અને સ્થાપત્ય દિલો દિમાગને ખુશ કરી દે તેવા છે.

અમેરિકાનો એ રેલવે પ્રવાસ કરવો જોઈએ અને આ મોટા અને વિશાળ દેશમાં રેલવે બહુ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે. તેમજ સસ્તી પણ પડશે અને આરામદાયક પણ વિશેષ થાય, એવી વાત અમેરિકનોને હવે વૉરન બફેટ જેવી વ્યક્તિઓ સમજાવી રહ્યા છે.

*(ક્રમશઃ)*

***મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦***

*રાક્ષસ સાથે લડવા માટે રાક્ષસ ન થવાય.*
*શેતાન સાથે લડવા માટે શેતાનિયત નહીં,*
*શુદ્ધતા જોઈએ.*

માહિતી

# ગુજરાતમાં ચાલતા IAS તાલીમ કેન્દ્રો અંગે મંથન

● ભીમજી નાકરાણી ●
તંત્રી : 'સરદાર જ્યોત', 'ઉમિયા દર્શન'

IAS/IPS/GPSC... જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ખૂબ જ કઠિન છે, પરંતુ અશક્ય નથી. વાત સાચી છે. આજકાલ શહેર-શહેરમાં ખાનગી સંસ્થાઓ, જ્ઞાતિ અને સમાજ દ્વારા "IAS ટ્રેનિંગ સેન્ટર" નો શોખ જાગ્યો છે. ફેશન થઈ પડી છે. કોલર ઊંચા રાખીને સામાજિક સ્ટેટસ માટે આ પ્રકારના તાલીમ વર્ગ ચલાવવાની ભાવના કાબિલે દાદ છે. ચાલો થોડું મોડું પણ સૌને સમજાયું છે કે ગુજરાતના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષામાં જતા થાય. આવી સમજણ કેળવી ચારેબાજુ સૌ લાગી ગયા છે. સેમિનાર, તાલીમ વર્ગો, લાઈબ્રેરી અને સમજણ શક્તિ કેળવવાની મહેનત!

**સ્પર્ધાત્મક પરીક્ષા એટલે માત્ર IAS જ નહીં, સ્પર્ધાત્મક પરીક્ષા એટલે UPSC/IAS/IPS/GPSC/ સ્ટાફ સિલેક્શન/બેંક/PSI/CA/CS/ ICW/NDA/રેલવે, એન્જીનિયરિંગ સેવા/BSNL/કોર્પોરેટ સર્વિસ/ગૌણ સેવા/નેટ/સ્લેટ અને ભારત તેમજ ગુજરાત સરકારની અનેક સેવાઓને સમજવી પડે** અને આ અંગેનો અભ્યાસક્રમ (સિલેબસ), રેફરન્સબુક, ફેકલ્ટી, વાતાવરણ, લાઇબ્રેરી, છેલ્લા પાંચ વર્ષના પેપર, મોક ટેસ્ટ, પરીક્ષાલક્ષી અભ્યાસ, ૨૪ કલાકની લાઈબ્રેરી, યુવાનોના ગ્રુપ, ગ્રુપ ચર્ચા, ઇન્ટરનલ ટેસ્ટ અને અંગ્રેજીનો અભ્યાસ તેમજ દેશના શ્રેષ્ઠ દૈનિક પત્રોનું વાંચન આવું તો ઘણું છે કે જે કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા આપનાર વિદ્યાર્થી, સેન્ટર કો-ઓર્ડિનેટર અને સેન્ટર (તાલીમ વર્ગ ચલાવનારને) મેનેજમેન્ટને જાણવું પડે, શીખવું પડે, અપડેટ થતા રહેવું પડે. સાથે સાથે આ સંસ્કાર વિદ્યાર્થીઓને ધોરણ ૧૧,૧૨ અને કૉલેજમાંથી આપવા પડે. આ ઉપરાંત દિલ્હી, મુંબઈ, ચેન્નઈમાં ચાલતા આ પ્રકારના તાલીમ વર્ગના અભ્યાસ માટે જઈને ત્યાંની પદ્ધતિ, સાહિત્ય અને વાતાવરણનો અભ્યાસ કરવો પડે, કરાવવો પડે. લોકસેવા ટ્રસ્ટ દ્વારા ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષમાં સ્પર્ધાત્મક પરીક્ષા જનજાગૃતિ અભિયાનથી ગુજરાતમાં એક જુવાળ આવ્યો છે. પરંતુ ઘણી વખત તેનો ગેરલાભ માત્ર પૈસા માટે વર્ગો ચલાવવા અને પોતાનું જ સાહિત્ય વેચતા સાવ સામાન્ય સ્તરના વેપારી લઈ જાય છે. અને આવી માનસિકતા ધરાવતા વેપારીના તાલીમ વર્ગમાં ગામડાનાં સામાન્ય વર્ગના યુવાનો ફસાય છે. અને લોકસેવા જેવી અભ્યાસ આપતી અને પરિણામલક્ષી સંસ્થાઓને આર્થિક ક્ષમતાના અભાવે મુશ્કેલીનો અનુભવ થાય છે. આવી સ્થિતિમાં સ્પીપાની ભૂમિકા સારી રહી છે. પરંતુ અહીં સંખ્યાની મર્યાદા છે. **કોઈ સમાજ, સંસ્થા કે જ્ઞાતિગત તાલીમ કેન્દ્રો પાસે યોગ્ય ફેકલ્ટીઝ હોતા નથી. જે હોય છે તેમને સિલેબસનો પણ ખ્યાલ હોતો નથી.** વિષયના વેઈટેજ મુજબ ટાઈમટેબલ વર્ક આઉટ થતું નથી. એમાંયે હવે UPSC/GPSC/બેંક અને સ્ટાફ સિલેક્શન જેવી પરીક્ષામાં 'એપ્ટીટ્યુડ' ટેસ્ટ, રીઝનીંગ, પ્રોબ્લેમ સોલ્વ, અને જીએમએ જેવી અઘરી બાબતોના ફેકલ્ટી તો ખૂબ ઓછા છે. હવે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં CSAT મેથડ આવી ગઈ છે. ૧ કલાકમાં ૧૦૦ પ્રશ્ન-સામે ટીક કરવાની છે. એટલે પરીક્ષાર્થી પાસે ખૂબ જ ઊંડાણનું નૉલેજ જોઈએ. અને આ નોલેજ માટે આ નોલેજના માર્ગદર્શન માટે ખૂબ જ ઊંડાણ પૂર્વકનું જ્ઞાન ધરાવનાર ફેકલ્ટી જોઈએ, જે ખુદ પણ સતત અભ્યાસશીલ હોય. આ માટે ઉત્તમ શિક્ષણ પદ્ધતિ જોઈએ. સારામાં સારા ફેકલ્ટીઓને અપડેટ રાખીને કામ કરવું જરૂરી છે. આજે લોકસેવા જેવી સંસ્થાઓ માત્ર એકજ ધ્યેય સાથે કામ કરે છે કે ગુજરાતના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બેસતા થાય અને આ માટે જ મહેનત કરવામાં આવે છે. 'સ્પીપા', 'સરદાર પટેલ સેવા સમાજ,' ઉમિયા IAS ટ્રેનિંગ સેન્ટર, જીટો, કેળવણી ધામ, ખોડલ ધામ, સમસ્ત પાટીદાર IAS ટ્રેનિંગ સેન્ટર કે અન્ય વ્યવસાયિક અને જ્ઞાતિની ૩૦ થી ૪૦ જેટલી સંસ્થાઓ પાસે અમદાવાદ, ભાવનગર, સુરત, રાજકોટ અને વલ્લભ વિદ્યાનગર ખાતે પોતાના ભવનો છે, ક્લાસરૂમ અને લાયબ્રેરીઓ છે. પગારદાર નિવૃત્ત પ્રાધ્યાપકો-કો ઓર્ડિનેટર છે. 'સ્પીપા' તો ગુજરાત સરકારની સંસ્થા છે. ભૌતિક વ્યવસ્થાઓની કોઈ ખામી નથી. અને લોકસેવાના જન જાગૃતિ અભિયાન પછી **કોઈ સમાજ કે જ્ઞાતિ IAS ટ્રેનિંગ**

**સેન્ટર ચલાવવામાં બાકી નથી. પરંતુ મોટાભાગની સંસ્થાઓ પાસે યોગ્ય ફેકલ્ટીનો અભાવ છે. એટલે ઘણી વખત આ બધું ચલાવનારા સારી ભાવનાથી ચલાવતા હોવા છતાં આ તાલીમ વર્ગોમાંથી પરિણામ લેવું શક્ય નથી.** ગુજરાતના વિવિધ શહેરોમાં સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રો ચાલે છે. હાલ સુરત, ભાવનગર, રાજકોટ, વીવીનગર, વડોદરા, મહેસાણા, ગાંધીનગર અને અમદાવાદમાં કુલ ૪૦ થી વધુ આ પ્રકારના તાલીમ કેન્દ્રો ચાલે છે. જ્યારે GPSC માટેના તાલીમ કેન્દ્રો તો તાલુકે તાલુકે ચાલતા હશે. પરંતુ પરિણામ કેટલું? અને તાલીમ લેનારા કેટલાં? એકાદ વખત GPSC કે IAS આપનારા યુવાનો તાલીમ વર્ગોનો પ્રારંભ કરે છે અને કચરો કહી શકાય તેવું સાહિત્ય આપે છે. હોદ્દો મેળવવાની હોડમાં લાગેલાં બિચારા યુવાનોને છેતરવાનો ખૂબ મોટો 'વર્ગ' ફાટી નીકળ્યો છે. કેટલાંક તો ૧૦૦ ટકા પાસ થવાની ગેરંટી આપી પૈસા લીધાના દાખલા પણ છે. અને આ આખી સિસ્ટમમાં ભ્રષ્ટાચાર નથી થતો તેમ કહી શકાય નહીં. જ્યારે રાષ્ટ્રકક્ષાએ UPSC માં ગુજરાતી યુવાનોને જો સફળતા અપાવવી હોય તો ગુજરાતી સાંસદો અને રાજકીય માણસોએ 'લોબીઝ' રચવી પડે. બાકી અધકચરી તાલીમની વાત કરી યુવાનોને સ્વપ્ના દેખાડી કરવા ખાતર કરવાનો કોઈ અર્થ નથી. આ માટે સતત રાજ્ય અને દિલ્હી જેવા શહેરની 'રાવ' IAS સ્ટડી સેન્ટર જેવી સંસ્થાઓને સાથે રાખી, અને કોર કમિટી બનાવી આખા ગુજરાતમાં ચાલતા આવા સેન્ટરોના મેનેજમેન્ટ, કો-ઓર્ડિનેટર અને ફેકલ્ટીને સાથે સાંકળી તાલીમ આપી અભ્યાસક્રમના આધારે વિદ્યાર્થીઓને ૧૮ કલાકની મહેનત કરાવી, મોક ટેસ્ટ માટે ૧૦૦ પેપર કાઢી, 'સોલ્વ' પદ્ધતિથી કામ લઈ વિદ્યાર્થીઓને તૈયાર કરવા પડે. ગુજરાતમાંથી એક્સપર્ટની ટીમ બનાવવી પડે. એક આખો વર્ગ ઉભો કરી FY/SY/TY ના કોઈપણ શાખાના વિદ્યાર્થીઓને પણ તાલીમ આપવી પડે. અને આ બધું 'ફ્રી' કશું નહીં, ફી રાખવી જરૂરી છે. લાઈબ્રેરી જરૂરી છે. ડીવોટી પગારદાર રાખવા જરૂરી છે. આ બધું ઉદ્યોગપતિ, નિવૃત્ત IAS અધિકારીઓ, સમાજ અને કર્મશીલોએ કરવાનું છે. સરકારને તેની રીતે કરવા દેવું જોઈએ. સામાજિક મૂલ્યનિષ્ઠ અને જેમણે ઊંડાણપૂર્વક ક્ષેત્રે ખેડાણ કર્યું છે તેવા બિન કોમર્શિયલોએ આ એકમત બની ગુજરાતના હિત માટે કામ કરવું પડે. જેમકે લોકસેવાએ (અમદાવાદ) ગુજરાતમાં M.J. લાઈબ્રેરી સાથે મળીને પ્રથમ IAS (સ્પર્ધાત્મક પરીક્ષા)ની લાઈબ્રેરી બનાવી છે.

**ખરેખર ગુજરાતીઓને આ ક્ષેત્રે આગળ લઈ જવા હોય અને સૌથી સારું પરિણામ લેવું હોય તો આપણે, ખાસ કરીને દિલ્હીમાં વ્યવસ્થા કરવી જોઈએ.** ત્યાંજ રહીને તૈયારી કરાવવી જોઈએ. ચોક્કસ પરિણામ માટે આ એકજ માર્ગ છે. એક વાસ્તવિકતા એ છે કે ગુજરાતમાં પાટીદારો દ્વારા સૌથી વધુ IAS ટ્રેનિંગ સેન્ટર ચાલે છે. પરંતુ આવા સેન્ટરોમાં પાટીદારના દીકરા-દીકરીઓ તો કદાચ ૧૦થી ૧૨ ટકા જેટલી સંખ્યામાં જોડાય છે. મોટાભાગનાં તો રહેવા જમવાની સુવિધા માટે તાલીમ લેતા હોય છે તેવો અનુભવ છે. સેન્ટરો ભલે પાટીદારો ચલાવે, તાલીમ તો ગુજરાતના સૌ જ્ઞાતિના યુવાનો લઈ રહ્યાં છે. **પરંતુ ગુજરાતમાં ચાલતા ૮૦ ટકા તાલીમ કેન્દ્રો માત્ર નામ માટે ચાલે છે. અહીં ભણાવતા ફેકલ્ટીઓ પાસે કોઈ મેથડ નથી. આવા કેન્દ્રો ચલાવનારા બધા પાસે પૈસા છે, જગ્યા છે, ભૌતિક સુવિધા છે. પરંતુ પાયાની સૈદ્ધાંતિક વ્યવસ્થા અને ઊંડાણનો અભાવ છે.** માટે સૌએ ભેગા મળીને આ ઉણપને દૂર કરવાનો ઉપાય શોધવો જરૂરી છે. અને તેના માટે બધાં સેન્ટરોના મેનેજમેન્ટે ભેગા થઈ માત્ર યુવાનોના ભવિષ્યને ધ્યાનમાં લઈને વિચારવું પડે. સાથે સાથે એ પણ વિચારવું જોઈએ કે **માત્ર IAS જ શા માટે? સ્ટાફ સિલેક્શન, બેંક, PSI, GPSC, NDA, મામલતદાર, રેલવે જેવી સ્પર્ધાત્મક પરીક્ષા માટે પણ ક્લાસીસ ચલાવવા જોઈએ.** આ દેશને કે રાજ્યને તો સારા તલાટી, ક્લાર્ક, શિક્ષક, ટેકનિકલ ક્ષેત્રે કામ કરનાર તજજ્ઞોની પણ જરૂર છે. કાયદો ને વ્યવસ્થા માટે, દેશના રક્ષણ માટે PSI, PI, ફોરેસ્ટ ઓફિસર, લશ્કરી જવાનની પણ જરૂર છે. માત્ર IAS, IPS ની વાતો કરી બૂમબરાડા પાડવાથી જ દેશનો ઉધ્ધાર થઈ જવાનો છે? સમાજનું ભલું થઈ જવાનું છે? આ પોકળ વાતો છે. પ્રેક્ટિકલ બનવું જરૂરી છે. ઘણા આગેવાનો ઉત્સાહમાં આવી વર્ષે-બે વર્ષે ૧૦૦ IAS પેદા કરવાની વાતો કરે છે. અરે ભાઈ! પહેલા ચાર સારા માણસો તો પેદા કરીએ. પછી આપણે IAS, IPS, પેદા કરીશું. લાંબી દૃષ્ટિ કેળવવી જરૂરી છે. તમામ ક્ષેત્રે ઉત્તમ માણસોની જરૂર છે. રાષ્ટ્રને ઉપયોગી થનાર કોઈ પણ યુવાન, કંઈપણ બનશે. રાષ્ટ્રને વફાદાર રહે તો ય ઘણું! એકલું IAS નું ગાણું ક્યાં સુધી ગાયા કરીશું? તો પછી કોન્સ્ટેબલ અને ગ્રામસેવકો

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૨ ઉપર)**

માહિતી

# ૧૯૭૧માં વ્યૂહાત્મક ઓખા પોર્ટ ઉપર અનુભવેલ યુધ્ધની એક ઝલક

• વી. જે. ઠક્કર •
નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક

આમ તો ઓખા ખાતે આઈ.એન.અસ. દ્વારકાનું એક નાનું મથક ઘણા વર્ષોથી કાર્યરત હતું પણ ૧૯૭૧ના વર્ષની શરૂઆતથી તેમાં ગતિવિધિઓનો વધારો થતો જણાયો. સિનિયર નેવલ કમાન્ડરોનાં આવન-જાવન તથા નિમણૂકો તથા સ્ટાફનો વધારો અને યુધ્ધ જહાજોની ઓખાની વિઝિટ તેમજ નેવીની કેટલીક બોટોનો ઓખા પોર્ટમાં લાંગરેલ અવસ્થામાં થતો વધારો વગેરે બાબતો સામાન્ય જનતામાં તે વખતે બહુ ધ્યાનાકર્ષક નહોતી લાગતી. આ સમય દરમિયાન ઓખા ખાતે નવા શરૂ થયેલ મરીન બાયોલોજિકલ રિસર્ચ સેન્ટરમાં મત્સ્યોદ્યોગ ખાતાનાં ટેકનિકલ સ્ટાફ માટેનું તાલીમ કેન્દ્ર શરૂ થયેલ. જેમાં જોડાવાની મને તક મળેલ. અમે કુલ ૧૦ તાલીમાર્થીઓ ઓખાની દીવાદાંડી નજીક એક મકાનમાં સાથે રહેતા. ઓખાના પશ્ચિમ ઉત્તર છેડે દરિયા તરફ જમીન આગળ વધી એક ચાંચ જેવી રચના નકશામાં જોવા મળે છે ત્યાં વ્યોમાણી માતાજીની એક દેરી શ્રદ્ધાળુઓ માટે અગત્યનું સ્થળ હતું. આ સ્થળની ભૂરચના ખડકાળ મજબૂત અને આ સ્થળ ટાઈગર પોઈન્ટ તરીકે પણ ઓળખાતું. જેમાં સ્થાનિકો ફરવા તથા સૂર્યાસ્તની છેલ્લી પળો માણવા જતા પરંતુ ઓક્ટો-નવેમ્બર ૧૯૭૧ દરમિયાન ત્યાં નેવીની ગતિવિધિ વધી ગઈ અને સામાન્ય પબ્લિકને ત્યાં જવાનો પ્રતિબંધ કરી દેવામાં આવ્યો.

આ બધી કાર્યવાહી સામાન્ય તહ અમારા ધ્યાનમાં આવતી અને ભારત - પાકિસ્તાન વચ્ચે પૂર્વ પાકિસ્તાન અંગે ચાલતો તણાવ તથા આવતા શરણાર્થીઓની વિગત તેમજ પૂર્વ - ઉત્તર સરહદ પર વારંવાર થતા ગોળીબોરોના સમાચાર અખબારમાં વાંચતા ત્યારે એ બાજુ યુધ્ધનો માહોલ હોવાથી અમારા ખ્યાલમાં આ વિસ્તારમાં તેની અસર બાબત કોઈ ગંભીર ધારણાઓ નહોતી એટલે ઝાઝું ધ્યાન આપતા નહોતા. **પરંતુ ૩જી ડિસેમ્બર, ૧૯૭૧ના સાંજે જ્યારે ઓખાની દીવાદાંડીનો દીવો સામાન્ય રીતે સૂર્યાસ્ત થયા બાદ દરરોજ તુરત જ ચાલુ થઈ જાય અને તેના શેરડા ઓખા ગામ પર ફેંકાઇ દરિયામાં લગભગ ૨૫ નોટીકલ માઇલ સુધી પહોંચી પસાર થતા વહાણો સ્ટીમરને દિશાસૂચન કરે, જે આજે છેક અંધારું થવા આવ્યું તો પણ ચાલુ ન થયો. ત્યારે અમારા મનમાં કશુંક ગંભીર લાગે છે તેવી આશંકા જન્મી.** અમો બધા તાલીમાર્થીઓ ઘેરથી બજારમાં તપાસ કરવા નીકળ્યા તો ખબર પડી કે ટેલિફોન એક્ષચેન્જ તથા બધી અગત્યની કચેરી, પોર્ટ, કસ્ટમ, પોલીસ સ્ટેશન વગેરે સ્થળે ઇમરજન્સી લાગી ગઈ છે કારણકે પાકિસ્તાન સાથે યુધ્ધ જાહેર થયું છે એવું જાણવા મળ્યું.

જેમ જેમ સમય પસાર થતો ગયો, અંધારું ઉતરતું ગયું અને બ્લેક આઉટ જાહેર થવાથી ઓખા ગામમાં અંધકાર અને સન્નાટો છવાઇ ગયો. હજુ આ અંધારાનો માહોલ એક કલાક પણ નહોતો ચાલ્યો ત્યાં યુધ્ધ વિમાનોની ઘરઘરાટી સંભળાવા લાગી અને ખૂબ જ નીચી સપાટીએ બોમ્બર વિમાનો અમારા ફળિયા ઉપરથી ઉડતા દેખાયા અને ભયંકર ઘરઘરાટી અને બોંબના કાન ફાડી નાખે તેવા અવાજો સાથોસાથ ઓખાથી ચારેબાજુ પેરાફેરીમાં ગોઠવેલ એન્ટી એરક્રાફ્ટ ગનના ગોળા ધણધણી ઉઠ્યા અને જમીન ધ્રુજી ઊઠી. **એક નાના ખોબલા જેવા બંદરીય ગામ ઓખા ઉપર આવો વિમાન દ્વારા બોમ્બમારો રોકેટમારો અને તેની સામે આપણી તોપોથી વિમાનને ઉડાવી દેવાની પ્રક્રિયાથી આખો વિસ્તાર યુધ્ધભૂમિમાં ફેરવાઈ ગયો.** આ બોમ્બમારા રોકેટમારાને કારણે ઇન્ડિયન ઓઇલના વિશાળ ટાંકાઓ જેમાં ઇંધણ હતું તે પૈકી અમુક હિસ્સો સળગી ઉઠ્યો અને તેની જ્વાળાઓ જોતજોતામાં એટલી મોટી થઈ ગઈ કે ઓખા અને તેની આસપાસનો માઈલો સુધીનો વિસ્તાર ઝળહળી ઊઠ્યો. આખા ગામમાં નાસભાગ થઈ ગઈ. **લોકો ભયભીત થઈ છોકરાછૈયાં અને સામાન લઈ મીઠાપુર તરફ નાસવા લાગ્યા.** આ સિલસિલો રાત્રિ અને સવાર સુધી ચાલુ રહ્યો. પાછળથી ખબર પડ્યા મુજબ આપણા એન્ટી એરક્રાફ્ટ ગનના ફાયરિંગમાં પાકિસ્તાની યુધ્ધવિમાનો તોડી પડાયા હતા અને તેનો કાટમાળ ઓખામંડળ વિસ્તારના જુદા જુદા વિસ્તારોમાંથી એકત્ર કરાયો હતો. **જો કે આખી રાત દર બે-ત્રણ કલાકે પાકિસ્તાની યુધ્ધ વિમાનોએ ઓખા ઉપર બોમ્બમારો ચાલુ રાખ્યો હતો.** આવી વિકટ પરિસ્થિતિમાં ઇન્ડિયન ઓઈલ કંપનીના સ્ટેશન મેનેજરે રેલવેની ટેન્કરો દ્વારા તથા ઓઈલ ટેન્કરો દ્વારા મોટાભાગનો ઓઈલનો જથ્થો ત્યાંથી ખસેડી લેવા સારી કામગીરી કરી હતી.

ઓખા ઉપર પાકિસ્તાને હુમલો કરવાનું કારણ પાછળથી જાણવા મળ્યા મુજબ ૩જી તારીખ અગાઉથી જ આપણા યુધ્ધ જહાજો મિસાઈલ બોટો તથા સબમરીનનો કાફલો કચ્છના તથા સૌરાષ્ટ્રના ખાંચાખૂંચીવાળા અગત્યના પોઈન્ટ ઉપર છૂપાઈને તૈયાર હતો અને ખાસ કરીને મિસાઈલ બોટો ઓખા ખાતે લાંગરેલી રહેતી અને તેમને બન્કરિંગ તથા ફ્યુલિંગ વગેરે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૩ ઉપર)**

વ્યક્તિ વિશેષ

# શિવજી ભુદા ફોફીંડી
# વિરાટ વહાણોને વામન બનાવતા કચ્છીમાડુ "રામાબેલી" અને વારસાઈ કલાકારીને આત્મસાત્ કરતો પૌત્ર નિશાંત

• કિરણ ચાંપાનેરી 'સેતુ' •

આ સંસારમાં લોકોને જાતભાતના શોખ, રસ અને રૂચિ હોય છે. કોઈને વાંચનનો શોખ હોય તો કોઈને જાતજાતની વાનગીઓ ખાવાનો પણ શોખ હોય. પ્રકૃતિના ખોળે ભ્રમણનો અને કુદરતના નજારાને નિહાળવાનો પણ શોખ ધરાવતા હોય છે. ટપાલ ટિકિટ, સિક્કા સંગ્રહ કે જૂની જૂની વસ્તુઓના સંગ્રહનો શોખ પણ ઘણાને હોય છે. ફોટોગ્રાફીનો શોખ પણ ઘણાને હોય છે. આવા જ એક શોખીન છે કચ્છીમાડુ શિવજી ભુદા ફોફીંડી. **કચ્છ વિસ્તારના માંડવીના શિવજી ભુદા ફોફીંડીનો શોખ છે વિરાટ વહાણોને વામન બનાવવાનો!** ખારવા પરિવારના શિવજીભાઈએ માત્ર આઠ વર્ષની ઉંમરે દરિયાનો ખોળો ખૂંદવાનું શરૂ કરેલું. **તેમણે બનાવેલા વહાણના મોડેલે નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં પણ સ્થાન પામેલ છે.**

માંડવીમાં તા. ૧૩-૮-૧૯૩૩ના રોજ સામાન્ય ખારવા પરિવારમાં શિવજીભાઈનો જન્મ થયેલો. એટલે બચપણથી જ દરિયાના ખોળે જીવનનો આરંભ થયો. તેથી અભ્યાસ સાથે ઝાઝો નાતો ન રહ્યો. જન્મતાવેંત બાળપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવેલી. માતા કબુબાઈએ મહેનત મજૂરી કરી બાળક શિવજીને ઉછેરી પાંચેક વર્ષનો કર્યો. ત્યારબાદ વહાણમાં અન્ય ખારવાભાઈઓ સાથે મૂક્યો. જ્યાં વહાણના માલિક તેને ખાવાનું અને પહેરવા કપડાં આપે અને વહાણમાં બાળકથી થાય તેવા કામ કરવાના. આ પ્રકારે જે કોઈ બાળકોના મા-બાપ ન હોય અને વહાણમાં રહી કામ કરે તેને પેટોરિયા કહેવાય. આમ શિવજીએ 'રામપાસા' વહાણમાં પેટોરિયા તરીકે જીવન સંઘર્ષની શરૂઆત કરેલી. **માત્ર આઠ વર્ષની કુમળી વયે કાકા સાથે દરિયાના ખોળે ડગ માંડવાનો પ્રારંભ કરેલો. ત્યારથી વહાણવટુ તેમના જીવન સાથે વણાઈ ગયું.** એક વર્ષ 'લીલાવંતી' વહાણમાં આફ્રિકાની સફર કરી અને છ વર્ષ 'પારસમણિ' વહાણમાં ખલાસી તરીકે જોડાયા પછી સતત છ વર્ષ આ વહાણમાં કરાંચી, રત્નાગીરી, અરબસ્તાનનો દરિયો ખેડેલો. વહાણવટાનો અનુભવ વધતા તેમણે 'નાગરવેલ' વહાણના સારંગ તરીકે આફ્રિકાનો ઝંઝાવાતી દરિયો ખૂંદ્યો. સતત ચાર વર્ષ સારંગ (વહાણના બધા માણસો પર સારંગની હકૂમત ચાલે) તરીકે રહ્યા પછી એ જ માલિકના 'પ્રેમ સાગર' વહાણમાં બે વર્ષ સતત દરિયાઈ સફર કરી. દરિયાઇ જ્ઞાનના ઊંડા અનુભવને કારણે માંડવીના ગીગા માલમના 'બુરહાની' વહાણના માલમ (કેપ્ટન) બન્યા.

માંડ ચાર ગુજરાતી ભણેલા શિવજીભાઈને દરિયાના ઊંડા જ્ઞાનનો બહોળો અનુભવ ખરો. સને ૧૯૫૮માં માંડવી પોર્ટમાં એક સામાન્ય ખલાસી તરીકે જોડાયા. શિવજીભાઈની કુનેહ, નિષ્ઠા અને મિલનસાર સ્વભાવને કારણે માંડવી પોર્ટમાં ટંડેલ, સુકાની, સારંગ, ફલોટિલા સુપર વાઈઝર, વર્કશોપ ફોરમેન, ગનર અને પોર્ટ ઓફિસર સુધીના ઉચ્ચ પદે પહોંચ્યા અને ૩૭ વર્ષ ફરજ બજાવી. ફરજની સાથોસાથ કર્મચારીગણમાં પણ મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું. તેમની અન્યને મદદરૂપ થવાની ભાવનાના કારણે તેઓ માંડવી પોર્ટ યુનિયનના પ્રમુખ તથા માંડવી તાલુકા પેન્શનર એસોસિએશનના પ્રમુખ બન્યા. સમસ્ત ખારવા સમાજના નવન્યાતના પ્રમુખ અને સમસ્ત બારગામ ખારવા સમાજના ટ્રસ્ટીપદે સેવા આપી રહ્યા છે. કચ્છ ડિસ્ટ્રીક્ટ કોર્ટના લોક અદાલતના કાઉન્સિલેટર, ગુજરાત રાજ્યના સાગર સંરક્ષણ મંડળના સદસ્ય અને માંડવી મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકે તેમણે સેવા આપી છે.

આ તો થઈ શિવજીભાઈ ફંફોડીની દરિયાઈ સફરની વાત. **એમની ખરી ઓળખ તો એક વહાણના મોડેલ મેકર તરીકે છે.** આજે ચોર્યાસી વરસની ઉંમરે માંડવીના બંદર રોડ પર આવેલા તેમના શીપ મોડેલ શોરૂમ-કમ-વર્કશોપમાં સવારે સાત વાગે ચાલતા ચાલતા તેઓ પહોંચી જાય છે. તેમના વર્કશોપમાં વિવિધ પ્રકારના વહાણોના મોડેલો વચ્ચે બેઠેલા શિવજીભાઈને વહાણના મોડેલ બનાવવાની પ્રેરણા ક્યાંથી અને કેવી રીતે મળી એવો પ્રશ્ન પૂછતા તેઓના સ્મરણ પટારામાંથી જે વાતો નીકળી તે... માણીએ...



*શિવજીભાઈ ફોફંડી*



*પૌત્ર નિશાંત*

દરિયાઇ સફર કરતી વખતે આફ્રિકા બાજુ જતા રસ્તામાં શિકોતર માતાનું મંદિર આવે છે. દરિયાના આ વિસ્તારમાં વહાણો ડૂબી જવાના કિસ્સા વધુ બનતા. તેથી પૂર્વજો એવું માનતા કે માતાજીને નાળિયેર અને ચુંદડી સાથે વહાણનું પ્રતીક અર્પણ કરવું. દેવીશ્રદ્ધામાં માનનાર વ્યક્તિ શક્તિ અનુસાર જેને જેવું આવડે તેવું નાનું વહાણ બનાવી નાળિયેર અને ચુંદડી સાથે માતાજીના મંદિર સામે દરિયામાં પધરાવતા અને આજે પણ પધરાવે છે. **ત્યારે હું પંદરેક વર્ષનો. વહાણમાં ખલાસી તરીકે કામ કરતો અને માતાજીને નાનકડું વહાણ બનાવવાનું કામ મને સોંપાતું. પછી તો વહાણોના મોડેલ બનાવવાનો મારો શોખ થઈ ગયો...**

શિવજીભાઈ માત્ર દેવીશ્રદ્ધા ધરાવતા દરિયાઇ બંધુઓ માટે આવા નાના વહાણ બનાવતા. પછી તો શ્રધ્ધાએ એમની કલામાં પ્રાણ પૂર્યા! ધીરે ધીરે તેમની કલાની કદર થવા માંડી. **અત્યાર સુધીમાં તેમણે બે હજારથી વધુ વહાણના મોડેલ બનાવ્યા છે.** કચ્છ માંડવીના કાનજી માલમ નામના ખારવાએ વાસ્કો-દ-ગામાને ભારતીય જળમાર્ગ બતાવ્યાની ઈતિહાસ સાક્ષી પૂરે છે. તો ખારવા શિવજીભાઈએ પણ વિશ્વમાં વહાણના મોડેલ મેકર તરીકે નામના મેળવી છે અને માંડવી શહેર જ નહીં પણ ગુજરાતનું નામ રોશન કર્યું છે. દરિયામાં ડૂબેલા ટાઈટેનિક નામના વિદેશી જહાજની તો શોધ થઈ હતી પણ હાજી કાસમની 'વીજળી' વહાણની હજુ ભાળ મળેલ નથી. **હાજી કાસમની 'વીજળી' વહાણે પ્રથમ સફરમાં જળસમાધિ લીધી હતી. આ 'વીજળી'નું મોડેલ પણ તેમણે બનાવ્યું છે.**

શિવજીભાઈએ બનાવેલા વહાણના મોડેલો મુંબઇના પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમમાં, સાપરીઆ ડૉકમાં, ચોગલે કંપનીમાં, મર્કન્ટ મરીન ડિપાર્ટમેન્ટ - મુંબઈમાં, વડોદરા મ્યુઝિયમમાં, અમદાવાદ, પ્રભાસ પાટણ, વેરાવળ, વિશાખાપટ્ટનમ, મદ્રાસ, કચ્છ - ભુજ મ્યુઝિયમમાં અને વિદેશમાં અમેરિકા, લંડન, જાપાન, હોંગકોંગ, પાકિસ્તાન, પેરિસ, બલુચિસ્તાન, મસ્કત, દુબઇ, શ્રીલંકાના મ્યુઝિયમો અને કંપનીઓની શાન વધારી છે. **તો અમેરિકા ખંડની શોધ કોલંબસે જેના દ્વારા કરી હતી તે 'બરછા' વહાણની પ્રતિકૃતિ શિવજીભાઈએ ગ્રેટ શિપિંગ કંપનીને અર્પણ કરી છે.** મહારાષ્ટ્રના બેલાપુરી રહેમાન ઈન્ડસ્ટ્રીઝ શિપિંગ સેન્ટરમાં ૪૦ વહાણના મોડેલો, પ્રિન્સ, સ્પેસીફિક, ગ્રેટ શિપિંગ કંપની તથા અદાણી શિપિંગ કંપનીમાં ૧૫ ફૂટ લાંબા આફ્રિકન વહાણની પ્રતિકૃતિ તેમણે બનાવી છે.

**શિવજીભાઈ ફોફીંડી આજે તો ભારતના એક ગણમાન્ય વહાણના મોડેલ મેકર તરીકે નામના ધરાવતા થયા છે.** વહાણનું એક મોડેલ બનાવવા વીસેક હજારથી એકાદ લાખ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે. એટલે કે જેવું વહાણનું મોડેલ, તેવો ખર્ચ થાય છે. **વિવિધ પ્રદેશના જાતજાતના ૧૫૦ જેટલા વહાણના મોડેલો તેમના શિપ્સ મોડેલિંગ સેન્ટરમાં આપણને જોવા મળે.** માંડવી બંદર ઉપર તેમના મોડેલિંગ સેન્ટરમાં પગ મૂકતા આપણે કોઈ વહાણના મ્યુઝિયમમાં પ્રવેશ્યાનો અહેસાસ થાય. કાચના શોકેસમાં તર, મચ્છુઆ, સ્ટીમર અને વિવિધ પ્રદેશના તેમજ પ્રકારના વહાણના આબેહૂબ નમૂનાઓ જોવા મળે. મુલાકાતીને આફ્રિકા, કરાંચી, વેરાવળ, કચ્છ કે અન્ય કોઈ પ્રદેશના વહાણો તેમના મોડેલ

સેન્ટરમાં જોવા મળે છે. શોકેસની ઉપરના ભાગમાં દરિયાઇ સફર દરમિયાન વહાણથી કિનારા વચ્ચેનું અંતર માપવાના સાધનોને આલેખ્યા છે. જેમાં ઇ.સ. ૯૦૦ની સાલમાં ધ્રુવ તારા અને ક્ષિતિજ તથા મોરેજો સાપના દેખાવ ઉપરથી, ઇ.સ. ૧૬૦૦ પછી રેખાંશ - અક્ષાંશથી માપ કાઢવાની ગાણિતિક પદ્ધતિઓ અને હવે નેવીગેટર દ્વારા વહાણથી કિનારા વચ્ચેના અંતર માપવાના લગાવાતા અંદાજની સરસાઇ સચિત્ર આલેખવામાં આવેલી છે. **મોડેલ સેન્ટરની ચારેબાજુની દીવાલો શિવજીભાઇને મળેલા પ્રમાણપત્રો અને સન્માનપત્રોથી શોભે છે.**

**માંડવીના લહેરાતા દરિયા કિનારે શિવજીભાઇના શિપ્સ મોડેલ સેન્ટરની મુલાકાત ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ અને અનેક દેશવિદેશના મહાનુભાવોએ લીધી છે.** કામરાજ, લાલબહાદુર શાસ્ત્રી, ડૉ. રાજેન્દ્રપ્રસાદ, અટલબિહારી વાજપેયી, ઇંદીરા ગાંધી, નરેન્દ્ર મોદીને તેમણે પોતાની કારીગરીના નમૂના ભેટસ્વરૂપે આપેલા છે. **ઇંદીરા ગાંધીએ તો શિવજીભાઇને ત્રણ દિવસ એમના મહેમાન તરીકે રાખેલા.**

દરિયાઇ જહાજોની આબેહૂબ પ્રતિકૃતિઓ - મોડેલો બનાવી જાણતા શિવજીભાઇના ખલાસી તરીકેના સુઝબુઝ, સાહસ અને પરાક્રમો પણ જાણવા જેવા છે. ૧૯૬૫માં ભારત - પાકિસ્તાન યુધ્ધ વખતે શિવજીભાઈ માંડવી બંદરે ફરજ પર હતા. કચ્છની એકોએક ક્રીકથી પરિચિત આ ખલાસીએ 'કંકાવટી' ટગમાં સૈનિકોને સમુદ્ર માર્ગેથી રેતાળ બોર્ડર પર પહોંચાડ્યા હતા. તેમણે ૧૯૭૩માં ૪૫૦૦ ટનની 'વિશ્વસેવા'નું પાઈલોટિંગ કરેલું. લખપત તાલુકાના પાનન્ધ્રોની લિગ્નાઇટની ખાણ સાથે પરિવહન માટે જળમાર્ગ ઉત્તમ હોવાથી ૧૯૭૮માં એસ.એસ. નેવિગેશન કંપનીને ક્રીક સર્વેનું કામ સોંપ્યું હતું. કંપનીએ નજીકના કોટેશ્વર બંદરે ૫૦ ટનનું વહાણ આવી શકવાનો અભિપ્રાય આપેલો. પરંતુ શિવજીભાઈ ફંફોડીએ કંપની સાથે ચર્ચા બાદ એવું તારણ આપેલું કે ૫૦ ટન નહીં પણ તેના કરતા દસ ગણું ભારે એવું પાંચસો ટનનું જહાજ પણ કોટેશ્વર આવી શકે. આખરે ૫૦૦ ટનનું જહાજ કોટેશ્વર આવ્યું હતું. **શિવજીભાઈ દરિયામાં ડૂબી ગયેલા વહાણો બહાર કાઢવાનો ઉદ્યમ પણ જાણે છે અને વ્યવસાયિકપણે તેઓ દરિયામાં ડૂબેલા જહાજોને કુશળતાપૂર્વક બહાર કાઢવાનું કામ કરે છે.** દરિયા વિષયક વિશાળ અનુભવોને કારણે ગુજરાત મેરીટાઈમ બોર્ડે તેમને કચ્છના માંડવી, મુંદ્રા, કોટેશ્વર, જખૌ વગેરે સ્થળોએ શીપ ઉતારવા પાઇલોટિંગની માન્યતા આપી છે.

બી.કોમ. થયેલ તેમનો પૌત્ર નિશાંત પણ દાદાના પગલે ચાલીને વહાણના મોડેલ બનાવે છે. નિશાંતભાઈએ વહાણના મોડેલ બનાવવાને એક વ્યવસાય તરીકે અપનાવ્યો છે. લાકડાના અને ધાતુના વહાણના મોડેલ તેઓ બનાવે છે અને દેશ વિદેશમાં મોકલાવે છે.

સરકારે માંડવીના બીચને ટુરિઝમ બીચ તરીકે જાહેર કરેલ છે. **શિવજીભાઈની મહેચ્છા છે કે આ બીચના કિનારે એક એકરની જગ્યામાં સિમેન્ટ કોન્ક્રીટનું અત્યાધુનિક શિપ બનાવવામાં આવે.** એ શિપમાં સ્વિમિંગ પૂલ, મિનિ સિનેમાગૃહ, ફાસ્ટફુડ ઝોન, રમતગમતના સાધનો ધરાવતા જીમ રૂમ, કચ્છ હેન્ડિક્રાફ્ટનો શો રૂમ તેમજ દરિયાઇ જીવસૃષ્ટિનું મ્યુઝિયમ, વિશાળ પડદા પર દરેક દેશના બંદરોનો વિકાસ નિહાળી શકાય તેવા કોન્ફરન્સ હોલ જેવી અનેક સુવિધાથી સજ્જ મોડેલ શિપ બનાવવું છે અને આ વિશાળ જહાજમાં બેઠેલા લોકોને કોઈ આધુનિક સુવિધાવાળા ક્રુઝમાં સવારી કરતા હોય તેવો અહેસાસ થાય! આ ભગીરથ કાર્ય કરવાની તેમની તૈયારી છે. ગુજરાત રાજ્ય સરકાર અથવા કોઈ ખાનગી પાર્ટી કે સંસ્થા આ કાર્ય કરવા માટે શિવજીભાઈને બોલાવશે તો તેઓ એક પૈસો લીધા વગર સંપૂર્ણ કામ કરી આપશે... **શિવજીભાઈની જાયન્ટ જહાજ બનાવવાનું સ્વપ્ન સાકાર થાય તેવી આશા...**

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર સોસાયટી,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

*બાળપણમાં મા સૌથી સારી લાગે છે. જુવાનીમાં પત્ની સૌથી સારી લાગે છે. ઘડપણમાં પૌત્ર સૌથી સારો લાગે છે અને મૃત્યુના સમયે? મૃત્યુના સમયે ભગવાન સૌથી સારા લાગે છે. પરંતુ માત્ર મૃત્યુના સમયે ભગવાન સારા લાગે છે એ કોઈ સારી વાત નથી. ભગવાન તો દરેક સ્થિતિમાં સારા છે, સાચા છે. તેઓ આપણા પિતા છે અને આપણે તેમના બાળકો છીએ.*

# ટમ ટમ તારલિયા

## અપ્રામાણિક બેન્ક અધિકારીઓ

અપ્રામાણિક બેન્ક અધિકારીઓના અત્રે જૂજ દાખલા આપવામાં આવેલ છે.

★ એક્સિસ બેંકની દિલ્હીની ચાંદની ચોક શાખામાં ૪૪ નકલી ખાતામાં ૧૦૦ કરોડ રૂપિયા જમા કરાવવામાં આવ્યા છે.

★ જયપુરમાં ધ ઈન્ટીગ્રલ અર્બન કો.ઓ. બેંકમાં ઈન્કમટેક્ષ ખાતાએ ૧૫૬.૫૯ કરોડ રૂપિયા પકડ્યા છે. આ ઉપરાંત ૧.૩૮ કરોડ રૂપિયાની ૨૦૦૦ની નવી નોટોના બંડલો હાથ કર્યા છે. બેન્કના એક ખાલી લોકરમાં બે કિલો સોનું મળ્યું છે.

★ ૨૦૦૦ની નવી નોટોના બંડલો ચેન્નાઈ અને બેંગ્લુરુ સહિત અનેક શહેરોમાંથી હાથ કરવામાં આવ્યા છે.

★ સમગ્ર ભારત દેશમાં એવું એક પણ રાજ્ય અથવા તો અતિશયોક્તિ વગર કહી શકીએ કે એવો એક પણ જિલ્લો નહીં હોય કે જ્યાં બેન્ક અધિકારીએ અપ્રામાણિકતા દાખવી, કાળાં નાણાંને ધોળા કરવામાં મદદ કરેલ નહીં હોય.

## નોટબંધીના અનુસંધાને

નોટબંધીના અનુસંધાને ૨૦ ડિસેમ્બર, ૨૦૧૬ સુધીમાં જનધન ખાતામાં જમા થયેલા અંદાજિત ૫૪,૦૦૦ કરોડ રૂપિયામાંથી ૪૭,૦૦૦ કરોડ રૂપિયા એટલે કે લગભગ ૮૭ ટકા રૂપિયા તો માત્ર જયપુરમાં જ જમા થયેલ છે.

## ચૂંટણી પ્રક્રિયાથી ભ્રષ્ટાચાર

દિલ્હીના સેન્ટર ફોર મિડિયા સ્ટડીઝે આપેલા આંકડા અનુસાર ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ૩૫,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા હતા. જેમાંથી ૨૭,૦૦૦ કરોડ રૂપિયા બિનહિસાબી હતા. તેનો મતલબ એ થયો કે નોટબંધી હોય કે કેશલેસ ઈકોનોમિ હોય કે પ્લાસ્ટિકની ચલણી નોટ બહાર પાડવાની યોજના હોય, જ્યાં સુધી ચૂંટણી પ્રક્રિયાને ભ્રષ્ટાચારમુક્ત નહીં બનાવવામાં આવે ત્યાં સુધી બ્લેક એન્ડ વ્હાઈટના ચક્કર ચાલતા જ રહેશે.

## ગુજરાતમાં દારૂબંધી

અમદાવાદના ધારાસભ્ય શૈલેષ પરમારે વર્ષ ૨૦૧૬માં ગુજરાત વિધાનસભામાં પ્રશ્ન પૂછેલો. એમાં મળેલી માહિતી વિશે વાંચો.

વર્ષ ૨૦૦૯થી જૂન ૨૦૧૫ સુધીના સાડા છ વર્ષમાં ૨,૯૭,૭૮,૦૦૦ બોટલ વિદેશી દારૂ અને ૩,૫૯,૮૭,૦૦૦ લિટર દેશી દારૂ પકડાયો હતો. જેની કિંમત રૂા. ૩૪૫,૭૪,૩૪,૦૦૦ (૩૪૫ કરોડ ૭૪ લાખ ૩૪ હજાર) થાય છે. જ્યારે નાશ કરેલ દેશી અને વિદેશી દારૂની કિંમત રૂા. ૨૨૭,૨૨,૧૩,૦૦૦ (૨૨૭ કરોડ ૨૨ લાખ ૧૩ હજાર) જેટલી હતી. જોકે પકડાયેલા દારૂમાંથી રૂા. ૧૧૮,૫૨,૨૧,૦૦૦ (૧૧૮ કરોડ ૫૨ લાખ ૨૧ હજાર)નો દારૂ ગાયબ થઈ ગયો હતો.

## ગુજરાતમાં પરમિટ રાજ

દારૂના પરવાના - લિકર પરમિટ ધારકોની સંખ્યા વધી રહી છે. નશાબંધી અને આબકારી વિભાગમાંથી મળેલી માહિતી મુજબ ગુજરાતમાં મે-૨૦૧૫ અને મે-૨૦૧૬માં લિકર પરમિટ ધારકોની સંખ્યા અનુક્રમે ૫૧,૫૨૪ અને ૫૮,૨૪૮ હતી. તેમાં અમદાવાદના અનુક્રમે ૧૨,૯૫૪ અને ૧૩,૫૧૩ પરમિટ ધારકો હતા.

જાણવા મળ્યા મુજબ ૨૦૧૫માં વાઈબ્રન્ટ ગુજરાત સમીટ અને પ્રવાસી ભારતીય દિનની ઉજવણી વખતે અમદાવાદની હોટેલ્સમાંથી અંદાજે ૧૪ હજાર બોટલ દારૂનું પરમિટ ધારકોને વેચાણ થયું હતું. ખુદ ગુજરાત સરકારે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (સેઝ)માં દારૂબંધી હળવી કરવાની જાહેરાત કરી હતી.

## ભારતમાં વસતિ વધારો

ઈકોલોજી ગ્લોબલ નેટવર્ક નામની સંસ્થાએ એક રસપ્રદ સર્વેની વિગતો પ્રગટ કરેલી. આ સર્વે મુજબ ભારતમાં દર મિનિટે ૩૪થી વધુ બાળકો જન્મે છે અને દર મિનિટે ૧૦થી વધુ વ્યક્તિ મરણ પામે છે. તેનો મતલબ એ થયો કે દર વર્ષે ૪,૭૮,૭૦,૪૦૦ બાળકો જન્મે છે અને દર વર્ષે

૫૨,૫૬,૦૦૦ વ્યક્તિ મૃત્યુ પામે છે. તેથી દર વર્ષે ૧,૨૬,૧૪,૪૦૦નો વસતિ વધારો થાય છે.

## વિશ્વના પ્રદૂષિત શહેરો

વિશ્વ આરોગ્ય સંસ્થા (W.H.O. – ડબલ્યુ.એચ.ઓ.) દ્વારા દુનિયાના સર્વાધિક પ્રદૂષિત ૨૦ શહેરોની યાદી જાહેર કરવામાં આવી છે કે જેમાંના ૧૩ શહેરો ભારતમાં આવેલા છે. આ ક્રમમાં દિલ્હી પ્રથમ ક્રમે છે. કેન્દ્ર અને દિલ્હી રાજ્ય સરકારના અનેક પ્રયત્નો છતાં ત્યાં પ્રદૂષણ કાબૂમાં આવ્યું નથી. અત્યારે શિયાળો છે એટલે ઍરપોર્ટ પર ધુમ્મસ છે એવું નથી. દિલ્હી ઍરપોર્ટ પર હવે કાયમી ધુમ્મસ છવાયેલું રહે છે અને રહેવાનું પણ છે.

## ભારતમાં સૌથી વધુ નોકરી આપતી કંપની - સંસ્થાઓ

ભારતમાં સૌથી વધુ લોકોને નોકરીઓ આપનાર કંપની - સંસ્થા તરીકે ઈન્ડિયન રેલવે પ્રથમ સ્થાને આવે છે. જેમાં ૧૪ લાખ લોકો કામ કરે છે. બીજા નંબરે આવે છે ભારતીય ફોજ કે જેની ત્રણ પાંખમાં બધા મળીને ૧૩ લાખ ફોજીઓ નોકરી કરે છે. (આખા વિશ્વની વાત કરીએ તો સૌથી વધુ લોકોને નોકરીઓ આપનાર પ્રથમ ચાર એમ્પ્લોયર્સમાંથી પ્રથમ બે તો સેનાઓ છે. (૧) અમેરિકી સેના : ૩૨ લાખ, (૨) ચીનની સેના : ૨૩ લાખ. (ત્રીજા ક્રમે વોલમાર્ટ અને ચોથા ક્રમે મેકડોનાલ્ડ્ઝ આવે છે.) રેલવે અને સેના પછી નોકરીઓ આપવામાં ત્રીજા નંબરે ટપાલ ખાતું આવે છે કે જેના કર્મચારીઓની સંખ્યા ૪.૬૬ લાખ છે. ચોથા નંબરે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) – ૩ લાખ કર્મચારીઓ. પાંચમા નંબરે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા – ૨.૨૨ લાખ કર્મચારીઓ. છઠ્ઠા ક્રમે ઈન્ફોસીસ – ૧.૬ લાખ કર્મચારીઓ. સાતમા ક્રમે આઈ.બી.એમ. ઈન્ડિયા – ૧.૫ લાખ કર્મચારીઓ અને આઠમા ક્રમે આવે છે વિપ્રો (વેસ્ટર્ન ઈન્ડિયા વેજિટેબલ પ્રોડક્ટ્સ લિમિટેડ) – ૧.૩૪ લાખ કર્મચારીઓ કે જે અઝીમ પ્રેમજીની કંપની છે. આ બધા આંકડા વર્ષ ૨૦૧૫માં જાહેર થયેલ સર્વેના આધારે લેવામાં આવેલ છે.

## અનઓર્ગેનાઇઝ્ડ / ઓર્ગેનાઇઝ્ડ સેક્ટર

ભારતના કામ કરનાર લોકોમાંના ૯૪ ટકા લોકો અનઓર્ગેનાઇઝ્ડ સેક્ટરમાં કામ કરે છે અને ફક્ત ૬ જ ટકા લોકો ઓર્ગેનાઇઝ્ડ સેક્ટર એટલે કે વ્યવસ્થિત કહી શકાય તેવી જગ્યાએ નોકરીઓ કરે છે. પરંતુ આ ઓર્ગેનાઇઝ્ડ સેક્ટરમાં પણ કર્મચારીઓના બે પ્રકાર હોય છે : સ્થાયી કર્મચારીઓ (જેમને પી.એફ., રજાઓ, ઈન્ક્રીમેન્ટ વગેરેનો લાભ મળે છે) અને કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓ (જેમને આવા લાભો ન મળે.)

## નવચેતન અંધજન મંડળ - માધાપર

માધાપર નજીક સ્થપાયેલા નવચેતન અંધજન મંડળના વિકલાંગ વિદ્યાવિહારમાં ૧૫૦ દિવ્યાંગો નિવાસ કરે છે. પ્રાથમિક વિભાગમાં ૨૨૫ની સંખ્યામાં દિવ્યાંગો અને સામાન્ય બાળકો તથા માધ્યમિકમાં ૧૨૦ બાળકો - બાલિકાઓ અભ્યાસ કરે છે.

કન્યાકુંજમાં ૧૭૦ જેટલી કન્યાઓ પ્રાથમિકમાં અને ૧૦૮ જેટલી કન્યાઓ હોસ્ટેલમાં રહે છે.

ભચાઉના વૃદ્ધાશ્રમમાં ૧૧૦ લોકો નિવાસ કરી શેષ જીવન પસાર કરે છે.

## રિઝર્વ બેન્ક જ કહે છે, વિકાસ દર ઘટશે

નોટબંધી પછી ઘણી વૈશ્વિક સંસ્થાઓએ ભારતના આર્થિક વિકાસ દર અંગેના આંકડા નવેસરથી બહાર પાડ્યા છે. જેમકે...

- ★ એશિયન ડેવલપમેન્ટ બેન્કે ૩૧મી માર્ચે પૂરાં થનારા વર્ષનો વિકાસ દર ૭.૪ ટકાથી ઘટાડીને ૭ ટકા નિરધાર્યો છે.
- ★ જે.પી. મોર્ગને વિકાસ દરમાં અડધો ટકો ઘટાડો કરીને હવે નવો આંક ૬.૭ ટકાનો આપ્યો છે.
- ★ રેટિંગ એજન્સી ફિન્ચે ભારતના જીડીપીનો વિકાસ દર ૭.૪ ટકા નિરધાર્યો હતો. એ હવે ઘટાડીને ૬.૯ ટકા કરી દીધો છે.
- ★ એમ્બિટ કેપીટલે વિકાસદરનો નવો આંક ૭.૩ ટકાથી ઘટાડીને ૬.૮ ટકા કર્યો છે.
- ★ એચ.ડી.એફ.સી. બેન્કના રિપોર્ટ પ્રમાણે વિકાસદર ૭.૮ ટકાને બદલે ૭.૩ ટકા જ રહેશે.
- ★ રિઝર્વ બેન્કે પોતે ડિસેમ્બરની શરૂઆતમાં જ વિકાસદર ૭.૬ ટકાથી ઘટાડીને ૭.૧ ટકા કર્યો છે.
- ★ સીઆઈઆઈએ કોઈ આંકડો પાડ્યા વગર જ કહ્યું છે કે નોટબંધીથી અર્થતંત્ર ધીમું પડ્યું છે અને ભવિષ્યમાં પણ પડશે તેમાં કોઈ શંકા નથી.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૬ ઉપર)**

# વર્તમાનપત્રોના આધારે

## કચ્છને ડી-સેલિનેશન પ્લાન્ટનું શું થયું?

જામનગર પાસે જોડિયામાં સમુદ્રમાં ખારામાંથી મીઠા પાણી કરતા દૈનિક ૧૦૦ એમએલડીની ક્ષમતાના સી વોટર ડી-સેલિનેશન પ્લાન્ટની પ્રાઇસ ડિસ્કવરી માટે સૈદ્ધાંતિક મંજૂરીની ગુજરાતના મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે. પરંતુ ખરેખરી પાણીની તરસ છે અને ભૂકંપ પછી ઝડપી ઔદ્યોગિકીકરણ થયું છે તેવા કચ્છમાં આવા ડી-સેલિનેશન પ્લાન્ટ માટેની સુસ્તતા દૂર કરવા માંગ ઊઠી છે.

રાજકોટમાં એક પુસ્તક વિમોચનના યોજાયેલા કાર્યક્રમમાં જોડિયામાં જળ સલામતી માટે આ પ્લાન્ટ નખાતો હોવાનું કહીને જામનગર ઉપરાંત દ્વારકા, રાજકોટ, બોરબંદર અને છેલ્લે કચ્છને પાણી પહોંચાડવાની અને એ માટે ૫૫ કિ.મી. દૂર હીરાપર પંપ સુધી લાઈન પહોંચાડવાની યોજના દર્શાવવામાં આવી છે. પરંતુ ઔદ્યોગિક વર્તુળો સવાલ ઉઠાવે છે કે કચ્છમાં તો તે ક્યારે પહોંચશે અને કેટલું પહોંચશે?

તેને બદલે સરકારી ખાતું કચ્છના પ્લાન્ટ માટે ટેન્ડરિંગ સહિતની પ્રક્રિયા ઝડપી બનાવે.

જિલ્લાના અગ્રણી ઉદ્યોગકારોએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું કે, જોડિયાના આ સૂચિત પ્લાન્ટથી વધુ ક્ષમતાવાળા અને રાજ્યના બીજા ક્રમના સૌથી મોટા ૧૫૦ એમએલડીના ડી-સેલિનેશન પ્લાન્ટ માટેની નોડલ એજન્સી અને ખાનગી કંપનીને લગભગ સાત વર્ષ પહેલાં કાર્ય સોંપણી થઈ ચૂકી છે. ઉપરાંત છ મહિના પહેલા તેનું સ્થળ કચ્છના ભદ્રેશ્વરમાં નક્કી થઈ ચૂક્યું છે પણ સરકાર તંત્ર તરફથી પ્રક્રિયામાં વિલંબ શા માટે થઈ રહ્યો છે?

આ વિશ્વસનીય વર્તુળનું કહેવું છે કે, કચ્છના ઉદ્યોગોને દૈનિક ૩૦૦ એમએલડી પાણીની જરૂરિયાત છે, પણ નર્મદા લાઈનમાંથી સત્તાવાર ફાળવાયેલું દોઢસો એમએલડી મળતું નથી. અનિયમિત રીતે ૫૦ એમએલડી મળે છે. ભૂગર્ભ જળ ઉલેચાય છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૦માં આ પ્લાન્ટ માટે જીઆઈડીસી નોડલ એજન્સી નક્કી થઈ હતી. એ તબક્કે ૧,૦૦૦ લિટરે રૂા. ૪૫નો લઘુત્તમ ભાવ આપતી વેલસ્પન કંપની સાથે ભાગીદારી કરવામાં આવી હતી. ૧૨ કંપનીઓ દ્વારા કચ્છ વોટર ડિસ્ટ્રીબ્યુશન કંપનીની પણ સ્થાપના થઈ હતી, પરંતુ સરકાર તરફથી કચ્છ માટે મંદ ગતિએ કામ થતું હોવાની લાગણી છે.

*કચ્છમિત્ર, તા. ૨૭-૧૧-૨૦૧૬*

## વાંકીમાં સામૂહિક વાવેતરમાં બાર હજાર મણ ઘાસચારો અને ૧૨૦૦ મણ અનાજની ઉપજ

છ માસ અગાઉ ઐતિહાસિક કહી શકાય તેવી સામૂહિક ઘાસચારાની પહેલને કુદરતનો સમયાંતરે વરસાદરૂપી પ્રતિસાદ સાંપડતા આશ્ચર્યજનક પરિણામ પ્રાપ્ત થયું છે. નવતર એવા આ પ્રયોગમાં વાંકીના ૨૫૦ એકરમાં જુવારનું વાવેતર કરવામાં આવ્યું હતું. તાજેતરમાં લહેરાતો જુવારનો પાક તૈયાર થઈ જતાં લણવાની કામગીરી પૂરજોશમાં ચાલુ છે. એક અંદાજ મુજબ વાંકી જૈન મિત્ર મંડળ તથા ગ્રામજનોના સંયુક્ત આયોજનથી ૧૨ હજાર મણ ઘાસચારો તેમજ ૧૨૦૦ મણ અનાજની ઉપજ થયાનું અનુમાન છે.

સામૂહિક ખેતીમાં જોડાવવાના લોકોના શરૂઆતના સહયોગથી લઈને લહેરાતો પાક તૈયાર થયા પછી લણવા સમયે સ્થળનું મનોહર દૃશ્ય મનને પુલકિત કરનારું હતું. ઘાસચારાના માનવીય પ્રયાસોને કુદરતના આશીર્વાદથી ચોક્કસ સમયાંતરે વરસેલા વરસાદથી વાંકીના પાંજરાપોળના ૧૮૦૦ પશુને બે વર્ષ ચાલે તેટલી જુવાર ઉપલબ્ધ થતાં ઘાસચારાની સમસ્યામાંથી છુટકારો થયો છે.

બીજી તરફ અંદાજિત ૬૦૦ એકર ખેતરની જમીન ભેલાણ માટે મળતાં ગામના મૂંગા જાનવરોને ચારેક માસ સુધી ચરિયાણની ચિંતા રહેશે નહીં. જૈન મિત્ર મંડળના પ્રમુખ બાબુભાઈ ભવાનજીએ કહ્યું કે, શરૂઆતના વાવેતરથી પાકની લણવા સુધીના છ માસ દરમિયાન પ્રતિદિન એકસો ખેતમજૂરને રોજગારી પ્રાપ્ત થઈ છે. પશુપંખીની જરૂરિયાત સંતોષાતાં આ પ્રકારના આયોજન પ્રત્યેક ગામમાં કરાય તો પાંજરાપોળને કનડતી ઘાસચારાની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવી શકાય. સહાયનો હાથ ફેલાવવો ન પડે. તેટલું જ નહીં કચ્છમાંથી જુવારની નિકાસ સંભવ બની શકે.

કચ્છમાં અછત અને અર્ધઅછતની સ્થિતિ રહેતી હોય છે તેવા સંજોગોમાં ગુવાર, મગનું વાવેતર શક્ય બનતું નથી ત્યારે જુવાર શ્રેષ્ઠ વિકલ્પ બની રહે છે. ટ્રસ્ટી લવજીભાઈ ગાલાએ કહ્યું કે, ઘાસચારાની સમસ્યાને નાથવા વાંકીમાં રૂા. વીસ લાખના ખર્ચે સામૂહિક ખેતીની પહેલ કરી હતી. જેના ઉજ્જવળ પરિણામ સાંપડતા ૫૨/૪૨ ગામના મહાજનોને આ પ્રકારના આયોજન માટે પ્રેરવામાં આવશે. વાંકી - કારાઘોઘા માર્ગ લોડાતર અને ભરૂડિયા પીર વિસ્તારના વાવેતરની રખેવાળી માટે છ ઘોડેસવાર અને સાત બંદૂકધારી તહેનાત કરવામાં આવ્યા હતા. વાંકીએ કરેલી અનોખી મિશાલરૂપ કામગીરી માટે અનેક સ્થળેથી મુલાકાતીઓ ઊમટ્યા હતા. સફળ આયોજન માટે જૈન મિત્ર મંડળ અને ગામના સામાજિક આગેવાનોના પ્રયાસોને બિરદાવ્યા હતા. વાંકી મધ્યેના ઘાસચારાના સેવાયજ્ઞમાં શિવુભા જાડેજા, પરવેઝ ખોજા, કિરણ ધરોડ, રાઘુ આહીર, માંડણ વાલેરા, જામભા જાડેજા સહિતના ગ્રામ્યજનોએ સહયોગ પૂરો પાડ્યો હતો.

*કચ્છમિત્ર, તા. ૪-૧૨-૨૦૧૬*

## ફીડર કેનાલ બાંધીને ટપ્પર ડેમ નર્મદાના જળથી ભરવાની યોજના સૈદ્ધાંતિક મંજૂર

આદિપુર, ગાંધીધામ, કંડલા સંકુલને પીવાના પાણી પૂરું પાડતા

જીવાદોરી સમા ટપ્પર ડેમને નર્મદાના જળથી ભરવા અંગે થયેલી વારંવારની વિસ્તૃત રજૂઆતને પગલે રાજ્ય સરકારે રૂા. ૨.૦૩ કરોડના અંદાજિત ખર્ચે નર્મદા બ્રાન્ચ કેનાલમાંથી ટપ્પરને જોડતી ફીડર કેનાલ બાંધવાના કામને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

અત્યંત વિશ્વાસપાત્ર સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે, ભૂકંપ બાદ કચ્છમાં સ્થપાયેલા અનેક ઔદ્યોગિક એકમો પૈકી ઘણાખરા ગાંધીધામ સંકુલ આસપાસ સ્થાયી થયા છે. તેમને પીવાના પાણીની જરૂરિયાત ઘણી રહે છે. આ ઉપરાંત ગાંધીધામ સંકુલ પણ મહદ્ અંશે ટપ્પર ડેમના વરસાદી પાણી ઉપર નિર્ભર રહ્યું છે. આ સંજોગોમાં પાઈપલાઈન મારફતે મળતો નર્મદાના પાણીનો જથ્થો અપૂરતો છે. ઔદ્યોગિક સંગઠન ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકીઆ) દ્વારા આ બાબતને ધ્યાનમાં લઈને સરકાર સમક્ષ સતત ટપ્પર ડેમ નર્મદાના જળથી ભરવા રજૂઆત થતી હતી. શરૂમાં રાપર - ભચાઉ પંથકના ડેમ, તળાવો ભરવા યોજના તૈયાર થઈ હતી. ટપ્પર માટેની કોઈ યોજના હતી નહીં. ફોકિઆની રજૂઆતને પગલે ગયા મહિને રાજ્ય સરકારે નર્મદા બ્રાંચ કેનાલના ૨૧૪.૪૫ કિ.મી.ના સ્થળેથી ટપ્પર સુધી એક ફીડર કેનાલ બનાવવાના કામને સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. તંત્ર દ્વારા હવે તેના વિગતવાર નકશા - અંદાજો તૈયાર કરાશે. ત્યારબાદ તેને તાંત્રિક મંજૂરી મળશે તેવું જાણવા મળ્યું છે. ટપ્પર ડેમ નર્મદાના જળથી ભરાશે. તે પછી ગાંધીધામ સંકુલને પણ પેયજળની સ્થિતિમાં ખૂબ જ રાહત મળશે. અલબત્ત, ડેમમાં પાણી ખારા થઈ જતાં હોવાથી એ પ્રકારની ફરિયાદનું શું થશે તે કંઈ જાણવા મળ્યું નથી.

*કચ્છમિત્ર, તા. ૧૧-૧૨-૨૦૧૬*

## મુંદ્રામાં ૧૧ રાજ્ય ઉપરાંત બાંગ્લાદેશ અને નેપાળના છાત્રોને ભણાવતું વલ્લભ વિદ્યાલય

મુંદ્રાના ઝીરો પોઈન્ટ ખાતે વલ્લભ વિદ્યાલયની આરતી ફાઉન્ડેશન અને યુસુફ મહેરઅલી સેન્ટરના સંયુક્ત ઉપક્રમે શરૂઆત થઈ છે. જેમાં ૧૧ રાજ્ય ઉપરાંત પડોશી દેશ નેપાળ અને બાંગ્લાદેશનાં મળી ૪૧૩ બાળકો પ્રાથમિક હિંદી શિક્ષણ મેળવી રહ્યાં છે. તેની જિ.પ્રા. શિક્ષણાધિકારી બી.આર. જરગેલાએ મુલાકાત લઈ આ અભિનવ પ્રયોગને બિરદાવ્યો હતો.

સંસ્થાના વહીવટકર્તા દંપતી – બિહારના ધર્મેન્દ્ર કરણ અને મહારાષ્ટ્રનાં સંગીતા કરણ – ની પીઠ થાબડી હતી. પ્રાથમિક તબક્કે વહીવટી મંજૂરીઓ મેળવવામાં અગત્યની ભૂમિકા ભજવનાર તુલસી વિદ્યામંદિર - નાના ભાડિયાના મહેશ મોતાએ પૂરક માહિતી આપી હતી.

ઉલ્લેખનીય છે કે આરતી પરિવાર છેવાડાના ગ્રામીણ વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે એ માટે અનન્ય પ્રયોગ કરી રહ્યું છે. નાના ભાડિયામાં કાર્યરત તુલસી વિદ્યામંદિર - માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ પૈકી એક છે. અહીં નાપાસ થયેલા, અન્ય શાળાએ નકારેલા વિદ્યાર્થીઓને પ્રવેશમાં પ્રાથમિકતા અપાય છે. અને છતાં એસ.એસ.સી. અને એચ.એસ.સી.નું પરિણામ ૯૦/૯૫ ટકા આવે છે.

મુંદ્રા આસપાસ ધમધમતા ઉદ્યોગોના ઉચ્ચ અધિકારીઓ અને કાયમી કર્મચારીઓનાં બાળકોના શિક્ષણની વ્યવસ્થા તો થઈ જાય છે પણ કાળી મજૂરી કરી પેટિયું રળવા આવતા ભારતના વિવિધ પ્રાંતના રોજિંદા મજૂર પરિવારોનાં બાળકો માટે શિક્ષણ એક અસંભવ બાબત હતી. ઝુંપડાની વસાહતોમાં રહેતાં આ બાળકો સવાર પડ્યે પ્લાસ્ટિક કે કાગળ વીણીને બાળપણ વિતાવતાં. ધરતીકંપ બાદ અગરિયાઓ અને માછીમારોનાં બાળકો માટે સાગર શાળાઓ ચલાવતા યુસુફ મહેરઅલી સેન્ટરના ધર્મેન્દ્ર કરણે આરતી ફાઉન્ડેશનના સંચાલક અને કચ્છ નવનિર્માણ અભિયાનના પ્રમુખ લાલ રાંભિયાનું આ અંગે ધ્યાન દોર્યું. એમણે વિવિધ વસાહતોમાં જઈને જાત તપાસ કરી. કચ્છના આંગણે આવી વસેલા ભારતના ભાવિ નાગરિકોના ઘડતર માટે કંઈક કરી છૂટવાના ધ્યેય સાથે વાય.એમ.સી. સાથે મળીને આરતી ફાઉન્ડેશને બે વર્ષ પ્રાયોગિક શાળા ચલાવી.

વાલીઓની ઈચ્છાશક્તિ અને કુમળાં બાળકોની ભણવાની ઉત્કંઠાની વાત આરતીના મોભી ચંદ્રકાંત ગોગરી સુધી પહોંચી. સ્થાનિક વહીવટકર્તા મંગલ ગઢવી પણ આ અભિયાનમાં જોડાયા અને પરિણામ સ્વરૂપે આજે વલ્લભ વિદ્યાલયમાં ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, આસામ, ઝારખંડ, રાજસ્થાન ઈત્યાદિ ૧૧ રાજ્ય અને બે દેશનાં છોકરા - છોકરીઓ હળીમળીને વિનામૂલ્યે શિક્ષણ અને પૌષ્ટિક આહાર મેળવી રહ્યાં છે.

શ્રી જરગેલાએ તમામ બાળકો માટે હિંદી પાઠ્યપુસ્તકો વિનામૂલ્યે ફાળવવાની ગોઠવણ કરી આપી.

વધારામાં વલ્લભ વિદ્યાલય હિંદી શાળાના વહીવટ અને વિકાસ સંદર્ભે જરૂરી માર્ગદર્શન સાથે ભવિષ્યમાં પણ સહાયભૂત થવાની ખાતરી આપી હતી. એમણે સ્વહસ્તે બાળકોને નાસ્તો પીરસ્યો અને પ્રોત્સાહિત કર્યા હતા.

*કચ્છમિત્ર, તા. ૧૨-૧૨-૨૦૧૬*

## જયલલિતાના વિયોગમાં મરનારાની સંખ્યા વધીને ૪૭૦એ પહોંચી

તામિલનાડુના મુખ્યપ્રધાન અને AIADMKના વડા જયલલિતાના અવસાનના વિયોગમાં ગુજરી જનારાઓની સંખ્યામાં વધારો થયો હતો. અગાઉ ૧૯૦ જણાની યાદી પક્ષે બહાર પાડી હતી જેમાં સુધારો કરીને કુલ ગુજરી જનારાઓની સંખ્યા ૪૭૦ કરી હતી. જો કે પક્ષ તરફથી અપાનાર વળતરની રકમમાં કોઈ જ વધારો કરવામાં આવ્યો ન હતો અને તેને રૂપિયા ત્રણ લાખ જ રાખ્યો હતો. ગુજરી જનારાઓ પ્રત્યે સંવેદના પ્રગટ કરતાં પક્ષે પાર્ટી ફંડના કલ્યાણ ભંડોળમાંથી આ રકમ આપવાનું નક્કી કર્યું હતું.

એક વ્યક્તિએ જયલલિતાના અવસાનના સમાચાર સાંભળતા જ પોતાના હાથની આંગળીઓ કાપી નાખી હતી. તેમના માટે પક્ષે રૂા. ૫૦,૦૦૦/- આપવાની જાહેરાત કરી હતી. ઉપરાંત પક્ષે ચાર જણાની સારવાર માટે પણ રૂા. ૫૦,૦૦૦/- આપવાની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે ૨૨ સપ્ટેમ્બરથી જયલલિતાને એપોલો હોસ્પિટલમાં

દાખલ કરાયા હતા અને પાંચમી ડિસેમ્બરે તેમનું અવસાન થયું હતું.

*ગુજરાત સમાચાર, તા. ૧૨-૧૨-૨૦૧૬*

## ધ્વજ હરિયાને વર્લ્ડ બિલિયર્ડસમાં બીજો બ્રોન્ઝ

અમદાવાદના ધ્વજ હરિયાએ વર્લ્ડ બિલિયર્ડસ ચેમ્પિયનશીપમાં બંને ફોરમેટમાં બ્રોન્ઝ મેડલ જીતીને અનોખી સિદ્ધિ મેળવી છે. ગીત સેઠી, દેવેન્દ્ર જોશી, પંકજ અડવાણી આ રીતે બંને મેડલ જીતી ચૂક્યા છે. ધ્વજે એશિયન અંડર-૨૧, સ્નૂકર ચેમ્પિયનશીપમાં પણ બ્રોન્ઝ જીત્યો હતો. ધ્વજે નિર્ણાયક મેચમાં મ્યાનમારના ચીટ કોને ૧૫૩ અને ૧૫૩ના અણનમ બ્રેકથી હરાવ્યો હતો. ધ્વજ હરિયાના કોચ ભૂતપૂર્વ કોચ અશોક શાંડિલ્ય તેમજ વર્તમાન એશિયન ચેમ્પિયન ધ્રુવ સીતપાલ છે.

*ગુજરાત સમાચાર, તા. ૧૩-૧૨-૨૦૧૬*

## પીપીપી ધોરણે નવી મેડિકલ કોલેજ

ગુજરાત સરકારે રાજ્યની નવી આરોગ્યનીતિની તાજેતરમાં જાહેરાત કરી છે. જે અંતર્ગત રાજ્યમાં જાહેર અને ખાનગી ભાગીદારી (પીપીપી) ધોરણે નવી મેડિકલ કોલેજો શરૂ કરાશે અને કોલેજ શરૂ કરવા માટે વિવિધ રીતે સંસ્થાઓને સરકારની મદદ મળી શકશે. બેઠક દીઠ ૧૫ લાખ રૂપિયા સુધી સહાય અપાશે. રાજ્યમાં હાલમાં રહેલી મેડિકલની ૩૪૦૦ બેઠકો વધારીને ૫૦૦૦ સુધી કરાશે.

રાજ્યના આરોગ્ય પ્રધાન શંકર ચૌધરીએ તાજેતરમાં ગાંધીનગરના પત્રકારોને નવી હેલ્થ પોલિસી અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે રાજ્ય સરકારે પીપીપી મોડલને આધારે મદદ કરી રાજ્યમાં વધારે મેડિકલ કોલેજ ચાલુ થાય તેવો પ્રયાસ કર્યો છે. જો કોઈ સાર્વજનિક ટ્રસ્ટ કોલેજ શરૂ કરવા માંગે તો જમીનમાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે. સંસ્થાને એક બેઠક દીઠ ૧૫ લાખ રૂપિયા પાંચ વર્ષ માટે આ સહાય આપવામાં આવશે. વીજબીલમાં પણ પાંચ વર્ષ સુધી રાહત અપાશે. આ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોએ મુખ્યમંત્રી અમૃતમ્ યોજના સાથે જોડાવાનું રહેશે.

વધુમાં તેમણે કહ્યું કે, અતિ પછાત તાલુકાઓ, આદિવાસી જિલ્લાઓમાં જેવા કે તાપી, વ્યારા, ભરૂચ, પંચમહાલ, દાહોદ, અમરેલી, બનાસકાંઠા જેવા જિલ્લામાં નવીન મેડિકલ કોલેજ શરૂ કરવા માટે બ્રાઉન્ડ ફિલ્ડ એટલે કે હયાત હોસ્પિટલોને જોડી સ્વનિર્ભર કોલેજ શરૂ કરી શકાશે.

તેમણે કહ્યું કે, કોલેજ માટે પોતાની હોસ્પિટલ બનાવવાની જરૂરિયાત નહીં રહે. ૩૦૦ પથારી સુધીની વ્યવસ્થા સરકાર કરી આપશે. જો ૨૦૦ પથારી હશે તો ઉપરના ૧૦૦ પથારીની સુવિધા સરકાર દ્વારા કરાશે. જો માનવબળ નવું ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી લોન પેટે સ્ટાફ આપશે. જે ખર્ચ થાય છે એ રાજ્ય સરકાર આપશે. દર્દીઓ માટે રાહત દરે સુવિધા અપાશે. જો જમીન ખૂટતી હશે તો સરકાર દ્વારા લીઝ પર અપાશે. બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ માટે મંજૂર થયેલી બેઠકોમાં બેઠક દીઠ રૂા. ૭.૫૦ લાખ આર્થિક સહાય પાંચ વર્ષ સુધી મળશે.

આ ઉપરાંત આરોગ્યપ્રધાને મહત્ત્વના પગલાં તરીકે રાજ્યના ખાનગી પ્રેક્ટિસ કરતા તબીબો માટે પણ જાહેરાત કરતાં જણાવ્યું કે, ખાનગી ડોક્ટરો કે જેઓ અંતરિયાળ વિસ્તારોમાં દવાખાનું ખોલવા કે વિકાસ કરવા ઈચ્છતા હશે તેમને પણ સહાયતા કરવામાં આવશે. આ સહાયતા સાધનસહાયના રૂપમાં આપવામાં આવશે.

*કચ્છમિત્ર, તા. ૧૪-૧૨-૨૦૧૬*

## નેતાગીરી બદલવાની મોસમ / સ્વેચ્છાએ ત્યાગની ભાવના

આજકાલ જગતભરમાં નેતાગીરી બદલવાની મોસમ છે. હમણાં જ દક્ષિણ કોરિયાના પ્રમુખે ઈમ્પીચમેન્ટનો સામનો કરી પદ છોડવાની જાહેરાત કરી. બંધારણીય સુધારા પર લોકમત વિરુધ્ધમાં આવતાં ઈટાલીના વડાપ્રધાને ખેલદિલીથી રાજીનામું આપ્યું અને પ્રેસિડેન્ટના આગ્રહથી કટોકટી ટાળવા કેરટેકર ગવર્નમેન્ટના વડા તરીકે કામ કરવાનું સ્વીકાર્યું. અગાઉ આ વર્ષે જ આવા જ જનમતમાં યુરોપિયન યુનિયનમાંથી બ્રિટને એક્ઝીટ લેતાં યુવાન અને નિષ્ઠાવાન વડાપ્રધાન ડેવિડ કેમરૂને અંગત લોકપ્રિયતા હોવા છતાં સામે ચાલીને પદ છોડી દીધું! અને જબરદસ્ત સફળતાથી લાગલગાટ બે ટર્મથી વડાપ્રધાન રહેલા અને ત્રીજી ટર્મ માટે બિનહરીફ હોટ ફેવરીટ ગણાતા ન્યુઝીલેન્ડના પોપ્યુલર પ્રાઇમ મિનિસ્ટર જોન કી એ પણ હમણાં સ્વેચ્છાએ પદત્યાગ કરી ઉત્તરાધિકારી માટે જગ્યા કરી આપી!

સ્ટીવ જોબ્સ અને બિલ ગેટ્સે જીવતે જીવ જ પોતાની ધમધોકાર કમાતી તોતિંગ કંપનીઓનું સંચાલન પરિવારના સભ્ય ન હોય એવા બહારના પ્રોફેશનલ્સને સોંપી દીધું હતું. આટલા બધા પૈસાનું શું કરીશું? એમ વિચારી વિશ્વના અનેક અબજોપતિઓ દાન માર્ગે એ પૈસો સમાજને પાછો આપે છે. પણ વોરન બફેટના આ ફિલાન્થ્રોપી યજ્ઞમાં એક અઝીમ પ્રેમજી સિવાય એક પણ ભારતીય અબજપતિએ આહૂતિ નથી આપી.

આધ્યાત્મિક ફિલસૂફીની ત્યાગ ભાવના પર ઊભી કરનારા ભારતમાં કોઈ પણ વ્યક્તિ સત્તા - સંપત્તિનો સ્વેચ્છાએ ત્યાગ કરતું નથી.

*ગુજરાત સમાચાર, તા. ૧૪-૧૨-૨૦૧૬*

## નોટબંધી : ગરીબોને મરણતોલ ફટકો

નરેન્દ્ર મોદી સરકાર પર આકરા પ્રહાર કરતા પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમે નોટબંધીને અવિચારી, વાહિયાત અને દેશના ગરીબો પરના મરણતોલ ફટકા સમાન ગણાવી હતી. આ પગલાએ દેશના ૪૫ કરોડ લોકોની કેડ ભાંગી નાખી છે. આનાથી ધનિક માનવીને કોઈ અસર થઈ નથી એવી ટકોર તેમણે પત્રકાર પરિષદમાં કરી હતી.

રોજમદારો કામમાંથી ફેંકાઈ ગયા છે. ગ્રામીણ બજારો અન મંડીઓ છેલ્લા ત્રીસ દિવસથી બંધ છે એમ જણાવી ચિદમ્બરમે સવાલ કર્યો હતો કે વિશ્વના કેટલા અર્થતંત્રો કેશલેસ છે? આખાય વિશ્વમાં નાના વ્યવહારો તો રોકડથી જ થાય છે, કાર્ડથી નહીં. થોડા માસમાં ભારત ૩ ટકાથી વધીને પૂરા સો ટકા કેશલેસ થઈ જવાનું ધારી લેવું વિચિત્ર છે. વળી, ધનિકોને પાંસરા કરવા અને ગરીબોને મદદરૂપ થવા આ પગલું લેવાયાનું ગણાવવું ભ્રમણા છે.

અંતરિયાળ વિસ્તારોમાં વસનારાની યાતનાઓ સંબંધે તેમણે જણાવ્યું હતું કે ગ્રામીણ વિસ્તારોમાંના લોકોને આનાથી થતી તકલીફો

અવર્ણનીય છે. ઈશાનના ૭ રાજ્યોના લોકોની પીડાની કલ્પના કરો. એ પંથકમાં માત્ર પાંચ હજાર એટીએમ છે, તેમાં ૩,૫૦૦ એકલા આસામમાં છે. પરંતુ મોટાભાગના બંધ છે. તેઓ કઈ રીતે રોકડ મેળવવા ભેગા થતા હશે? દેશભરમાંના ૯૫ ટકા એટીએમમાં રોકડ નથી એવો પ્રહાર તેમણે કર્યો હતો.

*કચ્છમિત્ર, તા. ૧૪-૧૨-૨૦૧૬*

## દેશભરમાં ૧૪ લાખ કરોડ રૂપિયાની જૂની નોટો હતી નોટબંધી બાદ ૧૨.૪૪ લાખ કરોડની જૂની નોટો જમા થઈ

નોટબંધી બાદ બેંકોમાં જૂની નોટોને એક્સચેન્જ કરવામાં આવી રહી છે. આરબીઆઈ દ્વારા જારી નિવેદન અનુસાર અત્યાર સુધીમાં દેશની દરેક બેંકોમાં મળીને કુલ રૂા. ૧૨.૪૪ લાખ કરોડ રૂપિયા જૂની નોટોમાં લોકોએ જમા કરાવ્યા છે.

જેમાંથી કેટલાક એક્સચેન્જ થયા છે તો કેટલાક જમા છે. આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર આર. ગાંધીએ જણાવ્યું હતું કે રિઝર્વ બેંકને અત્યાર સુધીમાં ૧૨.૪૪ લાખ રૂપિયાની ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની જૂની નોટો મળી છે. તો ૪.૬૧ લાખ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.

આ આંકડા ૧૦મી ડિસેમ્બર સુધીના છે. આ તારીખ સુધીમાં વળી લોકો નવી નોટો પણ બેંકોમાંથી ઉપાડી, જમા કરાવી રહ્યા છે. જેમકે અત્યાર સુધીમાં ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાના ૧૭૦ કરોડ રૂપિયાની નવી નોટો પણ જમા કરાવવામાં આવી છે. જ્યારે સંખ્યાની વાત કરીએ તો ૨૧.૮ અબજ નોટો જારી કરવામાં આવી છે. જેમાં ૧૦, ૨૦, ૫૦ અને ૧૦૦ રૂપિયાની ૨૦.૧ અબજ નોટો સામેલ છે. આરબીઆઈએ જણાવ્યું હતું કે નોટબંધી બાદ એક મહિનામાં જનતાને એટીએમ તેમજ કાઉન્ટર વડે કુલ ૪.૬૧ લાખ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.

આ સાથે જ આરબીઆઈએ બેંક કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી મહેનતના પણ વખાણ કર્યા હતા. ટૂંક સમયમાં ૫૦૦ રૂપિયાની નવી નોટો ઝડપથી લોકો સુધી પહોંચે તેને લઈને કામગીરી ઝડપી બનાવવામાં આવી રહી હોવાનો આરબીઆઈએ દાવો કર્યો હતો.

*ગુજરાત સમાચાર, તા. ૧૪-૧૨-૨૦૧૬*

## નોટબંધી શા માટે નિષ્ફળ ગઈ?

નોટબંધી શા માટે નિષ્ફળ ગઈ તે પણ જાણવું જોઈએ. જે નોટો ૯૦ ટકા સરક્યુલેશનમાં હતી તેને કોઈ હોમવર્ક વિના બંધ કરવી એ મોટું બ્લન્ડર હતું. એકલા હાથે નિર્ણય લેવાનું મોદી સરકારને ભારે પડી રહ્યું છે. આયોજન અને પ્રિ-પ્લાનિંગ કરવામાં પોતે નિષ્ફળ ગયા છે તેવું સ્વીકારવા તેઓ તૈયાર નથી.

નોટબંધીનો નિર્ણય લેતા પહેલાં આર્થિક નિષ્ણાતોની સલાહ લેવાઈ નહોતી. વડાપ્રધાન સાથે પ્રવાસ કરતા મુઠ્ઠીભર અધિકારીઓ અને ગુજરાતથી આવેલ અધિકારીઓ તેમની કિચન કેબિનેટના સભ્યો છે. આ કિચન કેબિનેટના સભ્યોને એ ખબર નહોતી કે નોટબંધીનો નિર્ણય ફિયાસ્કો બનશે. વિદેશની મિશનરીઓ નોટબંધીને કારણે કેવી અકળાશે તે પર જ નજર રખાઈ હતી. નોટબંધીના એક માસ બાદ પણ ડિપ્લોમેટિક ઓફિસોમાં રોકડના ધાંધિયા હોય તો તે વૈશ્વિક સ્તરે ભારતની ઈમેજ પર ફટકા સમાન છે.

*ગુજરાત સમાચાર, તા. ૧૪-૧૨-૧૯૧૬*

## અમ્મા કેન્ટીન : જયલલિતાની સફળતા

જયલલિતાનું પાંચમી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ અવસાન થયું એ પછીના ત્રણ દિવસ તામિલનાડુમાં જડબેસલાક બંધ પળાયો. સ્કૂલો - કોલેજો, સરકારી કચેરીઓ અને કોર્પોરેટ હાઉસની જેમ દારૂની આશરે છ હજાર દુકાનો અને બાર પણ સંપૂર્ણપણે બંધ રહ્યા. જોકે, આ બંધ વચ્ચે આશરે ૩૦૦ 'અમ્મા ઉનાવગમ' એટલે કે 'અમ્મા કેન્ટીન' ધમધમતી રહી. બંધ તો ઠીક છે, કોઈ અપવાદને બાદ કરતાં વર્ષના ૩૬૫ દિવસ અમ્મા કેન્ટીન ચાલુ રહે છે. અમ્મા કેન્ટીનની સફળતા જોઈને કોઈ પણ રાજકીય પક્ષ આ 'સેવાનો ધંધો' કરવા લલચાય અને એવું થયું પણ ખરું! અત્યાર સુધી અનેક રાજ્યો 'ભૂખના પ્રયોગો' કરી ચૂક્યા છે. પરંતુ એકેયને અમ્મા કેન્ટીન જેવી ઝળહળતી સફળતા મળી નથી.

દિલ્હીના જન આહાર કેન્દ્રોમાં ૧૫ રૂપિયામાં શાક, છ પૂરી કે ચાર ચપાટી અને દાળ-ભાતની એક થાળી ખરીદીને પેટ ભરી શકાય છે. શીલા દીક્ષિતે જન આહાર કેન્દ્રો ઊભા કરવા કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ અને મહિલા જૂથોને જમીન ફાળવી હતી. હાલ આ સંસ્થાઓ અને જૂથો દ્વારા આવા ચાલીસેક કેન્દ્રોનું સંચાલન થઈ રહ્યું છે પરંતુ તેમાં અમ્મા કેન્ટીન જેવું પ્રોફેશનાલિઝમ નથી. જન આહાર કેન્દ્રો રાંધવા - જમવાના સ્થળે અસ્વચ્છતા અને ખોરાકની ગુણવત્તાને લઈને ટીકાનો સામનો કરી રહ્યા છે. આ ઉપરાંત જન આહાર કેન્દ્રોમાં અઠવાડિયામાં માંડ બે વાર પૂરી મળે છે. મૌસમી સબ્જીના બદલે રોજેરોજ આલુ અપાય છે, દાળ અપાતી નથી અને રાયતું જોઈતું હોય તો વધારાના પાંચ રૂપિયા આપવા પડે છે એવી પણ ફરિયાદો થઈ ચૂકી છે.

દક્ષિણ ભારતના બીજા રાજ્યોના પણ દિલ્હી જેવા જ હાલ છે. થોડા સમય પહેલાં છત્તીસગઢમાં ૧૪૫ અને ઝારખંડમાં ૧૦૦ દાળ-ભાત કેન્દ્ર શરૂ કરાયા હતા. જે અનેકવાર ચાલુ-બંધ થઈ ચૂક્યા છે. ઓડિશાએ પણ કેટલાક દાળ-ભાત કેન્દ્રો શરૂ કર્યા હતા અને તેમાંય અનેક બંધ થઈ ગયા છે. તેલંગાણાએ માર્ચ ૨૦૧૪માં મોટી હોસ્પિટલો, રેલવે-બસ સ્ટેશન અને મોટા ચાર રસ્તા નજીક ૨૨ દાળ-ભાત કેન્દ્ર શરૂ કર્યા હતા. પરંતુ વસતિના પ્રમાણમાં તેની સંખ્યા ખૂબ ઓછી છે! વળી આ તમામ રાજ્યોના સસ્તા આહાર કેન્દ્રોમાં ફક્ત દાળ-ભાત પીરસાતા હોવાથી કુપોષણ સામે લડવામાં તેમની ભૂમિકા નહિંવત્ છે. ઉત્તરાખંડે ઓગસ્ટ ૨૦૧૫માં ઇન્દિરા અમ્મા ભોજનાલય યોજના હેઠળ વીસ રૂપિયામાં 'સંપૂર્ણ થાળી' આપતા ૧૪ કેન્દ્રો શરૂ કર્યા હતા. ઉત્તરાખંડ સસ્તા આહાર કેન્દ્રો અને ભોજનના વૈવિધ્યને લઈને સારું કામ કરી રહ્યું છે પરંતુ અમ્મા કેન્ટીન જેવી સફળતાથી ઘણું દૂર છે.

અમ્મા કેન્ટીનની સફળતા જોઈને અનેક રાજ્યોએ તેની નકલ કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ સસ્તા આહાર કેન્દ્રો તામિલનાડુનો એક્સક્લુઝીવ આઈડિયા નથી. **અમ્મા કેન્ટીન યોજનાની શરૂઆત ૨૦૧૩માં થઈ હતી, જ્યારે મહારાષ્ટ્રમાં ભાજપ - શિવસેનાની યુતિ**

**સરકારે ૧૯૯૫માં રૂા. ૧ માં જમવાની સુવિધા આપતા છ હજાર ઝુંકા-ભાકર કેન્ટીન શરૂ કરી હતી.** મહારાષ્ટ્રમાં ચણાના લોટમાંથી બનતી બેસન જેવી એક વાનગી ઝુંકા તરીકે ઓળખાય છે. ઝુંકા જવાર કે બાજરાની ભાખરી (ભાકર) સાથે ખાવામાં આવે છે.

ઝુંકા ભાકર કેન્ટીન માટે રાજ્ય સરકારે જમીનો ફાળવી હતી, જેનું સંચાલન ગરીબો - બેકારોને આપી રોજગારીનું પણ સર્જન કરાયું હતું. આ યોજનાનો હેતુ પણ શહેરી ગરીબો, દહાડિયા મજૂરોને સસ્તું અને પોષણયુક્ત ભોજન આપવાનો હતો. જોકે, ૧૯૯૯માં કોંગ્રેસ-એનસીપીની સરકાર આવતા જ ઝુંકા ભાકર કેન્ટીનના દહાડા - પાણી ભરાવાની શરૂઆત થઈ! આ યોજનામાં ગેરરીતિઓ થતી હોવાનું બહાનું કાઢીને નવી સરકારે ઝુંકા ભાકર કેન્ટીનના માલિકોને સબસિડી આપવાનું બંધ કરી દીધું. એ પછી આ કેન્ટીનોના માલિકોએ ઝુંકા ભાકરનો ભાવ વધારી દીધો, તો કેટલાક ઝુંકા - ભાકર કેન્ટીનને ફાસ્ટ ફુડ સ્ટોલમાં ફેરવી દીધી. આ ઉપરાંત અનેક લોકોએ ઝુંકા ભાકર કેન્ટીનો ખાણી-પીણીના ધંધાદારીઓને ભાડે આપી આવકનો સ્રોત ઊભો કરી દીધો.

છેવટે વર્ષ ૨૦૦૦માં મહારાષ્ટ્ર સરકારે ઝુંકા - ભાકર કેન્ટીનોની જમીનો પાછી મેળવવા અને ગેરકાયદે દબાણો હટાવવા ઝુંકા - ભાકર યોજના સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્ણય લીધો. આ નિર્ણય લેતા જ ખાણીપીણીની લારીઓ ચલાવતા જૂથોએ બોમ્બે હાઈકોર્ટમાં અરજ કરી કે, રાજ્ય સરકાર અમારી રોજી છીનવી રહી છે. બાદમાં આ કેસ સુપ્રીમમાં ગયો અને ૨૦૦૬માં કોર્ટે મહારાષ્ટ્ર સરકારનો નિર્ણય માન્ય રાખ્યો. આ ચુકાદો આવતા જ ૨૦૦૭માં મહારાષ્ટ્ર સરકારે એકસાથે ઝુંકા ભાકર કેન્ટીનના લાઇસન્સ રદ કરી આ યોજનાની સત્તાવાર પૂર્ણાહૂતિ કરી.

જોકે, આજેય મહારાષ્ટ્રમાં મુંબઈ સહિત અનેક સ્થળોએ ઝુંકા ભાકર 'બ્રાન્ડ નેમ' હેઠળ સસ્તા આહાર કેન્દ્રો ચાલુ છે. શિવસેનાનો દાવો છે કે, અમારા જ અનેક કાર્યકરો ઝુંકા ભાકર કેન્ટીનો ચલાવી રહ્યા છે. જોકે, આ કેન્ટીનમાં ફક્ત રૂા. ૧ માં એક થાળી વેચીને કમાણી થતી નહીં હોવાથી હવે બીજી વાનગીઓ પણ વેચવામાં આવે છે.

એવું નથી કે અમ્મા કેન્ટીનમાં રસ્તે રખડતા, બેકારો, બેઘરો, નશાખોરો અને ફિઝિકલી ચેલેન્જ્ડ લોકો જ જમે છે. અમ્મા કેન્ટીને સાબિત કરી દીધું છે કે જો 'સરકારી કેન્ટીન' ચોખ્ખી ચણાક હોય, રાંધવાનું કામ આરોગ્યપ્રદ વાતાવરણમાં થાય અને કેન્ટીન સંભાળતા સ્ટાફને કેપ - ગ્લવ્ઝ પહેરીને પીરસવાની તાલીમ અપાય તો એક સાથે અનેક લાભ મળે છે. નાની-મોટી મજૂરી કરતો વર્ગ, રીક્ષા ડ્રાઇવરો, સરકારી - ખાનગી કંપનીઓના નાના કર્મચારીઓ, માર્કેટિંગનું કામ કરતા નાના વેપારીઓ તેમજ મધ્યમવર્ગીય બાળકો પણ સવારે સ્કૂલે જતી આવતી વખતે અમ્મા કેન્ટીનમાં પેટ પૂજા કરે છે એ અમ્મા કેન્ટીનની સૌથી મોટી સફળતા છે.

અમ્મા કેન્ટીનના ૯૦ ટકા જેટલા ગ્રાહકો પુરુષો અને સ્કૂલે જતા બાળકો કેમ છે એ પણ સમજવા જેવું છે. તામિલનાડુના શહેરો અને નાના નગરોના અનેક ગરીબ - મજૂર પરિવારો ગામડાં અને આસપાસના રાજ્યોમાંથી આવીને વસ્યા છે. આ પરિવારોની મહિલાઓને સવારથી કામે જતા પુરુષો તેમજ બાળકો માટે ટિફિન તૈયાર કરવું પડે છે. પરંતુ અમ્મા કેન્ટીને આવી અનેક મહિલાઓને રાંધવાની જવાબદારીમાંથી મુક્તિ અપાવી દીધી છે. હવે આ મહિલાઓ તણાવમુક્ત છે અને નાનું-મોટું કામ કરીને પરિવારની આવક વધારવામાં મદદરૂપ થઈ રહી છે. આ પરિવારોમાં બાળકોનો ઉછેર પણ વધુ સારી રીતે થઈ રહ્યો છે. અમ્મા કેન્ટીન 'અન્ન સુરક્ષા માટે લેવાયેલા પગલાં'થી અનેકગણી વધારે સફળતા મેળવી શકી છે.

સસ્તા આહાર કેન્દ્રો મહિલા જૂથો દ્વારા ચલાવવામાં આવે છે, જે આ યોજનાનો વધુ એક મોટો ફાયદો છે. આ ઉપરાંત શાકભાજી, ડુંગળી અને કઠોળના ભાવ વધે ત્યારે ખાણીપીણીની લારીઓ અને નાની હોટેલોના માલિકો અચાનક જ ભાવવધારો કરી દે છે. પરંતુ સસ્તા આહાર કેન્દ્રોમાં નક્કી કરેલા ઓછા ભાવે જ પેટ ભરી શકાય છે. સસ્તા આહાર કેન્દ્રોના કારણે ખાણીપીણીની લારીઓ અને નાની હોટેલોના ભાવ પણ કાબૂમાં રહે છે. દેશની અનેક હોસ્પિટલોમાં સસ્તા આહાર માટે આજેય એકાદ કિલોમીટર જેટલી લાંબી લાઈન હોય છે. આ વાત જ સાબિત કરે છે કે, દેશના અનેક રાજ્યોમાં હજુયે વધારે સસ્તા આહાર કેન્દ્રોની જરૂર છે.

દેશના તમામ રાજ્યોમાં અમ્મા કેન્ટીન ઉદાહરણરૂપ બની ગયું છે એવી જ રીતે, **મધ્યાહ્ન ભોજન યોજનાના મૂળ પણ તામિલનાડુમાં જ પડેલા છે.** દક્ષિણ ભારતના રાજકારણના 'કિંગ મેકર' ગણાયેલા કુમારાસામી કામરાજ (જન્મ : ૧૯૦૩, મૃત્યુ : ૧૯૭૫) ઉર્ફે **કે. કામરાજે ભૂખ અને કૂપોષણ સામે લડવા વર્ષ ૧૯૬૨-૬૩માં સરકારી શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજના શરૂ કરી હતી.** ગાંધીવાદી વિચારોથી પ્રભાવિત કામરાજ ૧૯૬૪થી ૧૯૬૭ સુધી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ, ૧૯૫૪થી ૧૯૬૩ સુધી તામિલનાડુના મુખ્યમંત્રી તેમજ વર્ષ ૧૯૫૨-૫૪ અને ૧૯૬૭-૭૫ દરમિયાન લોકસભાના સાંસદ હતા. ૨૭મી મે, ૧૯૬૪ના રોજ નહેરુના અવસાન પછી કોંગ્રેસને ચોક્કસ દિશા આપનારા ગણ્યાગાંઠ્યા નેતાઓમાં પણ કામરાજની ગણના થાય છે. વર્ષ ૧૯૭૬માં કામરાજને મરણોત્તર ભારતરત્નથી નવાજવામાં આવ્યા હતા. કામરાજના શાસનમાં મધ્યાહ્ન ભોજન યોજના પૂરબહારમાં ખીલી. નવમી જૂન, ૧૯૮૦ના રોજ એમ.જી. રામચંદ્રન તામિલનાડુના મુખ્યમંત્રી બન્યા અને તેમણે પણ મધ્યાહ્ન ભોજનની સફળતા જોઈને આ યોજનાને તમામ આર્થિક લાભ આપવાનું ચાલુ રાખ્યું. એટલું જ નહીં, વર્ષ ૧૯૮૨માં તામિલનાડુમાં ૬૮ લાખ જેટલા બાળકો કૂપોષણથી પીડાતા હતા. આ આંકડા જોઈને એમ.જી.આર.એ મધ્યાહ્ન ભોજન યોજનામાં સુધારો કરીને 'પોષણયુક્ત આહાર યોજના' શરૂ કરી.

**એ પછી તો ૧૯૮૪માં ગુજરાત સરકારે પણ આ યોજના સરૂ કરી.** બાદમાં કેરળ, ગોવા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, મેઘાલય, નાગાલેન્ડ, સિક્કીમ, ત્રિપુરા, કર્ણાટક અને ઓરિસ્સાની સરકારી સ્કૂલોમાં પણ મધ્યાહ્ન ભોજન યોજના અમલી થઈ.

કલ્યાણકારી યોજનાઓ માટે 'આઉટ ઓફ બોક્સ' વિચારવાની તામિલનાડુની આવડતના નોબલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી અમર્ત્ય સેને પણ વખાણ કર્યા હતા. સેને નોંધ્યું છે કે, તામિલનાડુમાં જાહેર સેવા ગરીબો સુધી પહોંચાડવાની જવાબદારી સિસ્ટમ 'એક્સેલન્ટ' નહીં, પણ 'ગુડ' તો છે જ. આ રાજ્યની સામાજિક યોજનાઓમાં 'સર્વોદયવાદ' (યુનિવર્સલિઝમ) પાયાનો વિચાર છે. **તામિલનાડુની મધ્યાહ્ન ભોજન, જાહેર વિતરણ વ્યવસ્થા અને અમ્મા કેન્ટીનમાં પણ સર્વોદયવાદ સામાન્ય બાબત છે.** આ પ્રકારની યોજનાઓના કારણે જ સિસ્ટમમાં રહેલી છટકબારીઓ બંધ કરવામાં મદદ મળી છે.

**તામિલનાડુની જેમ બીજા રાજ્યોમાં સસ્તા ભોજન યોજના કેમ સફળ ના થઈ? એ સવાલનો સીધોસાદો જવાબ આપવો હોય તો કહી શકાય કે, રાજકીય ઇચ્છાશક્તિનો અભાવ!**

*ગુજરાત સમાચાર, તા. ૧૪-૧૨-૨૦૧૬*

## કોંગ્રેસ માટે હેમખેમ અને અણિશુધ્ધ બહાર નીકળવું દુષ્કર

દસ વર્ષના શાસન પછી યુપીએ સરકારના તંબુ શા માટે ઉખડી ગયા તેના જવાબમાં એક કરતા અનેક કારણો આપી શકાય. પરંતુ મુખ્ય કારણ તરીકે કેગના રિપોર્ટમાં વારંવાર ઉજાગર થતા રહેલા વ્યાપક ભ્રષ્ટાચારને ગણવો પડે અને એ ભ્રષ્ટાચારમાંય ૨-જી સ્પેક્ટ્રમ કૌભાંડ અને કોલસાની ખાણોની ફાળવણીનું કૌભાંડ શિરમોર કહી શકાય.

હાલમાં કોંગ્રેસ યુ.પી.એ. સરકારના બે ટર્મના શાસનમાં થયેલા ઓગસ્તા વેસ્ટલેન્ડ કોભાંડમાં બરાબર ફસાયેલી છે. દરમિયાન કોલસા કૌભાંડમાં પણ યુપીએ સરકારે રોકેલી ફાઈલો અદાલત સમક્ષ રજૂ કરવાના આદેશને લીધે આ કૌભાંડના અસલી લાભાર્થીઓના નામ ખુલવાની શક્યતા વધી ગઈ છે. કોંગ્રેસ ફરતા કસાયેલા ગાળિયાઓની સંખ્યા જે રીતે વધી રહી છે એ જોતાં તેમાંથી હેમખેમ અને અણિશુધ્ધ બહાર નીકળવાનું ભારે દુષ્કર બનવાનું છે.

*ગુજરાત સમાચાર, તા. ૧૪-૧૨-૨૦૧૬*

## ૧૪ લાખ કરોડ પાછા મળે તે માટે ઓગસ્ટ ૨૦૧૭ સુધી રાહ જુઓ

**મોદીએ આપેલી ૫૦ દિવસની સમયમર્યાદાને ખોટી પાડતો અહેવાલ પ્રિન્ટીંગ પ્રેસ રોજની ૫.૫૬ કરોડની નોટો જ છાપી શકે છે**

રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ના મૂલ્યની નોટોને રદ કરી દઈ દેશના ચલણમાંથી ૮૬ ટકા રોકડ રકમ પાછી ખેંચી લીધા બાદ સર્જાયેલી મુશ્કેલીઓનો અંત ૫૦ દિવસમાં આવી જશે એવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની પ્રજાને આપેલી સમય મર્યાદાને પૂરી થવામાં હવે ફક્ત ૧૭ દિવસ બાકી રહ્યા છે.

છેલ્લા ૩૫ દિવસથી છાતી ઠોકી ઠોકીને લોકોને પાનો ચઢાવનાર મોદીની ખાતરીઓ અને વચનો ઠાલા પુરવાર થઈ રહ્યા છે કેમકે હાલ પ્રવર્તી રહેલી વાસ્તવિક્તા તેમના વચનો અને ખાતરીઓથી જોજનો દૂર છે, કેમકે જૂની નોટોના બદલે રૂા. ૫૦૦ અને રૂા. ૨૦૦૦ની નવી નોટો પ્રજાને પૂરતા પ્રમાણમાં મળતી હોય એવું ક્યાંય દેખાતું નથી.

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા નવી નોટોની છપામણી અને તેના વિતરણને લગતી જે આંકડાકીય માહિતી જાહેર કરવામાં આવી છે તે સ્પષ્ટ સૂચવે છે કે વડાપ્રધાન મોદીની ૫૦ દિવસની સમય મર્યાદાનું કોઈપણ સંજોગોમાં પાલન થઈ શકે તેમ નથી. દેશભરની બેંકો અને એટીએમ મશીનોમાં કેટલી નોટો મોકલવી તેનો મુખ્ય આધાર સરકાર વાસ્તવમાં કેટલી નોટો ચલણમાં ફરતી મૂકવા માંગે છે તેના ઉપર રહેલો છે.

જો સરકારે પાછી ખેંચી લીધેના નાણાંની તુલનાએ ફક્ત ૩૫ ટકા એટલે કે રૂા. ૯ લાખ કરોડની રોકડ રકમ ચલણમાં ફરતી મૂકવા માંગતી હોય તો તે કામ મે-૨૦૧૭ સુધીમાં પૂરું થઈ શકે અને જો સરકાર ૧૪ લાખ કરોડની સંપૂર્ણ રોકડ રકમ ચલણમાં પાછી મૂકવા માંગતી હોય તો તે માટે ઓગસ્ટ-૨૦૧૭ સુધીનો સમય લાગી શકે છે. તમામ સમસ્યાની જડ છે રૂા. ૫૦૦ની નોટ. કેમકે ભારતના પ્રિન્ટિંગ પ્રેસ આ નોટ પૂરતા પ્રમાણમાં છાપી શકે તેમ નથી.

રિઝર્વ બેંક પાસે હાલ દેવાસ (મધ્ય પ્રદેશ), નાસીક (મહારાષ્ટ્ર), સલ્બોની (પ.બંગાળ) અને મૈસૂર (કર્ણાટક) એ કુલ ચાર પ્રિન્ટીંગ પ્રેસમાં નવી નોટો છાપવાની સુવિધા છે. રિઝર્વ બેંકના ૨૦૧૬ની સાલના વાર્ષિક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આ તમામ પ્રેસ ભેગા મળીને વાર્ષિક ૨૬૭૦ કરોડ અથવા તો દરરોજ ૭.૪ કરોડ નોટો છાપવાની ક્ષમતા ધરાવે છે. જો આ તમામ પ્રેસ હાલની બે શિફ્ટના બદલે ત્રણ શિફ્ટમાં કામ કરે તો તેઓ દરરોજ ૧૧.૧ કરોડ નોટો છાપી શકે. પરંતુ સૌથી મોટી સમસ્યા એ છે કે કુલ મશીનો પૈકી અડધાથી પણ ઓછા મશીનો પાસે રૂા. ૫૦૦ અને તેનાથી વધુ મૂલ્યની નોટો ઉપર સિક્યુરીટીનાં ફિચર છાપવાની સુવિધા છે.

એનો અર્થ એ થયો કે તમામ ચારેચાર પ્રેસના આ મૂલ્યની નોટો છાપતાં તમામ મશીનો ૨૪ કલાક નોટો છાપવાનું કામ ચાલુ રાખે તો પણ તેઓ રૂા. ૫૦૦ની દરરોજ ફક્ત ૫.૫૬ કરોડ નવી નોટો છાપી શકે તેમ છે. આ નોટોના છાપવાથી તેઓનું મૂલ્ય રૂા. ૨૭૭૮ કરોડ થાય છે. અર્થાત્ દરરોજ રૂા. ૨૭૭૮ કરોડ નવી રૂા. ૫૦૦ની નવી નોટના સ્વરૂપમાં ચલણમાં આવી શકે છે.

નોટબંધીની જાહેરાત પહેલાં સરકારે રૂા. ૨૦૦૦ના મૂલ્યની નવી નોટના સ્વરૂપમાં રૂા. ૪ લાખ કરોડની નોટ છાપવાની વ્યવસ્થા કરી લીધી હતી જેથી કરીને તાત્કાલિક નવી નોટો ચલણમાં તરતી મૂકી શકાય. અને તેથી જ ચલણમાં હાલ સૌથી વધુ ગુલાબી નોટો જોવા મળે છે.

આ સંજોગોમાં સરકાર પાસે હવે ફક્ત બે વિકલ્પ બચે છે. એક રૂા. ૯ લાખ કરોડની રોકડ રકમ ચલણમાં તરતી મૂકવી અથવા તો જેટલી રોકડ રકમ પાછી ખેંચી લીધી એટલી તમામ અર્થાત્ રૂા. ૧૪ લાખ કરોડની રોકડ રકમ ચલણમાં પાછી મૂકી દેવી.

*ગુજરાત સમાચાર, તા. ૧૫-૧૨-૨૦૧૬*

## ગુજરાતના ૨૦૦૦ કરોડપતિ આવકવેરાના રડારમાં

નોટબંધી બાદ બેંક ખાતાઓમાં થયેલી કરોડોના મસમોટી રકમના પગલે ગુજરાતના ૨૦૦૦ જેટલા કરોડપતિઓ આવકવેરા વિભાગની રડારમાં આવી ગયા છે. જેઓએ ૮ નવેમ્બર બાદ પોતાના બેંક ખાતામાં રૂા. ૧ કરોડથી વધુની રકમ જમા કરાવી છે. આવા ૨૦૦૦ લોકોની યાદી આવકવેરા વિભાગમાં પહોંચી છે. જેના આધારે આવકવેરા વિભાગે તપાસ શરૂ કરી છે. ૮ નવેમ્બર બાદ સૌરાષ્ટ્રમાં ૩૦૦થી વધુ ખાતેદારોએ પોતાના બેંક ખાતામાં રૂા. ૧ કરોડથી વધુ રકમ જમા કરાવી હતી. એવી જ રીતે અમદાવાદમાં ૫૦૦થી વધુ અને સુરતમાં ૭૦૦થી વધુ ખાતેદારોએ પોતાના ખાતામાં રૂા. ૧ કરોડથી વધુ રકમ જમા કરાવી છે. આવા તમામ કરોડપતિઓ સામે આવકવેરા વિભાગે તપાસ હાથ ધરી છે. આવકવેરા વિભાગે આવા કરોડપતિ ખાતેદારોને નોટીસ પાઠવી આ નાણાં અંગે ખુલાસો માંગ્યો છે.

*કચ્છમિત્ર, તા. ૧૫-૧૨-૨૦૧૬*

## હેમરાજ શાહ શિવસેનામાં જોડાયા

શિવસેના અધ્યક્ષ ઉધ્ધવ ઠાકરેની હાજરીમાં તાજેતરમાં મુંબઈ રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને ભાજપના ગુજરાતી નેતાએ શિવસેનામાં પ્રવેશ કર્યો હતો. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ગુજરાતી નેતાઓને પક્ષમાં પ્રવેશ આપીને ગુજરાતી મતદારોને આકર્ષિત કરવાનો પ્રયત્ન શિવસેનાએ કર્યો છે. તાજેતરમાં બે ગુજરાતી નેતા સહિત રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને ભાજપના અનેક કાર્યકર્તાઓ પણ શિવસેનામાં જોડાઈ ગયા હતા.

જેઓએ શિવસેનામાં પ્રવેશ કર્યો તેમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (મહારાષ્ટ્ર)ના મહામંત્રી અને પ્રવક્તા હેમરાજ શાહનો અને મુંબઈ ભાજપના ગુજરાતી વિભાગના ઉપાધ્યક્ષ રાજેશ દોશીનો સમાવેશ થતો હતો.

આ ઉપરાંત જેઓએ શિવસેનામાં એન્ટ્રી લીધી છે તેમાં દાગીના બજારના અગ્રણી વેપારી કુમાર જૈન, મુંબઈ રાષ્ટ્રવાદી કોંગ્રેસના મંત્રી જયંતી મોદી, ધારાવી પ્રજાપતિ સમાજના અધ્યક્ષ કમલેશ ચિત્રોડા, બોરીવલી (વેસ્ટ)ના દાંડિયા રાસ ફેઈમ જિજ્ઞેશ ભુતા, માટુંગાના યુવા કાર્યકર્તા ધવલ શાહ અને ઘાટકોપરના સામાજિક સેવક જયેશ ઠક્કર હતા.

રાષ્ટ્રવાદી કોંગ્રેસમાં વર્ષોથી રહ્યા પછી અને સારું ખાનપાન ભોગવ્યા પછી શિવસેનામાં જોડાવવાના કારણ વિશે પ્રકાશ પાડતાં હેમરાજ શાહે જણાવ્યું હતું કે છેલ્લાં બે વર્ષથી રાષ્ટ્રવાદી કોંગ્રેસનો ગુજરાતી વિભાગ બંધ છે, તે ચાલુ કરાવવાના મારા પ્રયત્નો નિષ્ફળ ગયા છે. આવી સ્થિતિમાં પાલિકાની ચૂંટણીમાં ગુજરાતીઓને ટિકિટ અપાવવાનું મારા માટે કપરું બની ગયું હોઈ અને શિવસેનામાં ગુજરાતીઓને ટિકિટ ફાળવણી કરાશે અને તેમને ન્યાય મળશે એવી ખાતરી મળતાં મેં શિવસેનામાં જોડાવવાનો નિર્ણય લીધો છે એમ હેમરાજ શાહે કહ્યું હતું.

*કચ્છમિત્ર, તા. ૧૬-૧૨-૨૦૧૬*

## કચ્છના કિસાનોને સંદેશ... જમીન નહીં દાડમ વેચો...!!

આજે ખેડૂતોને ખેતપેદાશના પૂરતા ભાવો ન મળતાં ખેતી ભાંગી રહી છે અને ખેડૂતો ખેતીથી વિમુખ થઈ જમીન વેચી રહ્યા છે ત્યારે તાલુકાના રેલડી ગામના પ્રગતિશીલ ખેડૂતે દાડમની વૈજ્ઞાનિક રીતે ખેતી કરી વિક્રમજનક કહી શકાય તેવો ફાલ મેળવ્યો હતો.

ભુજથી ૧૫ કિ.મી.ના અંતરે આવેલા આશાપુરા ફાર્મના ખેડૂત હરેશભાઈ મોરારજી ઠક્કર કહે છે કે, 'જમીન નહીં દાડમ વેચો.' શ્રી ઠક્કરે વૈજ્ઞાનિક રીતે દાડમની ખેતી કરી વિક્રમજનક એક એકરે રૂા. ૧૫,૭૭,૯૫૦ના દાડમનું ઉત્પાદન મેળવી કચ્છના જ નહીં ગુજરાતના ખેડૂતો માટે માર્ગદર્શક બન્યા છે.

હરેશભાઈ પોતાની ૪૧ એકર જમીનમાં દાડમનું વાવેતર કર્યું છે જેમાં આજે દાડમનો ત્રીજો ફાલ લીધો છે. તેમાંથી ૧૧ એકરમાં માલ પકાવવાની શરૂઆત કરી અને આજે છ-સાત મહિના પછી દાડમ ઉતારવાની શરૂઆત કરી છે. બીજા ૪.૩૦ એકરનો ફાલ ફેબ્રુઆરી - માર્ચમાં લેશે. તેમણે ૧૩ x ૮ના અંતરે એકરે ૪૧૮ ઝાડોનું વાવેતર કર્યું છે. તેમાંથી એક ઝાડમાંથી ૪૫ કિલો માલ ઊતરે છે. જેમાંથી ૨૦ કિલો ૨૫૦થી ૫૦૦ ગ્રામના એટલે કે એક્સપોર્ટ ક્વોલિટીના છે. જ્યારે ૨૫ કિલો ૨૫૦ ગ્રામથી ઓછા વજનના છે જે લોકલ માર્કેટમાં વેચે છે.

તેમણે વેચાણની વાત કરતાં જણાવ્યું હતું કે, દુબઇ એક્સપોર્ટ કર્યા જ્યાં તેમને ૧ કિલોનો ભાવ રૂા. ૧૨૦ મળ્યો અને લોકલ માર્કેટમાં જે વેચ્યા તેનો ભાવ રૂા. ૪૫થી ૫૫ મળ્યો. આમ તેમણે ૧ એકરમાંથી રૂા. ૧૫,૭૭,૯૫૦ રૂપિયા જેટલું ઉત્પાદન મેળવ્યું હતું. તેની સામે તેમણે દવા, ખાતર, પાણી, કન્સલ્ટન્સી ફી, દેશી ખાતર, મજૂરી, લાઈટ બીલ તથા અન્ય પરચૂરણ ખર્ચ કર્યા. આમ ટોટલ બે લાખ જેવો એક એકરે સરેરાશ ખર્ચ કર્યો. તેમજ એક્સપોર્ટ માટે તેમણે પેકિંગ, ટ્રાન્સપોર્ટ, બોક્સ વગેરે પાછલ ત્રણ લાખ જેટલો ખર્ચ કર્યો. આમ ટોટલ લગભગ ૫ લાખનો ખર્ચ જેની સામે ઉત્પાદન રૂા. ૧૫,૭૭,૯૫૦ જેટલું થયું. આમ તેમને સરેરાશ ૯થી ૧૦ લાખ જેટલો ચોખ્ખો નફો મળ્યો હતો.

કૃષિ જગતના ઇતિહાસમાં 'ફાર્મ ટુ પોર્ટ' એટલે કે વાડીએ જ માલ પેકિંગ થાય અને કન્ટેનર પણ વાડીએ જ ભરાય. અહીં કસ્ટમ અને સેન્ટ્રલ એક્સાઇઝની નજર હેઠળ પોતાની વાડીમાં જ સરકારના કોઈપણ જાતના નીતિ-નિયમની બાંધછોડ વગર કન્ટેનરો પણ વાડીએ જ સીલ કરાય છે.

હરેશભાઈ મોરારજી ઠક્કર અને જેઠાલાલ કહે છે, જો દાડમ વજનમાં ૨૫૦ ગ્રામથી ઉપર હોય ત્યારે દિલ્હી નહીં દુબઈ વેચાય કારણકે ત્યાં ભાવ વધુ અને મોકલવાનું ભાડું ઓછું થાય. જ્યારે દિલ્હી એક ટ્રકનું ભાડું રૂા. ૬૦,૦૦૦/- છે તો દુબઈ મોકલવાનું ભાડું રૂા. ૪૦,૦૦૦/- થાય. તેમણે આવા ૪૦ ફીટના ૧૦ કન્ટેનર દુબઈ મોકલ્યા છે. જેમાં ૫૦,૨૦૦ બોક્સ મોકલ્યા છે.

હરેશભાઈ ઠક્કરને પોતાના ફાર્મમાં દાડમનું વધુ ઉત્પાદન અને તેમાં પણ ગુણવત્તા અને વજનમાં પણ વધુ ફળ આપે તેવી ખેતી કરવાનું માર્ગદર્શન જેમણે આપ્યું છે તે વૈભવ પંઢેર અને મલ્લારી કુલકર્ણી (વનીતા એગ્રોકેમ - કોલ્હાપુર) જણાવે છે કે, ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન અને વેચાણની યોગ્ય દિશા મળે તો કચ્છી ખેડૂતો માટે જમીન સોનું જ સોનું છે.

એક્સપોર્ટ અને ક્લિયરન્સ બિઝનેસ સાથે સંકળાયેલા સિદ્ધિ વિનાયક ગ્લોબલ ટ્રાન્સ (મુંદ્રા)ના ડાયરેક્ટર ભાવેન ઠક્કરે કહ્યું હતું કે, ફાર્મ પરથી જ ફળનું પેકિંગ અને લોડિંગ થાય તો ફ્રુટ ગ્લોબલ માર્કેટ સુધી પહોંચે ત્યાં સુધી ફળની ગુણવત્તા જળવાઈ રહે છે. વધુમાં તેમણે જણાવ્યું કે, દેશનો ખેડૂત વૈશ્વિક બજારમાં પગ મૂકતો થાય અને સમૃદ્ધ બને તે માટે કસ્ટમ અને સેન્ટ્રલ એક્સાઇઝ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ વાડી સુધી આવીને જે સહયોગ કર્યો છે તે બતાવે છે કે સરકારની ખેડૂતો પ્રત્યેની સપોર્ટ કરવાની હકારાત્મક નીતિ છે.

ટૂંકમાં એવું કહી શકાય કે હરેશભાઈનું આ મોડલ ફાર્મ એકમ અપનાવીને કચ્છના અન્ય ખેડૂતો પણ માર્ગદર્શન મેળવી સોનું પેદા કરશે. અત્યારે કચ્છમાં દાડમનું ૪૮૦૦ હેક્ટરમાં વાવેતર છે.

ખેડૂતો દાડમ ઉત્પાદક સંઘ કે અન્ય રીતે સહકારી માળખાથી

દાડમનું એક્સપોર્ટ માર્કેટમાં વેચાણ કરીને વધુ નાણાં કમાવી શકે, એટલે કે રૂપિયો વાવી ડોલર કે દિરહામ લણી શકે!

*કચ્છમિત્ર, તા. ૧૭-૧૨-૨૦૧૬*

## જુદા જુદા મહાનુભાવોના જન્મસ્થળ અને રહેઠાણ

વિશ્વ પ્રસિધ્ધ મહાનુભાવોના નિવાસ સ્થાનોની વિગત જાણવા જેવી હોય છે. આમાં સાહિત્યકારો પણ આવી જાય. કોઈ સાહિત્યકાર ઝુંપડામાં રહીને મોટા થયા હોય તો કોઇ વળી બંગલામાં પણ મોટા થયા હોય. કોઇ સાહિત્યકારનું બાળપણ જોઈને ખ્યાલ જ ન આવે કે આ ભાઇ ભવિષ્યમાં મહાન કહેવાશે. **મહાત્મા ગાંધી**નું આવું જ છે. ગાંધીજીનો જન્મ પોરબંદરના કીર્તિ મંદિરમાં થયો હતો. એમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ રાજકોટમાં લીધું હતું. પોરબંદરની કીર્તિ મંદિરમાં ગાંધીજીનો જન્મ ૧૮૬૯ની ૨જી ઓક્ટોબરે થયો હતો. ગાંધીજીના એક વડવા હરજીવન ગાંધીએ ૨૦૦ વરસ પહેલા એ મકાન એક મહિલા પાસેથી ખરીદેલું. એમાં પહેલો માળ ઉમેરાતા એ મકાન હવેલી જેવું બની ગયું. ૧૯૪૭માં શેઠ નાનજી કાલીદાસે આ મકાનને સ્મારક તરીકે વિકસાવ્યું. એનું ઉદ્‌ઘાટન આપણા પહેલા ગૃહમંત્રી સરદાર પટેલે ૧૯૫૦માં કરેલું. ગાંધીજી ૭૯ વરસ જીવેલા. કીર્તિ મંદિરની ઊંચાઈ પણ ૭૯ ફૂટ રાખવામાં આવી છે. જ્યાં ગાંધીજીનો જન્મ થયેલો એ ખોરડું તો પાછળના ભાગમાં આવેલું છે. ગાંધીજીએ રાજકોટમાં વકીલાત શરૂ કરી પણ એ ન ચાલી. પરિણામે એમણે પોરબંદરના મેમણ શેઠ અબ્દુલા ઝવેરીની નોકરીમાં દક્ષિણ આફ્રિકા ગયા. ત્યાં સફળતાથી રંગભેદ સામેની ઝુંબેશ ચલાવીને ૧૯૧૫માં ભારત પાછા ફર્યા અને સફળતાપૂર્વક આઝાદીની ઝુંબેશ ચલાવી અને મહાત્માનું બિરૂદ પ્રાપ્ત કર્યું.

**રાણી લક્ષ્મીબાઈ** વારાણસીના આસી મોહાલ વિસ્તારમાં ૧૮૩૫માં જન્મેલા પણ ૨૦૧૦ સુધી એ સ્થળની હાલત ખસ્તા હતી. ૨૦૧૦માં આ જગ્યાને સ્મારક તરીકે વિકસાવવાનું નક્કી થયું અને હાલ ત્યાં લક્ષ્મીબાઈને શોભે એવું સ્મારક બની રહ્યું છે. અહીં લક્ષ્મીબાઈના પૂતળા સાથે સુભદ્રાકુમારી ચૌહાણે લખેલી કવિતા 'ખૂબ લડી મર્દાની વો તો...' પણ કોતરવામાં આવશે. અહીં પહેલા તો કોઈ બીજા કુટુંબો રહેતા હતા. હવે તેમને હટાવી દેવાયાં છે અને સંપૂર્ણ સ્થળ પ્રવાસન વિભાગે પોતાના હસ્તક લઇ તેને વિકસાવી રહ્યા છે.

દેશ પરદેશમાં ફેલાયેલા તાતા સામ્રાજ્યના દીર્ઘદૃષ્ટા સ્થાપક **જમશેદજી તાતા** ૧૮૩૯માં ગુજરાતના નાનકડા શહેર નવસારીમાં જન્મેલા. એ મકાન આજે સ્થાનિક પારસીઓ સાચવે છે. મકાનની ખસ્તા હાલત જોઈને કોઈને લાગે નહીં કે અડધી દુનિયામાં પથરાયેલા તાતા સામ્રાજ્યના સર્વેસર્વા અહીં જન્મ્યા હશે! એ જ નવસારીમાં અખિલ હિંદના દાદા, **દાદાભાઈ નવરોજી** પણ જન્મેલા. એમના મકાનની હાલત બદતર કહી શકાય એવી છે. મકાનમાં નીચે તો તાળું મારેલું છે, પણ ઓસરીમાં રહેલી સીડી વડે ઉપરના માળે સરળતાથી પહોંચી શકાય એમ છે.

આખો દેશ અને સાહિત્ય જગત જેમનું દોઢસોમું જન્મ વર્ષ ઉજવી રહ્યા છે એ **રવીન્દ્રનાથ ટાગોર**નો જન્મ તેમના દાદાએ બનાવેલા 'જોરાસાંકો ઠાકુરબારી' નામના મકાનમાં થયેલો. ૧૮મી સદીમાં દ્વારકાનાથ ટાગોરે બંધાવેલા એ હવેલી જેવા મકાનમાં રવીન્દ્રનાથે જન્મથી મૃત્યુ સુધીનો ઘણો સમય પસાર કરેલો. ઘણાખરા બંગાળી સાહિત્યકારો - કલાકારો અહીં આવતા રહેતા એટલે બંગાળી સાહિત્ય માટે પણ એ મકાન ઐતિહાસિક ઈમારત છે. ૧૭૫૭ પછી જયરામ ટાગોરે હુગલી નદીના કાંઠે આ રજવાડી મકાન બંધાવેલું. આજે એ મકાન 'સેન્ટર ફોર ઈન્ડિયન ક્લાસિક ફાઇન આર્ટ' તરીકે ઓળખાય છે. તેમાં આવેલું રવીન્દ્ર ભારતી મ્યુઝિયમ રવીન્દ્રનાથની બધી જ ચીજો સાચવીને બેઠું છે. પ્રવાસીઓનો પ્રવાહ અહીં સતત વહેતો રહે છે. આર્કિટેક્ટની દૃષ્ટિએ પણ આ સંકુલ જોવા જેવું ગણાય છે.

**અડવાણી**એ જ્યાંથી પોતાની રથયાત્રા આરંભી એ ગામ સિતાબ દીયારામાં લાઈટ હમણાં આવી, તો પછી **જયપ્રકાશ**નું ઘર સારી રીતે સચવાયેલું હોય એવી અપેક્ષા તો કેમ રાખી શકાય? દીવાલોમાં ઈંટો અને ભોંય પર ગાર-માટી બિછાવેલા ઘરના પ્રવેશદ્વાર પર એક સીએફએલ લેમ્પ છે, જે સમગ્ર સ્થિતિ પર પ્રકાશ પાડે છે.

દીવાલ પર કેટલાક ઐતિહાસિક ફોટા ટાંગેલા છે. જેમાં જયપ્રકાશ ઉપરાંત જયપ્રકાશના પત્ની પ્રભાવતી દેવી ગાંધીજીને જમાડી રહ્યા હોય એવી તસવીર પણ છે. ઘરમાં ટેબલ, ખુરશી, ખાદીનું જેકેટ વગેરે ચીજો રાખી મૂકાઈ છે. એ જ બિહારમાં **લાલુપ્રસાદ યાદવ**નું ગામ ફુલવારિયા અને **નીતિશકુમાર**નું વતન કલ્યાણ બીઘા અપ ટુ ડેટ રીતે વિકસેલા છે.

**આર.કે. નારાયણે** જ્યાં બેસીને માલગુડી ડેઝ સીરીઝ તથા ગાઈડ સહિતની કૃતિઓની રચના કરી એ ઘર હમણાં તૂટતાં તૂટતાં રહી ગયું છે. ચેન્નાઇમાં રહેતા નારાયણનાં પૌત્ર અને પૌત્રીએ જ આ બાંધકામ તોડી પાડી ત્યાં ભવ્ય કોમ્પ્લેક્સ બનાવવાનું આયોજન કરેલું. ઘર ભાંગવાનું ચાલુ થયું ત્યારે જ કોઈએ મૈસૂર કોર્પોરેશનનું ધ્યાન દોર્યું કે અહીં બાંધકામને નામે દાટ વળી રહ્યો છે. સત્તાધીશો તુરંત ત્યાં પહોંચ્યા અને મકાન તોડતા અટકાવ્યું. ૧૯૯૦ના દાયકામાં ચેન્નાઇ ટ્રાન્સફર થયા એ પહેલાં નારાયણ કેટલાક દાયકા અહીં રહેલા. યાદવાગીરી વિસ્તારના વિવેકાનંદ રોડ પર આવેલું આ મકાન નારાયણને ૧૯૪૮થી ૧૯૫૧ વચ્ચે બનાવડાવેલું. નારાયણના ભાઈ અને જાણીતા **કાર્ટુનિસ્ટ લક્ષ્મણ** પણ અહીં કેટલાક વર્ષ રહ્યા હતા.

**ઝવેરચંદ મેઘાણી**નું ચોટીલાના પોલીસ લાઇન વિસ્તારમાં આવેલું નાનકડું મકાન જોઈને લાગે નહીં કે અહીં બહુ મોટા માણસનો જન્મ થયો હશે! વીસેક ફીટ લાંબો અને ચૌદેક ફીટ પહોળો ઓરડો, બાજુમાં દસેક ફીટનું રસોડું, ઝુકીને અંદર જવું એવા જૂનવાણી બેઠા ઘાટના દરવાજા, માથે નળિયાં, રસોડામાં દેશી પાણિયારું, ખૂણામાં ચોકડી, દીવાલમાં ગોખલા અને લાકડાની ખીંટીઓ... સદ્‌ભાગ્યે મકાનની હાલત સારી કહી શકાય એવી છે. સરકારે આ ખાનદાની ખોરડું સારી રીતે જળવાઈ રહે એ માટે પૂરતા પ્રયાસો કર્યા છે. દીવાલો પર ઝવેરચંદ સંબંધિત ફોટોગ્રાફ્સ અને માહિતીના પોસ્ટરો લગાડેલાં છે, જે મુલાકાતીઓની જ્ઞાનવૃદ્ધિ કરે છે.

આમ, જુદા જુદા ક્ષેત્રના મહાનુભાવોના રહેઠાણોની વિગત રસપ્રદ છે અને કુતુહલભરી પણ છે. એમાં ફેર એ કે યુરોપ અને અમેરિકાની પ્રજા પોતાના લેખકો અને નેતાઓના સ્મારક જાળવી રાખે છે ત્યારે આપણે એ બાબતમાં ઠીક ઠીક ઉદાસીન છીએ. પરિણામે **ગાલીબ**ની કબર હોય કે **પ્રેમચંદ**ની જન્મભૂમિ હોય, આપણે ક્યાંય નોંધપાત્ર જાગૃતિ દાખવી નથી.

*ગુજરાત સમાચાર, તા. ૧૭-૧૨-૨૦૧૬*

## નોટબંધી
## અર્થતંત્રને નુકસાન / રોજ બદલાતા નિયમો

નોટબંધીના મહિના પછી “સેન્ટર ફોર મોનિટરીંગ ઈન્ડિયન ઈકોનોમિ” (સી.એમ.આઈ.ઇ.)એ રિપોર્ટ આપેલ છે કે ૫૦ દિવસમાં ભારતના અર્થતંત્રને ૧.૨૮ લાખ કરોડ રૂપિયાની નુકસાની જઈ શકે તેમ છે.

નોટબંધી મુદ્દે સરકાર મક્કમ છે પરંતુ મક્કમતાને ટેકો આપી શકે એવા આયોજનનો અભાવ છે. સરકારે અધૂરી તૈયારી સાથે નોટબંધીનો અમલ કરાવ્યો છે એમાં હવે કોઈ શંકા રહી નથી.

સરકારે જડબેસલાક આયોજન નહોતું કર્યું તેનો પુરાવો ૮ નવેમ્બર, ૨૦૧૬ પછી બે-ચાર દિવસમાં જ મળી ગયો જ્યારે ખબર પડી કે એટીએમ-બેન્કો - પોસ્ટ ઓફિસ સુધી નાણાં પહોંચાડી શકાય એવી સગવડ નથી. સરકારે રાતોરાત વાયુસેનાના વિમાનો ફાળવી દીધા. નોટોની હેરાફેરી વિમાન માર્ગે કરી. પરંતુ તે ક્યાં સુધી? જ્યારે નોટો જ ન હોય ત્યારે શું હેરાફેરી કરવી?

ગુજરાતમાં પટેલો તેના જડબેસલાક આયોજનો માટે જાણીતા છે. પટેલને ત્યાં લગ્ન હોય અને જમણવારનો ટાઈમ ૧૨.૩૦ વાગ્યાનો લખ્યો હોય તો પછી ૧ વાગે જમણવારના સ્થળે બુંગણ સંકેલાતા હોય. પરંતુ ગુજરાતી પટેલ ઉર્જિત પટેલ આયોજનના નામે મીંડું સાબિત થયા છે. સરકારને રાજી રાખવા માટે નોટબંધીના નિર્ણયને કાલ સવારે શું થશે તેનો વિચાર કર્યા વગર તેમણે અમલ કરાવી દીધો અને હવે ક્યાંય મોઢું બતાવી શકે તેમ નથી. ભારતીય રિઝર્વ બેંકના જ પૂર્વ ત્રણ ગવર્નરો સુબ્બારાવ, રઘુરામ રાજન અને અગાઉની નોટબંધી વખતે હતા એ આઈ.જી. પટેલ – એમ ત્રણમાંથી કોઈ પણ નોટબંધીનું સમર્થન કરતા નથી.

*ગુજરાત સમાચાર, તા. ૧૭-૧૨-૨૦૧૬*

## જુનિયર હોકી વર્લ્ડ કપમાં ભારત ચેમ્પિયન

જુનિયર વર્લ્ડ કપ હોકીમાં ભારત ઈતિહાસ સર્જીને ચેમ્પિયન બન્યું છે. તા. ૧૮-૧૨-૧૬ના રોજ લખનૌ ખાતે રમાયેલ ફાઈનલમાં ભારતે મજબૂત હરીફ બેલ્જિયમ સામે ૨-૧ ગોલથી ઐતિહાસિક જીત મેળવી હતી. ૧૫ વર્ષ બાદ ભારત ફરી એકવાર જુનિયર વર્લ્ડ કપ હોકીમાં વિશ્વ વિજેતા બન્યું છે. આ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમ અજેય રહી હતી અને તમામ ૬ મેચમાં જીત મેળવી હતી. ભારતે આ પહેલા ૨૦૦૧માં ઓસ્ટ્રેલિયાના હોબાર્ટમાં આર્જેન્ટીનાને ફાઈનલમાં હરાવીને ખિતાબ પર કબજો જમાવ્યો હતો.

*કચ્છમિત્ર, તા. ૧૯-૧૨-૨૦૧૬*

## જૈન ગ્રુપ અનાથ દીકરીઓનો નાથ બન્યું

શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ દ્વારા સમસ્ત જૈન સમાજનો ૨૬મો સમૂહ લગ્નોત્સવ લબ્ધિનિધાન વાટીકા લીલાશા કુટિયા - આદિપુર મધ્યે યોજાયો હતો. જેમાં ૨૦ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. **આ સમૂહ લગનમાં લોનાવાલા બાલાશ્રમની છ અનાથ કન્યાઓ પણ લગ્નગ્રંથિથી જોડાઈ હતી.**

કન્યાઓને સોના, ચાંદી, હીરા, મોતી, કપડાં, ઘરવખરી સાથેની ૩૦૧ આઈટમો વિવિધ દાતાઓ દ્વારા મળી હતી. વરરાજાઓને સૂટ તેમજ કન્યાઓને ચણિયા ચોળી પણ ગ્રુપ દ્વારા આપવામાં આવી હતી.

બપોરે સત્કાર અને અભિવાદન સમારોહનું અધ્યક્ષપદ તરુણભાઈ રતનશી લોડાયાએ સંભાળેલ હતું.

પ્રારંભે ગ્રુપના અધ્યક્ષ જયેશભાઈ જૈને આવકાર આપ્યો હતો. સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ગ્રુપ અનાથ દીકરીઓનો નાથ બન્યું છે. આશ્રમની દીકરીઓને પણ સમાજમાં લાવી નવો માર્ગ ચીંધ્યો છે.

સંચાલન ગ્રીષ્મા ઠક્કરે જ્યારે આભારદર્શન પ્રબોધ મુનવરે કર્યું હતું. વ્યવસ્થામાં જયેશ જૈન, ગોવિંદજી પટેલ, કિરણ દંડ, કુસુમ લાલકા, પ્રવીણ મોતા, વીરચંદ ખોના તથા ગ્રુપના કાર્યકર ભાઈ-બહેનોએ સહકાર આપ્યો હતો.

*કચ્છમિત્ર, તા. ૧૯-૧૨-૨૦૧૬*

## વેનેઝુએલામાં નોટબંધી ૭ દિ'માં રદ

વેનેઝુએલામાં નોટબંધી બાદ થયેલી હિંસા - લૂંટફાટને જોતાં સરકારે સપ્તાહના સમયગાળામાં જ આ નિર્ણય પાછો ખેંચી લીધો હતો.

પ્રેસિડેન્ટ નિકોલસ માદુરોએ ૧૧મી ડિસેમ્બરના સૌથી મોટા અને વધુ ચલણવાળી ૧૦૦ બોલિવરની નોટોને બંધ કરવાનું એલાન કર્યું હતું. જેનાથી રોકડની ભારે અછત થઈ ગઈ. નવી નોટો ન મળવાથી સંકટ ગંભીર બની ગયું હતું.

પ્રદર્શન અને પોલીસની સાથે સંઘર્ષમાં એક શખ્સનું મોત થયું હતું. દેશના કુલ ચલણનો ૭૭ ટકા હિસ્સો ૧૦૦ બોલિવરની નોટોનો હતો. જેથી જાન્યુઆરી સુધી આ નિર્ણયને ઠેલી નાખવામાં આવ્યો હતો.

સમાચાર એજન્સીના જણાવ્યા મુજબ, વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોએ નોટબંધીને રદ કરી નાખી હતી. લોકોને નોટબંધી માટે દસ દિવસનો સમય આપવામાં આવ્યો હતો. પરંતુ રોકડની ભારે અછતને લીધે ખાવાપીવાની ચીજો અને નાતાલની ભેટ ખરીદવામાં પણ લોકોને મુશ્કેલી પડી રહી હતી.

રાષ્ટ્રપતિએ નોટબંધી નિષ્ફળ બનાવવા પાછળ વિદેશી તાકાતો કામ કરી ગઈ હોવાનો આરોપ લગાવ્યો હતો.

વેનેઝુએલા તેલ સમૃદ્ધ દેશ છે. પરંતુ ક્રુડની આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ભારે ઘટાડાથી દેશના અર્થતંત્રમાં કટોકટી ઊભી થઈ હતી. અહીં આ વર્ષે ફુગાવાનો દર ૪૭૫ ટકા નોંધાઈ શકે છે, જે દુનિયામાં સૌથી વધુ છે. આ આશંકાથી ૧૦૦ બોલિવરનું મૂલ્ય ઘટીને ૬૭૫ રૂપિયા રહી ગયું હતું.

*કચ્છમિત્ર, તા. ૧૯-૧૨-૨૦૧૬*

## ગુજરાતમાં હૃદય પ્રત્યારોપણની પ્રથમ સિદ્ધિ

### ભાવનગરથી ૮૨ મિનિટમાં અમદાવાદ પહોંચેલું હૃદય ૪૯ વર્ષીય દર્દીના શરીરમાં પુનઃ ધબક્યું

માર્ગ અકસ્માતમાં બ્રેઈન ડેડ ૩૭ વર્ષીય યુવાનના શરીરમાંથી

એક એક સેકન્ડના હિસાબ સાથે સવારે ૮.૦૮ કલાકે કઢાયેલા હૃદયને ગ્રીન કોરીડોર અને ચાર્ટર વિમાનથી માત્ર ૮૨ મિનિટમાં ભાવનગરથી અમદાવાદ સિમ્સ ખાતે ૪૯ વર્ષીય દર્દીના શરીરમાં પુનઃ ધબકતું કરાયું હતું. ગુજરાતમાં સૌપ્રથમ સફળ પ્રત્યારોપણ કરનાર દેશના જાણીતા હૃદય સર્જન ડૉ. ધીરેન શાહ મૂળ કચ્છી છે. તેમણે ચાર સહયોગી સર્જન, ૩ એનેસ્થેટિક્સ સહિત ૧૧ જણની ટીમ સાથે સાત કલાકની જહેમત બાદ મેડિકલ ક્ષેત્રે ગુજરાતને વધુ એક સિદ્ધિ અપાવી હતી.

કચ્છમિત્ર સાથે આત્મસંતોષના સ્વરે વાત કરતાં ડૉ. ધીરેન શાહે કહ્યું, હવે કિડની, લીવર પ્રત્યારોપણની જેમ હવે હૃદય પ્રત્યારોપણ પણ દર્દીઓને નવજીવન આપી શકશે. જેનો સફળતાનો ગ્રાફ ૯૨ ટકાને ૧ વર્ષ જ્યારે ૬૦ ટકાને ૧૦ વર્ષનું સરેરાશ આયુષ્ય આપી શકે છે. પ્રત્યારોપિત દર્દીના મૂળ હૃદયે બ્લડપ્રેશર, બે હાર્ટ ઍટેક પછી કામ કરવાનું બંધ કરી દીધું હતું.

તબીબી પ્રક્રિયાની વાત કરતાં તેમણે કહ્યું, હું રવિવારની રાત્રે ભાવનગર પહોંચ્યો હતો. વહેલી સવારે હૃદય કાઢવાની પ્રક્રિયા શરૂ કરી હતી. પ્રથમ તેની તમામ વેઇન સીલ કરી થીજવી દેવાયું હતું. બરફના ખાસ બોક્સમાં નિયત તાપમાને સ્થિર કરાયા પછી ભાવનગર શહેરથી ઍરપોર્ટ માર્ગે ગ્રીન કોરીડોર બનાવાયો હતો. ત્યાં અગાઉથી ટેકઓફ માટે તૈયાર ખાસ ચાર્ટર પ્લેનથી અમદાવાદ ઍરપોર્ટ ઊતરાણ થયું અને ત્યાં પણ ગ્રીન કોરીડોર બાંધી સિમ્સ હોસ્પિટલમાં તૈયાર રખાયેલી પ્રક્રિયાના ભાગરૂપે ૯.૩૦ કલાકે સર્જરી શરૂ કરાઈ હતી. સાત કલાકની ગતિવિધિ બાદ બપોરે ૨.૦૨ મિનિટે ૪૯ વર્ષીય દર્દીની છાતીમાં ભાવનગરના ૩૯ વર્ષીય યુવાનનું હૃદય પુનઃ ધબકવા લાગ્યું હતું. ડૉ. શાહના જણાવ્યા મુજબ પ્રત્યારોપિત હૃદય પૂર્ણ ક્ષમતા સાથે કામ કરી રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષથી સતત પ્રયત્નશીલ રહેલા સિમ્સ હોસ્પિટલના આ વરિષ્ઠ હૃદય સર્જને સ્વપ્ન સાકાર થયાનો આનંદ દર્શાવ્યો હતો. સર્જરીમાં જાણીતા કાર્ડિયોલોજિસ્ટ ડૉ. મિલન ચગ જોડાયા હતા. ચેરમેન ડૉ. કેયૂર પરીખે ટીમ સિમ્સને અભિનંદન આપ્યા હતા. તો કચ્છી લેવા પટેલ હોસ્પિટલના અધ્યક્ષ અરજણભાઈ પિંડોરિયા અને ડાયરેક્ટર ડૉ. મહાદેવ પટેલે કચ્છી સર્જનની સિદ્ધિને વધાવી અભિનંદન આપ્યા હતા.

*કચ્છમિત્ર, તા. ૨૦-૧૨-૨૦૧૬*

## બ્રહ્મવિકાસ આયોગની રચના કરો

ગુજરાતના ૪૫૯ બ્રહ્મજ્ઞાતિ મંડળોના સમૂહ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ બ્રહ્મવિકાસ આયોગની માંગણી કરવામાં આવી છે. આ સંદર્ભે રાજ્યપાલ ઓ.પી. કોહલીને આવેદનપત્ર આપી દરમિયાનગિરી કરવા વિનંતી કરી છે.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના મહામંત્રી અને બ્રહ્મવિકાસ આયોગ આંદોલન સમિતિના કન્વીનર યજ્ઞેશ દવેએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આશરે ૬૨ લાખ બ્રાહ્મણો છે. તેમના આર્થિક, શૈક્ષણિક તથા સામાજિક ઉત્કર્ષ અને માવજત માટે બ્રહ્મવિકાસ આયોગની માંગણી તત્કાલીન મુખ્યપ્રધાન આનંદીબેન પટેલે પ્રધાન નીતિન પટેલના અધ્યક્ષસ્થાને નીમેલી સમિતિ સમક્ષ ઓગસ્ટ-૨૦૧૫માં કરી હતી. જે અંગે આજ સુધી કોઈ સકારાત્મક પગલાં ભરવામાં આવ્યા નથી. અમે અનામત નથી માંગતા પણ બ્રાહ્મણોના વિકાસ માટે આયોગની માંગણી કરીએ છીએ. આ સંજોગોમાં પ્રતીકાત્મક કાર્યક્રમ રૂપે અમદાવાદમાં ૨૨મી ડિસેમ્બરે ઇન્કમટેક્ષ ખાતે સાંજે ૪ કલાકે બ્રહ્મ માનવ સાંકળનું આયોજન કરવામાં આવ્યું છે. દવેએ વધુમાં કહ્યું કે બ્રહ્મવિકાસ આયોગ આંદોલન સમિતિ દ્વારા ગત તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ ટ્વીટર ઉપર ટ્વિટ કરવાની હાકલ કરાઈ હતી. તેને ગુજરાત સહિત સમગ્ર દેશભરમાંથી આક્રમક પ્રતિસાદ સાંપડ્યો હતો. રાત્રિના ૮થી ૧૨ સુધીના સમયગાળામાં કુલ ૧,૪૫,૦૦૦ જેટલાં ટ્વિટ સમગ્ર દેશમાંથી બ્રહ્મ બંધુ - ભગિનીઓ દ્વારા થયા હતા. બ્રાહ્મણોના આક્રમક ટ્વિટથી સફાળા જાગેલા તંત્ર દ્વારા બ્રહ્મવિકાસ આયોગ આંદોલન સમિતિના સહકન્વીનર હેમાંગ રાવલનું ટ્વિટર એકાઉન્ટ બ્લોક કરવામાં આવ્યું હતું. હાલમાં બ્રહ્મવિકાસ આયોગ આંદોલનને ફેસબુક અને ટ્વિટર ઉપર જોરદાર પ્રતિસાદ સાંપડી રહ્યો છે. તેમણે ચીમકી ઉચ્ચારી હતી કે રાજ્ય સરકાર બ્રાહ્મણોની આયોગ અંગેની માંગણી નહીં સ્વીકારે તો ગુજરાતના ૬૨ લાખ બ્રાહ્મણો ઉગ્ર આંદોલન કરતા અચકાશે નહીં.

*કચ્છમિત્ર, તા. ૨૦-૧૨-૨૦૧૬*

## કચ્છની નર્મદા નહેરમાંથી રોજ ૧૨૫ એમ.એલ.ડી. પેયજળ લેવાશે

દર વર્ષે ઉનાળાનો સમય આવે ને કચ્છમાં નર્મદાનાં પેયજળની સમસ્યા સર્જાય અને જથ્થો પૂરતા પ્રમાણમાં નહીં મળવાના કારણે જ્યાં જ્યાં નર્મદાના પાણીનું વિતરણ થાય છે ત્યાં પાણીનો પોકાર સર્જાતો હોય છે. તેનો ઉકેલ લાવવા કચ્છની નર્મદા કેનાલમાંથી ૧૨૫ એમ.એલ.ડી. પાણી ભચાઉ પાસેથી ઉપાડવા સહિતના રૂા. ૨૩૦ કરોડના કામોને લીલીઝંડી અપાઈ છે.

તાજેતરમાં ગાંધીનગર ખાતે નર્મદાનાં પાણીની વિતરણ વ્યવસ્થા સંભાળતી જી.ડબલ્યુ.આઈ.એલ.ની મળેલી બેઠકમાં જુદા જુદા કામોનો નિર્ણય લઈ તેમાંથી મોટાભાગના કામોને મે ના અંત સુધીમાં પૂર્ણ કરવાની સુચના આપવામાં આવી હતી.

બેઠકમાં હાજર રહેલા સુત્રોએ સત્તાવાર રીતે માહિતી આપીને રૂા. ૨૩૦ કરોડ ફાળવાયા હોવાને સમર્થન આપ્યું હતું. અત્યારે માળિયાથી કચ્છને મળતો ૨૫૦ એમ.એલ.ડી. પાણીનો જથ્થો અપૂરતો હોય છે અને તેમાંય ગરમીના દિવસોમાં પાણીની ખેંચ થાય છે તે નિવારવા તાકીદ કરવામાં આવી હતી.

મળેલી માહિતી પ્રમાણે કચ્છ બ્રાંચ કેનાલ સિંચાઈના પાણીની નહેર ભચાઉ પાસેના લોધેશ્વર ફાટક પાસે પહોંચી આવી હોવાથી ત્યાંથી ભચાઉ ગુરુકુળ સુધી પીવાનાં પાણીનું પમ્પિંગ સ્ટેશન છે એ સ્થળે ૪.૫૦ કિ.મી.ની પાઈપલાઈન નાખવામાં આવશે.

કેનાલમાંથી પાણી ઊંચકીને પમ્પિંગ સ્ટેશન સુધી પાઈપલાઈન વટે ૧૨૫ એમ.એલ.ડી. પાણીનો દૈનિક ઉમેરો કરવા પાછળ રૂા. ૨૮ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

સુત્રોના કહેવા પ્રમાણે પાઈપલાઈન વાટે ખીરઈથી ૨૨૦થી ૨૫૦ એમ.એલ.ડી. પાણી દરરોજ આવે છે તેમાં ૧૨૫ એમ.એલ.ડી.નો ઉમેરો થતાં ૩૨૫થી ૩૫૦ એમ.એલ.ડી. જથ્થો દરરોજ મળતો થઈ જવાની ધારણા છે.

કારણકે કચ્છની જરૂરિયાત પૂરી કરવા ગાંધીધામ પાસેના ટપ્પર ડેમમાંથી પાણી લઈને નર્મદાના પેયજળમાં મિક્સ કરવામાં આવે છે. એટલે આ ડેમનો જથ્થો બચત થશે અને જ્યારે જરૂર પડશે ત્યારે જ ઉપયોગ કરવામાં આવશે. જૂનની શરૂઆતથી પાણી લઈ લેવાનું આયોજન ગોઠવવામાં આવ્યું છે.

*કચ્છમિત્ર, તા. ૨૩-૧૨-૨૦૧૬*

## કાળાં નાણાં સામે મોદીનો જંગ કેટલો સફળ?

### ૯૭% રકમ બેન્કોમાં જમા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું કાળું નાણું ડામવાનું નોટબંધીનું પગલું નિષ્ફળ ગયું છે. **રૂા. ૧૫.૪૪ લાખ કરોડની રદ્દ થયેલી ૧૦૦૦** અને ૫૦૦ની નોટમાંથી બેન્કોમાં રૂા. ૧૪.૪૦ લાખ કરોડ અને પોસ્ટ ઓફિસમાં રૂા. ૬૦,૦૦૦ કરોડ જમા થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સુત્રોએ જણાવ્યું હતું કે આમ હવે માત્ર ૪૪,૦૦૦ કરોડની રકમ જ બજારમાં છે અને એ પણ પાછી આવી જાય તેવી સંભાવના છે.

વડાપ્રધાન મોદીએ નોટબંધીની જાહેરાત કરી ત્યારે કાળું નાણું ડામવા માટે આ પગલાં લેવાયા હોવાની દલીલ કરી હતી. ધીમે ધીમે વધુને વધુ રકમ જમા રહી હોવાના અહેવાલો આવતા સરકારે કેશલેસ અને ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થાના ગાણા શરૂ કર્યા હતા. આજે પરિસ્થિતિ એવી છે કે બધી જ રકમ બેન્કમાં જમા થઈ ગઈ છે. નવી નોટ છાપી બેન્કો સુધી પહોંચાડવામાં રિઝર્વ બેન્ક નિષ્ફળ ગઈ છે. ડિજિટલ પેમેન્ટની વ્યવસ્થા વધુ આકર્ષક બનાવવા સરકારે ઇનામો અને ડિસ્કાઉન્ટની પણ જાહેરાત કરવી પડી છે. છતાં સ્થિતિ સુધરી નથી.

બેન્કો પાસે જમા થયેલી રકમ રૂા. ૧૪.૪૦ લાખ કરોડ છે. અમારી ગણતરીમાં પોસ્ટ ઓફિસમાં જમા થયેલી રકમનો સમાવેશ થતો નથી. માત્ર બેન્કિંગ સિસ્ટમની જ ગણતરી કરીએ છીએ.' એમ નાણા મંત્રાલયના એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું. વધુ રકમ અંગે નાણા મંત્રી અરુણ જેટલીએ નિવેદન કર્યું હતું કે બેન્કો દ્વારા કદાચ એકની એક રકમ બે જગ્યાએ ગણાઈ ગઈ હોય એવું બને. એટલે આંકડો મોટો લાગે છે. પરંતુ ટોચની બેન્કો માને છે કે આંકડામાં કોઈ ભૂલ હોવાની સંભાવના નથી. અમારી રિપોર્ટિંગ સિસ્ટમ ખોટી ના હોઈ શકે. અમે રોજિંદા હિસાબ રાખીએ છીએ. અમારી દૃષ્ટિએ બેન્કોનો આંકડો સાચો જ છે. એમ એક જાહેર ક્ષેત્રની બેન્કના અધિકારીએ જણાવ્યું હતું.

*ગુજરાત સમાચાર, તા. ૨૪-૧૨-૨૦૧૬*

## પ્રજા દ્વારા રાષ્ટ્રદ્રોહ

નોટબંધીના સંદર્ભમાં સરકારના વ્યવસ્થાતંત્રની ટીકા હવે સર્વસામાન્ય બની ગઈ છે અને જેમ જેમ દિવસો પસાર થતા જાય છે તેમ તેમ લોકોનો અજંપો વધતો જાય છે. એટલે કે સરકારના પક્ષે રહેલી નિષ્ફળતા તરફ આંગળી ચિંધવામાં દેશની પ્રજા વ્યસ્ત છે. પરંતુ આ પ્રવૃત્તિમાં પ્રજાનું પોતાનું આત્મદર્શન ચૂકી જવાયું હોય એવું લાગે છે. ભારતીય પ્રજામાં એ તો બહુ નવાઈની વાત છે કે ઘણો મોટો વર્ગ એવો છે જેણે સરકારના નોટબંધીના નિર્ણયને નિષ્ફળ કરવાના સામૂહિક પ્રયત્નોનું પાપ આચર્યું છે. આ પ્રજાનો એવો મોટો વર્ગ છે જેને કોંગ્રેસ કે ભાજપ કે અન્ય કોઈ પક્ષો સાથે લેવાદેવા નથી. તો પણ નોટબંધી પ્રકરણમાં સતત ગેરશિસ્તનું આચરણ ક્યું છે. **આપણા દેશમાં સવાસો કરોડ લોકોમાંથી અનેક લોકોએ પોતાના ખાતામાં બીજાના કાળા નાણાં પધરાવ્યા છે.** આ એ લોકો છે જેનો અપરાધ તાત્ત્વિક રીતે શ્રીમાન ૪૨૦ ભજીયાવાલાથી ઓછો નથી. કીડી મારવાનું અને હાથીને મારવાનું પાપ ચિત્રગુપ્તના ચોપડામાં તો એકસમાન જીવહિંસા તરીકે લેખાય છે. કોઈએ કમિશન લીધું છે તો કોઈએ સેટીંગ ગોઠવી આપ્યું છે. નોટબંધીને કારણે આપણને પહેલીવાર ખબર પડી કે આપણા સમાજમાં કાળા નાણાંને પ્રોત્સાહન આપનારા અપરાધીઓ અને એ અર્થમાં દેશદ્રોહીઓની સંખ્યા બહુ જ મોટી છે. આપણામાંના મોટાભાગના લોકોએ આ દિવસોમાં નિયમભંગ કર્યા છે અને સામૂહિક ગેરશિસ્તનું વરવું પ્રદર્શન કર્યું છે. એક પ્રજા તરીકે આપણામાં છૂપાયેલી હીણપત બહાર આવી છે એ સૌથી મોટા અફસોસની વાત છે. કાળની કેડીએ આગળ જતા નોટબંધી સફળ નીવડે કે નિષ્ફળ એ બીજો પ્રશ્ન છે પરંતુ પહેલો પ્રશ્ન એ છે કે કાળા નાણાંને નાબૂદ કરવામાં પ્રજાની પોતાની ઇચ્છાશક્તિનો અભાવ સપાટી પર જોવા મળે છે. સામાન્ય નાગરિક હેરાન થયો એના કરતાંય નાગરિકોમાં રહેલી રાષ્ટ્રને હેરાન કરવાની વૃત્તિ ખતરનાક છે. એવા નામી - અનામી લોકોને ઇતિહાસ કદી માફ નહીં કરે. નોટબંધીએ આપણા પ્રજા તરીકેના સંસ્કાર સામે દર્પણ ધર્યું છે અને એમાં દેખાતું પ્રતિબિંબ બહુ સારું નથી.

*ગુજરાત સમાચાર, તા. ૨૪-૧૨-૨૦૧૬*

## કચ્છમાં શિયાળો ગાળવા આવતા હજારો વિદેશી પક્ષીઓ

### રાપરના કુડાના રણમાં ફ્લેમિંગોની નવી વસાહત મળી આવી : હજારો ઇંડા મળ્યાં

કચ્છમાં શિયાળો ગાળવા માટે સદીઓથી આવતા રા'લાખેજા મહેમાન ફ્લેમિંગો કે જે સાયબરિયા જેવા ઠંડા પ્રદેશમાંથી હજારો કિ.મી.ની સફર ખેડીને કચ્છના રણમાં માળા બનાવી ઈંડા મૂકી, સેવન કરી, બચ્ચા ઉછેરી શિયાળાના અંત સુધીમાં પરત ફરે છે. કચ્છમાં કચ્છના મોટા રણમાં ફ્લેમિંગો માટે અંડાબેટ (ફ્લેમિંગો) સીટી તરીકે ઓળખાતા વિસ્તારમાં જવા માટે પાણીમાં હોડી દ્વારા જવું પડે છે. પરંતુ છેલ્લા ૮ વરસથી ધોરડો રણોત્સવ તથા અંડાબેટ જોવા આવતા પ્રવાસીઓની ખલેલના લીધે આ ફ્લેમિંગો સીટીમાં પક્ષીઓ ઘટવા લાગ્યા ત્યારે પાંચ વરસથી અગાઉ રાપરના શિરાની વાંઢ, અમરાપરના રણમાં પાંચ લાખથી વધુ ફ્લેમિંગોએ નવી વસાહત ઊભી કરી હતી. જેમાં વીજ વાયરના લીધે હજારો પક્ષીઓના મોત થયા હતા.

તે વખતે પક્ષીઓ ઉડી ગયા બાદ તેના બચ્ચા અને રણમાં રઝળતા ઈંડા જોવા મળેલા. એટલે આજુબાજુમાં ફ્લેમિંગોએ નવી વસાહત ઊભી કરી હોવાનો અણસાર જે તે વખતે વ્યક્ત કર્યો હતો. પરંતુ વનતંત્રની ઢીલી નીતિ કહો કે અણ આવડત, જે હોય તે પરંતુ તે વખતની નવી વસાહતને ઉજાગર થતી જોવા મળી હતી.

રાપરના કુડા લોદ્રાણીથી બીએસએફની ચોકીથી રણમાં ૪૦

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૬ ઉપર)**

# ગાંધીનગર ગાથા

• શ્રીમતી વર્ષા જયંત મહેતા •

## સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ

કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગર દ્વારા સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ખીમજી વિશ્રામ હોલ, કડી કેમ્પસ ખાતે યોજાયો હતો. દર વર્ષે આ કાર્યક્રમ ડિસેમ્બર માસના ત્રીજા રવિવારે યોજવામાં આવે છે. જે અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોએ ભાગ લીધો હતો. સૌપ્રથમ કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષા મહેતાએ ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું જેમાં શ્રી માવજીભાઈ રંગાણી (પ્રમુખશ્રી), શ્રી રમેશભાઈ રાઠોડ, શ્રી રિધ્ધીશભાઈ જોશી તેમજ શ્રી પ્રકાશભાઈ બારોટ (તંત્રીશ્રી, ધરતીના લાલ) જોડાયા હતા. બે મિનિટ શહીદોની તેમજ દિવંગત આત્માઓની શાંતિ માટે મૌન પાળવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆતમાં કુ. વિશ્વાએ ગણપતિ સ્તુતિ રજૂ કરી હતી. કુ. નંદિની મકવાણાએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. કુ. સ્નેહા માલી, દર્શન માલી, અવનિ જોશીએ વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા. ત્યારબાદ કચ્છ મિત્ર મંડળના ધોરણ-૧થી સ્નાતક - અનુસ્નાતક કક્ષાના તેજસ્વી તારલાઓને શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર તથા શ્રી રિધ્ધિશભાઈ જોશી, શ્રી માવજીભાઈ રંગાણી, શ્રી રમેશભાઈ રાઠોડ, શ્રી પ્રકાશભાઈ બારોટે રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કર્યા હતા. પ્રમુખ શ્રી માવજીભાઈ રંગાણીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

ત્યારબાદ ઈન્ટરનેશનલ કોમેડી કિંગ (મલ્ટીપર્પઝ આર્ટીસ્ટ) શ્રી ઉમેશ રાવે હાસ્યસભર કાર્યક્રમ આપ્યો હતો. કચ્છ મિત્ર મંડળના તમામ સભ્યોએ આ હાસ્યરસ માણ્યો હતો.

કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારોને શ્રી પૃથ્વીભાઈ શાહ તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે કડી કેમ્પસમાં ઉપસ્થિત તમામ પ્રેક્ષકોને પ્રમુખશ્રી માવજીભાઈ રંગાણી તરફથી ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌએ સમૂહભોજન લીધું હતું.

આ પ્રસંગે કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગરના મોટાભાગના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદ કચ્છી સમાજ તરફથી શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી વર્ષાબેન મહેતાએ કર્યું હતું. કાર્યક્રમની સફળતા માટે પ્રજ્ઞાબેન જોશી, વર્ષા મહેતા, દીપક તન્ના, નીલેન્દુભાઈ વોરા તેમજ સર્વે સભ્યોએ યોગદાન આપ્યું હતું.

## સ્નેહ મિલન કાર્યક્રમ - ૨૦૧૬

સૌરાષ્ટ્ર - કચ્છ સેવા સમાજ ટ્રસ્ટ - ગાંધીનગર તરફથી ગાંધીનગરના પરિવારો માટે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ટાઉનહોલ ખાતે સૌએ એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ સમૂહ ભોજન લીધું હતું. આ પ્રસંગે ગાંધીનગર ટાઉનહોલ ખાતે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. કલાગુર્જરી (કલાસંસ્થા) તથા સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા કચ્છના કલાકારોના કામણ "સરહદના સૂર" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જોડિયા પાવા, સંતાર, નોબત, શરણાઈ, મોરચંગ જેવા વિસરાઈ ગયેલા વાદ્યો આધારિત કચ્છી કલાકારો દ્વારા સંગીતમય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમે ભારે જમાવટ કરી હતી. આ કચ્છની ધીંગી ધરાના ગાયકો અને વાદકોની સૂરીલી રજૂઆત માણવા મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. કાજલ છાયા, કૌશલ છાયા, મહેશ ગોસ્વામી, ઉમેશ જડિયા, નિર્મલ સંઘવી, રવાભાઈ વાઢા, હીરાભાઈ ખજુ, આસિફ સોરઠિયા, ફઝલ સોરઠિયા, જીતેન કટ્ટા, આકીલ ઝેરીયા, દક્ષ છાયા – આ સૌ કલાકારોએ કચ્છની યાદ અપાવી હતી. સૌ કલાકારો અભિનંદનીય છે. પ્રેક્ષકોને છેક સુધી જકડી રાખી સરહદના સૂરમાં તલ્લીન કર્યા હતા.

## સ્વેટર વિતરણ

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા અને સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલના સહયોગથી ગાંધીનગરની બાજુમાં આવેલ આદીવાડા ગામમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૧૦૦થી વધુ બાળકોને સ્વેટર વિતરણ કરાયું હતું. ગાંધીનગરમાં ઠંડીનું પ્રમાણ શિયાળામાં વધુ રહે છે ત્યારે આ શ્રમિકોના બાળકોને સ્વેટરની ખાસ જરૂરિયાત રહે છે. સ્વેટર મળતાં બાળકોના ચહેરા પર ખુશાલી જણાતી હતી. ■

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ

### દિવાળી સ્નેહમિલન તથા સરસ્વતી સન્માન સમારોહ રંગેચંગે ઉજવાયો

શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ તરફથી તા. ૨૦-૧૧-૨૦૧૬ના રોજ દિવાળી સ્નેહમિલન - સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત કુ. પરી સુનીલભાઈ દાવડા દ્વારા પ્રાર્થનાગીત ગાઈને કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રમુખ શ્રી જગદીશભાઈ અનમ એ સમાજે કરેલ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ અંગે જ્ઞાતિજનોને માહિતગાર કર્યા હતા.

કાર્યક્રમના વિવિધ પ્રકારના સૌજન્ય દાતાઓનું સ્ટેજ પર અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમાજના પ્રતિષ્ઠિત મેગેઝિન 'લોહાણા પ્રકાશ'ના તંત્રી મંડળના સભ્યો ઘનશ્યામભાઈ ઠક્કર, નવીનભાઈ ચંદે, દિનેશભાઈ મહેતા, ચારૂબેન રંગવાલા તથા કિરણબેન ઠક્કરનું વર્ષ દરમિયાનના તેમના યોગદાન બદલ સન્માન કરવામાં આવેલ. તદુપરાંત કનૈયાલાલ ઠક્કર તથા શામજીભાઈ ગણાત્રાનું તેમના 'લોહાણા પ્રકાશ' માટેના વિશિષ્ટ યોગદાન બદલ સન્માન કરવામાં આવ્યું હતું. અનુક્રમે તેઓશ્રી ઇંદોર તથા મુંબઈથી આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આપણા સમાજના ભૂતપૂર્વ ઉપપ્રમુખશ્રી તથા લીગલ ઍડવાઈઝર ભરતભાઈ ઠક્કર પૂનાથી ખાસ હાજર રહ્યા હતા. તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

સરસ્વતી સન્માન સમારોહના ધોરણ-૭થી ધોરણ-૧૨ના સૌજન્ય દાતાઓનું સન્માન કારોબારીનાં સભ્યો દ્વારા બુકે આપીને કરાયું હતું. સૌજન્યદાતાઓ દ્વારા ધોરણ-૭થી ધોરણ-૧૨ના સમાજનાં તેજસ્વી વિદ્યાર્થીઓને સ્ટેજ પર બોલાવીને પારિતોષિક, ફુલનો ગુલદસ્તો તથા સર્ટિફિકેટ એનાયત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. દર વર્ષે મુજબ આ વર્ષે પણ ૧૨ વર્ષથી નીચેના બાળકોને પ્રોત્સાહન મળે તે હેતુથી સરપ્રાઈઝ ગીફ્ટનું વિતરણ સૌજન્યદાતા ચમનલાલ પલણ વતી 'સેતુ'ના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

તમામ જ્ઞાતિજનોએ દિવાળી સ્નેહમિલન નિમિત્તે એકબીજાને શુભેચ્છા સંદેશ પાઠવીને સમગ્ર કાર્યક્રમને ખૂબ જ ઉત્સાહભેર માણ્યો હતો. મંત્રી શ્રી જયેશભાઈ ઠક્કર દ્વારા વિધિવત્ આભારવિધિ કરવામાં આવી હતી અને કાર્યક્રમનું સમાપન સમૂહ આરતી તથા પ્રસાદ ભોજન માણીને કરવામાં આવ્યું હતું.

## અખિલ ભારતીય નિબંધ લેખન સ્પર્ધામાં ભુજની એન્કરવાલા સ્કૂલનો દબદબો

ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોના સિંચન માટે સમગ્ર દેશના બાળકોમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરતી સંસ્થા "વિદ્યા ભારતી સંસ્કૃતિ શિક્ષા અભિયાન સંસ્થાન" કુરુક્ષેત્ર દ્વારા અખિલ ભારતીય સ્તરે – વિદ્યાભારતી સ્તરે ગુજરાત રાજ્યના ૭ વિભાગો – કચ્છ, સૌરાષ્ટ્ર, દ્વારકા, સોમનાથ, પાટણ, મહેસાણા, વડોદરા, સુરત સહિત કચ્છ વિભાગની ૨૪ શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા આચાર્યશ્રીઓ માટે દર વર્ષે યોજાતી નિબંધ લેખન સ્પર્ધામાં, કચ્છ યુવક સંઘ સંચાલિત ૪ શાળાઓએ સને ૨૦૧૬માં યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધેલ. જેમાં ભુજની માતુશ્રી ઉમરબાઈ લાલજી એન્કરવાલા વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓ તથા આચાર્યશ્રીએ રાજ્ય કક્ષાએ ઉચ્ચ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે.


**ચિરાગ મેહુલભાઈ મહેતા**


**કિંજલ હીરજીભાઈ ખેતાણી**


**શ્રીમતી હેતલબેન વિરલભાઈ રાણા**

વિદ્યાર્થીઓના વર્ગ માટે નિબંધનો વિષય "મારા રાજ્યના મુખ્ય તીર્થ સ્થાનો" હતો જેમાં શાળાના ધોરણ-૫ માં અભ્યાસ કરતાં **ચિરાગ મેહુલભાઈ મહેતા**એ વિભાગ કક્ષાએ કચ્છમાં પ્રથમ અને ગુજરાત રાજ્ય કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ. જ્યારે **કુ. કિંજલ હીરજીભાઈ ખેતાણી**એ કચ્છ વિભાગમાં તથા રાજ્ય સ્તરે તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

સંલગ્ન શાળાના આચાર્યશ્રીઓ માટે "શિવ દર્શનના પુનરોદયમાં આચાર્ય અભિનવ ગુપ્તાની ભૂમિકા" વિષય પર શાળાના પ્રધાનાચાર્ય **શ્રીમતી હેતલબેન વિરલભાઈ રાણા**એ

કચ્છ વિભાગમાં બીજું, જ્યારે રાજ્ય કક્ષાએ પાંચમું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

## શ્રી કચ્છી વડનગરા નાગર મંડળ - અમદાવાદ દ્વારા સ્નેહ મિલનનું આયોજન

શ્રી કચ્છી વડનગરા નાગર મંડળ – અમદાવાદ દ્વારા ગત દીપાવલી પ્રસંગે એક સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીના ભાગરૂપે તથા નવા વર્ષનું સ્વાગત આનંદ અને ઉલ્લાસથી થાય તે હેતુથી રંગારંગ કાર્યક્રમ ''આગમન''નું આયોજન કરવામાં આવ્યું હતું. ''આગમન''ના પ્રથમ અધ્યાયને યાદગાર બનાવવા શ્રી મંડળ દ્વારા પ્રથમ વખત એક સ્નેહ મિલન તથા સંગીત નૃત્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નાના ભૂલકાઓથી માંડી વડીલોએ ઉત્સાહભેર ગાયન તથા નૃત્યની રજૂઆત કરી વાતાવરણને કલામય કરી નાખ્યું હતું.

કાર્યક્રમમાં શ્રી મંડળ દ્વારા સાહિત્ય ક્ષેત્રે ઘણી નામના અને પારિતોષિક મેળવનાર શ્રીમતી પુષ્પાબેન વિનેશભાઈ અંતાણી અને શ્રી વિનેશભાઈ દિનકરરાય અંતાણીનું બહુમાન કરવામાં આવ્યું હતું.

અંતમાં ''આગમન''ને સફળ બનાવવા બદલ પોતાનો સંગીતમય ફાળો આપનાર ગાયકવૃંદ અને ઓરકેસ્ટ્રાનો શ્રી મંડળે હાર્દિક આભાર માનેલ. કાર્યક્રમના અંતે જ્ઞાતિજનોએ સ્વાદિષ્ટ મેનુનો આનંદ માણેલ. ■

*અંધકાર સામે લડવા માટે અંધારું ન ચાલે, દીવો જોઈએ.*
*એક નાનકડો દીવો પણ જો હાથમાં હશે તો અંધકાર સામે લડવા માટે એ પણ પૂરતો થઈ રહેશે.*

## ટમ ટમ તારલિયા

(અનુસંધાન : પાના નં.-૭૨ ઉપરથી ચાલુ)

### સિરીયાની બરબાદી

સિરીયાની ૬૦ ટકા વસતિ હિજરત કરી ચૂકી છે. ૧૧ ટકા વસતિના મૃત્યુ થયા છે. લગભગ એક પણ નાગરિક એવો નહીં હોય કે જે બોંબમારા, ભાગદોડ, ઈમારત ધ્વંશ થવાથી ઘાયલ ના થયો હોય. દેશની ૪૦ ટકા મહિલાઓ પર તમામ પ્રકારનો ત્રાસ ગુજારાયો છે.

### રાહુલ ગાંધીની જાહેરાત પ્રમાણે સહારાએ નરેન્દ્ર મોદીને ક્યારે કેટલા નાણાં આપ્યા

| *તારીખ* | *નાણાંની રકમ* |
|---|---|
| ૩૦ ઓક્ટોબર, ૨૦૧૩ | રૂા. ૨.૫૦ કરોડ |
| ૧૨ નવેમ્બર, ૨૦૧૩ | રૂા. ૫.૦૦ કરોડ |
| ૨૭ નવેમ્બર, ૨૦૧૩ | રૂા. ૨.૫૦ કરોડ |
| ૨૯ નવેમ્બર, ૨૦૧૩ | રૂા. ૫.૦૦ કરોડ |
| ૧૯ ડિસેમ્બર, ૨૦૧૩ | રૂા. ૫.૦૦ કરોડ |
| ૬ ડિસેમ્બર, ૨૦૧૩ | રૂા. ૫.૦૦ કરોડ |
| ૧૩ જાન્યુઆરી, ૨૦૧૪ | રૂા. ૫.૦૦ કરોડ |
| ૨૨ જાન્યુઆરી, ૨૦૧૪ | રૂા. ૫.૦૦ કરોડ |
| ૨૮ જાન્યુઆરી, ૨૦૧૪ | રૂા. ૫.૦૦ કરોડ |

## વર્તમાન પત્રોના આધારે

(અનુસંધાન : પાના નં.-૮૩ ઉપરથી ચાલુ)

કિ.મી.નો જીરો લાઈનમાં માર્ગ બન્યો હતો. ત્યારે આ માર્ગ પરથી આવતા બીએસએફના અધિકારીઓએ વન વિભાગને જાણ કરેલ. ત્યારે પૂર્વ કચ્છના ડીએફઓ રાપર ઉત્તર રેન્જના આરએફઓને તપાસ કરવા માટે કહેતાં, રાપર ઉત્તર રેન્જના વનપાલ અને ગાર્ડે રણમાં ૧૧ કિ.મી. દૂર હજારો માળા અને ફ્લેમિંગોના ઈંડા તથા રણમાં કલરવ કરતા ૬૦૦થી વધુ નાના બાળ સુરખાબ શોધી કાઢ્યા હતા. ત્યારબાદ ડીએફઓ દ્વારા વાઈલ્ડ લાઈફ સીસીએફ અને કચ્છના સીસીએફને જાણ કરાતા ફ્લેમિંગોની આ વસાહત અંગે રૂબરૂ તપાસ કરવા માટે કહેલ. ત્યારે ડીએફઓ સહિતનાએ રણમાં તપાસ કરતાં હજારોની સંખ્યામાં ૩ વર્ષ જૂના ફ્લેમિંગોની માળાની વસાહત મળી આવી હતી. આ વસાહત ઉપરાંત માર્ગની અંદર ૧ કિ.મી. દૂર વર્ષો જૂની વસાહત હોવાના પણ અવશેષ મળી રહ્યા છે. વનતંત્રની ટીમ દ્વારા ફ્લેમિંગો ઈંડા તથા માળાનું લેબ ટેસ્ટિંગ કરી ગાંધીનગર ખાતે રિપોર્ટ કરવામાં આવ્યા હતા.

કુદરતની સુંદર કળા સમાન કુડા લોદ્રાણી રણમાં આમ માનવી માટે પ્રતિબંધિત વિસ્તાર છે. એટલે આ વિસ્તાર વિદેશી પક્ષીઓ માટે ખૂબ આવકારદાયક છે. એટલે આ વિસ્તારનો વનતંત્ર દ્વારા વિકાસ કરવા માટે ઉચ્ચાધિકારીઓની ટીમ રૂબરૂ મુલાકાત લે તેવી શક્યતા છે. પૂર્વ કચ્છના ડીએફઓ અગાઉ પણ કચ્છમાં ફરજ બજાવી ગયા છે અને કચ્છના લગભગ વિસ્તારોથી વાકેફ છે. એટલે ખડીર શિરાની વાંઢ, કુડા, લોદ્રાણી અને મૌવાણા રણ પ્રદેશમાં પક્ષીઓની કલરવ ગુંજતી થાય તો નવાઈ નહીં. વાગડનો રાપર તાલુકો ઘુડખર અભયારણ્ય છે.

તેમાં ફ્લેમિંગોની વસાહત મળતાં આ તાલુકામાં અભયારણ્યમાં વધારો થાય તેવા સંકેતો મળી રહ્યા છે. ૬૫ કિ.મી. રણમાં માત્ર ૧૧ કિ.મી.ના અંતર સુધી હજારોની સંખ્યામાં માળા મળી આવ્યા છે. તો ઉંડા રણમાં કેટલા હશે તેવા સવાલો થાય છે.

*ગુજરાત સમાચાર, તા. ૨૫-૧૨-૨૦૧૬*

# વતનના વાવડ

● સંકલન : ભરત ઓઝા ●

## કચ્છી સંસ્કૃતિના પરિવ્રાજક : સ્વ. પ્રેમજીભાઈ ઠક્કર

સ્વ. પ્રેમજીભાઈ કચ્છી સંસ્કૃતિના પરિવ્રાજક હતા તેવું પૂર્વ મહેસૂલ મંત્રીની ૪૧મી પુણ્યતિથિએ આયોજિત શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાનેથી બોલતાં જાણીતા કવિ જયંતી જોષી 'શબાબ'એ ભુજ ખાતે જણાવ્યું હતું. કચ્છના લોકનેતા તથા ગુજરાત રાજ્યના પૂર્વ મહેસૂલ મંત્રી સ્વ. પ્રેમજીભાઈ ઠક્કરની ૪૧મી પુણ્યતિથિ નિમિત્તે પ્રેમજીભાઈ ઠક્કર મેમો. ટ્રસ્ટના ઉપક્રમે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. પ્રારંભમાં ટ્રસ્ટના પ્રમુખ શંકરભાઈ સચદેએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પુષ્પદાનભાઈ ગઢવી, શિવદાસભાઈ પટેલ, શિવજીભાઈ આહીર, ડૉ. કાંતિભાઇ ગોર વગેરે ઉપસ્થિત રહી પ્રેમજીભાઈની પ્રતિમા તથા તૈલચિત્રને ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. અતિથિવિશેષ ડૉ. ચંદ્રહિંસજી જાડેજાના હસ્તે કુ. વૃંદા કિશોરભાઈ સોમેશ્વરને રૂા. ૧૦,૦૦૦/-ની પ્રેમજીભાઈ ઠક્કર મેમોરિયલ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે તૈલચિત્રમાં પ્રેમજીભાઈનો ચહેરો જોતાં જ તેમનામાં રહેલો આત્મબળ તથા નિરીક્ષણ શક્તિનો ખ્યાલ આવે છે. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી જોશી 'શબાબ'એ કહ્યું હતું કે વતનપ્રેમને રાજકારણ સાથે સ્વ. પ્રેમજીભાઈએ બખૂબી વણી લીધો હતો. દિવંગતની ભીતરની ભોમકા ભીની હતી. 'રંગ'ના કવિ દરબારમાં પેશ થતાં કવિની કવિતાને 'ઈર્શાદ' કહીને મુશાયરાની અદબ જાળવતા શ્રી પ્રેમજીભાઈ ખુદ સાહિત્યપ્રેમી સજ્જન હતા. મેનેજિંગ ટ્રસ્ટી સુરેશભાઈ શાહે આભારવિધિ કરી હતી.

## માંડવીમાં લહેરીકાંતભાઈનું નિધન

કચ્છ માંડવીના વર્ષોથી 'કચ્છમિત્ર'ના માનદ્ પ્રતિનિધિ તરીકે જોડાઈ અખબાર સાથે ઘરોબા જેવો નાતો ધરાવતા ૭૭ વર્ષીય લહેરીકાંતભાઈ ઝુમખલાલ શાહનું તાજેતરમાં મુંબઈ મધ્યે અવસાન થવાના સમાચાર મળતાં શોક ફેલાયો હતો, ગમગીની છવાઈ હતી. તેમણે શહેર કોંગ્રેસના મંત્રીપદે પોતાની યુવાનીમાં સેવા બજાવી હતી. વ્યવસાયિક રીતે અનેક ક્ષેત્રોમાં વેપાર કરે પરંતુ મુખ્ય વિષય પત્રકારત્વનો. સ્થાનિક કુટુંબીજનો વિવિધ અગ્રણીઓ વગેરેએ સદ્ગતને શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેમના નિધનના દુઃખદ સમાચાર મળતાં કચ્છમિત્રના પૂર્વતંત્રી કીર્તિભાઈ ખત્રી, પૂર્વ મેનેજર સુરેશભાઈ શાહ, તંત્રી દીપકભાઈ માંકડ, મેનેજર શૈલેષભાઈ કંસારાએ તેમના જવાથી સહૃદયી ગુમાવ્યા હોવાનું જણાવી શબ્દાંજલિ અર્પી હતી. કચ્છમિત્ર સાથે તેમને પાંચ દાયકા જૂનો સંબંધ હતો.

## ગાંધીધામમાં આકાર લે છે દેશનું પ્રથમ 'બિલાડી સદન'

પશુ-પક્ષી પાળવાના શોખીનો તો દેશ વિદેશમાં છે. અનેક પ્રાણી સંગ્રહાલયો પણ છે પણ એક એવું અનોખું ઉદ્યાન કે જ્યાં માત્ર ને માત્ર બિલાડીઓ જ હોય! હા, ગાંધીધામમાં દેશનું પ્રથમ 'કેટ ગાર્ડન'નું નિર્માણ થઈ રહ્યું છે. જેની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. જે જાન્યુઆરી-૨૦૧૭માં બીજા સપ્તાહ પછી ધામધૂમથી ખુલ્લું મૂકાશે. મૂળ એદ્રાણા (બનાસકાંઠા)ના અને છેલ્લા બે દાયકાથી શિપિંગના વ્યવસાય સાથે ગાંધીધામને કર્મભૂમિ બનાવનાર ઉપેન્દ્રપુરી સોમપુરી ગોસ્વામી, જૈનાચાર્ય સરસ્વતી શિશુમંદિર (આદિપુર)માં આચાર્યા તરીકે કાર્યરત તેમના પત્ની પૂજાબેન અને કોલેજિયન પુત્ર પ્રિયંકના પરિવારે આ બીડું ઝડપ્યું છે. દોઢેક વર્ષ પૂર્વે જ્યાં બાવન બિલાડી હતી ત્યાં આજે સંખ્યા વધીને ૧૨૮ પર પહોંચી છે.

## ઓલ ઇન્ડિયા લેવલે પ્રોજેક્ટમાં માતૃછાયા પ્રા. વિભાગની પસંદગી

પારલે-જી કંપની દ્વારા ડિઝાઈન ફોર ચેલેન્જમાં સ્કૂલ ચેલેન્જ નામના પ્રોજેક્ટ સ્પર્ધામાં ઓલ ઈન્ડિયા લેવલે પ્રોજેક્ટ સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં માતૃછાયાના પ્રાથમિક વિભાગના બાળકોનો પ્રોજેક્ટ પસંદગી પામ્યો હતો. આ પ્રોજેક્ટમાં ૩૬૧૦ શાળાઓએ ભાગ લીધો હતો. જે પૈકી પૂરા દેશમાંથી ૧૦૦ પ્રોજેક્ટ પસંદગી પામ્યા હતા. જેમાંના કચ્છમાંથી માત્ર એક પ્રોજેક્ટની પસંદગી થઈ હતી. જેણે રાષ્ટ્રીય કક્ષાએ દ્વિતીય સ્થાન મેળવીને રૂા. ૫૦,૦૦૦/-નું ઇનામ હાંસલ કર્યું હતું.

## બિદડામાં વિકસેલી પશુઓ માટેની ટેકનોલોજી વિશ્વમાં ખ્યાતિ પામશે

માંડવી તાલુકાના બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા ટેકનોલોજી

(અનુસંધાન : જુઓ પાના નં.-૯૦ ઉપર)

# પ્રતિભાવ

### અભ્યાસી અંક

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રસિધ્ધ થતા મુખપત્ર ''કચ્છશ્રુતિ''નો ૧૫ ડિસેમ્બર, ૨૦૧૬નો ''કરન્સી નાબૂદી વિશેષાંક'' મળ્યો. સાંગોપાંગ વાંચી ગયો. નોટબંધીનો વિષય ભારતના કરોડો નાગરિકોને સ્પર્શતો હોવાથી આ અંક અત્યંત પ્રાસંગિક અને અભ્યાસી બન્યો છે. આપના તંત્રીલેખ સહિત ૧૭ જેટલા અભ્યાસી લેખકોએ વર્તમાન પ્રવાહો અને પરિસ્થિતિનું તાદશ નિરૂપણ કર્યું છે. એટલું જ નહીં પણ તેમાંથી પ્રજાને પડી રહેલી હાડમારીનો પણ તટસ્થ ચિતાર સાંપડે છે.

કોઈપણ એક વિષય ઉપર આટઆટલા અભ્યાસી લેખકોના લેખો મેળવવા એ તંત્રીની કુશળતા, સંબંધો અને સંપર્કો દર્શાવે છે. અગાઉના કચ્છની સંસ્કૃતિ ઉપરના વિશેષાંકો તો રેફરન્સ બુકની ગરજ સારે તેવા બની રહ્યા છે. 'કચ્છશ્રુતિ'ના તંત્રી અને વહીવટી સમિતિના સભ્યો સૌ અભિનંદનના અધિકારી બન્યા છે. **'કચ્છશ્રુતિ' દિવસે દિવસે વધુ સમૃધ્ધ બનીને પત્રકારત્વના ક્ષેત્રે કાઠું કાઢતું જાય છે.** તે જોઈને વાંચક તરીકે આનંદની લાગણી અનુભવું છું. આપની કુશળતા ઈચ્છું છું.

*જોરાવરસિંહ જાદવ - અમદાવાદ*
*મો. ૯૮૨૪૦ ૨૮૩૨૬*

★

### કરન્સી નાબૂદી અને નર્મદા કેનાલ વિશે

'કચ્છશ્રુતિ'નો કરન્સી નાબૂદીનો ડિસેમ્બર-૨૦૧૬નો અંક મળ્યો. આભાર. 'કચ્છશ્રુતિ'ના અંકમાં ચલણી નોટ નાબૂદી અંગેના અન્ય લેખકોના લેખ વાંચવાથી જાણવાનું મળ્યું. પરંતુ તંત્રીશ્રી અશોકભાઈ મહેતાએ 'ભારત દેશના કોમન મેનની આવતીકાલ' લેખમાં બાદશાહ અકબર અને બીરબલની વાત દૃષ્ટાંતરૂપ આપી સમજાવી છે. એમાં ઘણું જ સમજવાનું ધ્યાનમાં રાખવાનું છે. એનો સાર જોઈએ તો સરકાર ગમે તેવા કાયદા કરે, પરંતુ કાળા બજારિયાઓ અને ભ્રષ્ટાચારીઓ છટકબારી શોધી પોતાનો રસ્તો કાઢી લે છે. આથી આ કાળાબજારિયાઓ અને ભ્રષ્ટાચારીઓ - લાંચિયાઓને શોધી શોધીને પકડવા જોઈએ અને સખત સજા કરી તેમની મિલકતો જપ્ત કરવી જોઈએ. જેથી કાળા નાણાંના સંગ્રહખોરોને સબક મળે! આવું કાર્ય કરતાં તેવાઓને મનમાં ધાક બેસી જાય. ભવિષ્યમાં આવું કાર્ય ન કરવાનો નિશ્ચય કરે. સરકારે જપ્ત કરેલ નાણાં સમાજોપયોગી કાર્ય અને પંચવર્ષીય યોજનાના કાર્યમાં ઉપયોગમાં લેવા જોઈએ, જેથી આવતીકાલ ઉજ્જવળ દેખાય.

કચ્છના ખેતરો સુધી નર્મદા નદીના સિંચાઈના પાણી સત્વરે મળે એ જરૂરી છે, જેથી કચ્છ નંદનવન બને, હરિયાળું બને. ખેતીથી સમૃધ્ધ બને અને વેપારધંધામાં ઘણી જ પ્રગતિ કરે એ અત્યારે જરૂરી છે. 'તમામ થકાન દૂર કરવા મનગમતું સંગીત સાંભળીએ' લેખ વાંચનમાં ગમ્યો. 'કચ્છશ્રુતિ'માં રસપ્રદ લેખન સામગ્રી પ્રકાશિત થાય છે. એથી આનંદ થયો. 'કચ્છશ્રુતિ'ના અંકની ઘણી જ પ્રગતિ અને વિકાસ થાય તેમજ આગળ વધતું રહે એ જ શુભેચ્છા. સાથે સાથે સમગ્ર ટીમના બધા સભ્યોને ઘણા જ અભિનંદન. ધન્યવાદ.

*મહાભાઈ આર. વોરા - ભુજ*

★

### કચ્છશ્રુતિ ડિસેમ્બર-૨૦૧૬ના અંક માટે અભિનંદન

સૌપ્રથમ તો આપશ્રીના સમાજ દ્વારા કચ્છશ્રુતિ, જે છેલ્લા ૩૧ વર્ષથી પ્રસિદ્ધ કરવામાં આવી રહેલ છે તે બદલ આપશ્રી તથા તમામ સંચાલકોને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. વધુમાં, 'કચ્છશ્રુતિ'માં આવરી લેવામાં આવેલ તથા પ્રસિદ્ધ કરવામાં આવેલ લેખ તથા અન્ય માહિતી બિરદાવવાપાત્ર છે. તદુપરાંત શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવે છે તે હૃદયને સ્પર્શતો તથા પ્રસંશનીય છે. **હું 'કચ્છશ્રુતિ' પ્રસિદ્ધ કરવા માટે જે વ્યક્તિઓએ મહેનત કરેલ છે તે તમામને અભિનંદન આપું છું.**

આપશ્રી દ્વારા નોટબંધી વિશે મારી પાસે જે અભિપ્રાય મંગાવેલો અને તે અભિપ્રાયને 'કચ્છશ્રુતિ'માં પ્રસિદ્ધ કરવા બદલ હું આપ તમામનો હૃદયપૂર્વક આભાર માનું છું.

ફરીથી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના તમામ હોદ્દેદારોને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું તથા ભવિષ્યમાં કચ્છી સમાજ, વધુને વધુ પ્રગતિ કરે તેવી અમારી શુભેચ્છાઓ.

*હરનીશ પી. મોઢ - અમદાવાદ*
*મો. ૯૯૨૫૦ ૩૯૫૪૦*

★

**કરન્સી નાબૂદી વિશેષાંક**

કરન્સી નાબૂદી વિશેષાંક મળેલ છે. આભાર.

કરન્સી નાબૂદી વિશેના 'કચ્છશ્રુતિ' સહિત દેશના ટોચના અર્થશાસ્ત્રીઓ દરેકે પોતપોતાની રીતે અભિપ્રાયો આપ્યા છે. આ તો સાત આંધળાને એક હાથી વિશે અભિપ્રાયો આપવા જેવી વાત થઈ છે. પરંતુ આટલા બધા વાંચન પછી પણ કોઈ સાચું હાર્દ સમજી શક્યા નથી એ પણ હકીકત છે કારણકે ભર શિયાળે ચોમાસાની ઋતુમાં વરસાદ થશે કે નહીં? તેની આગાહી કરવી કેટલી સફળ થાય? તે છતાંય વિભિન્ન મતો વાંચી, જે થયું છે અને જે થવાનું છે તેની રસપ્રદ વિગતો વાંચવાની મજા આવી.

હંમેશ મુજબ વાંચનક્ષમ વાનગીઓનો રસથાળ પીરસી નાના - મોટા સૌને ગમે અને ઉપયોગી થાય તેવું વાંચન ગણી રીતે ઉપયોગી થાય છે. તે માટે 'કચ્છશ્રુતિ' પરિવારના સૌ સભ્યોનો હાર્દિક આભાર.

*"મેરા દેશ બદલ રહા હૈ, આગે બઢ રહા હૈ..."*

***ચંદ્રવદન મહેતા, ભુજ, કચ્છ***

★

**'કચ્છશ્રુતિ' બધા જ કચ્છીઓ માટે એક સેતુ**
**અહેવાલો તથા માહિતી જ્ઞાનવર્ધક અને રસપ્રદ**

'કચ્છશ્રુતિ'ના અંકો નિયમિતપણે મળે છે. ૧૫ ડિસેમ્બર, ૨૦૧૬ના અંકમાં Talk of the Town – ડીમોનેટાઈઝેશન અંગે શ્રી અશોકભાઈ મહેતા, શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા, શ્રી કેતનભાઈ શાહ, ડૉ. યાસીન દલાલ, શ્રી નવીનભાઈ જોશી, શ્રી નિમેષભાઈ ફડકે, શ્રી કૈલાસદાનભાઈ ગઢવી, શ્રી એલ.એલ. સેંધાણી, શ્રી નીલેશભાઈ કોટક, શ્રી હરનીશભાઈ મોઢ, શ્રી હિતેશભાઈ શાહ, શ્રી બલવીરસિંહજી જાડેજા, શ્રી રમેશભાઈ શાહ, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી હરેશભાઈ ધોળકિયા, પ્રા. સૂર્યકાંત ભટ્ટ તથા સુશ્રી ચૌલાબેન કુરુવા જેવા **તજજ્ઞ મહાનુભાવોના વિચાર પ્રેરક લેખો વાંચીને ખુશી થઈ.** અમુક લેખકના કેટલાક નિરીક્ષણો સાથે સંમત થવાનું બધા માટે શક્ય ન હોય તે સંભવ છે. પરંતુ **'કચ્છશ્રુતિ' સર્જકના વિચારોને કાપકૂપ વિના રજૂઆત કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે એ વાત મહત્ત્વની છે.**

'કચ્છશ્રુતિ'ના મહત્ત્વના તહેવાર, પ્રસંગ તથા ઘટનાન સંદર્ભમાં પ્રસ્તુત તથા સમૃધ્ધ વાંચન સામગ્રી આપે છે. વચ્ચે **ઓગસ્ટના અંકમાં રાષ્ટ્રભક્તિના ગીતો વાંચી ગૌરવની લાગણી અનુભવી. નવરાત્રિ પ્રસંગે ગરબાની રજૂઆત ધ્યાનાકર્ષક રહી.** આમ પણ પેપર તથા આર્ટ પેપરની પસંદગી, પ્રિન્ટિંગ, ફોટોગ્રાફ્સ વગેરેમાં પૂરતી કાળજી જોઈ શકાય છે. લેખો, કાવ્ય, ગઝલ, **અહેવાલો તથા માહિતી વગેરે જ્ઞાનવર્ધક તથા રસપ્રદ હોય છે. 'કચ્છશ્રુતિ' બધા જ કચ્છીઓ માટે એક સેતુ તરીકેની મહત્ત્વની ભૂમિકા બ-ખૂબી નિભાવે છે. સંબંધકર્તા સૌને ખૂબ ખૂબ અભિનંદન.**

***શંકરભાઈ એલ. સચદે, ઍડવોકેટ - ભુજ***
***મો. ૯૮૨૫૦ ૮૫૮૬૭***

★

**કચ્છશ્રુતિ : ડિસેમ્બર-૨૦૧૬નો અંક**

છેલ્લા કેટલાક સમયથી અવસ્થા અને અસ્વસ્થતાને લીધે 'કચ્છશ્રુતિ' પ્રત્યે ઉપરછલ્લું ધ્યાન અપાતું હતું. ગત ડિસેમ્બરનો અંક આમાં અપવાદરૂપ છે. આ અંક 'સામયિક' તરીકેના એના ખરા અર્થમાં 'સમય'ના પ્રતિબિંબ ઝીલે છે. તંત્રીમંડળ 'સમય'ની માંગ સમજી સમયાનુરૂપ સામગ્રી મેળવવામાં સફળ રહ્યું છે. આ 'સમય' એટલે ૨૮ નવેમ્બરથી લઈને બારમા દિવસ – ૧૦ ડિસેમ્બર સુધીના 'ચલણી નોટબંધી'ના સરકારી અમલનો પ્રાથમિક સમય. આ ગાળા દરમિયાન ભારતીય આમ જનતાને થયેલા કડવા - મીઠા અનુભવોના તજજ્ઞીય અવલોકનો આ અંકમાં પ્રસ્તુત છે. તંત્રીમંડળ આ વિષયની છણાવટ કરી શકે તેવા નિષ્ણાત તજજ્ઞોનો સંપર્ક કરી તેમની પાસેથી અપેક્ષિત લેખો મેળવી શક્યું તે 'કચ્છશ્રુતિ'ની પ્રતિષ્ઠાનું સૂચક છે. આ અંકના લેખકોમાં ભુજ મર્કેન્ટાઇલ બેન્કના ફાઉન્ડર ચેરમેન મહેન્દ્રભાઈ મોરબિયા, અર્થશાસ્ત્ર પ્રાધ્યાપકો સર્વશ્રી કેતન શાહ, રમેશ શાહ અને સૂર્યકાંત ભટ્ટ; ફેડરેશન ઑફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસો.ના મેનેજિંગ ડિરેક્ટર નિમેષ ફડકે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સર્વશ્રી કૈલાસદાન ગઢવી અને શ્રી હિતેશ શાહ, હિતાચી ઈલેક્ટ્રોનિક્સના ફાઈનાન્સ મેનેજર શ્રી એલ. એમ. સેંધાણી, સર્ટી. ફાઈનાન્સિયલ પ્લાનર શ્રી નીલેશભાઈ કોટક, ટેક્ષેશન નિષ્ણાત શ્રી હરનીશ મોઢ, ઍડવોકેટ શ્રી શશીકાંત ઠક્કર, પીઢ પત્રકારો સર્વશ્રી યાસીન દલાલ અને નવીન જોશી, સાહિત્ય સર્જકો સર્વ શ્રી હરેશ ધોળકિયા, બલવીરસિંહ જાડેજા અને સમાજસેવિકા કુ. ચૌલાબેન કુરુવા ઉપરાંત તંત્રી શ્રી અશોક મહેતાનો સમાવેશ થાય છે. આ વિદ્વાનો પાસે નોટબંધીના નિર્ણય પાછળના સરકારી ઉદ્દેશો વિશે સ્પષ્ટ માહિતી છે. એના અમલમાં થયેલી 'સમયચૂક' અને ખામીઓ વિશે પણ તેઓમાં મહદ્ અંશે સંમતિ છે. એના અમલથી આમ જનતાને થયેલી તકલીફોથી તેઓ પણ વાકેફ છે. લગભગ બધા તજજ્ઞોએ આ સરકારી કદમને, સરકારી ભાષામાં જેને 'fate accompli' કહી શકાય તે રીતે જે થયું – તે થયું

– સ્વીકાર્યું છે. જો કે ઍડવોકેટ શ્રી શશીકાંત ઠક્કરે બંધારણીય 'ગુંચ'નો ઉલ્લેખ અવશ્ય કર્યો છે. આ કદમના લાંબેગાળે સારા માઠા પરિણામો ભાવિ પર છોડ્યા છે. કોઈ તજજ્ઞે આ તબક્કે ટૂંકા કે લાંબે ગાળે થનારા સંભવિત નુકસાન અથવા સુનિશ્ચિત ફાયદા વિશે કે Damage Control માટેનાં solutions / measures વિશે ખાસ કંઈ ચર્ચા કરી નથી. કદાચ એ માટે 'સમય'ની રાહ જોવી આવશ્યક હશે. આશા છે, 'સમય' આવે આ તજજ્ઞો એના પર પણ વિચાર કરશે અને 'કચ્છશ્રુતિ'ના વાચકોને એનો લાભ અવશ્ય આપશે. ધન્યવાદ.

*હંસરાજ કંસારા - અમદાવાદ*

★

### નોટબંધીની જગ્યાએ લેખબંધી

છેલ્લા ૫૦ વર્ષથી ગુજરાતી ભાષાના જુદા જુદા સામયિકોમાં, વર્તમાનપત્રોમાં લખતાં લખતાં એ સમજાયું છે કે સામયિકો કે સાપ્તાહિકોની પૂર્તિઓ, તંત્રીઓના તંત્રીલેખની સાથે જુદા જુદા લેખકોના લેખો ઉપર ચાલે છે અને તેમાંના ઘણા લેખકો પેન્શનના ટુકડા ઉપર જીવે છે.

લવાજમ વિના કે જાહેરાતો વિના કે લેખકો દ્વારા મોકલાતા લેખો, કાવ્યો કે અન્ય સામગ્રી વિના મેગેઝિનો ચાલવાના નથી કે ચાલી શકે નહીં એ પણ એટલું જ નગ્ન સત્ય છે. આવી પરિસ્થિતિમાં તંત્રીઓ, સંપાદકો અને લેખકો શું કરે? એ યક્ષ પ્રશ્ન છે.

મોટાભાગના નિવૃત્ત પેન્શનરો હાથેથી લખે, ઘણા કોમ્પ્યુટરમાં સેટ કરી મોકલે, ટપાલસેવા અનિયમિત હોતાં કુરિયરવાળા ૩૦-૪૦ રૂપિયા લઈ લે. આવા વિષમ હવામાનમાં લેખકોને નોટબંધીની જગ્યાએ ''લેખબંધી'' કરવી પણ પડે. પ્રશ્ન ગંભીર છે, વિચારજો.

*ચંદ્રવદન મહેતા*

★

### 'કચ્છશ્રુતિ' – અભ્યાસુ લેખો અને અન્ય વિભાગો રસપ્રદ

''સત્યનું શિક્ષણ એ સાચું શિક્ષણ અને સાચા શિક્ષણનું આચરણ એટલે જીવનનું સાચું આવરણ.''

'કચ્છશ્રુતિ'ના દરેક અંકોમાં શ્રેષ્ઠ જેવું આવરણ આનંદ આપે છે. 'સંઘ શક્તિ બલિયસી'ના પ્રતીક સમી આપ સૌની કચ્છ પ્રત્યેની ભાવના સદાયે સિધ્ધિના સોપાનો સર કરે એ જ પ્રાર્થના. દીપોત્સવી અંકમાં અભ્યાસુ લેખો, ત્રણેય વિભાગો રસપ્રદ છે. સૌ સર્જકોને અભિનંદન.

*ચંદ્રવદન મહેતા*

### વતનના વાવડ

(અનુસંધાન : પાના નં.-૮૭ ઉપરથી ચાલુ)

ટ્રાન્સફરની મદદથી માનવસેવા અર્થે નેપાળ સ્થિત ભક્તાપુર ખાતે પુનઃવસન વિભાગ વિકસાવાયો છે. જ્યાં માનવની સાથે પશુસેવા પણ કરાય છે. બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત જયા રીહેબિલિટેશન ઇન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેન્ટર વિકલાંગ મનુષ્યો તથા પશુઓ માટે કૃત્રિમ પગ અને મદદરૂપ સાધનો બનાવી સેવાના પ્રયાસ કરે છે. પદ્મશ્રી વિજેતા તેમજ જયપુર ફૂટ ટેકનોલોજીના ડાયરેક્ટર ડૉ. બી.આર. મહેતાએ જોધપુર સ્થિત પન્નાલાલ પાંજરાપોળમાં રહેલા ૭૦ જેટલા પશુઓ માટે કૃત્રિમ પગ બનાવવાની ઈચ્છા દર્શાવી. ટેકનોલોજી હોવા છતાં પશુઓ માટે તેમનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તે માટે જયા રીહેબ.ના માનદ્ ડાયરેક્ટર મૂકેશ દોશીનો સંપર્ક કર્યો હતો. જેના ભાગરૂપે જયા રીહેબના ડાયરેક્ટર મૂકેશ દોશીએ ગાયો માટે કૃત્રિમ પગ બનાવવાની ટેકનોલોજી ત્યાંના સ્થાનિક લોકોને સમજાવી, બે ગાયોનાં કૃત્રિમ પગ બનાવ્યા તેમજ જયા રીહેબ.નો પ્રોસ્થેટિક ટેકનિશિયન હરીશચંદ્ર શુક્લ કુબલ ત્યાં રહી કર્મચારીઓને ટેકનોલોજી ટ્રાન્સફરનો ઉપયોગ કરી બીજી ૧૫-૨૦ ગાયોના પગ બનાવશે તેમજ ભવિષ્યમાં અન્ય ૫૦ ગાયોના કૃત્રિમ પગ બનાવાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, બિદડામાં પશુઓ માટે વિકસેલી ટેકનોલોજી સમગ્ર ભારતમાં તેમજ વિશ્વભરમાં ખ્યાતિ પામશે.

### અંજારની યુવતીને ઓલ ઇન્ડિયા ડાન્સ કોમ્પિટીશનમાં સિલ્વર મેડલ

ઈન્ડિયા આર્ટ એન્ડ કલ્ચર સોસાયટી અને રાજસ્થાન વિકાસ મંડળ મહિલા શાખા દ્વારા ઓલ ઈન્ડિયા ડાન્સ કોમ્પિટીશન ૨૦૧૬માં લોહાણા સમાજના વૈશાલીબેન શેઠિયાએ સિલ્વર મેડલ - સેકન્ડ પ્રાઇઝ મેળવી કચ્છને ગૌરવ અપાવ્યું છે. તાજેતરમાં જયપુર રાજસ્થાન ખાતેના મહારાણા પ્રતાપ ઓડિટોરિયમમાં યોજાયેલી આ કોમ્પિટીશનમાં ભારતીય ડાન્સમાં કચ્છ અંજારના લોહાણા સમાજના ગં.સ્વ. નિર્મળાબેન જગજીવનભાઈ પ્રાગજી શેઠિયાના પુત્રી વૈશાલીબેન શેઠિયા (એમ.બી.એ.)એ પણ ભાગ લીધો હતો. વૈશાલીબેન કચ્છ ક્ષેત્રે સેમિ ક્લાસિકલ અને વેસ્ટર્ન ડાન્સમાં પ્રથમ આવ્યા હતા તેમજ ડાન્સ કોમ્પિટીશનમાં ઘણા જ મેડલો - ઇનામો મેળવ્યા હતા. તેઓએ જયપુર રાજસ્થાન ખાતેની ભારતીય લેવલની કોમ્પિટીશનમાં સેમિ ક્લાસિકલ કેટેગરીમાં દ્વિતીય પ્રાઇઝ - સિલ્વર મેડલ પ્રાપ્ત કરી કુટુંબ - પરિવાર, સમાજ સાથે કચ્છનું નામ રોશન કર્યું છે. આ ભારતીય લેવલની સ્પર્ધામાં ૨૩ રાજ્યોએ ભાગ લીધો હતો. આ સિલ્વર મેડલ મેળવવા બદલ લોહાણા સમાજ પરિવાર વગેરેએ અભિનંદન આપ્યા હતા. ■

# શબ્દ શોધ : ૫૭

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | | ૩ | | ૪ | ■ | ૫ |
| ■ | ૬ | | ■ | | ■ | ૭ | ૮ | ■ |
| ૯ | | ■ | ૧૦ | | ૧૧ | ■ | ૧૨ | ૧૩ |
| ૧૪ | | ■ | ૧૫ | | | ■ | ૧૬ | |
| ૧૭ | | ૧૮ | ■ | | ■ | ૧૯ | | |
| ■ | ૨૦ | | ■ | | ■ | ૨૧ | | ■ |
| ૨૨ | ■ | ■ | ૨૩ | | ૨૪ | ■ | ■ | ૨૫ |
| ૨૬ | ૨૭ | | | ■ | ૨૮ | | ૨૯ | |
| ૩૦ | | ■ | ૩૧ | | | ■ | ૩૨ | |

## આડી ચાવીઓ

૧. વરસાદને કચ્છીમાં શું કહેવાય? (૧)
૨. મનોહર, મનને મોહી લેનારું (૫)
૫. ટાઢને કચ્છીમાં શું કહેવાય? (૧)
૬. દુનિયા (૨)
૭. ઇટાલીની પ્રાચીનકાળથી ચાલી આવતી રાજધાની (૨)
૯. ક્રિકેટની રમતમાં દોડીને શું લેવાય? (૨)
૧૦. ''મેરા _____ મહાન'' (૩)
૧૨. હિંમત (૨)
૧૪. વગર, સિવાય (૨)
૧૫. પાસે, બાજુમાં (૩)
૧૬. બોજ, વજન (૨)
૧૭. સહાયક અધિકારી, ઉપ (૩)
૧૯. આશ્રય, આશરો, ઓથ (૩)
૨૦. વેરો (૨)
૨૧. ગયેલું, વીતેલું (૨)
૨૩. બાળકનું નામ કોણ પાડે? (૩)
૨૬. શીખ લોકોની નાની જાતની એક ખાસ તલવાર (૪)
૨૮. હથેળી (૪)
૩૦. એક તેલીબિયું (૨)
૩૧. સારું, સુંદર, મજાનું (૩)
૩૨. પ્રતિબંધ, નિષેધ (૨)

## ઊભી ચાવીઓ

૨. એક કઠોળ (૨)
૩. દાયકાઓ પૂર્વે કેન્દ્ર સરકારમાં પ્રધાન રહી ચૂકેલા એક ગુજરાતી નેતા (૭)
૪. મરેલાના કાનમાં મૂકવામાં આવતી પ્રાણપોક (૨)
૬. દોઢેક વર્ષ પૂર્વે ગુજરાતના નેતાની સમાધિને (દિલ્હીમાં) આ નામ અપાયું (૫)
૮. ભારે મોટું યુધ્ધ (૫)
૯. ''_____ ટંડન'' — એક અભિનેત્રી (૩)
૧૦. હોશ, શુધ્ધિ (૨)
૧૧. મોકો, લાગ (૨)
૧૩. અવસાન, મૃત્યુ (૩)
૧૮. તમે ગમે તેટલા પ્રયત્ન કરો... પણ તમારી ઈચ્છા '_____' આવે તેમ નથી (૨)
૧૯. દીવાની જ્યોત (૨)
૨૨. આશ્ચર્ય કે વિસ્મય પામેલું (૩)
૨૩. કાંગરા કાંગરાવાળી તદ્દન ખરબચડી છાલવાળું એક મધુર ફળ (૩)
૨૪. બીડીનો જોડીદાર (૩)
૨૫. લાલિત્યભરેલી સ્ત્રી, ખૂબસુરત સ્ત્રી (૩)
૨૭. નિશાન, ચિહ્ન (૨)
૨૯. અંધકાર, અંધારું (૨)

## શબ્દશોધ : ૫૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | અં | ગી | યા | ■ | ભ | ચા | ઉ | ■ |
| ઓ | જા | ર | ■ | સો | ■ | બ | દ | ન |
| ■ | ર | જા | ઇ | ■ | ની | ડ | ર | ■ |
| આ | ■ | ■ | શા | ણ | પ | ■ | ■ | મ |
| ગ | જા | ન | ન | ■ | જ | હે | મ | ત |
| ■ | ન | ર | ■ | ઘ | ■ | વા | ન | ■ |
| અ | ■ | ક | દ | ર | દા | ન | ■ | ગ |
| વા | સ | ■ | સ્તૂ | ■ | ખ | ■ | લા | ભ |
| જ | વા | હ | ર | લા | લ | ન | હે | રુ |

## શબ્દ શોધ : ૫૫/૫૬નો ઉકેલ મોકલાવનારના નામ

- મહાભાઈ આર. વોરા - ભુજ
- સરલાબેન ચંદ્રકાંત શાહ - અમદાવાદ
- રશ્મિ એમ. સાવલા - ભુજ
- નીલેશ વી. શાહ - ભુજ
- રાકેશ કે. ગાંધી - અંજાર
- વિનય ડી. આશર - માંડવી

# મેઘધનુષ

## પ્રજાસત્તાક દિન (ભારતનું બંધારણ)

*૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ ભારતનું નૂતન બંધારણ અમલમાં આવ્યું*
*જયહિંદના નારાના ગુંજનથી જનતાએ ભારત દેશનું ગુણગાન ગાયું.*

*બ્રિટીશ શાસનની ગુલામીમાંથી છૂટવા પડકારનો થયો જંગ*
*લોકશાહી દ્વારા રાષ્ટ્રના નવ નિર્માણની પ્રક્રિયાનો થયો પ્રારંભ*
*લોકશાહી યુક્ત શાસન મળતાં ભારતમાં પ્રજાસત્તાક દિન ઉજવાય. (૧)*

*૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ ભારતના નૂતન બંધારણના આમુખમાં દર્શાવ્યું*
*સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાક તરીકે ઘોષિત જાહેર કરવામાં આવ્યું*
*આથી જ પ્રતિવર્ષ ભારતમાં પ્રજાસત્તાક દિનનું પર્વ ઉજવાય. (૨)*

*નૂતન બંધારણથી લોકશાહીના મહા પ્રયોગની શરૂઆત થઈ ભારતમાં*
*લોકશાહી રાજ્યવ્યવસ્થા આવતાં તેની જ્યોત શાશ્વત પ્રકાશે છે ભારતમાં*
*લોકશાહી માટે એ જ સાચું ગણતંત્ર કે પ્રજાસત્તાક ગૌરવયુક્ત ગણી શકાય. (૩)*

*લાહોરમાં રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં અધ્યક્ષ હતા નહેરુ જવાહરલાલ*
*અધિવેશનમાં બ્રિટીશ સરકાર સામે પસાર કરેલ ઠરાવની હતી ડિસેમ્બર ૧૯૩૬ની સાલ*
*બ્રિટીશ સરકાર સામે આંદોલન કરતાં ભારત દેશનું ભાવિ સુધારી શકાય. (૪)*

*ઉપનિવેશી રાજ્યનો દરજ્જો ન મળે તો ભારત સ્વયં સ્વતંત્ર દેશ તરીકે જાહેર કરશે*
*એ ધ્યેયની પ્રાપ્તિ માટે સક્રિય આંદોલન કરવાની કોંગ્રેસ શરૂઆત કરશે.*
*પૂર્ણ સ્વાતંત્ર્યના સંકલ્પનો ઘોષણાનો દિન ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન ઉજવાય (૫)*

*બંધારણે નાગરિકોને આપેલ અધિકારથી આજ ભારત દેશનો વિકાસ થયો*
*પંચવર્ષીય યોજના જ્ઞાન વિજ્ઞાન ટેકનોલોજી શિક્ષણમાં હરણફાળ વિકાસ થયો.*
*વિશ્વની મહાસત્તાઓ ભારત દેશને મહાસત્તાના રૂપમાં નિહાળે એ ગૌરવ ગણાય. (૬)*

***મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ***

## સંસ્કૃતિ

પાનખરમાં વૃક્ષના
ખરતાં પર્ણોની જેમ,
સંસ્કૃતિ શબ્દ હવે
ખરવા લાગ્યો છે.

જંગલી પ્રાણીઓ હવે,
જંગલ છોડીને
શહેરમાં પ્રવેશવા લાગ્યા છે.

માણસ હવે;
રાની પશુ બની ગયો છે.
નેતાઓ રંગ બદલતા
કાચિંડા થઈ ગયા છે.
પ્રામાણિકતા રોજેરોજ
વધસ્તંભ પર ચડે છે.

ન્યાયની દેવી સાચોસાચ
ગાંધારી બની ગઈ છે.
ન્યાય પૈસાના વજનથી
તુલામાં તોળાવા લાગ્યો છે.

સંસ્કૃતિ ફરી રાહ જુએ છે

– કોઈ સોક્રેટિસની
– કોઈ સત્યના પાલક હરિશ્ચંદ્રની
– કોઈ ઈસુની!!!

***કિરીટકુમાર પી. જોષી - નડિયાદ***

## લાચાર દિલ

(૧) કોઈ ગરીબના ધરેલા એ હાથને
કંઈક આપી હું ત્યાંથી હટી જાઉં છું
લંબાયેલ એ હાથને હું ભૂલી ગયો છું
એમાં મારો પણ હાથ છે – મારો પણ સાથ છે.

(૨) દરરોજ સાંભળું છું ચીસ કોઈની
સમજતો નથી હું એ... શીખ કોની?
સ્પર્શ નથી કેમ? જરા મને બતાવો
ચીખના એ છાલાં - થયા દર્દભર્યા નામે.

(૩) મળે છે કોઇ દર્દ, તો લઈ નથી શકતો
અને વિના દર્દ, કોઈ જીવી નથી શકતા.
કાન તો ઠીક છે મારા, શું દિલને થયું છે?
એ ચીખો નથી સાંભળતો, એ શીખો નથી સાંભળતો!

(૪) ચાલતો - ફરતો છું હું, છતાં જીવતો નથી
કોઈ કંઈ કર્યા પર, હું શરમિંદો નથી.
શું થઈ ગયું મને, સમજમાં નથી આવતું,
મારા શું હાલ થયા છે - કે - બેહાલ થયો છું?

(૫) 'રિખીયા'ને બધું ઠીક છે, જિંદગી સિવાય
અને જિંદગી છે... શરમિંદગાઈ સિવાય.
જીવું છું ચૈનથી હું... બંદગી સિવાય
ફક્ત રાખ..જ...ખાક છે મારામાં, જિંદગી સિવાય.

***કાનજી મહેશ્વરી 'રિખીયો' - ગાંધીધામ, કચ્છ***
***મો. ૯૪૨૬૭ ૮૯૬૭૦***

Niten Vasa

**Essen Dyechem**

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

**AMAM MARKETING**

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**

(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

**ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ**

મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમપ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જ્યશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...

All things will be destroyed with time but time never just like...

शाश्वत Green

Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS



Club house | Children Play Area | RestRoom in ClubHouse | Indoor Games | Swimming Pool | Jogging Track



Site Address : **Shashwat Green**
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

મહેનત, ધીરજ અને પ્રયત્નથી
કોઈ પણ કામ સફળ થાય.

**ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર**
**હર્ષ, રિયા અને યશ ઠક્કર**

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

SRE

**Raju ENTERPRISE**

179 & 323, Unit-2, G.V.M.M.
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING / S.S PATTA-PATTI

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાજંરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ આોફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશ્ન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323 | Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489 | Works 2 (Waghodia - Vadodara)



Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com

M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13

Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com

પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫



॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.

પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મઢીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in

A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# વેલફેર ફંડ યોજના

"ટીપે ટીપે સરોવર ભરાય" એ કહેવતને અનુરૂપ આ યોજના બનાવવામાં આવેલ છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ "વેલફેર ફંડ"ની યોજના દ્વારા જરૂરી ફંડ એકત્રિત કરી તેનો સામાજિક સેવાના ભાગ તરીકે ઉપયોગ કરવા માંગે છે.

આ યોજનામાં જોઈન્ટ થનાર દરેક વ્યક્તિએ દરરોજનો માત્ર રૂા. ૧/- શ્રી કચ્છી સમાજને ડોનેશન સ્વરૂપે આપવાનો હોય છે. એ મહાનુભાવ પરિવારની દરેક વ્યક્તિને સાંકળી, દરેક વ્યક્તિ દીઠ રૂા. ૧/- પણ આપી શકે છે. એટલે કે જો તેમના પરિવારમાં પાંચ વ્યક્તિ હોય તો દરરોજના રૂા. ૫/- જેવી મામૂલી રકમ થાય.

સાધનસંપન્ન વ્યક્તિ રૂા. ૧/-ના બદલે રૂા. ૨/-, રૂા. ૫/- કે રૂા. ૧૦/- માટે પણ વિચારી શકે છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેના અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી પરિવારને આ યોજનામાં જોડાઈ જવા આગ્રહભરી અપીલ કરે છે કે જેથી દર વર્ષે આ યોજના અંતર્ગત સારું એવું ફંડ એકત્રિત કરી શકાય અને તેના દ્વારા નોંધપાત્ર સમાજસેવાના કાર્યો થઈ શકે.

દરેક પરિવારના સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# અંગદાન

માનવ શરીરના વિવિધ અંગો જેવા કે આંખ, કિડની, લીવર, પેન્ક્રિયાસ, હૃદય વગેરેની ખૂબ જ જરૂરિયાત રહે છે. વિવિધ રીતે મૃત્યુ પામતા લોકોના શરીરમાંથી જો આ પ્રકારના અંગો સલામત રીતે કાઢી અન્ય વ્યક્તિના શરીરમાં પ્રત્યારોપણ કરવામાં આવે, તો અન્યને એક નવી જિંદગી બક્ષી શકાય છે. શરીર દાનનું પણ મહત્ત્વ રહેલું છે.

તાજેતરમાં જ ગુજરાતમાં પ્રથમ હાર્ટ પ્રત્યારોપણ કરવામાં આવ્યું. ભાવનગરની બ્રેઈન ડેડ વ્યક્તિનું હાર્ટ કાઢી લઈ, અમદાવાદની એક વ્યક્તિના શરીરમાં તેનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું કે જેના કારણે અમદાવાદની વ્યક્તિને નવજીવન પ્રાપ્ત થયું.

શક્ય છે કે આવતીકાલે આપણામાંથી કોઈક "બ્રેઈન ડેડ" પરિસ્થિતિમાં આવી જાય. એ પરિસ્થિતિમાં અગર આપણે આ ફાની દુનિયા છોડી જવાના હોઈએ ત્યારે આપણા શરીરના વિવિધ ઓર્ગન (અંગ)ના ડોનેશન કરતા જઈએ તો એક સાથે અન્ય કેટલીક વ્યક્તિઓને નવું જીવન બક્ષતા જઈએ. આનાથી ઉત્તમ શું?

જે રીતે શરીરદાન કે નેત્રદાન માટે જીવતે જીવ જરૂરી ફોર્મ ભરી આ દાન માટે સજાગતા દાખવવામાં આવે છે એ રીતે હૃદય વગેરેનું દાન આપવા માટેની પરિસ્થિતિમાં આપણે મૂકાઈએ ત્યારે આ અવયવનું દાન પણ આપણે કરી શકીએ. તે માટે અત્યારે જ ઈચ્છા વ્યક્ત કરી જરૂરી ફોર્મ ભરી આપણે જરૂરી સજાગતા દાખવી શકીએ.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસમાં આ પ્રકારના ફોર્મ મળી શકે છે. આવો, આપણે આ એક નેકદિલ કાર્ય માટે પ્રતિબધ્ધ થઈએ.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસ : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬નો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# વ્યવસાયિક લોન

અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોમાંથી જેઓ પોતાનો વ્યવસાય નાના પ્રમાણમાં કરતા હોય તેમને તેમની જરૂરિયાત અનુસાર રૂા. ૫૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોન શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી આપવામાં આવશે, કે જે નક્કી કર્યા મુજબના હપ્તેથી પરત ચૂકવવાના રહેશે.

જરૂરિયાતવાળા વ્યવસાયકારોએ પોતાની વિગત અને જરૂરિયાતને લગતી વિગતો જણાવી નીચેના સરનામે પત્ર લખી, મોકલી આપવા જણાવવામાં આવે છે.

*વ્યવસાયિક લોન સમિતિ*
*શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*
*૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*

**મનુભાઇ કોટડિયા**
**કન્વીનર, વ્યવસાયિક લોન સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# વયસ્ક સમિતિ તરફથી એક દિવસીય ટ્રીપનું થયેલ આયોજન

રવિવાર, તા. ૧૨-૨-૨૦૧૭ના રોજ (2 x 3) બસ દ્વારા ગાંધીનગર આસપાસની એક દિવસીય ટ્રીપનું આયોજન વિચારાયું છે. એક બસનું આયોજન છે. તેથી વહેલા તે પહેલાના ધોરણે તા. ૩૧-૧-૨૦૧૭ સુધીમાં નામ તેમજ તે માટેનો ચાર્જ વ્યક્તિદીઠ રૂા. ૫૦૦/- સમાજની ઓફિસમાં ભરી શકાશે. બસ સવારે ૭ વાગે સમાજની ઓફિસ સ્પાન ટ્રેડ સેન્ટર - પાલડી ખાતેથી ઉપડશે અને સાંજે ૮ વાગ્યા આસપાસ ત્યાં જ પરત ફરશે.

***આ પ્રોગ્રામમાં નીચેના સ્થળોની મુલાકાત વિચારાઈ છે :***

★ પ્રકૃતિ ઉદ્યાન - ડાયનાસોર પાર્ક, ગાંધીનગર.
★ મહાત્મા મંદિર પાસે આવેલ ‘દાંડી કુટિર’ જે મહાત્માજીના સંપૂર્ણ જીવન પરનું લેટેસ્ટ ટેકનોલોજીથી બનેલ અદ્વિતીય મ્યુઝિયમ છે. જેને જોઈને વિદેશી પ્રવાસીઓ પણ અચંબો પામે છે.
★ અક્ષરધામ નજીક આવેલ ‘વિશ્વ મૈત્રી ધામ’ જે ખૂબ જ સુંદર જૈન દેરાસર છે.
★ ગાંધીનગર - મહુડી માર્ગ પરની અમરનાથની ગુફા જે પણ ખૂબ જ દર્શનીય છે.

નક્કી કરેલ ચાર્જમાં બસ ચાર્જ, મુલાકાત લેવાની જગ્યાઓની વિઝીટ ફી, બે ટાઈમ હળવા નાસ્તા સાથે ચા-કોફી અને બપોરના લંચનો સમાવેશ થાય છે.

ગાંધીનગરના સભ્યો જે તેઓ ઇચ્છે તો ગાંધીનગરથી પણ જોડાઈ શકે છે. અને તેવા કેસમાં તેમણે સવારના ૮.૩૦ વાગે ચ-૦ નજીકના પ્રકૃતિ ઉદ્યાન / ડાયનાસોર પાર્કના ગેટ પાસે આવવાનું રહેશે. ચાર્જ બધા માટે એકસરખો જ વ્યક્તિદીઠ રૂા. ૫૦૦/- જ રહેશે.

**ચિત્રસેન શાહ**
**કન્વીનર, વયસ્ક સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# નામ - સરનામા ટેલિફોન ડિરેક્ટરી બાબત

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા તૈયાર થઈ રહેલી નામ - સરનામા ટેલિફોન ડિરેક્ટરીનું રજિસ્ટ્રેશન કાર્ય હવે આખરી તબક્કામાં છે. અત્યાર સુધીમાં અમદાવાદ - ગાંધીનગરના કુલ ૨૭૦૦ રજિસ્ટ્રેશન થઈ ગયા છે. મુખ્ય ઘટક સમાજોની વાત કરીએ તો જે રજિસ્ટ્રેશન થયેલા છે તેની વિગતવાર માહિતી આ મુજબ છે.

| ઘટક સમાજ | રજિસ્ટ્રેશનની સંખ્યા |
|---|---|
| શ્રી કચ્છી જૈન સેવા સમાજ | ૯૪૯ |
| શ્રી કચ્છી લોહાણા સમાજ | ૧૦૨ |
| શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ | ૩૬ |
| શ્રી કચ્છી વડનગરા નાગર સમાજ | ૫૬ |
| શ્રી કચ્છી લુહાર મંડળ | ૧૪૭ |
| શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ | ૧૯૦ |
| શ્રી કચ્છી મચ્છુ કાઠિયા સઈ - સુથાર સમાજ | ૨૩ |
| શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ | ૭૨ |
| શ્રી કચ્છી લેઉઆ પટેલ સમાજ | ૩૪ |
| શ્રી કચ્છી ભાનુશાળી સેવા સમાજ (ગુજરાત) | ૭ |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિર | ૬૨ |

| ઘટક સમાજ | રજિસ્ટ્રેશનની સંખ્યા |
|---|---|
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - નરોડા | ૩૯૨ |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - પશ્ચિમ વિભાગ | ૩૯ |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સોલા | ૫૦ |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગોતા | ૧૮ |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સી.ટી.એમ. | ૨૭ |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ઓઢવ | ૦૨ |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - કુંજાડ | ૩૬ |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સીંગરવા | ૨૪ |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ધોળકા | ૩૩ |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - દહેગામ | ૧૫૮ |

ગાંધીનગરથી કુલ ૧૪૦ જેટલા રજિસ્ટ્રેશન પ્રાપ્ત થયેલ છે. આ સિવાય નાના તથા જેમના સંગઠિત સમાજો નથી તેવા રજિસ્ટ્રેશન થઈને અત્યાર સુધીમાં કુલ ૨૭૦૦ એન્ટ્રીઓ થયેલ છે.

ઉપરોક્ત રજીસ્ટ્રેશનનું પ્રુફ જે તે સમાજનાં પ્રમુખ / મંત્રી કે અગ્રણી કાર્યકરોને ચકાસણી અર્થે મોકલી આપેલ છે, જે પરત આવે ડિરેક્ટરીની પ્રિન્ટીંગ માટેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવશે.

ઓનલાઈન રજિસ્ટ્રેશનની લિંક www.kutchisamaj.amdavad.com હજુ પણ ચાલુ છે. જેમનું રજિસ્ટ્રેશન બાકી હોય તેઓ હજુ પણ કરાવી શકે છે.

**ભરત ઓઝા**
**કન્વીનર, નામ-સરનામા ટેલિફોન ડિરેક્ટરી સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

*નિષ્ફળતાઓની ચિંતા કરશો નહીં. તેઓ તદ્દન સ્વાભાવિક છે, જીવનમાં સૌંદર્યરૂપ છે. એમના વગરનું જીવન કેવું હોય? જો સંઘર્ષો ન હોય તો જીવનની પ્રાપ્તિનું પણ કશું જ મૂલ્ય નથી. એમના વિના જીવનનું કાવ્ય પણ ક્યાં હોય? સંઘર્ષોની, ભૂલોની પરવા કરશો નહીં. મેં કોઈ ગાયને જૂઠું બોલતી કદાપિ સાંભળી નથી, પણ એ તો ગાયની કોટિ થઈ, માણસની નહીં. એટલે આ નાની નાની નિષ્ફળતાઓની, નાનાં નાનાં સ્ખલનોની, પરવા કરશો નહીં. તમારા આદર્શને હજારવાર ઊંચો ધરી રાખો અને જો હજારવાર નિષ્ફળતા સાંપડે તો વધુ વખત પ્રયત્નો ચાલુ રાખશો.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## નવેમ્બર / ડિસેમ્બર - ૨૦૧૬

★ **શુક્રવાર, તા. ૨૫-૧૧-૨૦૧૬**

- કચ્છશ્રુતિમાં પ્રાસરિત કરવા શ્રી હરેશભાઈ ધોળકિયા, શ્રી શશીકાંતભાઈ ઠક્કર વગેરેના નોટબંધી ઉપરના લેખો આજરોજ મળ્યા.

★ **શનિવાર, તા. ૨૬-૧૧-૨૦૧૬**

- શ્રી ધવલભાઈ આચાર્ય, શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી અશોક ર. ઠક્કર વગેરેના પેમેન્ટ આવ્યા. શ્રી નીલેશ કોટકનો નોટબંધી વિશેનો લેખ આવ્યો.

★ **સોમવાર, તા. ૧૨-૧૨-૨૦૧૬**

- 'કચ્છશ્રુતિ'ની કોમ્પ્લિમેન્ટરી કોપી તથા રૂા. ૩૦૦/૫૦૦ જૂની ડિપોઝીટવાળા સભ્યોને રૂા. ૧૫૦૦/-નું લવાજમ મોકલી આપવા વિનંતી કરતા પત્રો મોકલવાની શરૂઆત કરી. લગભગ ૧૩૦૦-૧૪૦૦ વ્યક્તિઓને આ પ્રકારના પત્રો મોકલવાના થાય છે કે જે આવતા દિવસોમાં પૂરા કરવામાં આવશે.
- અરિહંત ઈન્ડસ્ટ્રીઝ તથા જે.આર.જે. ફૂડના પેમેન્ટ આવ્યા.

★ **બુધવાર, તા. ૧૪-૧૨-૨૦૧૬**

- ભાનુશાળી સમાજ તથા ક.ક.પા. સમાજ - ગીતા મંદિરના પ્રમુખોને તેમના સમાજના સભ્યોના સરનામા - ટેલિફોન ડિરેક્ટરી માટે જે ફોર્મ્સ આવ્યા છે તેની યાદી મોકલી. બાકી સભ્યોના ફોર્મ્સ મોકલી આપવા પત્રો લખ્યા.
- કચ્છશ્રુતિ ડિસેમ્બર-૨૦૧૬, કરન્સી નાબૂદી વિશેષાંક આજે પ્રેસમાંથી આવ્યા. સ્પાનમાં કેટલાક સ્થળે આ અંકની કોપી મોકલી આપી.

★ **ગુરુવાર, તા. ૨૨-૧૨-૨૦૧૬**

- આજે સાંજના ૪.૩૦ વાગે વયસ્ક સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી સમાજ પર મળેલ હતી. શ્રી ચિત્રસેન શાહ, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી ધીમંત ભટ્ટ (ગાંધીનગર) ઉપસ્થિત રહેલ હતા. આવતી તા. ૧૨-૨-૨૦૧૭ના રોજ ગાંધીનગર આસપાસના સ્થળોની એક પિકનિક ગોઠવવાનું નક્કી કર્યું. ખર્ચની સામે દરેક પાસેથી રૂા. ૫૦૦/- લેવાના પણ નક્કી કરવામાં આવ્યા.
- આજે સાંજના ૫.૩૦ વાગે શ્રી કચ્છી સમાજની ઓફિસ પર ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની એક સંયુક્ત મીટિંગ મળેલ હતી. અંદાજિત ૧૫ વ્યક્તિ ઉપસ્થિત રહેવા પામેલ હતી. એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

★ **મંગળવાર, તા. ૨૭-૧૨-૨૦૧૬**

- તા. ૨૨-૧૨-૨૦૧૬ના રોજ યોજવામાં આવેલ ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગની મિનિટ્સ ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સમિતિના સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવી.
- શ્રી મૂકેશ દેસાઈએ આજથી કોમ્પ્યુટર ઑપરેટર તરીકે જોબની શરૂઆત કરી. ઇતેષ ચૌહાણ તેમની જોબ છોડવા માંગે છે.

★ **બુધવાર, તા. ૨૮-૧૨-૨૦૧૬**

- લવાજમ ઉઘરાવવા અંગેના લગભગ ૧૪૦૦ પત્રો પોસ્ટ કરવાનું કામ આજે સંપન્ન થયું.

★ **ગુરુવાર, તા. ૨૯-૧૨-૨૦૧૬**

- ગુજરાતનું પ્રથમ હાર્ટ પ્રત્યારોપણ કરનાર ડૉ. ધીરેન શાહનો આજરોજ ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યો કે જે 'કચ્છશ્રુતિ'ના જાન્યુઆરી-૨૦૧૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

★ **શુક્રવાર, તા. ૩૦-૧૨-૨૦૧૬**

- શ્રી દિનેશભાઈ મહેતાએ આજથી ફરી પોતાનું 'કચ્છશ્રુતિ' અંગેનું કામ શરૂ કરી દીધેલ છે. તા. ૧૩-૧૨-૨૦૧૬ના તેઓ સામાજિક કારણોસર બેંગ્લોર / કોચીન વગેરે સ્થળે ગયેલ હતા. આજરોજ તેઓ અમદાવાદ પરત ફરતા ફરી પોતાની જવાબદારી સંભાળી લીધેલ છે.

★ **શનિવાર, તા. ૩૧-૧૨-૨૦૧૬**

- શ્રી પ્રેમજીભાઈ જેઠાભાઈ પટેલ લાંબા સમય માટે આવતી કાલે ઑસ્ટ્રેલિયા જવાના હોવાથી શ્રી અશોક મહેતા તથા શ્રી ભરતભાઈ ઓઝાએ આજે તેમની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી.
- તા. ૨૬-૧-૨૦૧૭ના સરસ્વતી સન્માનના કાર્યક્રમના અનુસંધાને સમારંભ પ્રમુખ, અતિથિ વિશેષશ્રી, સરસ્વતી સન્માનની વિગતો વગેરે અંગે શ્રી ભરતભાઈ ઓઝા સાથે ચર્ચા કરવામાં આવેલ હતી. આ અગાઉ શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી દીપકભાઈ ચૌહાણે બહુમાન કરવા માટેના ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ તથા વિશિષ્ટ વિદ્યાર્થીઓની નામાવલી સુપરત કરી દીધેલ હતી. ■



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**
Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

---

**INDOTEX PAINTS**

● DURABLE ● DECORATIVE ● PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

---

**જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)**

ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**

**મોમાઈ સુગર કોર્પોરેશન** - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
**મહાકાલ સુગર સપ્લાયર્સ** - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

---

**H. Patel & Associates**
Chartered Accountant

*Contact:*
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584

80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982

---


**આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે**
**ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,**
**ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ**

**વિલમોર પ્લાય પ્રા.લિ.**

All Products
ISI

ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com

સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦



---

**AMBICA TIMBER MART**
logs. lumber. select veneers.


THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)

Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

---

**Available on HIRE**
- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment
  Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email **info@deepindustries.com**

---

**MAHESHBHAI** M. : 92272 11715

**SWASTIK**
**GUM INDUSTRIES (INDIA)**

MANUFACTURERS & EXPORTERS OF
*Guar Gum Refined Splits,*
*Powder & All Types of Textile Thickners,*
*Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs*

328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
**Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062**
**Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in**

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017 ● R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ ● ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES ● SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES ● BALL BEARING CAGES
POLYAMIDE CAGES ● STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
श्री विष्णुधारा @ Gota. HOMES
Happiness is here...
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસઃ
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસઃ બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓઃ
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો



ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો રૂમ
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252 68759
ઈમેલ : gurjarprakashan@gmail.com

फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी
सब' मस्त है!



MICHI'S
Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com • facebook.com/MichisTreats

The Name Says its all



II Radha Vallabh Group
Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/-